શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું મુખપત્ર

# બેતાલીસ દીપક


શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ
પબ્લીક રજીસ્ટર્ડ ટ્રસ્ટ નંબર : એ / ૭૮, તારીખ :- ૧૬-૦૮-૧૯૮૪
રજી. ઓફિસ : એફ-૨૧૦, પહેલો માળ, રિલીફ શોપીંગ સેન્ટર, વેપારીજીન, કલોલ. (ઉ.ગુ.) જી. ગાંધીનગર - ૩૮૨૭૨૧
મો. ૯૯૭૯૦૭૨૪૨૯, ૯૭૨૪૦૮૮૮૭૬

તમસો મા જ્યોતિર્ગમય

અંક-૧૫ | નવેમ્બર - ૨૦૨૩ | નૂતન વર્ષ અંક | મુખ્ય સંપાદક : અલ્પેશભાઇ ભલાભાઇ | તંત્રી : મેહુલભાઇ હસમુખભાઇ



મેહુલભાઇ
તંત્રીશ્રી



બિપીનચંદ્ર
સહતંત્રીશ્રી



અલ્પેશભાઇ
મુખ્ય સંપાદકશ્રી



ગોવિંદભાઇ
સંપાદકશ્રી



જયેશભાઇ
સંપાદકશ્રી



મુકેશભાઇ
સંપાદકશ્રી



દિપકભાઇ
સંપાદકશ્રી



જીતેન્દ્રભાઇ
સંપાદકશ્રી



શંભુભાઇ
સંપાદકશ્રી



દિલીપભાઇ
સંપાદકશ્રી

## નવા વર્ષ-૨૦૨૩ ની શુભકામનાઓ

દીપોત્સવ અને નુતન વર્ષ ૨૦૮૦ ના પાવન પ્રસંગ નિમીત્તે સમસ્ત જ્ઞાતિજનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવે છે. કેળવણી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ દીપોત્સવી અંક "બેતાલીસ દીપક અંક -૧૫ આપ સૌના કરકમલમાં મુકતા અમો હર્ષની લાગણી અનુભવીએ છીએ.

નવા વર્ષે નવ નિર્માણનો સંકલ્પ કરીને, નવલા વર્ષે નવલા બનીને, નવેસરથી નવું વર્ષ હળીમળી સૌ પ્રેમથી ઉજવીએ, નવો આશાદીપ જાળવીએ જાતને પ્રકાશીયે. જીંદગી આપણી એક ફળદાયી ખેતર છે, એમાં ઊગેલ ઘાસ નિંદામણ દુર કરીને એમાં પ્રેમનો મબલખ પાક ઉગાડીએ. નવા વર્ષે સદગુણોને જ અપનાવીએ. નકરાત્મકતા ત્યજી સકારાત્મક બનીએ, નવા વર્ષે બે કર જોડી પ્રભુને પ્રાર્થીયે. રિદ્ધિ, સિદ્ધિ, લક્ષ્મી અને સરસ્વતીમાતા સૌ પર રિઝે, સુખ શાંતિ સૌ પ્રાપ્ત કરે, હે પ્રભુ એવું ઉત્તમ નવું વર્ષ બનાવજે...

## બેતાલીસ દીપક અંક-૧૫ના પુરસ્કર્તા

### શ્રી અમૃતભાઇ નટવરલાલ દરજી પરિવાર – કોબા



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ માટે સમાજ સેવામાં પોતાનું યોગદાન આપનાર દરેક પરિવારોને કેળવણી મંડળ વંદન કરે છે. આપણા સમાજના તમામ નાગરિકો સમાજ પ્રત્યેની પોતાની ફરજોથી સભાન છે અને સમાજનું કોઇપણ કામ હોય હંમેશા સમાજના વ્યક્તિની મદદ મળતી જ રહે છે. આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ વિવિધતાથી ભરપુર છે. સમાજના ઘણા સભ્ય કુટુંબો એવા છે કે જે કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સમાજલક્ષી પ્રવુતિઓને બિરદાવે છે. આ વર્ષે આપણા સમાજના મૂળ ગામ કોબાના અને હાલ વૈષ્ણોદેવી સર્કલ, ત્રાગડ મુકામે રહેતા માનનીય વડીલ સ્વ. શ્રી નટવરલાલ બબલદાસ દરજી પરિવારના સમાજસેવાને વરેલ તેમના પુત્ર એવા શ્રી અમૃતભાઇ નટવરલાલ દરજી અને તેમના પરીવારના અન્ય સભ્યો પોતાના વડીલોના સમાજ સેવાના વારસાને પોતાની જવાબદારી સમજીને ખુબજ સુંદર રીતે નિભાવી રહેલ છે. શ્રી અમૃતભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી પરેશાબેને પોતાના જીવનમાં ઘણા બધા સંઘર્ષોનો સામનો કરીને પોતાના પરિવારને આપણા સમાજમાં એક પ્રતિષ્ઠિત પરિવાર તરીકે નામના અપાવેલ છે. તેમણે પોતાના સંતાનોમાં આધ્યાત્મિક અને સામાજીક સંસ્કારોનું સિંચન કરેલ છે. તેમના સુપુત્ર ભાઇ શ્રી રવિ હાલ અમેરિકા મુકામે નિવાસ કરી રહેલ છે. અને તેઓ અમેરીકા મુકામે ગેસ સ્ટેશન ધરાવે છે. શ્રી અમૃતભાઇનો બીજો સુપુત્ર ડૉ. કૃણાલ પણ મેડીકલ ક્ષેત્રે Physiotherapist તરીકે પ્રેકટીસ કરે છે. હાલમાં જ તેઓશ્રીના લગ્ન ધામધૂમથી કરવામાં આવ્યા. આપણા સમાજના મુખપત્રક એવા બેતાલીસ દીપકના આ પંદરમાં અંકમાં શ્રી અમૃતભાઇ દ્વારા પોતાના પિતા શ્રી સ્વ. નટવરલાલ અને માતા જશોદાબેનના સૌજન્યથી રૂા. ૨૧૦૦૦/– નું દાન આપવામાં આવેલ છે. સમાજના મુખપત્ર એવા "બેતાલીસ દીપક અંક ૧૫" ના પુરસ્કર્તા થવા બદલ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ ફરીથી શ્રી અમૃતભાઇ, શ્રીમતી પરેશાબેન, શ્રી રવિભાઇ, શ્રીમતી ક્રિનલબેન, ડૉ.શ્રી કૃણાલભાઇ અને શ્રીમતી કોમલબેનનો અતઃકરણ પૂર્વક આભાર માને છે.

## ।। શ્રધ્ધાંજલિ ।।



# સ્વ. ગીતાબેન રસિકભાઇ દરજી (ભુવાલડી)

જન્મ તા. : ૫-૧-૧૯૫૭, સ્વ. તા. : ૧૩-૮-૨૦૨૩(શ્રાવણ વદ બારસ)

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી.
સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયા.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...



## આપશ્રી ની યાદમાં

દરજી રસિકભાઇ મણીલાલ (પતિ)
દરજી પિયુષભાઇ રસિકભાઇ (પુત્ર)
દરજી નિલમબેન પિયુષભાઇ (પુત્રવધુ)
દરજી મીત પિયુષભાઇ (પૌત્ર)
દરજી નીવ પિયુષભાઇ (પૌત્ર)

ફર્મ : આર.એમ. માસ્ટર
શ્રીકુંજ એપાર્ટમેન્ટ, રત્નાપાર્ક, ઘાટલોડીયા, અમદાવાદ-૬૧
પિયુષભાઇ - મો.: ૯૮૯૮૧૪૮૩૫૯

## પ્રમુખશ્રી નું નિવેદન



**વ્હાલા જ્ઞાતિજનો સાદર પ્રણામ,**

સર્વ પ્રથમ તો હું મારા શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો અને હોદ્દેદારશ્રીઓ તરફથી આપ સૌને નુતન વર્ષ સવંત ૨૦૮૦ના અભિનંદન પાઠવું છું અને ગત વર્ષની જેમ આપણો સમાજ હંમેશા પ્રગતિના પથ પર અગ્રેસર રહે તેવી પ્રભુ ને પ્રાર્થના કરૂં છું. આપ સૌ જાણો છો તેમ કેળવણી મંડળની તા. ૨૪.૧૨.૨૦૨૨ ના રોજ રાણીપ મુકામે મળેલ સાધારણ સભામાં કેળવણી મંડળના પૂર્વ હોદ્દેદારો દ્વારા મને આપણા સમાજની આ ગૌરવવંતી સંસ્થાનું સુકાન સોંપવામાં આવ્યું તે બદલ હું કેળવણી મંડળના તમામ પૂર્વ હોદ્દેદારોશ્રી, કારોબારી સભ્યોશ્રી અને સમાજના તમામ નાગરિકોનો આભાર વ્યક્ત કરું છું કે, જેમણે મારી પ્રતિભા પર વિશ્વાસ મૂકીને સમાજ સેવા માટેનું અતિ પ્રતિષ્ઠિત કાર્ય મને સોંપવામાં આવ્યું. સર્વ પ્રથમ તો હું તમામ પૂર્વ હોદ્દેદારો નો આભાર માનીશ કે જેઓએ ખુબ મહેનત અને લગનથી હાલ કેળવણી મંડળ દ્વારા સમાજ સેવાને સમર્પિત ઘણીબધી યોજનાઓ અમલમાં લાવેલ છે. અને તે યોજનાઓ થકી હાલ આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ દરેક સામાજીક તેમજ કેળવણી વિષયક દરેક કાર્યમાં પ્રગતિના પંથે છે. આપણા સમાજનું હાલનું કેળવણી મંડળ ફક્ત કેળવણી ને લગતા કાર્યો જ નહી પણ સમાજ સેવાના અને સમાજના સભ્યોને સ્પર્શતા તમામ કાર્યો / યોજનાઓને પોતાની ફરજ માનીને સુરુચિપૂર્વક કરી રહેલ છે.

સમાજની પ્રત્યેક વ્યક્તિઓ સમાજને અસર કરે છે. પરંતુ કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓની સમાજ ઉપર વિશેષ અસરો હોય છે. આવી વ્યક્તિઓની વિચારસરણીથી સમાજને દિશાસૂચન મળે છે. ગાંધીજી, રાજા રામમોહનરાય, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર, સ્વામી વિવેકાનંદ વગેરે લોકોએ સમાજમાંથી અંધશ્રદ્ધાઓ, કુરિવાજો, વહેમો અને ખોટી માન્યતાઓને દૂર કરવામાં ફાળો આપ્યો છે અને સમાજને સુવ્યવસ્થિત બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આથી આવી વિશિષ્ટ વ્યક્તિઓના વિચારોને સમાજના લોકો સ્વીકારે છે અને અપનાવે છે. અત્રે હું પૂર્વ પ્રમુખ શ્રી બીપીનચંદ્ર દરજીનો ખુબ આભારી છું તેમણે મને પ્રમુખપદે નિયુક્ત કરતા જે શિખામણ આપી તે અક્ષરશ હું પ્રસ્તુત કરું છું. આદર મેળવવો છે તો કોનો મેળવવો છે? કાંઈ સારું કે નોંધપાત્ર કરશો તો કોઇ આદર આપશે ને. કોઈ આદર કરે કે નાં કરે આપણે જન્મ લીધો છે તે કોઇ ઉત્તમ હેતુ પાર પાડવા. પહેલા તે પાર પાડવાનો છે. સમાજ અનેક અસમાન લોકોથી ભરેલું છે. કોઇ આદર આપે, તો બીજા ઉપેક્ષા કે અવગણના કરનાર મળી રહેવાના. ઉપરવાળો આપણને આદર આપે તે જ બહુ છે. હું એકલો જ ચાલી નીકળ્યો, લોકો આવતા ગયા અને સમૂહ બનતો ગયો. તમે સારી શરૂઆત કરશો તો તમારે આદર–માન–સન્માન માંગવાની જરૂર નહિ પડે. ઘણી વસ્તુઓ એવી છે કે જેની પાછળ પડવાથી તે મળતી નથી, પણ તમે તેની ચિંતા કર્યા વગર તમારું કામ કરતા રહો તો તે તમારા ખભા પર આવીને બેસી જાય છે. ઉધમી સખત પરીશ્રમી પોતાની મહેનત તથા સખત પરીશ્રમ થી પોતાના ભાગ્ય ના સહારે ન રહેતા ધારેલો ઉદ્દેશ પાર પાડી શકે છે.

હું કેળવણી મંડળમાં મારી આગેવાનીમાં મારી સાથે રહેનાર શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ, શ્રી શૈલેષભાઇ નટવરલાલ, શ્રી શંભુભાઇ બબલદાસ, શ્રી સુમનભાઇ બાબુભાઇ અને શ્રી રાજેન્દ્રભાઇ કાન્તિલાલ અને તમામ કારોબારી મિત્રોનો વિશેષ આભાર માનું છું. જેમણે આપણા સમાજનો પરિચય આપતું સમાજ દર્શન–૨૦૨૨ તૈયાર કરવામાં દિવસ રાત મહેનત કરીને તેને પૂર્ણતાના આરે પહોચાડેલ છે. મને મારા જ્ઞાતિજનોને એ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી લગતી કે હાલના કેળવણી મંડળના મારા તમામ સાથીઓ યુવાન અને ઉત્સાહી છે તેમજ સમાજ માટે પોતાના તન મન અને ધન થી નિ:સ્વાર્થ સેવા કરવાનો ભેખ ધારણ કર્યો છે.

આદરણીય જ્ઞાતિબંધુઓ આપણા ગૌરવવંતા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના કેળવણી મંડળને ખુબજ આગળ લઇ જવાની મારી તેમજ મારા હાલ ના તમામ સાથીદારો ની તીવ્ર તમન્ના છે, સમાજને ઉપયોગી દરેક કાર્યો અમે પુરા ખંતથી કરીશું તેની અમે બાંહેધરી આપીએ છીએ. મને આશા છે કે આપ સર્વે તરફથી સંપૂર્ણ સહકાર મળી રહેશે. અજાણતા માં કંઇક ભૂલ થાય, ક્ષતિ અનુભવાય અથવા તો અન્યાય થાય તો ક્ષમ્ય ગણશો.

ફરીથી હું આ વર્ષે દાન–ભેટ આપનાર તમામ દાતાશ્રીઓ, કેલેન્ડર ભેટના દાતાશ્રી, ઓફીસ દાન ભેટના દાતાશ્રીઓ, નોટબુકમાં આજીવન સભ્ય થનાર અને જાહેરાત આપનાર તમામ દાતાશ્રીઓ, સમાજદર્શન–૨૦૨૨ માટે દાન આપનાર દાતાશ્રીઓ તેમજ અન્ય દાન આપનાર સર્વે જ્ઞાતિજનોનો ખૂબ આભાર માનું છું અને ભવિષ્યમાં પણ આપ સૌ તરફથી આવોજ સાથ–સહકાર મળી રહેશે તેવી આશા રાખું છું.

અંત માં આપના થકી અમારી કામગીરીને લક્ષી કોઇપણ સૂચનો હોય તો તે અમોને અવશ્ય જણાવજો. દરેક સૂચનોની સમીક્ષા કરી તે બાબતે ઘટતું કરવાની હું ખાતરી આપુ છું.

**- મેહુલભાઇ હસમુખભાઇ ટેલર - ન્યૂ રાણીપ - તંત્રીશ્રી**
**- પ્રમુખ – શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ**

## સહતંત્રીશ્રીનું નિવેદન



**વ્હાલા જ્ઞાતિજનો સાદર પ્રણામ,**

નૂતન વર્ષાભિનંદન – સાલ મુબારક. વિક્રમ સંવત ૨૦૮૦ના શરૂઆતમાં સમાજના તમામ નવયુવાન અને બાળકોને મારા આશીર્વાદ અને વડીલોને પ્રણામ. અગાઉના વર્ષની જેમ આપણો સમાજ અને સમાજના તમામ પરિવારો હંમેશા પ્રગતિના પથ પર અગ્રેસર રહે તેવી પ્રભુને પ્રાર્થના કરું છું. આપ સૌ જાણો છો તેમ કેળવણી મંડળની તા. ૨૪.૧૨.૨૦૨૨ ના રોજ રાણીપ મુકામે મળેલ સાધારણ સભામાં આપણા સમાજની કેળવણી મંડળમાં કોઈ એક ચોક્કસ વ્યક્તિનું એકહથ્થુ શાસન ના રહે અને સમાજના અન્ય નવયુવાનો કે જે પોતાના પ્રગતિની સાથે સમાજની પ્રગતિની અભિલાષા સાથે તરવરી રહ્યા છે તેમને સમાજસેવાનો લાભ મળે તે માટે દર ચાર વર્ષે પ્રમુખ બદલવાના નિર્ધાર સાથે મેં કેળવણી મંડળના પ્રમુખપદેથી રાજીનામું આપી દીધેલ છે. એવું નથી કે હું સક્ષમ નથી અને સમાજસેવામાંથી નિવૃત થવા માંગું છું પણ મારા અનુભવો અને સમજણથી હું એક વાત શીખ્યો છું

કે સમય થયે પદ છોડીને અન્યને લાભ આપવો એજ યોગ્ય છે. ઘણા બધા સમાજમાં મેં દાખલા જોયા છે કે અમુક ખાસ વ્યક્તિઓ સમાજની સંસ્થાઓમાંથી પોતાના હોદ્દાનો મોહ છોડતા નથી અને તે સમાજના નવયુવાનો તેને સ્વીકાર કરતા નથી અને છેવટે તેમણે અપમાનીત થઇને હોદ્દા છોડવા પડે છે. હાલના સમયનો તકાજો છે કે દુનિયા ખુબ ઝડપથી બદલાઈ રહી છે નવી નવી ટેકનોલોજીથી સમાજના યુવાનો પારંગત હોય છે અને ચોક્કસપણે તેઓ સમાજને ટેકનોલોજી અને પોતાની બુદ્ધિમત્તાથી દુનિયા સાથે કદમ મિલાવીને ચલાવી શકે છે. કેળવણી મંડળમાં જે નવા પ્રમુખશ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલર નિયુક્ત થયા છે તે આ ઉદાહરણ નો તાદ્રશ્ય દાખલો છે. કદાચ સમાજના બહુધા લોકો શ્રી મેહુલભાઇને અંગત રીતે જાણતા નહિ હોય પણ કેળવણી મંડળના મારા કાર્યકાળ દરમિયાન મેં તેમની પ્રતિભાને પારખી લીધી અને તે મુજબની તેમને જવાબદારીઓ સોંપી. છેલ્લા કેટલાય વર્ષોથી આપણે આપણા સમાજની તમામ માહિતી સાથેનું સમાજ દર્શન બનાવવા માં મેહુલભાઇની આગેવાની હેઠળ સમાજ દર્શન તૈયાર કરવાનું જે કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું તે આપ સૌની નજર સમક્ષ છે. પ્રમુખ શ્રી મેહુલભાઈ વ્યવસાયે લેબર લો લીગલ એડવાઇઝર છે તેમની પાસે આજની લેટેસ્ટ ટેકનોલોજીનો સંપૂર્ણ સ્રોત અને જાણકારી છે આ તમામ જ્ઞાનનો લાભ સમાજને થાય તે અર્થે તેઓ હંમેશા પ્રયત્નશીલ રહે છે.

સમાજ સેવા એટલે શું ? સમાજ એટલે એક પરિવાર જ્યાં સંબંધોના મૂલ્ય જળવાય છે અને સબંધોની માવજત થાય છે. આપણે જે સમાજમાં જન્મ લીધો છે એનું આપણા પર ઋણ છે એના વિકાસ માટે આપણે દરેકે યથાયોગ્ય યોગદાન આપવું જ જોઇએ અને સમાજવાદની વિચારધારાને સમર્થન આપવું જ જોઈએ સમાજના ચાર પાયાની જાળવણી સમાજને મજબૂત બનાવે છે. સમાજના ચાર પાયામાં સંસ્કાર, સંસ્કૃતિ, એકતા અને સતકર્મ સમાજના દરેક લોકો આનું ધ્યાન રાખે તો સમાજ નો વિકાસ ચોક્કસ થાય.

**:: સંસ્કાર એ સમાજ નો પહેલો પાયો છે ::**

આપણા દીકરા દીકરીને આપણા જ્ઞાતિના સંસ્કાર આપી અને એક સુંદર પરિવાર બનાવી શકાય છે એક સફળ વ્યક્તિ બનાવી શકાય છે, આપણે આપણા સમાજના સારા વ્યક્તિના વ્યક્તિત્વની ચર્ચા આપણા દીકરા દીકરીની સાથે કરવી જોઈએ જેથી તેમના કોમળ મન ઉપર સારા વિચારોના અંકુર ફૂટે.

**:: સમાજનો બીજો પાયો છે તેની સંસ્કૃતિ. ::**

સમાજના સિદ્ધાંતો, યોગ્ય રિવાજો, પરંપરાને સાચવી તેનું આવનાર પેઢીમાં ઉતારવું એ સંસ્કૃતિ છે. આપણા જ બાળકની સામે સમાજના માણસોની ખરાબ વાત કરશો તો બાળકને સમાજ પ્રત્યે પ્રેમ નહિ ધૃણા ઉપજશે, અને પછી એ સમાજ (જ્ઞાતિ) બહાર લગ્ન કરવાનું મન બનાવી લેશે. આપણા સમાજમાં આપણા બાળકો આપણું ભવિષ્ય છે એને આપણા સમાજની સાથે જકડી રાખવાનું નહિ પણ દૂધમાં સાકર ભળે એમ ભળી જવાનું શીખડાવવું જોઇએ. પહેરવેશથી લઈને રહેણી કહેણી પણ અતિશય મોર્ડન થતા જાય છે. મોર્ડન થવામાં વાંધો નથી પણ આપણે આપણી સંસ્કૃતિ ભૂલવી ના જોઈએ.

**:: સમાજ નો ત્રીજો પાયો એકતા ::**

આ ખૂબ જ અગત્યનો પાયો છે સમાજમાં અંદરોઅંદર એકતા હોવી ખૂબ જ જરૂરી છે એક બીજાના વિરોધી થવા કરતા સહયોગી થશો તો સમાજનો વિકાસ થશે અંગત મતભેદ આંતરિક દ્વેષમાં સમાજની એકતા ક્યારેય તૂટવી ના જોઈએ તો જ એ સમાજ વિકાસ તરફ હરણફાળ ભરી શકે છે, બાકી અંદરો અંદર વિચારધારાથી પીડાતા વ્યક્તિઓનો બનેલ સમાજ એ સમાજના ભાગલા પાડી સમાજને દયનીય પરિસ્થિતિમાં મૂકી અને તે સમાજના વિકાસ પર કદાચ પૂર્ણવિરામ પણ મૂકી શકે છે.

**:: સમાજ નો ચોથો પાયો છે સતકર્મ ::**

આપણને જે સમાજ તરફથી મળે છે એનો ઋણ ઉતારવા આપણે સમાજનું હિત ઈચ્છવુ જોઈએ સમાજને ઉપયોગી થવું જોઈએ સમાજ દાતાશ્રીઓ તરફથી આવતી ભેટનો સદુપયોગ કરવો અને પારદર્શક વ્યવહાર રાખવો જોઈએ એક ગામમાં એક સમાજની સંસ્થા હોય તો બીજી ના થવી જોઈએ સંસ્થાના વિરોધી થવા કરતા સહયોગી થવું જોઈએ. આજના સમયમાં હોદ્દાનો મોહ રાખનાર સમાજને થતું નુકશાન જોતા નથી. શુ સમાજની સેવા હોદ્દા ઉપરથી જ થાય ? કોઇ એક ઊંચા આસન પર બેસવાથી કંઇ ગૌરવ વધતું નથી. ગૌરવ ગુણોને કારણે આવે છે, કાગડો રાજમહેલના શિખર પર બેઠો હોય તો તેથી તે ગરુડ કહેવાય નહીં. પારકા માટે પગથિયું ન બની શકો તો કંઇ નહિ, પણ ચાલનારના માર્ગમાં ખાડારૂપ તો ન જ બનશો.

કટાક્ષ બોલતા અને કટાક્ષ લખતા બધાને આવડતું હોય છે પણ સમાજને નુકશાન ના પહોંચે એટલે સમજુ માણસો મૌન થઇ જતા હોય છે એનો મતલબ એ નથી કે એ કાયર છે પણ સમાજ પ્રત્યે એમની લાગણી એમને મૌન બનાવે છે. બાકી જેમને પોરા જ કાઢવા છે એ લોકો તો દૂધમાંથી પણ કાઢવાના છે

સ – સમજદારી પૂર્વકના સંબંધની
મા – માવજત અને
જ – જતન.
બસ, આ જ સમાજ છે.

આપણા સમાજ વિષે વાત કરું તો અમે જયારે પણ અન્ય સમાજની સંસ્થાઓમાં જઇએ તો અન્ય સમાજના લોકો આપણા સમાજના દરેક સેવાલક્ષી કાર્યો અને કેળવણી મંડળની પ્રશંસા કરે છે જે આપણા માટે ગર્વની વાત છે. હાલ આપણા સમાજની કેળવણી મંડળ દ્વારા જે સમાજલક્ષી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે તેમાં આપ સૌએ જે રીતે મને અને મારી ટીમને સાથ આપ્યો તે રીતે જ નવા સભ્યોને સાથ આપશો તેવી અભ્યર્થના વ્યક્ત કરું છું.

**આપનો શુભચિંતક**
**દરજી બિપીનચંદ્ર જીવણલાલ - કલોલ**



મુખ્ય સંપાદક ની કલમે ........

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના વ્હાલા જ્ઞાતિજનો, આજ આપ સૌના આશીર્વાદથી તૈયાર કરેલ આપણા સમાજના મુખપત્ર સમાન **"બેતાલીસ દીપક"** નો દીપોત્સવી **અંક - ૧૫, નવેમ્બર -૨૦૨૩** પ્રકાશિત કરતા અમો આનંદ અનુભવીએ છીએ. "બેતાલીસ દીપક" નો દીપોત્સવી અંક – ૧૫, નવેમ્બર –૨૦૨૩ માં અમોએ કેળવણી મંડળ પાસે જેટલી માહિતી હતી તે તમામ માહિતી અને છેલ્લા વર્ષમાં આપણા સમાજમાં ઘટેલ ઘટનાઓને શબ્દોમાં આલેખીને આપ સૌ સમક્ષ રજુ કરેલ છે.

આ અંકમાં આપમાંથી કોઇને કોઈપણ જાતની ખામી અથવા ભૂલ લાગે તો અમોને સહૃદયતાથી જણાવવા નમ્ર અરજ છે અમો ભવિષ્યમાં તે ખામી સુધારી લઈશું. સમાજના શિક્ષિત વર્ગાને નમ્ર વિનંતી કે બેતાલીસ દીપકના આ અંકના આપના પ્રતિભાવો અમોને અવશ્ય મોકલો જેથી કરીને ભવિષ્યમાં અમો આપના પ્રતિભાવો થકી આપણા સમાજના આ મુખપત્રને સુદ્રઢ બનાવવાના સંનિષ્ઠ પ્રયાસો કરીશું. સમાજના દરેક વ્યક્તિને નમ્ર વિનંતી કે આપના ઘર, પરિવાર કે ગામમાં બનતી દરેક ઘટના જેવી કે જન્મ, મરણ, ધાર્મિક પ્રસંગ, લગ્ન પ્રસંગ જેવી દરેક માહિતી કેળવણી મંડળને આપે જેથી અમો તે માહિતીને આપણા આ મુખપત્ર થકી સમસ્ત સમાજની જાણકારીમાં લાવી શકીએ.

કેળવણી મંડળના નવનિયુક્ત પ્રમુખશ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલરને હું અભિનંદન આપું છું અને તેઓ આપણા સમાજને હંમેશા પ્રગતિના પથ પર અગ્રેસર રાખે તેવી ભાવના અત્રે વ્યક્ત કરું છું. અત્રે કેળવણી મડળના સદસ્ય તરીકે હું ગર્વથી કહું છુ કે દરજી જ્ઞાતિના તમામ ગોળમાં આપણો સમાજ સર્વશ્રેષ્ઠ છે. હાલની કેળવણી મંડળના તમામ સભ્યો સમાજ માટે કઇ પણ કરી છૂટવાની ભાવના ધરાવે છે જે આપ સૌ અનુભવી શકતા હશો. કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓમાં સમાજના તમામ સદસ્યોથી પુરતો સાથ–સહકાર મળી રહેશે તેવી આશા રાખું છું.

અંતમાં, બેતાલીસ દીપકના આ અંકનું આટલી સુંદરતાથી વ્યવસ્થિત રીતે દરેક માહિતીનું સંકલન કરીને ભવ્ય અને ગુણવત્તાસભર બનાવવા બદલ કેળવણી મંડળના પૂર્વ હોદ્દેદાર એવા માનનીય શ્રી ખોડીદાસ નારણદાસ દરજી – કલોલવાળાના સુપુત્ર શ્રી વિપુલભાઇનો ખુબ ખુબ આભાર. તેઓશ્રી કલોલ મુકામે પોતાની મુદ્રણકાર્યને લગતી " શ્રી બાલાજી પ્રિન્ટર્સ" નામની ઓફિસ ધરાવે છે અને આ આપણા સમાજનું કાર્ય છે તેમ જાણીને દિવસ–રાત મહેનત કરીને આટલો સુંદર અંક તૈયાર કરી આપેલ છે. ધન્યવાદ ભાઈશ્રી વિપુલ ખોડીદાસ.....

**આપનો વિશ્વાસુ.....**
**અલ્પેશ ભલાભાઈ દરજી – કલોલ**

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણીની સાધારણ સભાના અન્નદાતા ચાંદખેડા ગામના સ્વ.શ્રી જયંતીભાઇ સોમાભાઇ દરજી પરીવાર અને કલોલના સ્વ.શ્રી ભલાભાઇ શકરચંદ દરજી પરિવારને ધન્યવાદ પાઠવે છે.**





આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ચાંદખેડા નિવાસી સ્વ.શ્રી જયંતીભાઇ સોમાભાઇ દરજી પરીવારના ત્રણ દીકરાઓ ભાઇ શ્રી શૈલેશભાઇ, લાલાભાઇ અને દિલીપભાઇ સમાજ સેવાના દરેક કાર્યમાં હંમેશા અગ્રેસર રહે છે. કેળવણી મંડળ દ્વારા તા. ૨૪.૧૨.૨૦૨૨ ના રોજ ત્રિ–વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ. કોઇપણ જાતની ટહેલ વગર આ સભામાં સમસ્ત જ્ઞાતિજનોને ભોજનદાનની જાહેરાત આ પરિવાર તરફથી કરવામાં આવેલ. સ્વ.શ્રી જયંતીભાઇ સોમાભાઇના ત્રણે દીકરાઓ આપણા સમાજના સેવાભાવી નાગરિકો તરીકે ખુબજ સક્રિય રીતે ફરજ બજાવે છે અને પોતાના પિતાશ્રી સ્વ.શ્રી જયંતીભાઇના સંસ્કારોને લઇને હંમેશા આપણા સમાજ અને સમાજના વ્યક્તિઓ માટે કંઇપણ કરી છૂટવાની ભાવના ધરાવે છે. તેમની ધર્મપત્નીઓ શ્રીમતી લતાબેન શૈલેશભાઇ, શ્રીમતી રીનાબેન લાલાભાઇ અને શ્રીમતી જૈનીકાબેન દિલીપભાઇ પણ તેમના પતિઓના દરેક કાર્યમાં એટલો જ સાથ અને સહકાર આપે છે. ભાઇ શ્રી શૈલેશભાઇ, લાલાભાઇ અને દિલીપભાઇ સાહસિક નવયુવાનો છે. ટૂંકા ગાળામાં પોત પોતાના વ્યવસાયમાં નોંધપાત્ર પ્રગતિ કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે આ સમસ્ત પરિવાર શ્રી બહુચર માતાજીનો પરમ ભક્ત છે અને માતાજીની પરમ કૃપા આ પરિવાર પર છે. તેઓશ્રીએ પોતાની સામાજીક લાગણીરૂપે ગત વર્ષે રૂા. ૨૧,૦૦૦/– આપીને આપણા સમાજને અપાતા દિપાવલી કેલેન્ડરના જાહેરાત દાતા બનેલ જે બદલ પણ તેમનો આભાર માનવામાં આવે છે. શ્રી શૈલેશભાઇ, શ્રી લાલાભાઇ, શ્રી દિલીપભાઇ અને તેમના ધર્મપત્નીઓ શ્રીમતી લતાબેન શૈલેશભાઇ, શ્રીમતી રીનાબેન લાલાભાઇ અને શ્રીમતી જૈનીકાબેન દિલીપભાઇનો કેળવણી મંડળ અત્રે ખુબ ખુબ આભાર માને છે અને તેઓ પોતાના જીવનમાં સતત પ્રગતી કરે તેવી શુભેચ્છા અત્રે વ્યક્ત કરે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૪.૧૨.૨૦૨૨ ની ત્રિ–વાર્ષિક સાધારણ સભામાં ચાર વર્ષના ઇનામ વિતરણ અને સન્માન કાર્યક્રમો હોવાથી સવારથી જ આખા દિવસનો કાર્યક્રમ રાખવો એવું નક્કી કરવામાં આવેલ. આ સભાના સાંજના ભોજનદાન માટે તો સ્વ.શ્રી જયંતીભાઇ સોમાભાઇ પરિવાર તરફથી અન્નદાનની જાહેરાત કરવામાં આવેલ પરંતુ બપોરના ભોજન માટે કેળવણી મંડળને ખર્ચ કરવાનો હતો. પણ કેળવણી મંડળના સક્રિય અને ઉત્સાહી કાર્યકર એવા મૂળ ગામ આમજાના અને હાલ કલોલ નિવાસી શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ દરજી દ્વારા પોતાના સ્વર્ગસ્થ માતા–પિતા સ્વ.શ્રી ભલાભાઇ શકરચંદ દરજી અને સ્વ. શ્રી પુરીબેન ભલાભાઇ દરજીના સૌજન્યથી તેમને શ્રધ્ધાંજલિ સ્વરૂપે બપોરના ભોજનનો તમામ ખર્ચ આપવાની જાહેરાત કરવામાં આવી. શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી હેમાબેન અલ્પેશભાઇની સમાજસેવાની આ ભાવનાને બિરદાવવામાં આવે છે અને તેઓ પોતાના ધંધાકીય અને પારિવારિક કાર્યોમાં સતત પ્રગતિના પંથે રહે તેવી શુભકામનાઓ અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## શિસ્ત, ક્ષમા અને કર્તવ્યનિષ્ઠાના પર્યાય એવા સમાજના એક આદર્શ શિક્ષક શ્રી બળવંતભાઇ કે. દરજી દ્વારા સમાજની હાલની પરિસ્થિતિ અને તા. ૨૪-૧૨-૨૦૨૨ના રોજ યોજાયેલ સાધારણ સભાનું તાદ્રસ્ય વર્ણન-આલોચના-સૂચન

નેહ નીતરતા નમસ્કાર..

સમાજના ઉદ્ગમથી માંડીને ૨૪/૧૨/૨૨ના રોજ થયેલ સાધારણ સભા (સ્નેહ મિલન) સુધીનું મૂલ્યાંકન આપ સમક્ષ મૂકતાં કુછ ખટ્ટા કુછ મીઠા જેવી લાગણી મહેસૂસ કરૂં છું. આપણો બેતાલીસ ગોળ દરજી સમાજ. વ્યક્તિઓના સમૂહને સમાજના નામે ઓળખવામાં આવે છે. આપણે ત્યાં જુદીજુદી જ્ઞાતિઓ પોતાની અલગ વાડાબંધી કરી, ચોક્કસ પ્રકારના નીતિ નિયમો નિર્ધારિત કરી સમાજનું નિર્માણ કરે છે. જ્યાં વ્યક્તિઓ પરસ્પર સ્નેહના તાણાવાણામાં ગૂંથાઈ પોતાની જ્ઞાતિ પરત્વે વિશેષ મહત્વ ધરાવતા હોય છે. વ્યક્તિ વિકાસની સાથે સાથે સમષ્ટિનો પણ વિકાસ થાય તે અતિ અનિવાર્ય છે. ને સમાજે પણ તંદુરસ્ત વિચારધારા સહ મતભેદ, મનભેદ, પૂર્વગ્રહ, પક્ષાપક્ષી, વિવિધ પ્રાંત, અંગત વૈમનસ્યથી ઉપર ઊઠી પોતાના સમાજના છેવાડાના માણસના ઉત્થાન માટે ભરપૂર પ્રયાસ કરવો જોઈએ. આમ, વૈયક્તિક અને સમષ્ટિ એકમેકના પૂરક છે.

જેણે બેતાલીસ દરજી સમાજ રચના માટે પાયાની ઇંટ મૂકી તે સર્વે પાયોનિયરોનો ઉપર પ્રશંસાના પુષ્પોની જેટલી વૃષ્ટિ કરીએ તેટલી ઓછી છે. કારણકે  તેમણે ધસમસતા અને ઘૂઘવતા સામા પ્રવાહે તરવાનું હતું. ડૂબવાની શક્યતા ઝાઝી હતી. પણ હામ હાર્યા નહીં. સમાજ આખો તે કાળે માત્ર ને માત્ર દરજીના વ્યવસાય સાથે જોડાયેલો હતો. ન કોઈ નોકરી, ન કોઈ અન્ય હુન્નર, ન પોતાની કોઈ પ્રાઈવેટ પેઢી. લોકોને ઘડીની નવરાશ નહીં. ગામ આખુ સીવવાનું અને ધાગાના તાણાવાણામાં ગૂંથી લઈને ગુજરાન ચલાવાની તન મનમાં તમન્ના. તેમ છતાં આપણા વડવાઓએ આગેવાની લઈને, પોતાનો ધંધો વિસારે પાડી, મૂલ્યવાન સમય ફાળવીને, ગજવાના કાવડિયા ( ઠોહરા) કાઢી સમાજમાં કાયદા કાનૂન ઘડવા, લગ્ન, મામેરું, આણું, જીયાણું, સીમંત, લોકાચાર વગેરેના નિયમો રચવા, વળી સમાજમાં વખતોવખત ઉભી થતી વિવિધ સમસ્યાનું  તટસ્થાની તલવાર પર ચાલી પક્ષપાતોથી પર રહી ભલાઇનો માર્ગ અપનાવી ઉકેલ લાવવાનો પ્રયાસ કરતા. ક્યાંક તેમાં ચૂક થતી હશે. પણ એમની નિયત હંમેશા સારું કરવાની જ રહેતી. ત્યારે સમાજ પંચના નામે ઓળખાતો. ધીરે ધીરે સમયે કરવટ બદલી, વખત વીતતો ચાલ્યો, પંચ શબ્દ મહાકાલના મહા પ્રવાહમાં લુપ્ત થઇ ગયો અને અનેક સુધારા વધારા સાથે બેતાલીસ ગોળ દરજી સમાજ નામની સંસ્થા અસ્તિત્વમા આવી. ત્યારે સમાજના પ્રમુખ તરીકે સ્વ. ચંદુભાઇ બોગારામે (માધુપુરા – અમદાવાદ) સમાજનું સફળ સુકાન સંભાળ્યું. તેમણે પોતાના કાર્યકાળ (૧૯૭૫ થી ૧૯૮૩) દરમિયાન સમાજની પોતાની વાડી હોય તેવું સ્વપ્ન આંખમાં અંજન કરેલ. તેને મૂર્તિમંત કરવા સાબરમતી ડી કેબીન ખાતે જમીન પણ રાખી અને તેના બાના પેટે કેટલાક પૈસા ચૂકવી દીધા. પરંતુ જાણે આપણા સમાજના નસીબે વાડી ન થવાની હોય તેમ જમીનનો માલિક વધુ પૈસા મળતાં જબાનમાં ફરી ગયો.  અવસાન થયું. જમીન માલિકને દોડવું હતું ને ઢાળ મળી ગયો. જમીન મેળવવાના પ્રયત્નો પછી પણ થયા. પણ પરિણામ શૂન્ય આવ્યું.

ત્યારબાદ સમાજનું સુકાન શ્રી ખોડીદાસ દરજી (ગાંધીનગર) સંભાળ્યું. પુનઃ સમાજનું નામ બદલાયું. બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ થયું. અને સરકારી ચોપડે ઇ.સ ૧૯૮૪માં તેનું રજીસ્ટ્રેશન થયું. ખોડીદાસનો શરૂઆતનો કાળ ખૂબજ સંઘર્ષમય રહ્યો, ક્યાંક વિરોધના વંટોળ પણ ઉઠેલા, આકરા વેણ પણ સાંભળવા પડેલા પણ ચટ્ટાનની માફક અડગ રહ્યા. તેમની ટીમ હિંમત ન હારી. મન મોટું રાખી, મુખમાં સાકર અને માથે બરફ રાખી સહન કરતા રહ્યા. કારણકે સમાજને કેળવણીના પંથ ઉપર મૂકવો હતો. સમાજમાં પરિવર્તનનો પ્રકાશ પાથરવો હતો. એક નવા સમાજનું નિર્માણ કરવું હતું. તેમની સાથે ભીખાભાઈ (અમદાવાદ) મહામંત્રી તરીકે જોડાયા. પછી કેળવણીને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું શિક્ષણના ક્ષેત્રે ઊંચાઈને આંબી ગયેલા, સફળતાના શિખરો સર કરેલા તેમજ નોકરી મેળવેલા યુવાન યુવતીઓને વિશેષ પ્રોત્સાહન મળે તેવા શુભ આશયે સમાજ વચ્ચે પોંખવાની, વધાવવાની, સન્માનિત કરવાની રસમ શરૂ કરી. આ ઉપરાંત તેમણે પૂરા સમાજના સમાચાર ઘર ઘર સુધી પહોંચાડવા માટે બેતાલીસ દીપક પ્રકાશિત કરવા લાગ્યા. જેમાં આખી સંપાદક ટીમ અને ખાસ કરીને ભીખાભાઈ ભારે જહેમત ઉપાડતા. તે નિઃશુલ્ક આપવામાં આવતું. ખોડીદાસે મરણ પછી બારમાનો રિવાજ પણ બંધ કરવાનો સમાજને આદેશ કરેલો. ખોટી દેખાદેખી ન થાય તેમજ લોકો ખર્ચના ખાડામાં ન ઉતરી જાય તે માટે સમૂહલગ્નની પ્રથા શરૂ કરી. તે થોડા વર્ષો સુધી ચાલી પણ ખરી. પણ કોઈ અગમ્ય કારણોસર તે બંધ થઇ ગઇ. તેમણે કેલેન્ડર વિતરણ વ્યવસ્થા અને સમાજની વેબસાઇટ પણ શરૂ કરી. આ સિવાય ઘણા બધા કાર્યો કર્યા. ખોડીદાસે સમાજની દીર્ઘકાલીન સેવા કરી ઈ.સ ૨૦૧૪માં સ્વૈચ્છિક રાજીનામું આપી દીધું. ત્યારબાદ શ્રી ગોવિંદભાઇ દરજી (વિસત) સમાજના પ્રમુખ સ્થાને બિરાજમાન થયા. સમાજની વિવિધ પ્રવૃતિઓ ચાલતી રહી. તેમણે ત્રણ ચાર વર્ષના અંતરાલ બાદ પ્રમુખ સ્થાનેથી સ્વૈચ્છિક રાજીનામું આપ્યું. ત્યારબાદ ઈ.સ ૨૦૧૮થી સમાજના નવા પ્રમુખ સ્થાને શ્રી બિપીનભાઈ (કલોલ)ની વરણી થઇ.

બિપીનભાઈને વૃધ્ધત્વએ આંટી મારી હોવા છતાં એક યુવાનને શરમાવે તેવા જોમ અને જુસ્સાથી સમાજ માટે કામ કરવાનો આરંભ કર્યો. તેમની વાણી અને વ્યવહારમાં ધગધગતો આત્મવિશ્વાસ, ઉત્સાહ, તરવરાટ અને થનગનાટ સ્પષ્ટ વર્તાતો હતો .તેમની આખી ટીમ સમાજના ઉત્થાન, ગતિ, પ્રગતિ માટે ચિંતા, ચિંતન, મંથન અને મથામણ કરવા લાગી. સ્વાર્થને છેવાડે મૂક્યો અને પરમાર્થને હૈયે રાખી આખી ટીમ રાત દિવસ જોયા વિના કામે લાગી. તેમણે કરેલા કામોની મૂલવણી થાય તે પણ જરૂરી છે.

૧. સમાજનું મુખપત્ર બેતાલીસ દીપકમાં શિક્ષણના નાનાવિધ ક્ષેત્રમા ડીગ્રી હાંસલ કરેલ બેરોજગાર યુવાન અને યુવતીઓને રોજગારની તક મળે તેવા પ્રયોજનથી સરકાર અને પ્રાઇવેટ ફિલ્ડમાં પડેલ ખાલી જગ્યાઓની માહિતી આપવાની શરૂઆત કરી. જેના અંતર્ગત વેકન્સીનો પ્રકાર, કુલ સંખ્યા, શૈક્ષણિક લાયકાત, અને પગારની વિગત

૨. ધોરણ ૧૦ અને ૧૨ના બાળકો પાસે વાલીઓ, શિક્ષકો અને સમાજ તેની ક્ષમતા કરતાં વધુ પડતી અપેક્ષા રાખતાં જેથી તેઓ ભયજનક પરિસ્થિતિમા મુકાઇ જતાં હોય છે. પરીક્ષાના જંગમાં અભિમન્યુ પીઠે એકલતા મહેસૂસ કરે છે. તેની વિટંબણા અને મૂંઝારાનો કોઈ પાર હોતો નથી, તેવી ક્ષણોમાં તેને હૈયાધારણા અને હોંસલાને બુલંદ બનાવવા માટે બિપીનભાઈની ટીમ વિદ્યાર્થીના ઘરે પહોંચી ગિફ્ટ આપી શુભેચ્છા પાઠવે છે.

૩. જ્યારે ઘરનો મોભી અથવા પરિવારનો કોઈ માણસ વૈકુંઠવાસી બને છે ત્યારે કુટુંબ ઉપર આસમાન તૂટી પડે છે એમાં જો પરિવારની આર્થિક પરિસ્થિતિ નાજુક હોય તો પડતા ઉપર પાટુ જેવી પરિસ્થિતિ નિર્માણ થાય છે. ત્યારે આવા સંજોગોમાં બિપીનભાઇ મૃત્યુ સહાય યોજના લઈને આવ્યા. જે કુટુંબ આ યોજનાનો સભ્ય હોય તો તેને ૩૫૦૦૦ રૂપિયા ચૂકવવામા આવે છે. (આ યોજનામાં સમાજના કુલ ૪૦૦ કુટુંબ સભ્ય છે.)

૪. સમાજનો કોઇ બાળક શૈક્ષણિક સામગ્રી કે ફી વિના શિક્ષણથી વંચિત રહી જાય તો તે સમાજનું દુર્ભાગ્ય કહેવાય. આ હેતુથી વિદ્યાર્થીઓ માટે નોટબૂક અને ચોપડા વિતરણ સહાય યોજના અગાઉથી ચાલુ છે.

૫. વિધવા સહાય યોજના..

૬. કોરાનાકાળ દરમિયાન યમદૂત મોતનું તાંડવ મચાવી રહ્યો હતો. જિંદગી લાચાર અને સસ્તી બની હતી. અરે જલીને રાખ થવા માટે પણ સ્મશાનમાં લાઇનો લાગતી હતી. કામધંધા ઠપ થઈ ગયા હતા. જીવવાનાં પણ ફાંફાં હતા ત્યારે સમાજમાંથી સખાવત (દાન, દાતા) ઉભા કરી કપરા સમયમાં જેની  આર્થિક પરિસ્થિતિ લથડી હતી તેને ઘેર ઘેર રાશનકીટ પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ થયો હતો.

૭. અગાઉથી ચાલતી કેલેન્ડર ભેટ યોજનામાં પૈસા લેવાનું બંધ કરવામાં આવ્યું. કારણકે, તેના માટે દાતા મળતા હોય છે.

૮. ઇ.સ ૨૦૦૫માં સમાજ દર્શન અંક પ્રગટ થયો હતો. તે કાર્ય પણ સરાહનીય જ ગણી શકાય. તે વાતને ૧૭ વર્ષના વાણાં વાઇ ગયા. સમાજમાં ઘણું પરિવર્તન આવી ગયું છે. તેને ધ્યાને લઇને સતત ૮ મહિનાની આકરી જહેમત બાદ સમાજ દર્શન અંક તૈયાર કરવામાં આવ્યો. આ માહિતી એકત્રિત કરવી એટલે કોઈ વૃક્ષની ટોચે ટચલી ડાળી ઉપર ખીલેલ સુંદર ફૂલ લેવા જવું. વળી તે વૃક્ષ ઉપરથી જો સહેજ પગ લપસે તો સીધા ગહન અંધકારમય ખીણમાં પટકાવવા બરોબર.

**અંકની વિશેષતાઓ..**

(૧) મુખપૃષ્ઠ અને અંતિમ પ્રુષ્ઠ નયનરમ્ય, આકર્ષક (૨) શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના કૌટુંબિક કુળદેવીઓ

(૩) પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ આખું પાનું ... કુલ ૭૫ (૪) અડધા પાનામા શુભેચ્છા ... કુલ ૩૧ (૫) પા પાનામાં શુભેચ્છા... કુલ ૨૧ (૬) જાહેરાતો (વ્યવસાયિક)... કુલ ૯ (૭) કુટુંબ વિષયક વિશદ માહિતી કુલ ૧૫૬ પાનામાં પથરાયેલી છે. આવું જટિલ કામ કરવા બદલ ટીમને અભિનંદન. સ્વ.ચીનુભાઈ દરજી બેતાલીસ કો.ઓ.સો.લિમિટેડ, કલોલ. એકદમ સામાન્ય વ્યાજદરે લોન આપી ભાગ્યના ભેરુ તરીકે કામગીરી કરી રહી છે.
આ કાર્યો માટે આખી કારોબારી ટીમ ધન્યવાદને પાત્ર છે.

૮. કલોલ ખાતે વહીવટી સુગમતા માટે દાતાઓ પાસેથી દાન મેળવી એક ઓફિસનું નિર્માણ કરવામાં આવ્યું.

૯. બિપીનભાઇ સમાજ માટે કાંઇક નવા ચીલા ચીતરવા માગતા હતા. તે માટે સમાજનો સહકાર મળે તે જરૂરી હતું. તેમણે કોરાનાકાળ  દરમિયાન રાશનકીટ, કલોલ ખાતે સમાજની વહીવટી ઓફિસ, અને મૃત્યુસહાય યોજના માટે સમાજને ટહુકો કીધો. સહાયનો સાદ પાડ્યો, મદદ માટે હાથ લંબાવ્યો. ત્યારે સમાજના નાગરિકો તેમના ઉપર ભરોંસો મૂકી અષાઢી મહુલાની માફક અનરાધાર વરસ્યા.  અને બિપીનભાઇએ સમાજ માટે જોયેલા સપનાઓ સાકાર કરી બતાવ્યા.  સલામ છે બિપીનભાઇ તમને અને તમારી આખી ટીમને..... ધન્યવાદ...

**ત્રિવાર્ષિક સાધારણસભા (સ્નેહમિલન)... સમીક્ષા...**

૧. ખાસ્સા અંતરાલ બાદ બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા સ્નેહ મિલન આયોજન થયું હોવાથી સર્વ જ્ઞાતિબંધુઓના હૈયે ઉમળકો અને અદકેરા આનંદના મોજાં ઉછળી રહ્યાં હતાં. એક સાથે એક જ જગ્યાએ પોતાના સઘળા સગાંવહાલાંને મળવાની અને પ્રસંગને માણવાની મોજ સર્વેએ માણી.

૨. પોતાને લાયક પાત્ર (જીવનસંગીની, સાથી) શોધવા યુવાન યુવતીઓની નજર વધુ અણિયારી બની હતી અને મા–બાપ પણ વડીલની ભૂમિકા ભજવી રહ્યાં હતાં. વળી લોકોને સમાજમાં બનેલી અને પોતાનાથી અનભિજ્ઞ માહિતી પણ મળી.

૩. દરજી ધંધામાં વ્યસ્ત લોકોને રોજિંદા જીવનની એકધારી અને કંટાળાજનક ઘટમાળમાંથી મુક્તિ મળી અને જીવતરમાં અબીલ  ગુલાલ ઉડતો હોય તેવું લાગ્યું હશે.

૪. આ સ્નેહ મિલનના આયોજન પછવાડે કેળવણી મંડળને ભારે જહેમત ઉઠાવી પડી હશે. – માનસમાં આવેલો વિચાર – તેને સાકાર સ્વરૂપ આપવા માટે પ્લાનીંગ – હોલ બુકિંગ – ડાયર્સ ઉપર બેસી શકે તેમજ મંડળને આર્થિક લાભ થાય

તેવા મહેમાનો શોધવા – ઉદ્દ્ઘાટકશ્રી, અતિથિ વિશેષ મુખ્ય મહેમાનશ્રી, ભોજનના દાતા શોધવા. માઇક સિસ્ટમ, કોણ કોનુ સન્માન કરશે તેની સૂચિ, ફુલહાર વગેરે. આમંત્રણ પત્રિકા છપાવવી, ઘર ઘર સુધી પહોંચતી કરવા  કારોબારી મિત્રોને જવાબદારી વગેરે

૫. તેજસ્વી તારલાઓના સન્માન વિધિ અન્વયે ગુણપત્રક, પ્રથમ ત્રણ નંબર, તેમને આપવવાના ઇનામો, પ્રોત્સાહન ઇનામો, ખરીદી વગેરે.

૬. સિનિયર સિટીજનોનું સન્માન, સાલ વગેરે..

૭. સમાજદર્શન અંકની વિતરણ વ્યવસ્થા, અદ્દ્ભુત ઝોન પાડેલ હતા. કોઈ કાઉન્ટર ઉપર ભીડભાડ હતી નહીં.

૮. બપોર અને સાંજના ભોજન વ્યવસ્થા ઉત્તમ રહી. ભાઇઓ અને બહેનોના ભાગ અલગ હોવાથી ભીડ ન થઇ.

૯. ભોજનના દાતાઓને અભિનંદનના અજવાળાથી વધાવું છું. કારણકે, સો વ્યક્તિએ એક શૂરવીર પેદા થાય, હજાર વ્યક્તિઓમાં એક પંડિત, દસ હજાર વ્યક્તિઓમાં એક પ્રખર વક્તા પેદા થાય, જ્યારે દાતા તો થાય ખરો ન પણ થાય. (સંસ્કૃત સુભાષિત) જાત માટે સૌ કોઈ જીવે પર (બીજા)કાજે જીવે કોઇ વિરલા.

૮. એજન્ડામાં દર ચાર વર્ષે પ્રમુખ, મહામંત્રી અને કોષાધ્યક્ષની મહત્વની મુખ્ય ત્રણ હોદ્દાઓ બદલવાનો પ્રસ્તાવ અંતરને અડકી ગયો, ગમ્યો. સત્તાની લાલસા લાંબી રહે નહીં વળી આ પગલાંથી કાબેલ, વહીવટી સૂઝબૂઝ, નિરભિમાની, અને પોતાને સમાજનો સેવક માની સૌમાં ભળી જનાર શિક્ષિત, નિઃસ્વાર્થી, સ્વચ્છ પ્રતિભા ધરાવતા, નવલોહીયા, કોઠાસૂઝવાળા કોમ્પ્યુટર જ્ઞાન ધરાવતા વ્યક્તિને સમાજનું સંચાલન કરવાનો લાભ મળે અને સમાજનું ભલું થાય. નવા વરાયેલા પ્રમુખ મેહુલભાઇ હસમુખભાઇને આ તબક્કે અભિનંદન.

૯. અન્ય બાળકો પ્રોત્સાહન મળે તે હેતુથી તેમના માટે પણ પ્રોત્સાહન ઇનામો રાખ્યા. વળી તેની વિતરણ વ્યવસ્થા અલગ રાખી તે પણ પ્રશંસનીય કામગીરી.

૧૦. સાધારણ સભા દરમિયાન સમાજના લોકોએ દાનનો પ્રવાહ વહાવ્યો હતો. હા, માણસે કેટલાક રૂપિયાનું દાન કર્યું તેના કરતા કેવી ઉદત્ત ભાવનાથી દાન કર્યું તેનું ઘણું મૂલ્ય હોય છે. દરેકની દાન કરવાની ભાવના અલગ અલગ હોય છે. કેટલાક પોતાની નામના, પ્રતિષ્ઠા અને વટ પડી જાય માટે દાન કરે છે. તો કેટલાક સમાજનું અન્ન મારે મફત ન ખવાય, ફૂલ નહીં ને ફૂલની પાંખડી પણ આપવી જોઈએ તેવી ભાવનાથી. તો કેટલાક વિચારે છે કે, સમાજ કેટલું ખર્ચ આપણા માટે કરી રહ્યો છે. તો મારે મારી શક્તિ પ્રમાણે આર્થિક સહયોગ કરવો જોઈએ. તેવી ભાવનાથી. તો કેટલાક મંથન કરે છે. કે, આપેલો પૈસો સારા અને સાચા કામમાં જ વપરાવાનો છે. વળી બેતાલીસ દીપકના અંતિમ ચરણમાં પૈસે પૈસાનો હિસાબ આપેલો છે. આપો ભાઈ! આપવા જોઈએ, તેવી ભાવનાથી દાન કરે છે. મારા મતે તો ૧૦૦ રૂપિયાનું દાન પણ અતિમૂલ્યવાન છે. કારણ કે, એ ૧૦૦ રૂપિયા દરજી ધંધાની કાળી મજૂરીમાંથી પેદા થયેલા હોય છે.

**જાપાનની કહાની...**

ભગવાન બુદ્ધની પ્રતિમા બનાવવા માટે દાન એકત્રિત કરવામાં આવતું હતું. તાઓ નામની ૫ વર્ષની દીકરીએ માત્ર ૧ સિક્કો દાનમાં આપ્યો. લામાઓએ તેનો સ્વીકાર ન કર્યો. બુધ્ધની પ્રતિમા (મૂર્તિ) બની તો ખરી પણ મૂર્તિના ચહેરા ઉપર સૌમ્ય અને શાંતભાવ ન આવ્યા. લામાઓ (સંતો) ને ખબર પડી કે જરૂર કાંઇક ચૂક–ભૂલ થઇ છે, નહીં તો આવું બને નહીં. ખૂબ વિચાર્યા પછી સિક્કાના અસ્વીકારની જાણ થઈ. તાઓ (નાની દીકરી) ને શોધી કાઢી તેનો સિક્કો સ્વીકારીને મૂર્તિ ફરી બનાવી ત્યારે બુદ્ધના ચહેરા પર હાસ્ય  શાંત અને સૌમ્યભાવ આવ્યા. માટે, લાખનું દાન સ્વીકારતા જેટલો આનંદ થાય એટલો આનંદ અને ઉમંગથી ૧૦૦ રૂપિયાનું દાન સ્વીકારવું જોઈએ. જે આપની કારોબારી એ કરી બતાવ્યું છે અને આભાર પણ માન્યો છે. કોઈની ખામી કાઢવી એ મારો સ્વભાવ નથી. હું હમેશા પોઝીટીવ વિચાર જ કરુ છું. કામ કરે તેની ભૂલ થાય, હાથ ઉપર હાથ રાખીને બેસનાર કોઇ ભૂલ કરતો નથી. હું સારી પેઠે જાણુ છું કે, બોલવું, થૂંક ઉડાડવું સહેલું છે પણ કામ કરી બતાવવું તે પહાડમાંથી નીકળતા ઝરણાના મૂળ સુધી જવા બરાબર છે. જે અતિદુષ્કર હોય છે. આપે પુરી નિયત અને નીતિથી કરી બતાવ્યું છે.

**મારી વાત માત્ર સૂચનરૂપે લેવી. ખામીના રૂપે ન જોવા વિનંતી.**

૧. આપણા સમાજની કુલ આબાદી (વસ્તી) ૨૯૦૦ છે. એક અંદાજ મુજબ સાધારણ સભામાં આશરે ૧૯૦૦ કે ૨૦૦૦ માણસ આવ્યું હશે. તેમ છતાં આપણે હૉલમાં બધા માણસોને સમાવિષ્ટ કરી શક્યા નહીં, ૩૦૦ થી ૪૦૦ માણસોને બહાર રહેવાની નોબત આવી હતી. અર્થાત્ હૉલ ધારણા પ્રમાણે ખૂબ નાનો પડ્યો.

૨. મહિલાઓ, સ્ત્રીઓ દ્વારા એટલો કાળો ઘોંઘાટ થતો હતો કે કાનના પડદા હલી જાય. જ્ઞાનતંતુઓ ઉપર અસર થાય અને મગજ ચઢી જાય, ડાયસ ઉપરથી જે કંઈ બોલાતું હતું તે આગળની બે ચાર હરોળ છોડી પાછળ કશું સંભળાતું ન હતું. આપણે મન ઘોંઘાટ માટે તમે જ જવાબદાર છો તેવું માનતો નથી. સમાજે પણ પોતાના વ્યવહાર વર્તનમાં સુધારો લાવવાનો સમય આવી ગયો છે. જેવી ઘોંઘાટની પરિસ્થિતિ ઉભી થઈ તરત જ પાંચ છ કારોબારી મિત્રો મહિલા વિભાગમાં પહોંચી અવાજ બંધ કરવાની કોશિશ કરી હોત તો પરીણામ જુદું આવત. કોડલેશ માઇક રાખી મહિલાવૃંદમાં જઈને શાંત કરી શક્યા હોત.

૩. એંકર, ઉદઘોષક (જે ભાઇ હતા તે રીડર વધુ અને એંકર ઓછા, ૯૦ ટકા રીડર અને માત્ર ૧૦ ટકા જ એંકરીંગ હતું) હોલમા પલટાતી પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તન કરવું જોઇએ. કારણકે આખો કાર્યક્રમ ઉદઘોષકના ઇશારે જ ચાલતો હોય છે. આમ એંકરીંગ ખૂબ જ નબળુ સાબિત થયું.

૪. માલધારી સમાજ ગાંધીનગર, ખાટા આંબા ગ્રામ્ય અને શહેરી પ્રજાપતિ સમાજ, રાજપૂત સમાજ, ગાંધીનગર અને વિશ્વ દરજી સમાજ આદિ સમાજમાં જવાનું થાય છે. ત્યાં મેં નોટિસ કર્યું(નોધ્યુ)છે કે પોતાના સમાજનો કોઇ નેતા કે ક્લાસ વન અધિકારી આવે તો વાગતા ઢોલે અને ઉડતી ફૂલોની પંખુડીઓ દ્વારા સ્વાગત થતું હોય છે. આપણા સમાજના આસુતોષભાઇ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા અને મોટાગજાના અધિકારી છે. જે આપણા માટે ગૌરવનો વિષય છે. આપણે તેમના હોદ્દાને છાજે તેવું સ્વાગત ન કરી શક્યા. નીચેથી પાંચ કારોબારી સભ્યો દ્વારા ડાયર્સ સુધી દોરી લાવ્યા હોત તો વાત અનેરી બનત. વળી હોલમાં બેઠેલી આપણી જનતાએ શાંત રહીને આસુતોષભાઇને સાંભળ્યા હોત તો સમાજનું સદભાગ્ય થાત, પણ અવાજ ચાલુ જ હતો.

(ખાસ નોંધ :– આસુતોષભાઇ મારા નજીકના સગા થતા નથી. પણ આપણા સમાજનું ગૌરવ છે.)

૫. એલ.સી.ડી. સ્ક્રીન હૉલ અને કેમ્પસમાં મૂક્યા તે ખૂબ ગમ્યું. આઇડિયા સારો છે. નવીનતા ખરી. પણ હૉલમા થતાં કાર્યક્રમનું એલ.સી.ડી. સ્ક્રીન પર પ્રસારણ કર્યું હોત તો બહાર ઉભેલા સમાજના માણસોને નિહાળવાનો લાભ મળી શકત. અંતે આપણા સમાજના પ્રતિનિધિ મંડળને બીજા દરજી સમાજના કાર્યક્રમો નિહાળવા મોકલવા જોઇએ. જેથી વધુ સારું અને નવીન કરી શકાય. બિપીનભાઇ, અલ્પેશભાઇ, વિજયભાઇ, શભુંભાઇ, મેહુલભાઇ અને આખી ટીમને આ કાર્યક્રમને સુપેરે અને સુચારુ રૂપે સંપન્ન કરવા બદલ અભિનંદન. તમારી મહેનત રંગ લાવી છે. કઇ કામ કરે તે કશુક શીખી શકે છે. અને ઊંચાઇને આંબી જાય છે. આભારની લાગણી સહ. ધન્યવાદ.

૬. સાધારણ સભાના એજન્ડામાં ક્રમાંક નંબર ૯ મા સ્થાને જણાવ્યું છે કે, નિવૃત્ત સરકારી / અર્ધ સરકારી ભાઇઓ અને બહેનોનું સન્માન કરવાં (વર્ષ એપ્રિલ ૨૦૧૯ પછીના થી નવેમ્બર ૨૦૨૨ સુધીના) પણ આ સન્માન કાર્યક્રમ સાધારણ સભામાં પડતો મુકાયો તે જાણીને ખૂબ અચરજ થયું. સમયનો અભાવ તો ન હતો. પણ તમને જે યોગ્ય લાગ્યું તે સાચું. માત્ર આપની જાણ સારું. તેનો વાદ વિવાદ ન હોઈ શકે. ઘરને આંગણે આપણે લગ્નનો અવસર લઈને બેઠા હોઈએ ત્યારે થોડી ભૂલચૂક થઇ જાય. આ તો આખા સમાજને આંગણે તેડાવાની વાત હતી. અંતે કોઇ ડોક્ટર આપણને કડવી દવા આપે તો આપણા ભલા માટે જ હોય છે. શરીરના દુ:ખ દર્દ દૂર કરવા માટે જ હોય છે તેમ મારા સૂચન સમાજના ભલા માટે જ છે. તેમાં શત્રુભાવ જોતા નહીં. મારી દ્રષ્ટિ દોષદર્શનવાળી નથી. માત્ર કેમ કરીને સમાજ માટે સારું થઇ શકે તેવો તેમાં હેતું છે. માઠું લગાડતા નહીં. આપ સૌના નેતૃત્વ નીચે સમાજ ફુલે, ફાલે, વિકસે, મ્હોરે અને સમાજના નાગરિકો દ્વારા આપને અનહદ ચિક્કાર સહયોગ સોંપડે વળી સમાજની સુવાસ બીજા સમાજ સુધી જાય તેવી ભીતરમાં ભીની ભરપૂર ભાવના. સમાજના માણસો એક દિવસે માટે આવ્યા ને ગયા પણ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કારોબારી મિત્રોએ રાત ન જોઈ, ન દિવસ જોયો, ઉજાગરા કરતા રહ્યા, હૈયે ઉચાટ અને હડીયાપાટી કરી. ગામડાઓમાં ઘૂમ્યા શહેરની શેરીઓમાં સફર કરતા રહ્યા. ક્યાંક રિસ્પોન્સ મળ્યો ક્યાંક ઉમળકાભેર આવકાર નહીં પણ મળ્યો હોય. ક્યાંક ભાલાની અણી જેવા, મરચાની તીખાશ જેવા, તલવારની ધાર જેવા અવળાસવળા સવાલોનો સામનો કરવો પડ્યો હશે. પણ શિવજીની માફક ઝેર ઘટઘટાવી ઠંડાગાર પણ રહ્યા. હું પણ શૈક્ષણિક, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી અને કારોબારી સભ્ય તરીકે કામગીરી કરી રહયો છું. માટે ઉપરોક્ત તમામ બાબતોથી સારી પેઠે વાકેફ છું. સ્નેહમિલન કાર્યક્રમને ચાર ચાંદ લગાવવા બદલ તમામ કારોબારી મિત્રોને અભિનંદન પાઠવું છું. સમાજના પ્રત્યેક વ્યક્તિને ચાહતો અને સૌના માટે મારાપણાની ભાવના રાખતો...

**બળવંતભાઇ કે. દરજી - ગાંધીનગર.**

**સમાજના શ્રેષ્ઠ શિક્ષક એવા ગુરુજી શ્રી બળવંતભાઇના સાધારણ સભાના અહેવાલ પર કેળવણી મંડળ દ્વારા સ્પષ્ટીકરણ :**

સર્વ પ્રથમ તો સમાજનો એક અદનો નાગરિક કેળવણી મંડળની પ્રવૃતીઓ પર ધ્યાન આપીને તેના પ્રતિભાવ આપે તે કેળવણી મંડળ માટે ખુબ સારી બાબત છે. સાહેબ શ્રી બળવંતભાઇની દરેક વાક્ય થી અમે સહમત છીએ અને કોઇપણ જાતના સુધારા વગર તેમનો અહેવાલ પ્રસિદ્ધ કરેલ છે. કેળવણી મંડળના નવનિયુક્ત પ્રમુખ તરીકે તેમના આ અહેવાલના અમુક જવાબો આપવા હું બંધાયેલ છું. સર્વ પ્રથમ તો આપણે એજેન્ડામાં જે નિવૃત સભ્યોનું સન્માન કરવાનું હતું તે આપણે કરેલ જ છે અને આ કાર્યક્રમ પડતો મુકાયેલ નથી. બીજું એમણે જે એંકર માટે સૂચનાઓ આપી છે તે વ્યાજબી છે પણ ઓછા ટાઇમમાં આટલા બધા કાર્યક્રમોને નિર્ધારિત સમયમાં પુરા કરવાની માંગને લઇને આ પ્રમાણે એંકરીંગ કરવામાં આવેલ. આ ઉપરાંત આપણા સમાજના રત્ન એવા શ્રી આસુતોષભાઇ કનુભાઇના સ્વાગત માટે અમારા સભ્યોથી જે પણ ચૂક થયી હોય તો અમે ક્ષમાપ્રાથી છીએ. પરંતુ અમે હજુ આ બધા વહીવટમાં નવા છીએ અને અમારી સુઝબુઝ પ્રમાણે સમાજરત્ન શ્રી આશુતોષભાઇનું સન્માન જાળવેલ. હું કેળવણી મંડળના પ્રમુખ તરીકે માનનીય ગુરુજી શ્રી બળવંતભાઇનો ખુબ આભાર માનું છું અને ભવિષ્યમાં તેમણે સૂચવેલ સૂચનોનો ચુસ્તપણે અમલ કરીશું તેવી ખાતરી આપુ છું તેમજ સમાજના અન્ય નાગરિકો પણ આ પ્રમાણે પોતાનો પ્રતિભાવ આપતા રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરું છું.

**મેહુલ હસમુખભાઇ ટેલર (પ્રમુખશ્રી – શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ )**

## ત્રિ-વાર્ષિક અધિવેશન તારીખ : ૨૪-૧૨-૨૦૨૨, શનિવારના રોજ શાલથી સન્માનીત કરવામાં આવેલ વડીલોની યાદી

### સીનીયર સીટીઝન - સ્ત્રી

| | | |
|---|---|---|
| શ્રીમતી મીનાબેન સતીષકુમાર | ૬૭ | જહાંગીરપુરા |
| ગં.સ્વ જ્યોત્સનાબેન દિલીપભાઇ | ૬૫ | જહાંગીરપુરા |
| શ્રીમતી હંસાબેન કનુભાઇ | ૬૪ | ઓગણજ |
| શ્રીમતી કૈલાસબેન કનૈયાલાલ | ૬૭ | નરોડા |
| ગં.સ્વ. કપિલાબેન રામાભાઇ | ૬૫ | નરોડા |
| ગં.સ્વ. પ્રજ્ઞાબેન શશીકાન્ત | ૬૬ | નવરંગપુરા |
| શ્રીમતી ઇન્દીરાબેન નારણભાઇ | ૬૫ | અમદાવાદ |
| ગં.સ્વ. સુવર્ણાબેન રમેશચંદ્ર | ૬૭ | પાલડી |
| શ્રીમતી કોકીલાબેન ભીખાભાઇ | ૬૭ | મેમનગર |
| શ્રીમતી ભગવતીબેન મહેશભાઇ | ૬૮ | અમદાવાદ |
| શ્રીમતી મધુબેન પરસોત્તમદાસ | ૬૮ | ઘાટલોડીયા |
| શ્રીમતી જયાબેન સુરેશભાઇ | ૬૭ | ઘાટલોડીયા |
| ગં.સ્વ. કૈલાસબેન જયંતિભાઇ | ૬૫ | છત્રાલ |
| શ્રીમતી રમીલાબેન નટવરભાઇ | ૬૫ | ઘાટલોડીયા |
| ગં.સ્વ. મધુબેન રસિકલાલ | ૬૮ | ઘાટલોડીયા |
| ગં.સ્વ. લીલાબેન રમણલાલ | ૬૭ | ઘાટલોડીયા |
| શ્રીમતી રોહીણીબેન જયંતિલાલ | ૬૭ | ઘાટલોડીયા |
| શ્રીમતી તારાબેન દિનેશભાઇ | ૬૮ | ઘાટલોડીયા |
| શ્રીમતી આનંદીબેન ગુણવંતભાઇ | ૬૫ | ઘાટલોડીયા |
| શ્રીમતી ઇન્દીરાબેન પ્રવિણભાઇ | ૬૫ | ઘાટલોડીયા |
| શ્રીમતી જ્યોત્સનાબેન ભીખાભાઇ | ૬૫ | નવા વાડજ |
| શ્રીમતી નર્મદાબેન પ્રવિણચંદ્ર | ૬૭ | ન્યુ રાણીપ |
| શ્રીમતી ઉર્મિલાબેન વિનોદચંદ્ર | ૬૮ | રાણીપ |
| ગં.સ્વ. ગીતાબેન હસમુખભાઇ | ૬૬ | મીઠાખળી |
| શ્રીમતી ગીતાબેન અરવિંદભાઇ | ૬૫ | સાબરમતી |
| શ્રીમતી રેખાબેન રસિકભાઇ | ૬૭ | ચાંદખેડા |
| શ્રીમતી સુભદ્રાબેન ગોવિંદભાઇ | ૬૮ | ચાંદખેડા |
| શ્રીમતી કંચનબેન અરવિંદભાઇ | ૬૭ | ચાંદખેડા |
| ગં.સ્વ. ભાનુબેન ભરતકુમાર | ૬૫ | ચાંદખેડા |
| શ્રીમતી ભાનુબેન અંબાલાલ | ૬૫ | ચાંદખેડા |
| ગં.સ્વ. મધુબેન વિષ્ણુભાઇ | ૬૫ | જગતપુર |
| ગં.સ્વ. કાન્તાબેન ગિરીશભાઇ | ૬૫ | અમદાવાદ |
| શ્રીમતી સુધાબેન અંબાલાલ | ૬૬ | કુડાસણ |
| શ્રીમતી શારદાબેન કનુભાઇ | ૬૫ | મોરૈયા |
| ગં.સ્વ. કપિલાબેન રમણલાલ | ૬૫ | શીલજ |
| શ્રીમતી ચંદ્રિકાબેન પુરષોત્તમદાસ | ૬૬ | ગાંધીનગર |
| શ્રીમતી કોકીલાબેન અશોકભાઇ | ૬૬ | ગાંધીનગર |
| શ્રીમતી ગીતાબેન દિનેશભાઇ | ૬૫ | ગાંધીનગર |
| શ્રીમતી સુશીલાબેન પ્રવિણભાઇ | ૬૬ | ગાંધીનગર |
| ગં.સ્વ. ચંપાબેન હસમુખભાઇ | ૬૬ | પાલજ |
| ગં.સ્વ. વિદ્યાબેન જયંતિભાઇ | ૬૬ | લવારપુર |
| ગં.સ્વ. ભાનુબેન મણીલાલ | ૬૭ | રખીયાલ |
| શ્રીમતી નયનાબેન ગુણવંતભાઇ | ૬૭ | સોનારડા |
| શ્રીમતી નર્મદાબેન ખોડીદાસ | ૬૭ | કલોલ |
| ગં.સ્વ. રમીલાબેન રમેશભાઇ | ૬૬ | ધમાસણા |
| ગં.સ્વ. હંસાબેન અમૃતભાઇ | ૬૭ | કરણનગર |
| ગં.સ્વ. લલીતાબેન અમૃતભાઇ | ૬૭ | કરણનગર |
| શ્રીમતી મંજુલાબેન ભોગીલાલ | ૬૮ | રાયસણ |
| શ્રીમતી વિમળાબેન રમણભાઇ | ૬૮ | વડાવી |
| શ્રીમતી કોકીલાબેન અમૃતભાઇ | ૬૫ | જાસપુર |
| ગં.સ્વ. કમળાબેન કનુભાઇ | ૬૭ | ગોતા |
| ગં.સ્વ. સવિતાબેન અશોકકુમાર | ૬૬ | ન્યુ રાણીપ |
| ગં.સ્વ. વર્ષાબેન અમૃતભાઇ | ૬૭ | રકનપુર |
| શ્રીમતી કોકીલાબેન દશરથભાઇ | ૬૭ | સાંતેજ |
| શ્રીમતી રમીલાબેન શીવાભાઇ | ૬૭ | જેઠલજ |
| શ્રીમતી સવિતાબેન ભીખાભાઇ | ૬૭ | રાંચરડા |
| ગં.સ્વ. સુશીલાબેન બળદેવભાઇ | ૬૬ | આંબલી |
| ગં.સ્વ. સરોજબેન ગોવિંદભાઇ | ૬૫ | ઠાસરા |
| ગં.સ્વ. રમીલાબેન ચીનુભાઇ | ૬૫ | કલોલ |
| શ્રીમતી ભગવતીબેન શંભુભાઇ | ૬૫ | ગાંધીનગર |
| ગં.સ્વ. મંજુલાબેન બાબુલાલ | ૬૫ | કલોલ |

### સુપર સીનીયર સીટીઝન - સ્ત્રી

| | | |
|---|---|---|
| ગં.સ્વ. લલીતાબેન નાથીબેન | ૮૨ | વેજલપુર |
| શ્રીમતી હીરાબેન અરવિંદભાઇ | ૮૧ | નવરંગપુરા |
| ગં.સ્વ. સુભદ્રાબેન ભોગીલાલ | ૮૧ | ઘાટલોડીયા |
| ગં. સ્વ. સવિતાબેન કાન્તિલાલ | ૮૦ | નારણપુરા |
| ગં.સ્વ. પાર્વતીબેન પ્રમોદભાઇ | ૮૨ | નારણપુરા |
| ગં.સ્વ. હીરાબેન કાન્તિલાલ | ૮૩ | ઘાટલોડીયા |
| ગં.સ્વ. લલીતાબેન બચુભાઇ | ૮૧ | ઘાટલોડીયા |
| ગં.સ્વ. મધુબેન રતીલાલ | ૮૦ | સાબરમતી |
| ગં.સ્વ. જીવીબેન બચુલાલ | ૮૦ | રાંધેજા |
| ગં.સ્વ. સુભદ્રાબેન પરસોત્તમદાસ | ૮૦ | ઉનાવા |
| ગં.સ્વ. ચંપાબેન શાંતિલાલ | ૮૨ | મુલાસા |

### સીનીયર સીટીઝન (પુરૂષ)

| | | |
|---|---|---|
| શ્રી સતિષકુમાર પુરૂષોત્તમદાસ | ૬૮ | જહાંગીરપુરા |
| શ્રી કાન્તિભાઇ ચીમનલાલ | ૬૫ | નરોડા |
| શ્રી અરવિંદભાઇ અમૃતલાલ | ૬૭ | હાંસોલ |
| શ્રી પ્રવિણભાઇ પોપટલાલ | ૬૬ | નરોડા |
| શ્રી ગોવિંદભાઇ ચીમનલાલ | ૬૬ | નરોડા |
| શ્રી જયંતિભાઇ બાબુલાલ | ૬૮ | નરોડા |
| શ્રી ભાઇલાલભાઇ નાથાલાલ | ૬૬ | નરોડા |
| શ્રી રમેશભાઇ પરષોત્તમદાસ | ૬૫ | નરોડા |
| શ્રી દશરથભાઇ મણીલાલ | ૬૬ | ઓઢવ |
| શ્રી રમેશભાઇ વાડીલાલ | ૬૮ | કેપીટલ પાર્ક |
| શ્રી સતિષકુમાર માણેકલાલ | ૬૮ | નવરંગપુરા |
| શ્રી પરેશકુમાર સોમનાથ | ૬૫ | મેમનગર |
| શ્રી અશોકભાઇ કાન્તિભાઇ | ૬૮ | ઘાટલોડીયા |
| શ્રી સુરેશભાઇ મંગળદાસ | ૬૮ | ઘાટલોડીયા |
| શ્રી કાન્તિલાલ મંગળદાસ | ૬૮ | ઘાટલોડીયા |
| શ્રી અશોકભાઇ ફકીરચંદ | ૬૮ | ઘાટલોડીયા |
| શ્રી પ્રફુલચંદ્ર પુરષોત્તમદાસ | ૬૮ | ઘાટલોડીયા |
| શ્રી ભૂપેન્દ્રકુમાર માણેકલાલ | ૬૬ | નારણપુરા |

| | | |
|---|---|---|
| શ્રી ભરતકુમાર અંબાલાલ | ૬૬ | નારણપુરા |
| શ્રી નટવરલાલ ડાહ્યાલાલ | ૬૬ | ઘાટલોડીયા |
| શ્રી હર્ષદકુમાર આત્મારામ | ૬૬ | ઘાટલોડીયા |
| શ્રી અશોકભાઇ દશરથલાલ | ૬૫ | ઘાટલોડીયા |
| શ્રી પ્રવિણભાઇ કાન્તિલાલ | ૬૭ | ઘાટલોડીયા |
| શ્રી ધ્રુવકુમાર માણેકલાલ | ૬૫ | ઘાટલોડીયા |
| શ્રી અશોકભાઇ રમણલાલ | ૬૫ | નવા વાડજ |
| શ્રી અશોકભાઇ મોહનલાલ | ૬૬ | ચાંદલોડીયા |
| શ્રી ગુણવંતલાલ છોટાલાલ | ૬૫ | નિર્ણયનગર |
| શ્રી જયંતિભાઇ બાબુભાઇ | ૬૫ | નિર્ણયનગર |
| શ્રી અશોકકુમાર ઇશ્વરલાલ | ૬૭ | રાણીપ |
| શ્રી રણજીતભાઇ ગોવિંદભાઇ | ૬૬ | રાણીપ |
| શ્રી હસમુખભાઇ માણેકલાલ | ૬૬ | રાણીપ |
| શ્રી કનુભાઇ ગાંડાલાલ | ૬૭ | ચાંદખેડા |
| શ્રી વિષ્ણુભાઇ પોપટભાઇ | ૬૫ | ચાંદખેડા |
| શ્રી અરવિંદભાઇ ભલાલભાઇ | ૬૬ | ચાંદખેડા |
| શ્રી વિનોદભાઇ બબલદાસ | ૬૭ | ઉવારસદ |
| શ્રી કનુભાઇ સોમનાથ | ૬૫ | રાયસણ |
| શ્રી શંભુભાઇ બબલદાસ | ૬૫ | ગાંધીનગર |
| શ્રી પુરષોત્તમદાસ ગાંડાલાલ | ૬૮ | ગાંધીનગર |
| શ્રી મનુભાઇ આત્મારામ | ૬૮ | પાનસર |
| શ્રી રમેશભાઇ બેચરદાસ | ૬૬ | શાહપુર |
| શ્રી રઘુભાઇ રમણલાલ | ૬૮ | ગાંધીનગર |
| શ્રી દિનેશભાઇ ડાહ્યાભાઇ | ૬૮ | ગાંધીનગર |
| શ્રી પ્રવિણભાઇ બબલદાસ | ૬૮ | ગાંધીનગર |
| શ્રી વિનોદભાઇ ગીરધારીદાસ | ૬૬ | ગાંધીનગર |
| શ્રી પ્રમોદભાઇ ભુલાભાઇ | ૬૫ | રાંધેજા |
| શ્રી કનૈયાલાલ બેચરદાસ | ૬૮ | શાહપુર |
| શ્રી જીવણલાલ આત્મારામ | ૬૭ | ચિલોડા |
| શ્રી કનુભાઇ શકરાભાઇ | ૬૫ | કલોલ |
| શ્રી કિરીટભાઇ સોમનાથ | ૬૮ | કલોલ |
| શ્રી અશોકભાઇ ચીમનલાલ | ૬૫ | કલોલ |
| શ્રી રમેશભાઇ મણીલાલ | ૬૬ | કલોલ |
| શ્રી પુરૂષોત્તમભાઇ મણીલાલ | ૬૭ | માથાસુર |
| શ્રી બાબુલાલ અંબાલાલ | ૬૫ | વણસોલ |
| શ્રી વિનોદભાઇ અમૃતલાલ | ૬૬ | મેર્ડા આદરજ |
| શ્રી ગોવિંદભાઇ કેશવલાલ | ૬૭ | મેર્ડા આદરજ |
| શ્રી અમૃતભાઇ શકરચંદ | ૬૮ | જાસપુર |
| શ્રી ભરતભાઇ અમૃતલાલ | ૬૬ | નાસ્મેદ |
| શ્રી પ્રવિણભાઇ ગોરધનદાસ | ૬૬ | અમેરિકા |
| શ્રી શીવાભાઇ શનાભાઇ | ૬૭ | જેઠલજ |
| શ્રી બાબુભાઇ શનાભાઇ | ૬૫ | નરોડા |

## સુપર સીનીયર સીટીઝન (પુરૂષ)

| | | |
|---|---|---|
| શ્રી કનૈયાલાલ લલ્લુભાઇ | ૮૨ | રાણીપ |
| શ્રી રમણભાઇ અમૃતભાઇ | ૮૨ | હાંસોલ |
| શ્રી અરવિંદભાઇ માણેકલાલ | ૮૩ | નવરંગપુરા |
| શ્રી જયંતભાઇ ભુલાભાઇ | ૮૦ | અડાલજ |
| શ્રી બંસીભાઇ પુરૂષોત્તમભાઇ | ૮૧ | ઘાટલોડીયા |
| શ્રી મનુભાઇ કેશવલાલ | ૮૦ | ઘાટલોડીયા |
| શ્રી ચંદુભાઇ પોપટભાઇ | ૮૩ | રાણીપ |
| શ્રી ભોગીભાઇ બાપુભાઇ | ૮૨ | રાણીપ |
| શ્રી ગાંડાલાલ મોહનલાલ | ૮૨ | ચાંદખેડા |
| શ્રી કાન્તિલાલ મફતલાલ | ૮૧ | કુડાસણ |
| શ્રી ખોડીદાસ ગોવિંદભાઇ | ૮૦ | ગાંધીનગર |
| શ્રી અંબાલાલ કાળીદાસ | ૮૨ | મગોડી |
| શ્રી ગાંડાભાઇ ભાઇચંદદાસ | ૮૧ | શિલજ |

## વર્ષ ૨૦૨૩ માં ધોરણ-૧૦ માં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ

| | | |
|---|---|---|
| ૧. | ક્રિપલ કલ્પેશભાઇ દરજી | ચાંદખેડા |
| ૨. | જેનિકા ધવલભાઈ દરજી | કલોલ |
| ૩. | રુદ્ર વિપુલભાઈ દરજી | સરગાસણ |
| ૪. | તન્વી કનુભાઇ દરજી | નવા કોબા |
| ૫. | ક્રિષ્ના દિનેશભાઇ દરજી | ગાંધીનગર |
| ૬. | પ્રિયલ જીતેન્દ્રભાઇ દરજી | ગાંધીનગર |
| ૭. | હર્ષ મનીષભાઇ ટેલર | વેજલપુર |
| ૮. | દિવ્ય અશોકભાઇ દરજી | ગાંધીનગર |
| ૯. | નીવ પિયુષકુમાર ટેલર | ચાંદલોડીયા |
| ૧૦. | વિશ્વા અમિતકુમાર દરજી | કલોલ |
| ૧૧. | ઋષિરાજ મહેન્દ્રભાઈ દરજી | ઓગણજ |
| ૧૨. | દેવ શૈલેષકુમાર દરજી | વાવોલ |
| ૧૩. | જીના જીતેન્દ્રકુમાર દરજી | કલોલ |
| ૧૪. | માનસી ચેતનકુમાર ચૌહાણ | ઘાટલોડીયા |
| ૧૫. | નિધી કિશનકુમાર દરજી | કલોલ |
| ૧૬. | પ્રિયા અમિતભાઈ દરજી | નિર્ણયનગર |
| ૧૭. | કૃષ્ણા મુકેશકુમાર દરજી | ઘાટલોડીયા |
| ૧૮. | વિધાન પિયુષકુમાર દરજી | કલોલ |
| ૧૯. | મીત સંજયભાઈ દરજી | ઉનાવા |
| ૨૦. | ધ્રુવી યોગેશભાઈ દરજી | આંબલી ગામ |
| ૨૧. | હીર દિપકકુમાર દરજી | ચાંદખેડા |
| ૨૨. | શ્રુતિ અમિતકુમાર દરજી | ગાંધીનગર |

## વર્ષ ૨૦૨૩ માં ધોરણ-૧૨ માં પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ

| | | |
|---|---|---|
| ૧. | દેવ મહેશકુમાર દરજી | વાવોલ |
| ૨. | જૈનિશ આશુતોષકુમાર દરજી | ઘાટલોડીયા |
| ૩. | વિનીત હેમંતકુમાર દરજી | નવા કોબા |
| ૪. | ક્રિશ વિરલકુમાર વાઘેલા | ગાંધીનગર |
| ૫. | સ્મીત નવિનભાઈ દરજી | શીલજ ગામ |
| ૬. | ક્રિશ નીતીનભાઈ દરજી | નવા નરોડા |
| ૭. | ખુશાંગ શરદભાઈ ટેલર | ન્યુ રાણીપ |
| ૮. | પુજા ભગીરથભાઈ દરજી | નારણપુરા |
| ૯. | નિખિલ રાકેશભાઈ દરજી | રાણીપ |
| ૧૦. | ધ્રુવ ગૌતમભાઈ દરજી | સાબરમતી |
| ૧૧. | મિહીર દીપેશભાઇ દરજી | રાણીપ |
| ૧૨. | પ્રિયાંશિ યોગેશકુમાર દરજી | અંબાવપુરા ગામ |
| ૧૩. | નિશા મુકેશકુમાર દરજી | ઘાટલોડીયા |
| ૧૪. | હર્ષ મનીષભાઈ દરજી | માધુપુરા |
| ૧૫. | તાનીયા જીગ્નેશભાઈ દરજી | દેહગામ |
| ૧૬. | હેલી દિપકકુમાર દરજી | ચાંદખેડા |

# ઇનામ વિતરણ - ૨૦૨૨

## ધોરણ : ૮

| ક્રમ | નામ | એરીયા | કુલ | મેળવેલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | મિહિર જીગ્નેશભાઇ | નિર્ણયનગર | ૧૫૨૦ | ૧૪૨૯ | ૯૪.૦૧ |
| ૨ | સ્મીત આર. | ગોતા | ૭૦૦ | ૬૭૯ | ૯૭.૦૦ |
| ૩ | આયુષી ધર્મેન્દ્રભાઇ | ચાંદખેડા | ૧૯૦૦ | ૧૭૪૭ | ૯૧.૯૫ |
| ૪ | જીનલ મનીષકુમાર | નરોડા | ૧૫૨૦ | ૧૨૯૨ | ૮૫.૦૦ |
| ૫ | વંશ દિનેશભાઇ | ચાંદખેડા | ૯૦૦ | ૭૬૫ | ૮૫.૦૦ |
| ૬ | દેવ લાલભાઇ | ચાંદખેડા | ૧૮૦૦ | ૧૩૭૧ | ૭૬.૧૭ |
| ૭ | હેનીલ હિતેશકુમાર | નરોડા | ૧૫૨૦ | ૧૧૫૦ | ૭૫.૬૬ |
| ૮ | કાવ્ય મૃણાલભાઇ | ચાંદખેડા | ૯૦૦ | ૬૭૨ | ૭૪.૬૭ |
| ૯ | જેનીશ એમ. | અમદાવાદ | ૮૦૦ | ૫૬૯ | ૭૧.૧૩ |
| ૧૦ | પ્રિન્સી અજયકુમાર | નરોડા | ૮૦૦ | ૫૦૯ | ૬૩.૬૩ |
| ૧૧ | દર્શિલ સંદિપભાઇ | મેમનગર | ૬૦૦ | ૩૭૯ | ૬૩.૧૭ |
| ૧૨ | પ્રિયાંસી હિતેશકુમાર | નવા વાડજ | ૬૦૦ | ૪૦૩ | ૬૭.૧૭ |
| ૧૩ | જય સંજયભાઇ | કલોલ | ૮૦૦ | ૫૭૨ | ૭૧.૫૦ |

## ધોરણ : ૯

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રિયા અમિતભાઈ | નિર્ણયનગર | ૭૦૦ | ૬૪૫ | ૯૨.૧૪ |
| ૨ | ક્રીપલ કલ્પેશભાઈ | ચાંદખેડા | ૭૦૦ | ૫૬૧ | ૮૦.૧૪ |
| ૩ | ક્રિષ્ના દિનેશભાઈ | ગાંધીનગર | ૭૦૦ | ૪૩૧ | ૬૧.૫૭ |
| ૪ | ધ્રુવી યોગેશભાઈ | આંબલી | ૭૦૦ | ૪૦૬ | ૫૮.૦૦ |
| ૫ | દિવ્ય અશોકભાઈ | ગાંધીનગર | ૭૦૦ | ૩૮૦ | ૫૪.૨૯ |
| ૬ | હર્ષ આશિષકુમાર | મેર્ડા આદરજ | ૭૦૦ | ૩૬૬ | ૫૨.૨૯ |
| ૭ | હીર દિપકભાઇ | ચાંદખેડા | ૭૦૦ | ૩૦૫ | ૪૩.૫૭ |
| ૮ | હર્ષ મનીષભાઈ | વેજલપુર | ૭૦૦ | ૨૫૯ | ૩૭.૦૦ |
| ૯ | જેનિકા ધવલકુમાર | કલોલ | ૭૦૦ | ૨૩૭ | ૩૩.૮૬ |

## ધોરણ : ૧૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મિહિર શૈલેષભાઇ | ભાવનગર | ૬૦૦ | ૫૭૨ | ૯૫.૩૩ |
| ૨ | ધ્રુમી સચિનભાઇ | ઠાસરા | ૬૦૦ | ૫૬૯ | ૯૪.૮૩ |
| ૩ | કેવલ અતુલભાઇ | ખાનપુર | ૬૦૦ | ૫૪૮ | ૯૧.૩૩ |
| ૪ | ટીશા ભરતકુમાર | કલોલ | ૬૦૦ | ૫૩૭ | ૮૯.૫૦ |
| ૫ | વિશ્વ દેવેન્દ્રકુમાર | ગાંધીનગર | ૬૦૦ | ૪૮૮ | ૮૧.૩૩ |
| ૬ | તનિષા મહેશકુમાર | ગાંધીનગર | ૬૦૦ | ૪૨૮ | ૭૧.૩૩ |
| ૭ | વિશ્વ રજનીકાંત | નરોડા | ૬૦૦ | ૪૨૮ | ૭૧.૩૩ |
| ૮ | ક્રિષ્ના વિનોદભાઇ | ઓગણજ | ૬૦૦ | ૪૨૫ | ૭૦.૮૩ |
| ૯ | દિયા બ્રિજેશકુમાર | રાયસણ | ૬૦૦ | ૪૨૪ | ૭૦.૬૭ |
| ૧૦ | ત્વીશા મયુરકુમાર | ન્યુ રાણીપ | ૬૦૦ | ૪૧૪ | ૬૯.૦૦ |
| ૧૧ | યુગ હેમલકુમાર | રાણીપ | ૬૦૦ | ૪૧૩ | ૬૮.૮૩ |
| ૧૨ | યશ રઘુભાઇ | કરણનગર | ૬૦૦ | ૩૯૬ | ૬૬.૦૦ |
| ૧૩ | સુહાની મહેશભાઇ | પાનસર | ૬૦૦ | ૩૫૮ | ૫૯.૬૭ |
| ૧૪ | તસ્નીશ મહેશકુમાર | ગાંધીનગર | ૬૦૦ | ૩૫૩ | ૫૮.૮૩ |
| ૧૫ | રિયા મિતેષભાઇ | | ૬૦૦ | ૩૪૨ | ૫૭.૦૦ |
| ૧૬ | રૂષભ મેહુલકુમાર | ન્યુ નારોલ | ૬૦૦ | ૩૩૩ | ૫૫.૫૦ |
| ૧૭ | નેહા તુષારકુમાર | ચાંદખેડા | ૬૦૦ | ૩૩૧ | ૫૫.૧૭ |
| ૧૮ | હર્ષ કેતનકુમાર | અગોરા મોલ | ૬૦૦ | ૩૨૪ | ૫૪.૦૦ |
| ૧૯ | ખુશ દેવેન્દ્રકુમાર | ગાંધીનગર | ૬૦૦ | ૩૦૪ | ૫૦.૬૭ |
| ૨૦ | વંશ દિપકભાઇ | ગાંધીનગર | ૬૦૦ | ૩૦૧ | ૫૦.૧૭ |
| ૨૧ | શ્વેત તેજસકુમાર | | ૬૦૦ | ૪૭૮ | ૭૯.૬૭ |
| ૨૨ | હેત્વી કલ્પેશભાઇ | શીલજ | ૬૦૦ | ૪૩૫ | ૭૨.૫૦ |
| ૨૩ | નેન્સી પ્રમોદભાઇ | મેર્ડા આદરજ | ૬૦૦ | ૪૧૮ | ૬૯.૬૭ |
| ૨૪ | ખુશી રાકેશભાઇ | કલોલ | ૬૦૦ | ૪૧૯ | ૬૯.૮૩ |

## ધોરણ - ૧૦ (CBSE)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | આસ્થા દેવાંગભાઇ | સુરત | ૫૦૦ | ૪૭૨ | ૯૪.૪૦ |

## ધોરણ - ૧૧ (કોમર્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | હેલી દિપકકુમાર | ચાંદખેડા | ૯૦૦ | ૫૨૯ | ૫૮.૭૮ |
| ૨ | તાનિયા જીગ્નેશભાઇ | દહેગામ | ૭૦૦ | ૩૯૫ | ૫૬.૪૩ |
| ૩ | નિખિલ રાકેશકુમાર | નિર્ણયનગર | ૭૦૦ | ૩૩૬ | ૪૮.૦૦ |
| ૪ | ધ્રુવકુમાર ગૌતમભાઇ | ચેનપુર | ૭૦૦ | ૨૮૧ | ૪૦.૧૪ |
| ૫ | પૂજા ભગીરથભાઇ | નારણપુરા | ૭૦૦ | ૨૮૦ | ૪૦.૦૦ |
| ૬ | મહેકબેન ભરતભાઇ | કોટેશ્વર | ૭૦૦ | ૨૭૧ | ૩૮.૭૧ |

## ધોરણ - ૧૧ (સાયન્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ખુશાંગ શરદભાઇ | અમદાવાદ | ૫૦૦ | ૪૧૨ | ૮૨.૪૦ |
| ૨ | દેવ અમરીશભાઇ | નવા ઓઢવ | ૬૫૦ | ૫૩૧ | ૮૧.૬૯ |
| ૩ | ક્રિશ નીતિનભાઇ | નવા નરોડા | ૭૦૦ | ૫૬૧ | ૮૦.૧૪ |
| ૪ | ક્રિશ વિરલકુમાર | ગાંધીનગર | ૫૦૦ | ૩૯૧ | ૭૮.૨ |
| ૫ | પ્રિયાંસી યોગેશકુમાર | અંબાવપુરા | ૭૦૦ | ૪૮૫ | ૬૯.૨૯ |
| ૬ | વિનિત હેમંતભાઇ | અમદાવાદ | ૭૦૦ | ૪૧૮ | ૫૯.૭૧ |
| ૭ | જૈનિશ આશુતોષકુમાર | અમદાવાદ | ૫૦૦ | ૨૮૮ | ૫૭.૬ |
| ૮ | ક્રિશા સુનિલકુમાર | મેર્ડા આદરજ | ૫૦૦ | ૨૧૩ | ૪૨.૬ |
| ૯ | તિલક ચંદનભાઇ | ઘાટલોડીયા | ૫૦૦ | ૨૧૮ | ૪૩.૬ |

## ધોરણ - ૧૨ (કોમર્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | કુંજ વિપુલભાઇ | નારણપુરા | ૭૦૦ | ૫૯૭ | ૮૫.૨૯ |
| ૨ | ધરતી જયેશભાઇ | નરોડા | ૭૦૦ | ૫૨૭ | ૭૫.૨૯ |
| ૩ | મોસમ રીતેશકુમાર | ચાંદખેડા | ૭૫૦ | ૫૫૯ | ૭૪.૫૩ |
| ૪ | દિયા અમિતકુમાર | રાંધેજા | ૭૦૦ | ૪૯૭ | ૭૧.૦૦ |
| ૫ | પ્રથમ ભાવેશભાઇ | અમદાવાદ | ૭૫૦ | ૪૫૩ | ૬૦.૪૦ |
| ૬ | ધ્રુમિલ કૌશિકભાઇ | સરસપુર | ૭૦૦ | ૪૦૨ | ૫૭.૪૩ |
| ૭ | કસક સુનિલકુમાર | નરોડા | ૭૫૦ | ૪૧૮ | ૫૫.૭૩ |
| ૮ | યશ કમલેશભાઇ | આંબલી | ૭૫૦ | ૪૧૦ | ૫૪.૬૭ |
| ૯ | ઓમ નરેન્દ્રભાઇ | કુડાસણ | ૭૦૦ | ૩૫૬ | ૫૦.૮૬ |
| ૧૦ | કૃપાલ સંજયભાઇ | કલોલ | ૭૦૦ | ૪૮૨ | ૬૮.૮૬ |

## ધોરણ - ૧૨ (સાયન્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જેન્સી હર્ષદભાઇ | ભચાઉ | ૬૫૦ | ૪૩૩ | ૬૬.૬૨ |
| ૨ | ધીર રસિકભાઇ | ગાંધીનગર | ૬૫૦ | ૪૦૪ | ૬૨.૧૫ |
| ૩ | તીર્થ ગૌતમભાઇ | ગાંધીનગર | ૫૦૦ | ૨૪૪ | ૪૮.૮૦ |
| ૪ | દિયા મુકેશકુમાર | હાંસોલ | ૬૫૦ | ૩૩૮ | ૪૮.૪૯ |

## ડિપ્લોમા - મિકેનિકલ એન્જિનિયરિંગ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | દિયા કમલેશભાઇ | ઘાટલોડિયા | CGPA | ૯.૪૬ |
| ૨ | મૃગેશ કીર્તિભાઇ | ગાંધીનગર | ફર્સ્ટ ક્લાસ | |
| ૩ | જૈનિક દિપકભાઇ | ચાંદખેડા | સી.જી.પી.એ | |

## બેચલર ઓફ કોમર્સ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | જયદીપ મુકેશભાઇ | કલોલ | CGPA | ૬.૯૩ |
| ૨ | ક્રિપલ અજયભાઇ | હાંસોલ | CGPA | ૬.૩૬ |
| ૩ | પૂજા રાકેશભાઇ | રાણીપ | CGPA | ૫.૫ |

## બેચલર ઓફ આર્ટસ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | હેમા જસવંતલાલ | ગાંધીનગર | CGPA | ૭.૬૮ |
| ૨ | કિન્નરી ગૌતમભાઇ | કુડાસણ | CGPA | ૫.૯૨ |

## બેચલર ઓફ એજ્યુકેશન

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | હર્ષ અલ્કેશભાઇ | કરણનગર | ૨૬૫૯/૩૨૦૦ | ૮૩.૧૦ |

### બેચલર ઓફ એન્જીનીયરીંગ (કોમ્પ્યુટર)

૧ હસ્તી ચિરાગભાઇ ગોતા CGPA ૯.૨૯

### બેચલર ઓફ એજ્યુકેશન

૧ ખુશી દિલીપકુમાર ઘાટલોડીયા ફર્સ્ટ ક્લાસ

### બીએસસી નર્સીંગ

૧ વિધી વિપુલકુમાર ન્યુ રાણીપ ૩૪૮/૫૦૦ ૬૯.૬

### આયુર્વેદાચાર્ય (B.A.M.S.)

૧ સપનાબેન સુરેશભાઇ ચાંદલોડિયા ૬૨૬/૧૦૫૦ ૫૯.૬૧

### બિઝનેસ મેનેજમેન્ટ માસ્ટર

૧ આશિષ હર્ષદકુમાર દહેગામ
(યુનિવર્સિટી ઓફ એસેક્સ, યુ.કે.)

### MBBS

૧ ડૉ.રોનક જીતુભાઇ ગાંધીનગર

### CAD/CAM માં માસ્ટર સર્ટિફિકેટ કોર્સ
### (ઇન્ડો જર્મન ટૂલ રૂમ, છ મહિનાનો કોર્સ)

૧ વિજયકુમાર મહેન્દ્રભાઇ દહેગામ ૬૩૨/૮૦૦ ૭૯

### માસ્ટર ઇન બિઝનેસ એડમિનિસ્ટ્રેટર-એચઆરએ
### (હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ)

૧ ગાયત્રી સોહમકુમાર યુ.કે. લંડન

## ઇનામ વિતરણ - ૨૦૨૧

### ધોરણ : ૮

| ક્રમ | નામ | એરીયા | કુલ | મેળવેલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | ક્રીપલ કલ્પેશભાઇ | ચાંદખેડા | ૭૦૦ | ૬૭૪ | ૯૬.૨૯ |
| ૨ | પ્રિયા અમિતભાઇ | નિર્ણયનગર | ૧૦૦૦ | ૯૩૦ | ૯૩.૦૦ |
| ૩ | હીર દિપકભાઇ | ચાંદખેડા | ૭૦૦ | ૬૩૬ | ૯૦.૮૬ |
| ૪ | ક્રિષ્નાબેન દિનેશભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૬૧૧ | ૮૭.૨૯ |
| ૫ | હર્ષ આશિષકુમાર | મેર્ડાઆદરજ | ૭૦૦ | ૬૦૩ | ૮૬.૧૪ |
| ૬ | દિવ્ય અશોકભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૫૮૭ | ૮૩.૮૬ |
| ૭ | જેનિકા ધવલકુમાર | કલોલ | ૯૦૦ | ૭૪૭ | ૮૩.૦૦ |
| ૮ | ધ્રુવી યોગેશભાઇ | આંબલી | ૭૦૦ | ૫૬૬ | ૮૦.૮૬ |
| ૯ | દેવ શૈલેષકુમાર | વાવોલ | ૭૦૦ | ૪૩૨ | ૬૧.૭૧ |

### ધોરણ : ૯

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વિશ્વા દેવેન્દ્રભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૬૩૫ | ૯૦.૭૧ |
| ૨ | ધ્રુમી સચિનભાઇ | ઠાસરા | ૭૦૦ | ૬૨૨ | ૮૮.૮૬ |
| ૩ | વંશ દિપકભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૬૦૯ | ૮૭.૦૦ |
| ૪ | નેહા તુષારકુમાર | ચાંદખેડા | ૭૦૦ | ૫૯૯ | ૮૫.૫૭ |
| ૫ | ખુશ દેવેન્દ્રભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૫૯૧ | ૮૪.૪૩ |
| ૬ | મિહિર શૈલેષભાઇ | ભાવનગર | ૭૦૦ | ૫૮૧ | ૮૩.૦૦ |
| ૭ | વીરૂ શૈલેષભાઇ | નરોડા | ૭૦૦ | ૪૨૪ | ૬૦.૫૭ |
| ૮ | યશ રઘુભાઈ | કરણનગર | ૭૦૦ | ૪૧૪ | ૫૯.૧૪ |
| ૯ | કેવલ અતુલભાઇ | નવા નરોડા | ૭૦૦ | ૫૮૯ | ૮૪.૧૪ |
| ૧૦ | યુગ હેમલકુમાર | રાણીપ | ૭૦૦ | ૬૦૩ | ૮૬.૧૪ |
| ૧૧ | નેન્સી પપ્રમોદભાઇ | મેર્ડા આદરજ | ૭૦૦ | ૫૯૩ | ૮૪.૭૧ |
| ૧૨ | ખુશી રાકેશભાઇ | કલોલ | ૭૦૦ | ૫૨૪ | ૭૪.૮૫ |

### ધોરણ : ૧૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | દેવ અમરીશભાઇ | નવા ઓઢવ | ૬૦૦ | ૫૬૦ | ૯૩.૩૩ |
| ૨ | ખુશાંગ શરદભાઇ | અમદાવાદ | ૬૦૦ | ૫૫૦ | ૯૧.૬૭ |
| ૩ | ક્રિશ વિરલકુમાર | ગાંધીનગર | ૬૦૦ | ૫૪૩ | ૯૦.૫૦ |
| ૪ | ક્રિશ નીતિનભાઇ | નવા નરોડા | ૬૦૦ | ૫૦૪ | ૮૪.૦૦ |
| ૫ | જૈનિશ આશુતોષભાઇ | અમદાવાદ | ૬૦૦ | ૪૯૯ | ૮૩.૧૭ |
| ૬ | ક્રિશા સુનિલકુમાર | મેર્ડાઆદરજ | ૬૦૦ | ૪૯૧ | ૮૧.૮૩ |
| ૭ | દેવ મહેશભાઇ | વાવોલ | ૬૦૦ | ૪૩૩ | ૭૨.૧૭ |
| ૮ | હેલી દિપકકુમાર | ચાંદખેડા | ૬૦૦ | ૪૨૮ | ૭૧.૩૩ |
| ૯ | પ્રિયાંસી યોગેશભાઇ | અંબાવપુરા | ૬૦૦ | ૪૨૬ | ૭૧.૦૦ |
| ૧૦ | નિખિલ રાકેશકુમાર | નિર્ણયનગર | ૬૦૦ | ૪૨૫ | ૭૦.૮૩ |
| ૧૧ | પૂજા ભગીરથભાઇ | નારણપુરા | ૬૦૦ | ૪૧૮ | ૬૯.૬૭ |
| ૧૨ | તાનિયા જીજ્ઞેશકુમાર | દહેગામ | ૬૦૦ | ૪૦૭ | ૬૭.૮૩ |
| ૧૩ | ધ્રુવ ગૌતમભાઇ | ચેનપુર | ૬૦૦ | ૪૦૨ | ૬૭.૦૦ |
| ૧૪ | તિલક ચંદનભાઇ | ઘાટલોડીયા | ૬૦૦ | ૩૯૨ | ૬૫.૩૩ |

### ધોરણ : ૧૧ (કોમર્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | દિયા અમિતકુમાર | રાંધેજા | ૭૦૦ | ૬૪૦ | ૯૧.૪૩ |
| ૧ | દિયા મુકેશકુમાર | હાંસોલ | ૫૦૦ | ૪૬૫ | ૯૩.૦૦ |
| ૨ | મોસમ રીતેશકુમાર | ચાંદખેડા | ૩૦૦ | ૨૬૬ | ૮૮.૬૭ |
| ૩ | કુંજ વિપુલભાઇ | નારણપુરા | ૭૦૦ | ૬૧૦ | ૮૭.૧૪ |
| ૪ | ધરતી જયેશભાઇ | નરોડા | ૭૦૦ | ૫૯૪ | ૮૪.૮૬ |
| ૫ | ઓમ નરેન્દ્રભાઇ | કુડાસણ | ૭૦૦ | ૫૭૩ | ૮૧.૮૬ |
| ૬ | ધ્રુમિલ કૌશિકભાઇ | સરસપુર | ૭૦૦ | ૫૬૫ | ૮૦.૭૧ |
| ૭ | યશ કમલેશભાઇ | આંબલી | ૭૦૦ | ૫૫૧ | ૭૮.૭૧ |
| ૮ | પ્રથમ ભાવેશભાઇ | અમદાવાદ | ૭૦૦ | ૪૯૫ | ૭૦.૭૧ |

### ધોરણ : ૧૧ (સાયન્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જેન્સી હર્ષદભાઇ | ભચાઉ | ૫૦૦ | ૪૭૯ | ૯૫.૮૦ |
| ૨ | ધીર રસિકભાઇ | ગાંધીનગર | ૫૦૦ | ૪૨૭ | ૮૫.૪૦ |

### ધોરણ - ૧૨ (કોમર્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાથ્વી હિતેન્દ્રભાઇ | હાંસોલ | ફર્સ્ટ ક્લાસ | | |
| ૧ | વિરલ જનકકુમાર | ઉવારસદ | ૭૦૦ | ૪૦૭ | ૫૮.૧૪ |
| ૨ | હર્ષ નરેશભાઇ | કલોલ | ૭૫૦ | ૪૦૧ | ૫૩.૪૭ |
| ૩ | પિંકલ લીલાધરભાઇ | રાંધેજા | ૭૦૦ | ૩૩૦ | ૪૭.૧૪ |

### ધોરણ - ૧૨ (સાયન્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રિયલ શૈલેષકુમાર | વાવોલ | ૬૫૦ | ૫૫૩ | ૮૫.૦૮ |
| ૨ | રૂદ્રક પંકજકુમાર | નરોડા | ૬૫૦ | ૫૩૮ | ૮૨.૭૭ |
| ૩ | રોહન શૈલેષભાઇ | નવા વાડજ | ૬૫૦ | ૪૯૦ | ૭૫.૩૮ |
| ૪ | વિશ્વા શૈલેષભાઇ | ઘાટલોડિયા | ૭૦૦ | ૪૮૬ | ૬૯.૪૩ |
| ૫ | વૃતાંશ મેહુલકુમાર | ન્યુ રાણીપ | ૬૫૦ | ૪૨૮ | ૬૫.૮૫ |
| ૬ | માનસી જયદીપભાઇ | વડોદરા | ૭૦૦ | ૪૭૩ | ૬૭.૫૭ |

### સિવિલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | દીપન અતુલભાઇ | અમદાવાદ | CGPA | ૭.૮૨ |
| ૨ | ધ્રુવ રાકેશભાઇ | વાવોલ | CGPA | ૭.૩૮ |

### કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં ડિપ્લોમા

૧ પૂજા રજનીકાંત નરોડા CGPA ૭.૭૯

### લેબર લો પ્રેક્ટિસમાં ડિપ્લોમા

૧ નેહલ પરેશકુમાર ગાંધીનગર ૩૦૦ ૧૬૦ ૫૩.૩૩

### ડીઝલ મિકેનિક

૧ મૃગેશ કીર્તિભાઇ ગાંધીનગર

### બેચલર ઓફ સાયન્સ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | માનસી રાજુભાઇ | નવા કોબા | CGPA | ૬.૮૭ |
| ૨ | યશ મહેશભાઇ | ગોતા | દ્વિતીય વર્ગ | |

### બેચલર ઓફ કોમર્સ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | નિકિતા લાલભાઇ | ચાંદખેડા | CGPA | ૮.૦૬ |
| ૨ | મીત રાજુભાઇ | નવા કોબા | CGPA | ૬.૮૭ |
| ૩ | સૃષ્ટિ બ્રિજેશકુમાર | વસ્ત્રાલ | CGPA | ૬.૮ |
| ૪ | પૂજા રાજેન્દ્રકુમાર | | CGPA | ૬.૪૬ |
| ૫ | દીપ અશોકભાઇ | ગાંધીનગર | CGPA | ૫.૬ |
| ૬ | મિહિર ધર્મેન્દ્રભાઇ | ગાંધીનગર | CGPA | ૬.૧૮ |
| ૭ | કૃતિક પંકજકુમાર | જાસપુર | CGPA | ૫.૫૫ |

## બેચલર ઓફ એજ્યુકેશન

૧ ભૃગુની કીર્તિકુમાર ગાંધીનગર પ્રથમ વર્ગ ડિસ્ટીંકશન સાથે

## બેચલર ઓફ ફીઝીયોથેરાપીસ્ટ

૧ ધારા કમલેશભાઇ ગાંધીનગર પ્રથમ વર્ગ

## બેચલર ઓફ એન્જિનિયરિંગ (ઇ.સી.)

૧ ઉત્તમ નવીનચંદ્ર મોટેરા

## માસ્ટર ઓફ કોમર્સ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | યશ બ્રિજેશકુમાર | વસ્ત્રાલ | CGPA | ૫.૯ |
| ૨ | ચિત્રાંગ વિજયકુમાર | વાવોલ | CGPA | ૪.૪૫ |

## માસ્ટર ઓફ સાયન્સ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મીત રાજેશકુમાર | ગાંધીનગર | CGPA | ૭.૯૬ |

## માસ્ટર ઓફ આર્ટસ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | જૈમિની દિલીપભાઇ | ચાંદખેડા | CGPA | ૫.૯૪ |
| ૨ | સ્વપ્નીલ દિલીપભાઇ | ચાંદખેડા | CGPA | ૪.૯૭ |

## એમ.એસ.સી. (આઇ.ટી.)

૧ અભિ હિતેન્દ્રભાઇ હાંસોલ ફર્સ્ટ ક્લાસ

## MBBS

૧ ડૉ. સંકેત ઇન્દ્રવદનભાઇ ચાંદખેડા

## માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેટર (એમબીએ)

૧ ખુશ્બુ ગૌતમભાઇ મેમનગર CPI ૭.૮૧

# ઇનામ વિતરણ - ૨૦૨૦

## ધોરણ : ૮

| ક્રમ | નામ | એરીયા | કુલ | મેળવેલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | ધ્રુમી સચિનભાઇ | ઠાસરા | ૧૫૨૦ | ૧૪૯૮ | ૯૮.૫૫ |
| ૨ | કેવલ અતુલભાઇ | નવા નરોડા | ૧૫૨૦ | ૧૪૯૫ | ૯૮.૩૬ |
| ૩ | મિહિર શૈલેષભાઇ | ભાવનગર | ૧૧૨૦ | ૧૦૭૯ | ૯૬.૩૪ |
| ૪ | દિવ્યા બ્રિજેશકુમાર | બોટાદ | ૧૧૨૦ | ૧૦૩૩ | ૯૨.૨૩ |
| ૫ | ખુશી રાકેશકુમાર | કલોલ | ૧૫૨૦ | ૧૩૭૦ | ૯૦.૧૩ |
| ૬ | નેન્સી પ્રમોદકુમાર | મેર્ડાઆદરજ | ૧૧૦૦ | ૯૮૩ | ૮૯.૩૬ |
| ૭ | યશકુમાર રઘુભાઇ | કરણનગર | ૧૫૨૦ | ૧૨૫૫ | ૮૨.૫૭ |
| ૮ | ટીસા ભરતકુમાર | કલોલ | ૧૦૦૦ | ૮૦૪ | ૮૦.૪૦ |
| ૯ | હેત્વી કલ્પેશભાઇ | શીલજ | ૧૪૦૦ | ૧૦૯૨ | ૭૮.૦૦ |
| ૧૦ | વિશ્વા દેવેન્દ્રભાઇ | ગાંધીનગર | ૧૪૦૦ | ૧૦૭૭ | ૭૬.૯૩ |
| ૧૧ | સુજલ અશોકભાઇ | ચાણક્યપુરી | ૧૫૨૦ | ૧૧૬૪ | ૭૬.૫૮ |
| ૧૨ | સુહાની મહેશભાઇ | પાનસર | ૧૫૨૦ | ૧૧૩૬ | ૭૪.૭૪ |
| ૧૩ | કરણ રજનીભાઇ | રાણીપ | ૧૫૨૦ | ૧૧૨૦ | ૭૩.૬૮ |
| ૧૪ | શ્વેત તેજસકુમાર | બોપલ | ૧૪૦૦ | ૧૦૨૩ | ૭૩.૦૭ |
| ૧૫ | વિશ્વા અમરીશભાઇ | ન્યુ રાણીપ | ૧૫૨૦ | ૧૦૦૭ | ૬૬.૨૫ |
| ૧૬ | વંશ દિપકભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૪૪૯ | ૬૪.૧૪ |
| ૧૭ | નેહા તુષારકુમાર | ચાંદખેડા | ૯૦૦ | ૫૫૫ | ૬૧.૬૭ |
| ૧૮ | ખુશ દેવેન્દ્રભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૪૧૯ | ૫૯.૮૬ |
| ૧૯ | જેનીશા એમ. | | ૭૦૦ | ૪૦૯ | ૫૮.૪૩ |
| ૨૦ | જેનીશ એમ. | | ૭૦૦ | ૩૪૦ | ૪૮.૫૭ |
| ૨૧ | સાહિલ ગુણવંતભાઇ | ભાડજ | ૧૮૦૦ | ૮૧૧ | ૪૫.૦૬ |
| ૨૨ | હેત નિલેશકુમાર | ગાંધીનગર | ૯૦૦ | ગ્રેડ–સી | |
| ૨૩ | ધ્રુવિલ મહેશભાઇ | ગાંધીનગર | ૧૮૦૦ | ગ્રેડ–સી | |
| ૨૪ | યુગ હેમલકુમાર | રાણીપ | ૧૧૨૦ | ૮૮૩ | ૭૮.૮૪ |

## ધોરણ : ૯

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | દેવ અમરીશભાઇ | ઓઢવ | ૭૦૦ | ૬૪૪ | ૯૨.૦૦ |
| ૨ | ખુશાંગ શરદભાઇ | ન્યુ રાણીપ | ૭૦૦ | ૬૩૫ | ૯૦.૭૧ |
| ૩ | સ્મિત નવીનભાઇ | શીલજ | ૭૦૦ | ૬૨૦ | ૮૮.૫૭ |
| ૪ | ક્રિશ વિરલકુમાર | ગાંધીનગર | ૭૦૦ | ૬૧૬ | ૮૮.૦૦ |
| ૫ | ક્રિશ નીતિનભાઇ | નવા નરોડા | ૭૦૦ | ૫૯૯ | ૮૫.૫૭ |
| ૬ | ક્રિશા સુનિલકુમાર | મેર્ડાઆદરજ | ૭૦૦ | ૫૭૬ | ૮૨.૨૯ |
| ૭ | જૈનેશ આશુતોષભાઇ | અમદાવાદ | ૭૦૦ | ૫૧૧ | ૭૩.૦૦ |
| ૮ | પ્રિયાંશી યોગેશકુમાર | અંબાવપુરા | ૭૦૦ | ૪૬૪ | ૬૬.૨૯ |
| ૯ | નિખિલ રાકેશકુમાર | નિર્ણયનગર | ૭૦૦ | ૪૫૬ | ૬૫.૧૪ |
| ૧૦ | નિખિલ નરેન્દ્રભાઇ | વડસમા | ૭૦૦ | ૪૧૫ | ૫૯.૨૯ |
| ૧૧ | તિલક ચંદનભાઇ | ઘાટલોડિયા | ૭૦૦ | ૪૦૪ | ૫૭.૭૧ |
| ૧૨ | હેલી દિપકકુમાર | ચાંદખેડા | ૭૦૦ | ૩૯૧ | ૫૫.૮૬ |
| ૧૩ | મહેક ભરતભાઇ | કોટેશ્વર | ૭૦૦ | ૩૮૬ | ૫૫.૧૪ |
| ૧૪ | પૂજા ભગીરથભાઇ | નારણપુરા | ૭૦૦ | ૩૮૬ | ૫૫.૧૪ |
| ૧૫ | ધ્રુવ ગૌતમભાઇ | ચેનપુર | ૭૦૦ | ૩૩૮ | ૪૮.૨૯ |
| ૧૬ | ધ્રુવી મહેન્દ્રભાઇ | કલોલ | ૭૦૦ | ૨૩૬ | ૩૩.૭૧ |

## ધોરણ : ૧૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અદિતી ભરતભાઇ | કલોલ | ૬૦૦ | ૫૨૨ | ૮૭.૦૦ |
| ૨ | ધીર રસિકભાઇ | ગાંધીનગર | ૬૦૦ | ૫૨૦ | ૮૬.૬૭ |
| ૩ | જેન્સી હર્ષદભાઇ | ભચાઉ | ૬૦૦ | ૫૧૮ | ૮૬.૩૩ |
| ૪ | કુંજ વિપુલભાઇ | નારણપુરા | ૬૦૦ | ૪૪૫ | ૭૪.૧૭ |
| ૫ | ધરતી જયેશભાઇ | નરોડા | ૬૦૦ | ૪૩૬ | ૭૨.૬૭ |
| ૬ | મોસમ રિતેશકુમાર | ચાંદખેડા | ૬૦૦ | ૩૯૯ | ૬૬.૫૦ |
| ૭ | યશ લાલભાઇ | રકનપુર | ૬૦૦ | ૩૮૩ | ૬૩.૮૩ |
| ૮ | કિર્તન મુકેશભાઇ | પાલજ | ૬૦૦ | ૩૭૧ | ૬૧.૮૩ |
| ૯ | પ્રથમ ભાવેશકુમાર | સોલા | ૬૦૦ | ૩૬૮ | ૬૧.૩૩ |
| ૧૦ | દિયા અમિતકુમાર | રાંધેજા | ૬૦૦ | ૩૬૫ | ૬૦.૮૩ |
| ૧૧ | પ્રાંશુ વિજયકુમાર | વાવોલ | ૬૦૦ | ૩૪૧ | ૫૬.૮૩ |
| ૧૨ | યશ કમલેશભાઇ | આંબલી | ૬૦૦ | ૩૨૮ | ૫૪.૬૭ |
| ૧૩ | ધ્રુમિલ કૌશિકભાઇ | સરસપુર | ૬૦૦ | ૩૨૮ | ૫૪.૬૭ |
| ૧૪ | કૃપાલ સંજયકુમાર | કલોલ | ૬૦૦ | ૩૦૦ | ૫૦.૦૦ |
| ૧૫ | ઓમ નરેન્દ્રભાઇ | કુડાસણ | ૬૦૦ | ૨૮૫ | ૪૭.૫૦ |
| ૧૬ | મન વિનોદભાઇ | છત્રાલ | ૬૦૦ | ૨૭૩ | ૪૫.૫૦ |

## ધોરણ : ૧૧ (કોમર્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વિરલ જનકભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૪૨૯ | ૬૧.૨૯ |
| ૨ | હર્ષ નરેશભાઇ | કલોલ | ૮૦૦ | ૪૪૩ | ૫૫.૩૮ |
| ૩ | યશ કલ્પેશભાઇ | અમદાવાદ | ૭૦૦ | ૩૬૩ | ૫૧.૮૬ |
| ૪ | ધ્રુવ વિજયભાઇ | નરોડા | ૭૦૦ | ૩૪૪ | ૪૯.૧૪ |
| ૫ | સલોની અજયભાઇ | નરોડા | ૭૦૦ | ૩૧૫ | ૪૫.૦૦ |
| ૬ | પિંકલ લીલાધરભાઇ | રાંધેજા | ૭૦૦ | ૩૦૪ | ૪૩.૪૩ |
| ૭ | મન ઇન્દ્રવદનભાઇ | મેર્ડાઆદરજ | ૭૦૦ | ૨૫૪ | ૩૬.૨૯ |

## ધોરણ : ૧૧ (સાયન્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | વિશ્વા રાકેશભાઇ | કલોલ | ૫૦૦ | ૪૧૭ | ૮૩.૪૦ |
| ૨ | પ્રિયલ શૈલેષકુમાર | વાવોલ | ૬૫૦ | ૪૮૫ | ૭૪.૬૨ |
| ૩ | રૂદ્રક પંકજકુમાર | નરોડા | ૫૦૦ | ૩૫૫ | ૭૧.૦૦ |
| ૪ | રોહન શૈલેષકુમાર | નવા વાડજ | ૫૦૦ | ૨૯૭ | ૫૯.૪૦ |
| ૫ | વિશ્વા શૈલેષભાઇ | ઘાટલોડિયા | ૬૦૦ | ૨૯૮ | ૪૯.૬૭ |
| ૬ | માનસી જયદીપભાઇ | વડોદરા | ૫૦૦ | ૨૦૫ | ૪૧.૦૦ |
| ૭ | વૃતાંશ મેહુલકુમાર | ન્યુ રાણીપ | ૬૦૦ | ૩૭૧ | ૬૧.૮૩ |

## ધોરણ : ૧૨ (કોમર્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સૃષ્ટિ ચંદનકુમાર | ઘાટલોડિયા | ૭૦૦ | ૬૪૦ | ૯૧.૪૩ |
| ૨ | મીત પીયુષકુમાર | ઘાટલોડિયા | ૭૦૦ | ૬૧૬ | ૮૮.૦૦ |
| ૩ | ઋષિ કેતનભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૫૪૨ | ૭૭.૪૩ |
| ૪ | પ્રેયા મહેશકુમાર | મેમનગર | ૭૦૦ | ૪૯૩ | ૭૦.૪૩ |
| ૫ | કરણ મહેન્દ્રભાઇ | છત્રાલ | ૭૦૦ | ૪૪૮ | ૬૪.૦૦ |
| ૬ | રીતુ લાલભાઇ | ચાંદખેડા | ૭૫૦ | ૪૫૬ | ૬૦.૮૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | અભિ મનોજકુમાર | જમીયતપુરા | ૭૫૦ | ૪૩૮ | ૫૮.૪૦ |
| ૮ | યશ ધર્મેશભાઇ | અમદાવાદ | ૭૦૦ | ૪૦૦ | ૫૭.૧૪ |
| ૯ | મીત જીગ્નેશભાઇ | નિર્ણયનગર | ૭૦૦ | ૩૬૬ | ૫૨.૨૯ |
| ૧૦ | રોહન પ્રવિણકુમાર | ગાંધીનગર | ૭૦૦ | ૩૫૮ | ૫૧.૧૪ |
| ૧૧ | ઉર્વી પરેશભાઇ | કલોલ | ૭૦૦ | ૪૮૩ | ૬૯.૦૦ |

### ધોરણ : ૧૨ (વિજ્ઞાન પ્રવાહ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જય નીતિનભાઇ | નવા નરોડા | ૭૦૦ | ૪૮૨ | ૬૮.૮૬ |
| ૨ | દર્શિલ ધર્મેશકુમાર | ચાંદખેડા | ૬૫૦ | ૩૧૨ | ૪૮.૦૦ |

### ડિપ્લોમા ઇન ટેક્સેશન પ્રેક્ટિસ (D.T.P)

૧ જુહી પરેશકુમાર ગાંધીનગર

### ડિપ્લોમા ઇન લો અને લેબર પ્રેક્ટિસ

૧ ચિરાગ નગીનભાઇ રાંધેજા

### ડિપ્લોમા ઇન એન્જિનિયરિંગ (મિકેનિકલ)

૧ કુલદીપ મુકેશભાઇ કલોલ CGPA ૭.૮૧

### વિજ્ઞાન સ્નાતક

૧ હિમાંશી દિનેશભાઇ ગાંધીનગર

### વાણિજ્ય સ્નાતક

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | રીતી ચેતનભાઇ | નારણપુરા | CGPA | ૬.૮૬ |
| ૨ | હિરલ જયેશભાઇ | ત્રાગડ | પ્રથમ વર્ગ | |

### બેચલર ઓફ એન્જિનિયરિંગ (ઇ.સી.)

૧ ઉમંગ વિપુલકુમાર ન્યુ રાણીપ CGPA ૭.૬૭

### બેચલર ઓફ એન્જિનિયરિંગ (સિવિલ)

૧ હિમાની પંકજભાઇ મોટેરા CPI ૭.૪૯

### બેચલર ઓફ એન્જિનિયરિંગ (I.T)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | નિરાલી ચિરાગભાઇ | ગોતા | CGPA | ૭.૮૯ |
| ૧ | આયુષી હિરેનભાઇ | નારણપુરા | CGPA | ૭.૭૧ |

### બેચલર ઓફ એન્જિનિયરિંગ (મિકેનિકલ)

૧ દેવાંગ નરેશભાઇ કલોલ

### બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન (BCA)

૧ પવનકુમાર જયેશભાઇ નરોડા ૯૮.૪૦

### બેચલર ઓફ લો (LLB)

૧ નેહલ પરેશકુમાર ગાંધીનગર CGPA ૫.૩૪

### બેચલર ઓફ સોફ્ટવેર નેટવર્કિંગ (ન્યુઝીલેન્ડ)

૧ દિવ્યાંશ પલ્લવભાઇ કેપિટલ પાર્ક

### બેચલર ઓફ ટેકનોલોજી (સિવિલ)

૧ રાજ અરૂણભાઇ નારણપુરા CPI ૬.૬૨

### બેચલર ઓફ ટેકનોલોજી (કોમ્પ્યુટર)

૧ કેયા મહેશભાઇ મેમનગર CPI ૮.૩૧

### કોમર્સમાં માસ્ટર

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | કૌશલ વિજયભાઇ | રાંધેજા | CGPA | ૬.૧૩ |
| ૨ | હર્ષ અલ્કેશભાઇ | કરણનગર | CGPA | ૬.૧૨ |

### માસ્ટર ઓફ સર્જરી (ન્યૂરો સર્જન)

૧ ડૉ. હાર્દિક કિરીટભાઇ કલોલ

### ડોક્ટર ઓફ ફિલોસોફી (PHD) ગુજરાતી વિષયમાં

૧ અભિષેકભાઇ બળવંતભાઇ ગાંધીનગર

## ઇનામ વિતરણ - ૨૦૧૯

### ધોરણ : ૮

| ક્રમ | નામ | એરીયા | કુલ | મેળવેલ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | દેવ અમરીશભાઇ | નવા ઓઢવ | ૯૦૦ | ૮૫૪ | ૯૪.૮૯ |
| ૨ | કુશાંગ એસ. | ઘાટલોડિયા | ૭૦૦ | ૬૫૩ | ૯૩.૨૯ |
| ૩ | ક્રિશા સુનીલકુમાર | મેર્ડા આદરજ | ૧૮૦૦ | ૧૫૯૮ | ૮૮.૭૮ |
| ૪ | ક્રિશ નિતીનભાઇ | નવા વરોડા | ૭૦૦ | ૬૧૨ | ૮૭.૪૩ |
| ૫ | ક્રિશ વિરલકુમાર | ગાંધીનગર | ૮૦૦ | ૬૯૪ | ૮૬.૭૫ |
| ૬ | જૈનેશ આશુતોષભાઇ | અમદાવાદ | ૮૦૦ | ૬૮૨ | ૮૫.૨૫ |
| ૭ | તિલક ચંદનભાઇ | ઘાટલોડીયા | ૭૦૦ | ૫૫૨ | ૭૮.૮૬ |
| ૮ | તાનિયા જીજ્ઞેશભાઇ | દહેગામ | ૭૦૦ | ૫૨૨ | ૭૪.૫૭ |
| ૯ | રૂષભ મેહુલકુમાર | ઘોડાસર | ૯૮૦ | ૬૩૧ | ૬૪.૩૯ |

### ધોરણ : ૯

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જેન્સી હર્ષદભાઇ | ભચાઉ | ૭૦૦ | ૬૫૨ | ૯૩.૧૪ |
| ૨ | ધીર રસિકભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૬૦૪ | ૮૬.૨૯ |
| ૩ | દિયા અમિતકુમાર | રાંધેજા | ૭૦૦ | ૫૫૦ | ૭૮.૫૭ |
| ૪ | મોસમ રિતેશકુમાર | ચાંદખેડા | ૭૦૦ | ૫૪૧ | ૭૭.૨૯ |
| ૫ | કુંજ વિપુલભાઇ | નારણપુરા | ૭૦૦ | ૪૭૨ | ૬૭.૪૩ |
| ૬ | ધ્રુમિલ કૌશિકભાઇ | સરસપુર | ૭૦૦ | ૪૬૭ | ૬૬.૭૧ |

### ધોરણ : ૧૦

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાથ્વી હિતેન્દ્રભાઇ | હાંસોલ | – | – | – |
| ૧ | રૂદ્રક પંકજકુમાર | નરોડા | ૬૦૦ | ૫૨૦ | ૮૬.૬૭ |
| ૨ | પ્રિયલ શૈલેષકુમાર | વાવોલ | ૬૦૦ | ૫૨૦ | ૮૬.૬૭ |
| ૩ | દિયા કમલેશભાઇ | ઘાટલોડિયા | ૬૦૦ | ૪૭૮ | ૭૯.૬૭ |
| ૪ | રોહન શૈલેષભાઇ | નવા વાડજ | ૬૦૦ | ૪૪૮ | ૭૪.૬૭ |
| ૫ | વૃતાંશ મેહુલકુમાર | ન્યુ રાણીપ | ૬૦૦ | ૪૨૧ | ૭૦.૧૭ |
| ૬ | પિંકલ લીલાધરભાઇ | રાંધેજા | ૬૦૦ | ૩૧૧ | ૫૧.૮૩ |
| ૭ | માનસી જયદીપભાઇ | વડોદરા | ૬૦૦ | ૪૬૦ | ૭૬.૬૭ |
| ૮ | વિશ્વા શૈલેષભાઇ | ઘાટલોડિયા | ૬૦૦ | ૪૦૧ | ૬૬.૮૩ |
| ૯ | જયદિપ મુકેશભાઇ | કલોલ | ૭૫૦ | ૪૪૪ | ૫૯.૨૦ |
| ૧૦ | વિશ્વા રાકેશભાઇ | કલોલ | ૬૦૦ | ૪૯૩ | ૮૨.૧૬ |

### ધોરણ : ૧૧ (કોમર્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સૃષ્ટિ ચંદનકુમાર | ઘાટલોડિયા | ૭૦૦ | ૫૭૦ | ૮૧.૪૩ |
| ૨ | યશ ધર્મેશભાઇ | અમદાવાદ | ૭૦૦ | ૪૦૯ | ૫૮.૪૩ |
| ૩ | રોહન પ્રવિણકુમાર | ગાંધીનગર | ૭૦૦ | ૩૧૦ | ૪૪.૨૯ |
| ૪ | મીત જીજ્ઞેશભાઇ | ન્યુ રાણીપ | – | – | – |

### ધોરણ : ૧૧ (સાયન્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | જય નિતીનભાઇ | નવા નરોડા | ૫૦૦ | ૪૨૫ | ૮૫.૦૦ |
| ૨ | દર્શિલ ધર્મેશભાઇ | ચાંદખેડા | ૭૦૦ | ૩૫૦ | ૫૦.૦૦ |

### ધોરણ : ૧૨ (કોમર્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | હિનલ દિનેશભાઇ | ગાંધીનગર | ૭૦૦ | ૫૬૭ | ૮૧.૦૦ |
| ૨ | હેમા જસવંતલાલ | ગાંધીનગર | ૭૦૦ | ૫૩૧ | ૭૫.૮૬ |
| ૩ | રવિ મહેશભાઇ | પાનસર | ૭૫૦ | ૫૩૦ | ૭૦.૬૭ |
| ૪ | વિશાલ અલ્પેશભાઇ | કલોલ | ૭૫૦ | ૩૬૭ | ૪૮.૯૩ |

### ધોરણ : ૧૨ (સાયન્સ)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | આયુષી પંકજભાઇ | જાસપુર | ૬૫૦ | ૩૯૭ | ૬૧.૦૮ |

### કરવેરા કાયદા અને વ્યવહારમાં ડિપ્લોમા

૧ ચિરાગ નગીનભાઇ રાંધેજા

### વિજ્ઞાન સ્નાતક

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મીત રાજેશકુમાર | ગાંધીનગર | CGPA | ૬.૧૨ |
| ૨ | પ્રિયંકા મહેશકુમાર | | CGPA | ૫.૪૬ |

### વાણિજ્ય સ્નાતક

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | યશ બ્રિજેશકુમાર | વસ્ત્રાલ | CGPA | ૪.૮૪ |
| ૨ | ચિત્રાંગ વિજયકુમાર | વાવોલ | | પાસ |

### બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ખુશ્બુ ગૌતમભાઇ | મેમનગર | CGPA | ૬.૦૦ |

### બેચલર ઓફ એન્જિનિયરિંગ (કોમ્પ્યુટર)

| | | |
|---|---|---|
| ૧ | ફોરમ ગૌતમભાઇ | સરગાસણ |

### બેચલર ઓફ એન્જિનિયરિંગ (ઇ.સી.)

| | | |
|---|---|---|
| ૧ | અભી હિતેન્દ્રકુમાર | હાંસોલ |

### બેચલર ઓફ ફિઝિયોથેરાપી

| | | |
|---|---|---|
| ૧ | કૃણાલ અમૃતભાઇ | વૈષ્ણોદેવી |

### બેચલર ઓફ એન્જિનિયરિંગ (મિકેનિકલ)

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | વિજય મહેન્દ્રભાઇ | દહેગામ | CGPA | ૭.૪૨ |

**વર્ષ ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૧ માં ધોરણ-૧૦ થી હાયર એજ્યુકેશનમાં પ્રથમ નંબર લાવનાર દરેક વિદ્યાર્થીઓને ઝુંડાલના શ્રી અરવિંદભાઇ માણેકલાલ દરજી પરિવાર તરફથી શિલ્ડ એનાયત કરવામાં આવેલ.**






## આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની કલોલ સ્થિત સ્વ. શ્રી ચીનુભાઇ દરજી ક્રેડીટ સોસાયટીની સમાજસેવા ક્ષેત્રે ઉત્તમ કાર્ય




આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની કલોલ સ્થિત સ્વ. શ્રી ચીનુભાઇ દરજી કો. ઓ. ક્રેડીટ સોસાયટી ઇ.સ. ૨૦૦૧ થી આપણા સમાજના સભ્યોને નાંણાકીય રીતે સ્વનિર્ભર કરવાના ઉમદા હેતુ સાથે કાર્યરત છે. સાથ સહકાર સેવા અને શિસ્તના ઉમદા ગુણો વિકસાવતી આપણા સમાજની આ સેવાભાવી સંસ્થામા શ્રી મુકેશભાઇ ચીનુભાઇ દરજી સંસ્થાના ચેરમેન તરીકે અને શ્રી ખોડીદાસ નારણભાઇ દરજી મેનેજીંગ ડીરેક્ટર તરીકે કાર્યરત છે. આ બંને મહાનુભાવોનો અનુભવ અને સ્વચ્છ વહીવટને હિસાબે આ સંસ્થા દર વર્ષે ઉત્તરોઉત્તર પ્રગતિ કરી રેહેલ છે. સમાજની આ સંસ્થા ભલે નાંણાકીય છે પણ તેની સ્થાપનાનું મૂળ તેના સ્વપ્નદદ્રષ્ટા એવા સ્વ.શ્રી ચીનુભાઇ જીવણલાલ દરજી ના સ્વપ્ન અનુસાર ફક્ત અને ફક્ત સમાજના લોકોની સેવા કરવાનું જ છે. સમાજનો દરેક નાગરિક આ સંસ્થા થકી નાંણાકીય રીતે આત્મનિર્ભર બને અને પોતાની કોઇપણ આર્થિક જરૂરિયાતમાં એકદમ ઓછા વ્યાજે તેને નાંણાકીય ધિરાણ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે આ સંસ્થાનું સંચાલન કરવામાં આવી રહેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૧૩.૦૮.૨૦૨૩ ના રોજ વ્યવસ્થાપક કમિટીની મિટીંગમાં નક્કી કર્યા મુજબ તા. ૦૧.૦૯.૨૦૨૩ થી ફરજીયાત બચત માં વાર્ષિક ૬.૦%, ફિક્સ ડીપોઝીટમાં વાર્ષિક ૭.૫૦% અને સીનીઅર સીટીઝન ફિક્સ ડીપોઝીટ માં ૮.૦% વ્યાજ નક્કી કરવામાં આવેલ છે.

હાલમાં જ તા. ૧૬.૦૭.૨૦૨૩ રવિવારના રોજ ક્રેડીટ સોસાયટીની સાધારણ સભા મળી અને આ સાધારણ સભામાં સોસાયટીની પ્રગતિનો અહેવાલ રજુ કરવામાં આવ્યો. એ અહેવાલના મુખ્ય અંશો જોઇએ તો ૬૧૬ સભ્યોનું સભાબળ, ૩૨.૯૭ લાખ રૂપિયાનું શેર ભંડોળ, ૧.૦૬ કરોડ રૂપિયાની ફરજીયાત બચત, ૨.૫૨ કરોડ રૂપિયાનું લોન ધિરાણ, લોન ધિરાણ પર કપાત વ્યાજ ફક્ત ૧૧% વાર્ષિક, બચત અને એફડી પર ૭.૫% વ્યાજ, ૭% ડીવીડન્ડ અને રૂા. ૪.૦૧ લાખનો નફો. આ આંકડા જ કોઇપણ નાંણાકીય સંસ્થાની સદ્ધરતાનો પુરાવો છે. કેળવણી મંડળ તરફથી આ સંસ્થાના ચેરમેન શ્રી મુકેશભાઇ, મેનેજીંગ ડીરેક્ટર શ્રી ખોડીદાસ, તમામ ડીરેક્ટરશ્રીઓ, મેનેજર શ્રી ગિરીશભાઇ ત્રિવેદી અને એકાઉન્ટન્ટ શ્રીમતી વનિતાબેનને ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ આપવામાં આવે છે અને આ સંસ્થા ભવિષ્યમાં ખુબ પ્રગતિ કરે તેવી આશા રાખીએ છીએ.

## સમાજ નો એક ચમકતો તારો ખરી પડ્યો



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ રાઠોડા ભોયણ (કલોલ) અને જીવનના અંતકાળમાં ઘાટલોડિયા અમદાવાદ મુકામે રહેતા સમાજના પ્રતિષ્ઠિત સ્વ. શ્રી શકરાભાઇ મોહનલાલ દરજી પરિવારના એક સભ્ય, કલોલ સ્થિત આપણા સમાજની એકમાત્ર ક્રેડીટ સોસાયટીના સ્થાપક સભ્ય, પૂર્વ કારોબારી સભ્ય, પૂર્વ મેનેજીંગ ડીરેક્ટર અને પૂર્વ ચેરમેન, કેળવણી મંડળ અને સમૂહલગ્ન સમિતિના પૂર્વ હોદ્દેદારશ્રી, એવા શ્રી સેંધાભાઇ શકરાભાઇ દરજી નું તા. ૧૬.૦૧.૨૦૨૩ સોમવારના રોજ થયેલ દુખદ અવસાન થી કેળવણી મંડળ અને સમાજ ઘેરા દુ:ખની લાગણી વ્યક્ત કરે છે.

શ્રી સેંધાભાઇ ૮૦ વર્ષની જૈફ વયે સ્વર્ગલોક સિધાવ્યા. સ્વર્ગસ્થના જીવન ચરિત્ર વિષે જાણીએ તો મૂળ ગામ રાઠોડા ભોયણના માનનીય વડીલ સ્વ. શ્રી શકરાભાઇ મોહનલાલ દરજી અને સ્વ. કાંતાબેન શકરાભાઇ દરજી ના ત્રણ દિકરાઓ શ્રી સેંધાભાઇ, શ્રી રતિભાઇ અને શ્રી કનુભાઇ તેમજ એક દિકરી સવિતાબેન એમ કુલ ચાર સંતાનોમાં સૌથી મોટા સંતાન એવા આપણા શ્રી સેંધાભાઇ હતા. શ્રી સેંધાભાઇનો જન્મ કલોલ મુકામે તા. ૦૫.૦૩.૧૯૪૩ ના રોજ થયેલ હતો. સ્વર્ગસ્થનું બાળપણ કલોલ મુકામે જ વીત્યું હતું. શ્રી સેંધાભાઇ નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી હતા અને તેમના પરિવારજનોએ પણ તેમની અભ્યાસ પ્રત્યેની લગનને લઇને તેમને તે સમયે મેટ્રિક સુધીનો અભ્યાસ કરાવ્યો. શ્રી સેંધાભાઇ પોતાના ઉચ્ચ અભ્યાસ અને હોંશિયારીને કારણે વરખડા ગામ મુકામે શિક્ષક તરીકેની પવિત્ર નોકરીમાં જોડાયા. સ્વ.શ્રી સેંધાભાઇએ આશરે ૨૧ વર્ષની ઉંમરે આપણા સમાજના મૂળ સાંતેજ ગામના વતની અને સમાજના પ્રતિષ્ઠિત એવા માનનીય સ્વ. શ્રી અંબાલાલ મગનલાલ દરજી અને સ્વ. લલીબેન અંબાલાલ દરજીની લાડકી દિકરી એવા હીરાબેન સાથે લગ્ન કરીને પોતાના વૈવાહિક જીવનનો પ્રારંભ કર્યો. સંતાનોમાં તેમને બે દિકરા ભાઇશ્રી ચંદ્રેશભાઇ, શ્રી મનોજભાઇ અને બે દિકરીઓ આનંદીબેન અને મીનલબેન એમ કુલ ચાર સંતાનો છે.

સ્વર્ગસ્થ શ્રી સેંધાભાઇના જીવન અને તેમના જીવન સંઘર્ષ વિષે જાણીએ તો કારકિર્દીની શરૂઆતમાં વરખડા ગામ મુકામે પ્રાથમિક શાળામાં એક શિક્ષક તરીકે પોતાની પવિત્ર નોકરી સ્વીકારી અને પોતાના પરિવાર સાથે જુદા જુદા સ્થળે ૩૯ વર્ષ સુધી સંઘર્ષ કરીને અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પોતાના વિશાળ પરિવારનું જતન કર્યું. શ્રી સેંધાભાઇ આજીવન શિક્ષક હોવાથી તેમનામાં સેવા, નિષ્ઠા, પ્રમાણિકતા, કુટુંબપ્રેમ, પરગજુ સ્વભાવ, સદાય હકારાત્મક વિચાર, સમાજ સેવા જેવા સાત્વિક ગુણોનો ભંડાર હતો. આપણા સમાજની કેળવણી મંડળની સ્થાપના ઇ.સ. ૧૯૮૪માં કરવામાં આવી ત્યારથી જ શ્રી સેંધાભાઇ આ સંસ્થામાં એક અદના કારોબારી સભ્ય અને એક પાયાના કાર્યકર તરીકે જોડાયેલ હતા અને સતત લગભગ પાંત્રીસ વર્ષ આ સંસ્થામાં પોતાની નિ:સ્વાર્થ સેવાઓ આપી. આપણા સમાજની સમૂહલગ્ન સમિતિમાં પણ તેઓશ્રીએ આપેલ સેવાઓ સરાહનીય છે અને સમાજ દ્વારા હંમેશા તેની નોંધ લેવાય છે. તા. ૩૦.૦૬.૨૦૦૧ ના રોજ તેઓશ્રી વય મર્યાદાના કારણે પોતાની શિક્ષકની ફરજમાંથી નિવૃત થયા અને ત્યારબાદ તેઓશ્રી પોતાના સમાજની સેવા હજુ પણ કેવી સારી રીતે કરી શકે તે માટે સતત ચિંતનશીલ રહેતા. તે સમયે કલોલના એક અદના સમાજ સેવક એવા શ્રી ચીનુભાઇ જીવણલાલ દ્વારા સમાજના લોકો નાણાકીય રીતે સ્વનિર્ભર થાય તેવા એક ઉમદા હેતુથી એક નાંણાકીય સંસ્થા ઉભી કરવાના વિચારનો પાયો નાખવામાં આવ્યો પરંતુ શ્રી ચીનુભાઇ દુ:ખદ રીતે આપણી વચ્ચેથી વિદાય થઇને ઇ.સ.૨૦૦૧ માં સ્વર્ગલોક સિધાવ્યા. શ્રી સેંધાભાઈ શકરાભાઇ, શ્રી ખોડીદાસ નારણદાસ, શ્રી બીપીનભાઇ જીવણલાલ અને સમાજના અન્ય વડીલો દ્વારા આ સમાજલક્ષી અને ઉમદા હેતુને પાર પાડવા એક મુશ્કેલ અભિયાન ચલાવવામાં આવ્યું અને ઇ.સ. ૨૦૦૧ માં કલોલ મુકામે સ્વ. ચીનુભાઈ ક્રેડીટ સોસાયટીની સ્થાપના કરવામાં આવી. શ્રી સેંધાભાઇ આ મંડળીની શરૂઆતથી પોતાના જીવનના અંત સુધી આ સંસ્થા સાથે જોડાયેલ રહ્યા. તેઓશ્રીએ છેલ્લે આ સોસાયટીમાં ચેરમેન તરીકે પણ પોતાની સેવાઓ આપી. તેમની દીર્ઘદ્રષ્ટી અને સમાજના લોકોને ઉપયોગી નીતિઓના અમલથી હાલ આ સંસ્થા આર્થિક રીતે સધ્ધર બનેલ છે અને સમાજના લોકો માટે એક ઉપયોગી સંસ્થા બની રહેલ છે.

સ્વ. સેંધાભાઇ અને હીરાબેને પોતાના સમાજસેવાના તમામ ગુણોનો સંચય પોતાના બંને પુત્રોમાં સુપેરે કરેલ છે. શ્રી સેંધાભાઇ સ્વભાવે ખુબજ સરળ, લાગણીશીલ અને કુટુંબપ્રેમી હતા. ઉલ્લેખનીય છે કે શ્રી સેંધાભાઇ અને તેમનો સમસ્ત પરિવાર ભગવાન શ્રી સ્વામીનારાયણના પરમભક્ત અને ચુસ્ત અનુયાયી છે.

જીવનના અંતમાં તેઓ પોતાના પુત્રો અને તેમના પરિવાર સાથે એક આનંદમય જીવન ગુજારી રહેલ. પરંતુ પ્રભુને કઇક અલગ જ મંજુર હતું અને તા. ૦૬.૦૨.૨૦૧૮ ના રોજ તેમના ધર્મપત્ની શ્રીમતી હીરાબેન પોતાના જીવનસાથી અને સમસ્ત પરિવારને અલવિદા કહીને અક્ષરનિવાસી થયા. શ્રી સેંધાભાઇ પોતાના એકલવાયા જીવનમાં સમાજસેવાના કાર્યમાં અંત સુધી પ્રવૃતિશીલ રહ્યા. થોડાક મહિનાઓથી તે સતત બીમાર રહેવા લાગ્યા અને તા. ૧૬.૦૧.૨૦૨૩ ને સોમવારના રોજ પ્રભુનો અચાનક બુલાવો આવતા તેઓ અક્ષરલોકની વાટે સિધાવ્યા.

સદગત શ્રી સેંધાભાઇની અંતિમ વિદાયથી સમગ્ર પરિવારને તેમજ સમાજને એક આદર્શ વ્યક્તિની ખોટ પડેલ છે જે ક્યારેય પૂરી શકાશે નહિ. તેમના સમગ્ર પરિવારને આ આઘાત અને દુ:ખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પે તેમજ સદગતના આત્માને ચીર શાંતિ અર્પે તેવી શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તેમજ સમાજ હાર્દિક શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે.

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા તા. ૨૪.૧૨.૨૦૨૨ ના રોજ આયોજીત**
**ત્રિ-વાર્ષિક સાધારણ સભાનો અહેવાલ**










તા. ૨૪.૧૨.૨૦૨૨ ના રોજ આયોજીત સાધારણ સભામાં સમારંભના પ્રમુખ શ્રી પ્રવિણભાઇ કાન્તિલાલ દરજી, કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી, મુખ્ય મહેમાન અને ચીનુભાઇ ક્રેડીટ સોસાયટીના પૂર્વ ચેરમેન એવા શ્રી સેંધાભાઇ શકરાભાઇ દરજી, અતિથી વિશેષશ્રીઓ છત્રાલના માનનીય શ્રી બીપીનભાઇ કાન્તિલાલ દરજી, કુડાસણના માનનીય શ્રી કાન્તિભાઇ મફતલાલ દરજી, શ્રી પરષોત્તમદાસ અંબાલાલ, શ્રી પરેશભાઇ સોમનાથ, શ્રી કિરીટભાઇ સોમનાથ, શ્રી અશોકભાઇ કાન્તિલાલ, શ્રી અમૃતભાઇ નટવરલાલ, ઓગણજના શ્રી બહાદુરસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા, સમાજના પેટ્રોન મેમ્બરો રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા શ્રી આસુતોષભાઇ કનુભાઇ દરજી, શ્રી શૈલેષભાઇ જયંતીભાઇ, શ્રી દિલીપભાઇ જયંતીભાઇ અને શ્રી લાલભાઇ જયંતીભાઇ દરજી, શ્રી દિનેશભાઇ અંબાલાલ દરજી સમારંભના ઉદ્‌ઘાટક શ્રી વિજયભાઇ ગોવિંદભાઇ દરજી, શ્રી અખિલ ગુજરાત દરજી સમાજના પ્રમુખશ્રી ડાહ્યાભાઇ દરજી , શ્રી સુબોધભાઇ દરજી, શ્રી હરીશભાઇ દરજી તથા અન્ય આમંત્રિત મહેમાનોશ્રી,  કેળવણી મંડળના કારોબારી સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને સમાજના અન્ય ઉપસ્થિત ભાઇઓ બહેનો અને વડીલોનું શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું..

શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની સાધારણ સભા અગાઉ તા. ૨૬.૦૫.૨૦૧૯ ના રોજ ગાંધીનગર મુકામે યોજવામાં આવેલ ત્યારબાદ કોરોનાની મહામારીના કારણે સાધારણ સભાનું આયોજન શક્ય ના હોવાના લીધે આપણે ત્રીજા વર્ષે આ સભાનું આયોજન કરેલ. આ સભાની શરૂઆતમાં પહેલા ગત સાધારણ સભાની તા. ૨૬.૦૫.૨૦૧૯ થી ૨૪.૧૨.૨૦૨૨ સુધીમાં અવસાન પામેલ સમાજના તમામ સભ્યોને મૌન શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે આ સમયગાળા દરમિયાન આપણા સમાજમાંથી કુલ ૧૨૩ સભ્યોએ આપણી વચ્ચેથી વિદાય લીધી. તેમાંથી ૫૧ સભ્યોને આપણે કોરોનાની મહામારીના હિસાબે રૂબરૂ શ્રધ્ધાંજલિ આપી શકેલ નથી તો તે એકાવન સભ્યોને સાધારણ સભા દ્વારા ખાસ શ્રધ્ધાંજલિ આપવામાં આવી સમારંભની શરૂઆતમાં ઉપસ્થિત તમામ મહેમાનો અને સમાજના દરેક સભ્ય માટે આપણા સમાજની દીકરીઓ ચાંદખેડા નિવાસી કુ. આયુષી ધર્મેશભાઇ, કોબા નિવાસી માનસી રાજુભાઈ, ભૂયંગદેવ નિવાસી કુ. હીર જનકભાઈ અને રાંચરડા નિવાસી કુ. માનશી દ્વારા સ્વાગત ગીત ગાઇને મહેમાનોનું અને સમાજના દરેક સભ્યનું સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગત ગીત બાદ ઉપસ્થિત મહેમાનોના હસ્તે  દીપ પ્રાગટ્ય કરાવીને સમારંભના કાર્યક્રમોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. સમારંભના પ્રમુખશ્રી પ્રવિણભાઈ કાન્તિલાલ, મુખ્ય મહેમાનશ્રી સેંધાભાઇ શકરાભાઇ, પેટ્રોન સભ્યોશ્રી આસુતોષભાઇ કનુભાઇ, શ્રી શૈલેશભાઇ, શ્રી દિલીપભાઇ, શ્રી લાલાભાઇ જયંતીભાઇ, શ્રી દિનેશભાઇ અંબાલાલ, સમારંભના ઉદ્‌ઘાટક શ્રી વિજયભાઈ ગોવિંદભાઈ અને કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને સમારંભનો પ્રારંભ કરવામાં આવ્યો.

નવું સમાજ દર્શન ઇ.સ. ૨૦૧૫ માં તૈયાર કરવાનું હતું તે અમુક કારણોસર અને કોરોનાની મહામારીના હિસાબે તૈયાર ના થઇ શક્યું પરંતુ છેલ્લા એક વર્ષથી કેળવણી મંડળના પ્રમુખ દ્વારા નીમવામાં આવેલ ટીમના વડા એવા ચેનપુર ના કાર્યકારી પ્રમુખ ભાઇશ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલર અને તેમની ટીમ દ્વારા રાત દિવસ જોયા વગર પોતાની ધંધાકીય અને પારિવારિક વ્યસ્તતા વચ્ચે પણ સમાજ દર્શન-૨૦૨૨ તૈયાર કરવામાં આવેલ. કેળવણી મંડળના પૂર્વ હોદ્દેદાર અને કલોલ સ્થિત શ્રી ચીનુભાઇ ક્રેડીટ સોસાયટીના સ્થાપક સભ્ય અને પૂર્વ ચેરમેન એવા માનનીય શ્રી સેંધાભાઇ શકરાભાઇ દ્વારા સમાજ દર્શન-૨૦૨૨ ની અનાવરણ વિધિ કરવામાં આવી.

**ત્યારબાદ મંચ ઉપર ઉપસ્થિત મહેમાનશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું.**

૧. મૂળ ગામ છત્રાલના અને હાલ અમદાવાદ ઘાટલોડિયા મુકામે રહેતા શ્રી પ્રવિણભાઇ કાન્તિલાલ એક સન્માનીય વ્યક્તિ છે. કેળવણી મંડળ વારંવાર કહે છે કે આપણા સમાજનું છત્રાલ ગામ માનવરત્નોથી ભરપુર છે આ ગામના દરેક પરિવારો આપણા સમાજમાં એક વિશિષ્ઠ સ્થાન ધરાવે છે. આવા પરિવારના એક સભ્ય ભાઇશ્રી પ્રવિણભાઇ કાન્તીભાઇ સાધારણ સભાના પ્રમુખનું કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલ હસ્તે પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું.

૨. કલોલ સ્થિત ચીનુભાઇ ક્રેડીટ સોસાયટીના પૂર્વ ચેરમેન અને સમારંભના મુખ્ય મહેમાન એવા શ્રી સેંધાભાઇ શકરાભાઇનું સ્વાગત કેળવણી મંડળના મુખ્ય કાર્યકારી પ્રમુખ એવા શ્રી ગોવિંદભાઇ ચંદુભાઇ દરજી દ્વારા પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડી ને સન્માન કરવામાં આવ્યું..

૩. છત્રાલ ગામના જ એક માનનીય સભ્ય, સ્વાધ્યાય કાર્યના પ્રખર હિમાયતી અને શ્રી પ્રવિણભાઇ કાન્તિલાલ અને શ્રી કૌશિકભાઇ કાન્તિલાલ દરજીના ભાઇ એવા શ્રી બીપીનભાઇ કાન્તિલાલ દરજી કે જેઓ સમારંભમાં અતિથી વિશેષનું સ્થાન શોભાવી રહેલ તેમનું કેળવણી મંડળ વતી પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને તેમનું સન્માન કેળવણી મંડળ ના સભ્ય એવા ભાઈ શ્રી પિયુષભાઇ અમૃતભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૪. સમારંભના બીજા અતિથી વિશેષ, દાયકાઓથી સમાજ સેવાને સમર્પિત, એક આદરણીય વડીલ અને હાલની કારોબારીના સભ્ય એવા ભાઇ શ્રી રાજેશભાઇ કાન્તિલાલ દરજીના પિતાશ્રી એવા શ્રી કાન્તિલાલ મફતલાલ દરજી ને પુષ્પ ગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કેળવણી મંડળના મહામંત્રી શ્રી વિજયભાઇ ખોડીદાસ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૫. સમારંભના ત્રીજા અતિથી વિશેષ, કેળવણી મંડળ ના એક અદના કાર્યકર, શ્રેષ્ઠ દાનવીર અને સમાજસેવા માટે હંમેશા તત્પર એવા ઘાટલોડિયા નિવાસી શ્રી પુરષોત્તમદાસ અંબાલાલ દરજીનું પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કેળવણી મંડળના કારોબારી સભ્ય ભાઈશ્રી સતીશભાઇ લાલભાઇ દ્વારા કરવામાં આવ્યું.

૬. સમારંભના અન્ય અતિથી વિશેષ શ્રી પરેશભાઇ દરજીથી સમાજના તમામ સભ્યો સુપરિચિત છે. સમાજ સેવામાં હંમેશા અગ્રેસર રહે છે હાલ પોતે કલોલ સ્થિત સ્વ.ચીનુભાઈ ક્રેડીટ સોસાયટીમાં નિઃસ્વાર્થપણે એક ડીરેક્ટર તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. આવા સેવાભાવી વ્યક્તિનું પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ એવા ભાઈશ્રી દીપકભાઇ કનુભાઇ દ્વારા કરવામાં આવ્યું.

૭. સમારંભના અન્ય અતિથી વિશેષ કે જેમણે સમાજની દરેક સંસ્થાઓ જેવી કે કેળવણી મંડળ, સમુહલગ્ન સમિતિ અને ક્રેડીટ સોસાયટીમાં પોતાની સેવાઓ આપેલ છે. સમાજના શિક્ષણના મહત્વને શાશ્વત કરેલ છે અને પોતાના તમામ સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપીને પગભેર કરેલ છે. તેમનો દીકરો ભાઇ શ્રી હાર્દિક એક ડોક્ટર છે તેવા માનનીય શ્રી કિરીટભાઇ સોમાભાઇ દરજીનું પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કેળવણી મંડળના સંગઠન મંત્રી એવા ભાઇશ્રી દિલીપભાઇ મંગળદાસ દ્વારા કરવામાં આવ્યું..

૮. સમારંભના અન્ય અતિથી વિશેષ, મૂળ ગામ શિલજના અને હાલ ન્યુ સી જી રોડ ચાંદખેડા મુકામે રહેતા સમાજના એક પ્રતિષ્ઠિત વ્યક્તિ કે જેઓ ખુબ સરળ વ્યક્તિત્વ ધરાવે છે અને સમાજમાં એક આગવી ઓળખ ધરાવે છે તેવા ભાઇ શ્રી અશોકભાઇ કાન્તિલાલ દરજીનું સ્વાગત પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ ભાઇ શ્રી જયેશભાઇ ગીરીશભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૯. સમારંભના અન્ય અતિથી વિશેષ, મૂળ ગામ વાવોલ/કોબાના અને હાલ ઘાટલોડિયા મુકામે રહેતા સમાજના એક પ્રતિષ્ઠિત વ્યક્તિ, કેળવણી મંડળના પૂર્વ સભ્યશ્રી નટુભાઇ બબલદાસ દરજી કે જેઓ હંમેશા સમાજ સેવામાં પ્રવૃત રહેતા, તેવા સમાજ સેવકનો વારસો જાળવનાર તેમના સૌથી મોટા સુપુત્ર એવા ભાઇશ્રી અમૃતભાઇ નટવરલાલ દરજીનું સ્વાગત કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ અને તેમના નાના ભાઇશ્રી શૈલેષભાઇ નટવરલાલ દ્વારા પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને કરવામાં આવ્યું.

૧૦. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ દ્વારા કરવામાં આવતા સમાજલક્ષી અને વિદ્યાલક્ષી કાર્યોથી અન્ય સમાજના વ્યક્તિઓ પણ અભિભૂત થાય છે. તેનું એક ઉદાહરણ છે મૂળ ગામ ઓગણજના શ્રી બહાદુરસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા. ભાઈશ્રી બહાદુરસિંહ કેળવણી મંડળ દ્વારા કરવામાં આવતા સામાજિક કાર્યોમાં પોતાનો આર્થિક ફાળો નોંધાવવા હંમેશા તત્પર રહે છે. તેઓ પોતે પોતાના સમાજમાં અને ગામમાં એક સન્માનનીય વ્યક્તિ છે અને કેળવણી મંડળની વિનંતીને ધ્યાનમાં લઇને આપણા આજના સમારંભમાં અતિથી વિશેષ તરીકે પોતાનું સ્થાન શોભાવી રહેલ. આવા પરોપકારી, દયાળુ અને સેવાભાવી વ્યક્તિનું પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડી ને સન્માન કેળવણી મંડળ ના ઉપ પ્રમુખ અને તેમના મિત્ર એવા ઓગણજના શ્રી રાજેશભાઇ કાન્તિલાલ દ્વારા કરવામાં આવ્યું.

૧૧. સમારંભના મહિલા અતિથી વિશેષ શ્રીમતી નર્મદાબેન ખોડીદાસ દરજી, કે જેઓ છત્રાલ ગામ પરિવારના એક સભ્ય છે તેમજ કેળવણી મંડળના પૂર્વ પ્રવક્તા, સમુહલગ્ન સમિતિના સભ્ય, સ્વ.ચીનુભાઈ ક્રેડીટ સોસાયટીના સ્થાપક સભ્ય અને હાલના મેનેજીંગ ડીરેક્ટર એવા શ્રી ખોડીદાસ નારણદાસના ધર્મપત્ની છે. શ્રી ખોડીદાસ દરજી પરિવારનો દરેક સભ્ય કેળવણી મંડળ અને સમાજ સાથે આત્મીયતાથી સંકળાયેલ છે તેમજ આજીવન તેમણે સમાજ સેવાનો ભેખ ધારણ કરેલ છે. આવા પરિવારના એક સભ્યને અતિથી વિશેષ તરીકે આવકારતા શ્રીમતી નર્મદાબેનનું પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને સ્વાગત શ્રીમતી કૈલાસબેન ગોવિંદભાઇ દ્વારા કરવામાં આવ્યું.

૧૨. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના “સમાજ રત્ન”, પોતાના કાર્યક્ષેત્રમાં પોતાની આગવી પ્રતિભા ધરાવનાર, એક નિડર અને બાહોશ અધિકારી, ઇમાનદારી અને કાર્ય નિષ્ઠાના ગુણ ધરાવનાર, સમસ્ત દરજી સમાજમાં શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું નામ રોશન કરનાર, સમાજના છેવાડાના વ્યક્તિને કોઇપણ જાતની ઓળખાણ કે સબંધ વગર કાયદાકીય કાર્યમાં હંમેશા મદદરૂપ થનાર, સમાજસેવાના દરેક કાર્યમાં પોતાની તન, મન અને ધનથી સેવા આપનાર, સમાજના દરેક નાગરિક પ્રત્યે સમભાવ રાખનાર અને સમાજને પોતાના કાર્ય અને શોર્યથી રાહ ચિંધનાર, મૂળ ગામ ઉનાવાના અને હાલ જુનાગઢ નિવાસી નિવૃત પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી કનુભાઇ બબલદાસ દરજી અને શ્રીમતી હસુમતીબેન કનુભાઇ દરજીના સુપુત્ર એવાશ્રી આસુતોશભાઇ કનુભાઇ પરમાર જે સમાજના પેટ્રોન મેમ્બર તરીકે સમારંભનું સ્થાન શોભાવી રહેલ તેમનું સ્વાગત કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર દ્વારા પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું.

૧૩. ધનની ગતિ ત્રણ છે. દાન, ભોગ, નાશ, દાન કરવું એ ઉત્તમ ગતિ છે. પોતે ભોગ ભોગવવાએ મધ્યમ ગતિ છે, અને

નાશ એ તેની અધમ ગતિ છે. એટલે કે માણસની પાસે જે કંઇ સંપતિ હોય તેમાંથી યથાશક્તિ દાન કરવું. ખાસ તો જરૂરિયાતવાળાને કંઇક આપતા રહેવું. આપણા શાસ્ત્રોએ પણ દાનનો મહિમા ખૂબ ગાયો છે, ખૂબ વર્ણવ્યો છે અન્નદાન, વિદ્યાદાન, રક્તદાન, નેત્રદાન એ મહાદાન છે. ભૂખ્યા જનોનો જઠરાગ્નિ ઠારવો એ તો સૌથી મોટું દાન છે. અત્યારે આપણે વાત કરીએ છીએ ચાંદખેડાના સ્વ. શ્રી જયંતીભાઇ પરિવારના તમામ સભ્યોની. સ્વ. શ્રી જયંતીભાઇના ત્રણેય દીકરા ભાઇશ્રી શૈલેશભાઇ, શ્રી દિલીપભાઇ અને શ્રી લાલાભાઇએ પોતાની કમાણીમાંથી અમુક ભાગ સમાજમાં દાન કરવો તેવી ટેક લીધેલ છે. સમાજનું કોઇપણ કાર્ય હોય તે કાર્યમાં આ પરિવારનો ફાળો અવશ્ય હોય આવા પરિવારના શ્રી શૈલેશભાઇ, શ્રી દિલીપભાઇ અને શ્રી લાલાભાઇ કે જેઓ સમાજના પેટ્રોન મેમ્બર તરીકે ઉપસ્થિત હતા અને સાધારણ સભાનું સાંજનું ભોજનદાન જેમના તરફથી નોંધાવવામાં આવેલ છે તેમનું પુષ્પગુચ્છ અને શાલ થી સન્માન કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ એવા શ્રી મેહુલભાઇ હસમુખભાઇ દ્વારા કરવામાં આવ્યું.

૧૪. મૂળ ગામ સાંતેજના અને હાલ રાણીપ અમદાવાદ મુકામે રહેતા વડીલ શ્રી દિનેશભાઇ અંબાલાલના સુપુત્ર ભાઇશ્રી ચેતનભાઇ દિનેશભાઇ દરજી દ્વારા કેળવણી મંડળની ઓફીસ ખરીદવા રૂપિયા એક લાખનું માતબર દાન આપવામાં આવેલ છે આવા સેવાભાવી પરિવારના મોભીનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છ થી સ્વાગત કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ માણેકલાલ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૧૫. મૂળ ગામ છત્રાલ / કલોલના શ્રી વિજયભાઇ ગોવિંદભાઇ દરજી આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ પ્રત્યે માન ધરાવે છે અને સમાજના દરેક કાર્યમાં પોતાનો સહયોગ આપતા રહે છે આવા સેવાભાવી પરિવાર તરફથી સમાજ દર્શનના મુખ્ય પેજ માટે રૂા.૫૧,૦૦૦/– નું દાન નોંધાવવામાં આવેલ છે. આવા દાનેશ્વર સભ્યનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કેળવણી મંડળના કોષાધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઇ મનુભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૧૬. સાધારણ સભામાં વિદ્યાર્થીઓને આપવાના થતા એક વર્ષના ઇનામ દાતા અને સાધારણ સભાના બપોરના ભોજનના દાતા એવા કલોલના શ્રીમતી હેમાબેન અલ્પેશભાઈનું સ્વાગત શ્રીમતી જ્યોત્સનાબેન મુકેશભાઈ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૧૭. સાધારણ સભામાં વિદ્યાર્થીઓને આપવાના થતા એક વર્ષના ઇનામ દાતા અને કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ એવા શ્રી જયેશભાઈ ગિરીશભાઈ દરજીના માતૃશ્રી એવા ત્રાગડના ગં.સ્વ. કાંતાબેન ગિરીશભાઇનું સ્વાગત શ્રીમતી રીમાબેન વિજયભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૧૮. સાધારણ સભામાં વિદ્યાર્થીઓને આપવાના થતા એક વર્ષના ઇનામ દાતા અને અને કેળવણી મંડળના મુખ્ય કાર્યકારી પ્રમુખ એવાશ્રી ગોવિંદભાઇ ચંદુભાઇ દરજીના ધર્મપત્નીશ્રી એવા વિસત / ચાંદખેડાના શ્રીમતી કૈલાસબેન ગોવિંદભાઈ દરજીનું સ્વાગત શ્રીમતી ચંદ્રિકાબેન મેહુલભાઇ ટેલર દ્વારા કરવામાં આવ્યું.

૧૯. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા સમાજના ૬૫ વર્ષથી ઉપરની વયના સીનીયર સીટીઝન સભ્યોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવે છે તે શાલના આજીવન દાતા કેળવણી મંડળના પૂર્વ હોદ્દેદાર એવા શ્રી ભોગીભાઇ બાપુભાઇ દરજી છે. આવા શ્રેષ્ઠ સમાજ સેવક અને પરોપકારી વ્યક્તિનું સન્માન કેળવણી મંડળના ઉપ પ્રમુખ એવા ભાઈશ્રી શંભુભાઈ બબલદાસ દરજી દ્વારા શાલ ઓઢાડીને તેમજ પુષ્પગુચ્છ આપી કરવામાં આવ્યું.

૨૦. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા સમાજના ૮૦ વર્ષથી વધુ વયના સુપર સીનીયર સીટીઝન સભ્યોનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવે છે આ વર્ષે સુપર સીનીયર સીટીઝનની શાલ દાતા કેળવણી મંડળના મુખ્ય કાર્યકારી પ્રમુખ શ્રી ગોવિંદભાઈ ચંદુભાઈ દરજીનું સન્માન કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ એવા ભાઈશ્રી જયેશભાઇ ગીરીશભાઇ દરજી શાલ ઓઢાડીને તેમજ પુષ્પગુચ્છ આપી ને કરવામાં આવ્યું..

૨૧. સ્વામીનારાયણ પ્રભુના ચુસ્ત અનુયાયી, શૂન્યમાંથી સર્જન કરવાની કળા ધરાવનાર, એક નિ:સ્વાર્થ સમાજસેવક અને પોતાના સમાજના કોઈપણ કાર્યમાં અગ્રેસર રહેતા શ્રી અશોકભાઇ રમણલાલ કેળવણી મંડળની વિનંતી પર ઉપસ્થિત રહેલ. શ્રી અશોકભાઈ દ્વારા સમાજ દર્શન – ૨૦૨૨ ના છેલ્લા પેજના અને પ્રથમ જાહેરાત પેજના દાતા તરીકે રૂા. ૩૬૦૦૦/– નું દાન નોંધાવેલ છે તો આવા દાનવીર અને સમાજસેવક શ્રી અશોકભાઇ રમણલાલ દરજીનું પુષ્પગુચ્છ અને શાલથી સ્વાગત કેળવણી મંડળના મંત્રી શ્રી હર્ષદભાઇ પ્રવીણભાઇ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું.

૨૨. સમાજના ધોરણ આઠથી ઉપરના શિક્ષણના દરેક વર્ગમાં પહેલા નંબર પર આવેલ વિદ્યાર્થીઓને શિલ્ડ આપનાર આજીવન દાતા એવાશ્રી અરવિંદભાઇ માણેકલાલ દરજીનું પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને સ્વાગત કેળવણી મંડળના સભ્યશ્રી કનુભાઇ અંબાલાલ દ્વારા કરવામાં આવ્યું.

૨૩. મૂળ ગામ રખિયાલના અને હાલ નરોડા અમદાવાદ મુકામે રહેતા સમાજ શ્રેષ્ઠી એવા વડીલ શ્રી કાન્તીભાઇ મોહનલાલ દરજીના સુપુત્ર અને કેળવણી મંડળના પૂર્વ કારોબારી સભ્યશ્રી અજયભાઇ કાન્તિલાલ દરજીનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કેળવણી મંડળના અતિ ઉત્સાહી પ્રચાર મંત્રી એવાશ્રી સુમનભાઇ બાબુભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૨૪. સમાજસેવા જેની રગે રગમાં છે તેવા મૂળ ગામ મેર્ડા આદરજના અને હાલ કલોલ નિવાસી સ્વ. જીવણલાલ છગનલાલ દરજી પરિવારના નાના સુપુત્ર ભાઇશ્રી બિપીનચંદ્ર દરજી હાલ કેળવણી મંડળના પ્રમુખ છે. તેમના ધર્મપત્ની શ્રીમતી ઉષાબેન બિપીનચંદ્રનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન શ્રીમતી રેખાબેન જયેશભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૨૫. ભગવાન શ્રી સ્વામીનારાયણના એક ઉત્કૃષ્ટ અનુયાયી અને આપના સમાજમાં એક મહેનતુ, સાહસિક અને સફળ પરિવારના મોભી અને વર્ષ ૨૦૨૧ દિવાળીમાં સમાજમાં વહેચેલ કેલેન્ડરની પ્રસાદીના દાતા એવા વડીલ શ્રી રમેશભાઇ મણીલાલ દરજીનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન અમારા કેળવણી મંડળના એક ઉત્સાહી સંગઠન મંત્રી એવા મૂળ ગામ વામજના ભાઇશ્રી અશોકભાઇ છનાભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૨૬. આપણા સમાજનો દરેક વ્યક્તિ નાંણાકીય રીતે સદ્ધર બને અને ખુબ ઓછા વ્યાજે પોતાની જરૂરિયાત મુજબના નાંણા કોઇપણ મુશ્કેલી વગર મેળવી શકે તેવા પવિત્ર ઉદ્દેશ્યથી ચાલુ કરવામાં આવેલ કલોલ સ્થિત સ્વ.ચીનુભાઈ ક્રેડીટ સોસાયટીની સ્થાપના સમયે સોસાયટીના આગેવાનોને જે પણ કાયદાકીય તકલીફ પડેલ અને તે તકલીફોનું નિવારણ કરનાર પૂર્વ રજીસ્ટાર માનનીય શ્રી હરેશભાઈ દરજીનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન કેળવણી મંડળના પ્રમુખશ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૨૭. આપણા દરજી સમાજમાં કુલ ૧૧૮ જ્ઞાતિઓ ગુજરાત રાજ્યમાં છે આ તમામ દરજી જ્ઞાતિઓને એક મંચ પર ભેગા કરીને સમસ્ત દરજી સંગઠનની શક્તિના દર્શન કરાવનાર મૂળ ગામ બારેજા નિવાસી અને સમસ્ત દરજી સમાજ શ્રેષ્ઠી શ્રી ડાહ્યાભાઈ ડી. દરજી માટે કઇપણ કહીએ તે ઓછું પડશે. તેઓ હાલ શ્રી અખિલ ગુજરાત દરજી જ્ઞાતિ સમાજમાં પ્રમુખ તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. ગુજરાતની તમામ દરજી જ્ઞાતિઓને ભેગી કરીને યુવક યુવતી પરિચય મેળો અને સમુહલગ્નનું વર્ષોથી ખુબજ સરસ રીતે આયોજન કરી રહેલ છે. દરજી જ્ઞાતિના આવા મહાનુભાવનું સ્વાગત કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ દરજી દ્વારા પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને કરવામાં આવ્યું.

૨૮. હાલ વેજલપુર અમદાવાદ મુકામે રહેતા શ્રી સુબોધચંદ્ર એમ. દરજીને ગુજરાતની દરેક દરજી જ્ઞાતિનો સભ્ય ઓળખે છે. વર્ષોથી શ્રી અખિલ ગુજરાત દરજી જ્ઞાતિ સમાજમાં સમુહલગ્ન સમિતિના ખજાનચી અને કન્વીનર તરીકે પોતાની નિ:સ્વાર્થ સેવાઓ આપી રહેલ છે. તો આવા સમાજ શ્રેષ્ઠી શ્રી સુબોધભાઇ એમ. દરજીનું સ્વાગત કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ ભાઈ શ્રી દીપકભાઇ કનુભાઇ દ્વારા કરવામાં આવ્યું.

૨૯. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળમાં કારોબારી સભ્ય, સમુહલગ્ન સમિતિમાં કારોબારી સભ્ય અને અન્ય સામાજીક સંસ્થાઓમાં પોતાની નિ:સ્વાર્થ સેવાઓ આપનાર, દરજી જ્ઞાતિના છે પણ ગઢવીના ઉપનામથી ઓળખાતા અને હંમેશા યુવાન રહેનાર ચાંદખેડાના શ્રી દિલીપકુમાર નટવરલાલ દરજી આપણા સમાજ માટે એક ગૌરવપૂર્ણ વ્યક્તિ છે. તેમની સેવા ભાવનાથી પ્રેરિત ભારતીય જનતા પાર્ટી દ્વારા તેમને ભારતીય જનતા પાર્ટી ચાંદખેડા વોર્ડના બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ તરીકે તેમની નિમણુક કરવામાં આવેલ છે તે બદલ સમસ્ત દરજી સમાજ વતી તેમને અભિનંદન આપીને તેમનું શાલ ઓઢાડીને પુષ્પગુચ્છ આપીને સન્માન કેળવણી મંડળના સહમહામંત્રી અને સ્વ.ચીનુભાઈ ક્રેડીટ સોસાયટીના ચેરમેન શ્રી મુકેશભાઇ ચીનુભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૩૦. હાલમાં ગુજરાત રાજ્યના તમામ દરજી જ્ઞાતિઓના કાર્યક્રમો અને ઘટનાઓને સમસ્ત દરજી જ્ઞાતિઓને આપવાના ઉમદા હેતુથી "શ્રી પીપાપંથ ઉદય " ના તંત્રી શ્રી જનકભાઇ દરજીનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કેળવણી મંડળના સભ્ય ભાઇશ્રી દીપકભાઇ ગાંડાભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૩૧. મૂળ ગામ છત્રાલના માનનીય શ્રી અમૃતભાઇ અંબાલાલ દરજીના સુપુત્ર, કેળવણી મંડળના કારોબારી સભ્ય અને એક સાહસિક બીઝનેસમેન એવા પીયુષભાઇ અમૃતલાલ દરજી દ્વારા વર્ષોથી સમાજમાં સ્વર્ગસ્થ થતા સભ્યોના ફોટા તેના પરિવારજનોને આપવાની પ્રથા તેમના સ્વ. માતૃશ્રી સુધાબેનના સૌજન્યથી ચાલુ કરવામાં આવેલ છે તે સરાહનીય છે. આવા સેવાભાવી વ્યક્તિ ભાઇશ્રી પીયુષભાઇ અમૃતલાલ દરજીનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સ્વાગત કેળવણી મંડળના કારોબારી સભ્ય શ્રી વિષ્ણુભાઇ જયંતીભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૩૨. સમસ્ત શ્રી દરજી જ્ઞાતિ સમાજના પ્રમુખ માનનીય વડીલ શ્રી ગુણવંતભાઇ દરજીનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ શ્રી મેહુલભાઇ હસમુખભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૩૩. આપણા સમાજની એકમાત્ર નાંણાકીય સંસ્થા એવી કલોલ સ્થિત શ્રી સ્વ.ચીનુભાઈ ક્રેડીટ સોસાયટીના હાલના ચેરમેન અને કેળવણી મંડળના હાલના સહ મહામંત્રી એવા મુકેશભાઇ ચીનુભાઇ દરજી અને તેમનો સમસ્ત પરિવાર સમાજસેવાના દરેક કાર્યમાં અગ્રેસર હોય છે. પોતાના પિતાશ્રી સ્વ.ચીનુભાઇ જીવણલાલ દરજીનો સમાજસેવાનો વારસો આ પરિવારે હાલ સુધી જાળવી રાખેલ છે. શ્રી મુકેશભાઇ ચીનુભાઇ દરજીનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન ક્રેડીટ સોસાયટીના ડીરેક્ટર શ્રી શૈલેશભાઇ નટુભાઇ દરજી દ્વારા કરવામાં આવ્યું.

૩૪. સ્વ.ચીનુભાઈ ક્રેડીટ સોસાયટીની સ્થાપના કરનાર ટીમના જેઓ સભ્ય હતા અને રીટાયર્ડ ઉમરમાં હજુ પણ સમાજ સેવાના ઉદ્દેશથી પોતાની નિ:સ્વાર્થ સેવા આપનાર મૂળ ગામ છત્રાલના અને હાલ કલોલ મુકામે રહેતા શ્રી ખોડીદાસ નારણદાસ કોઇ પરિચયના મોહતાજ નથી. હાલ તેઓ સ્વ. ચીનુભાઇ ક્રેડીટ સોસાયટીમાં મેનેજીંગ ડીરેક્ટર તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે તો આવા સેવાભાવી વ્યક્તિનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને સન્માન કેળવણી મંડળના સભ્ય અને ક્રેડીટ સોસાયટીના ડીરેક્ટર ભાઇશ્રી શંભુભાઇ બબલદાસ દરજી દ્વારા કરવામાં આવ્યું.

**આમંત્રિત મહેમાનો અને અતિથી વિશેષશ્રીઓના સન્માનનો કાર્યક્રમ પૂર્ણ કરીને આપણા સમાજમાં જે**

**સરકારી કે અર્ધ સરકારી નોકરીમાંથી નિવૃત થયા હોય, કોઈ સારી કમ્પનીમાં જોબ મળી હોય અથવા બઢતી મળી હોય તેવા સમાજના સભ્યોનું સન્માન કરવામાં આવ્યું.**

૧. આપણા સમાજના મૂળ ગામ કોલવડાના અને હાલ સેક્ટર-૧૫ ગાંધીનગર મુકામે રહેતા ભાઇશ્રી નવનીતકુમાર મહેન્દ્રભાઇ દરજી તા. ૦૬.૧૦.૨૦૨૨ થી ગુજરાતની પ્રખ્યાત ન્યુઝ ચેનલ TV9 ગુજરાતમાં કેમેરામેન તરીકે જોડાયેલ છે. કેળવણી મંડળ શ્રી નવનીતભાઇ અને તેમના પરિવારને અભિનંદન આપે છે. કેળવણી મંડળના મહામંત્રી શ્રી વિજયભાઇ ખોડીદાસ દરજી દ્વારા પુષ્પગુચ્છ અને શાલથી શ્રી નવનીતભાઇનું સન્માન કરવામાં આવ્યું.

૨. આપણા સમાજના મૂળ ગામ કઠવાડાના શ્રી દત્તુકુમાર બાબુલાલ દરજીના તેજસ્વી અને હોંશિયાર પુત્ર ચિ. યશ BSC ની એક્ઝામ પાસ કરીને ગુજરાત સરકારમાં આંકડાકીય મદદનીશ માટેની પોસ્ટ માટે ઇન્ટરવ્યુ આપેલ જેમાં પાસ થઇ જતા ગુજરાત સરકાર દ્વારા તેમની ખેડા જીલ્લાના ઠાસરા તાલુકામાં આંકડા મદદનીશ તરીકેની નિમણુક કરેલ છે. કેળવણી મંડળના કારોબારી સભ્ય એવા શ્રી સતીષભાઇ લાલભાઇ દ્વારા પુષ્પગુચ્છ અને શાલથી ચિ. યશનું સન્માન કરવામાં આવ્યું.

૩. કેળવણી મંડળના મહામંત્રી અને મૂળ ગામ વાવોલના અને હાલ રાંધેજા નિવાસી શ્રી વિજયભાઇ ખોડીદાસનો પરિવાર શિક્ષણ ક્ષેત્રે ખુબ આગળ છે. શ્રી વિજયભાઇ પોતે એક શિક્ષક છે અને પોતાના સંતાનોમાં શિક્ષણનું મહત્વ સમજાવતા ગુણોનો સુપેરે સંચય કરેલ છે. આવા શ્રી વિજયભાઇ ખોદીદાસ દરજી અને શ્રીમતી રીમાબેનની લાડકી દીકરી પિન્કલબેન વિજયકુમાર દરજી અભ્યાસમાં ખુબ તેજસ્વી અને હોંશિયાર છે. શિક્ષણ ક્ષેત્રે MBA ફાયનાન્સની એક્ઝામ સફળતાથી સારા ગુણ સાથે પાસ કરીને ગાંધીનગર સ્થિત ટોરેન્ટ પાવરમાં કાયમી નોકરી મેળવેલ છે જે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે. આવા પિન્કલબેનનું સન્માન શાલ અને પુષ્પગુચ્છથી શ્રીમતી ઉષાબેન બિપીનચંદ્ર દરજી દ્વારા કરવામાં આવ્યું..

૪. કેળવણી મંડળના હાલના પૂર્વ પ્રમુખ અને હાલના મુખ્ય કાર્યકારી પ્રમુખ એવા શ્રી ગોવિંદભાઇ ચંદુભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી કૈલાસબેન ગોવિંદભાઇ દરજી હંમેશા સમાજસેવાના કાર્યમાં અગ્રેસર હોય છે. આવા સેવાભાવી પરિવારને શ્રી વિશાલ કરીને એક દિકરો છે, શ્રી વિશાલ ગોવિંદભાઇ નાનપણથીજ અભ્યાસમાં તેજસ્વી હતો અને અભ્યાસ બાદ તેઓ વર્ષોથી ભારત સરકારની સુરત સ્થિત KRIBHCO કમ્પનીમાં જોબ કરી રહેલ તેમની હોશીયારી, ઈમાનદારી અને કામ પ્રત્યેની લગનને લઇને કમ્પની મેનેજમેન્ટ દ્વારા તેમને વર્ષ-૨૦૨૦ માં આસીસ્ટન્ટ મેનેજરની પોસ્ટ ઉપર બઢતી આપેલ છે કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ ભાઇશ્રી જયેશભાઇ ગિરીશભાઇ દરજી દ્વારા ભાઇશ્રી વિશાલનું પુષ્પગુચ્છ આપીને તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું.

૫. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના પ્રમુખશ્રી બિપીનચંદ્ર દરજી અને શ્રીમતી ઉષાબેન બિપીનચંદ્ર દરજીના બે દીકરાઓ પૈકી નાનો દિકરો ભાઇશ્રી મેહુલ એક એન્જીનીયર છે અને વર્ષોથી જામનગર સ્થિત પ્રતિષ્ઠિત રિલાયન્સ કંપનીમાં સિનીયર મેનેજર તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. તેમની કંપનીમાં કામ પ્રત્યેની નિષ્ઠા, લગન અને ઇમાનદારી જોઈને કંપની મેનેજમેન્ટ દ્વારા તેમને હાલમાં જ જનરલ મેનેજરના હોદ્દા પર બઢતી આપવામાં આવેલ છે. કેળવણી મંડળના સહ મહામંત્રી મુકેશભાઇ દ્વારા પુષ્પગુચ્છ અને શાલ વડે ભાઇશ્રી મેહુલનું સન્માન કરવામાં આવ્યું.

૬. શિક્ષણ અને જ્ઞાનના પ્રેરણાસ્રોત અને આપના સમાજમાં શિક્ષણના મહત્વને ઉજાગર કરનાર ગાંધીનગરના શ્રી બળવંતભાઇ કેશવલાલ દરજીના સુપુત્ર ભાઇશ્રી અભિષેકભાઇ બળવંતભાઇ દરજી પોતે પણ એક પ્રોફેસર છે પોતાનો ઉચ્ચ અભ્યાસ પૂર્ણ થયા બાદ પણ જોબની સાથે સમય નીકાળીને ગુજરાતી વિષય માં PHD નો અભ્યાસ ચાલુ રાખ્યો અને તેના ફળ સ્વરૂપ તા. ૨૩.૦૮.૨૦૨૦ માં તેમને ઉત્તર ગુજરાત યુનિવર્સીટી દ્વારા PHD ની ડીગ્રી એનાયત કરવામાં આવી કેળવણી મંડળના કોષાધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઇ મનુભાઇ દરજી દ્વારા પુષ્પગુચ્છ આપીને શાલ ઓઢાડીને શ્રી અભિષેકભાઇ બળવંતભાઇ દરજીનું સન્માન કરવામાં આવ્યું.

૭. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની કલોલ સ્થિત સ્વ.ચીનુભાઈ ક્રેડીટ સોસાયટીમાં વર્ષો સુધી મેનેજર તરીકે પોતાની સેવાઓ આપનાર કલોલના શ્રી કિરીટભાઇ સોમાભાઇ દરજીના સુપુત્ર ભાઇશ્રી ડોક્ટર હાર્દિક કિરીટભાઇ દરજીને મુંબઇ સ્થિત કોકીલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં કન્સલ્ટન્ટ ન્યુરો સર્જન તરીકે ઓક્ટોબર – ૨૦૨૧ થી નિમણુક મળેલ છે કેળવણી મંડળના સભ્યશ્રી દિલીપભાઈ મંગળદાસ દરજી દ્વારા પુષ્પગુચ્છ આપીને શાલ ઓઢાડીને શ્રી કિરીટભાઈ સોમાભાઈ દરજી / હાર્દિક કિરીટભાઈ દરજીનું સન્માન કરવામાં આવ્યું.

૮. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના રાણીપ મુકામે રહેતા કેળવણી મંડળના પૂર્વ કારોબારી સભ્ય એવાશ્રી હસમુખભાઇ માણેકલાલ દરજી ના દીકરા ચિ. બ્રિજેશ હસમુખભાઇ દરજીને યુ.એસ.એ. બેઝ કંપનીમાં સિનીયર સોફ્ટવેર પ્રોફેસનલ આઈ.ટી. ટેક્નીશિયન તરીકે બઢતી મળેલ છે તથા સ્ટાર પરફોર્મર ઓફ ધ યર તરીકે કંપનીએ સરાહના કરેલ છે કેળવણી મંડળના સભ્યશ્રી સુમનભાઇ બાબુભાઇ દરજી દ્વારા પુષ્પગુચ્છ આપીને શાલ ઓઢાડીને ચિ. બ્રિજેશ હસમુખભાઈ દરજીનું સન્માન કરવામાં આવ્યું.

૯. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના શ્રી જયદીપ જયંતીલાલ દરજી કે જેઓ મીકેનીકલ એન્જીનીયરીંગનો અભ્યાસ પૂર્ણ કરી ONGC માં પ્રોડક્શન વિભાગમાં જુનિયર આસીસ્ટન્ટ એન્જીનીયર તરીકે હાલમાં નોકરી મળેલ છે કેળવણી

મંડળના સભ્ય શ્રી જયેશભાઇ રસિકભાઇ દરજી દ્વારા પુષ્પગુચ્છ આપીને શાલ ઓઢાડીને શ્રી જયદીપ જયંતીલાલ દરજીનું સન્માન કરવામાં આવ્યું.

૧૦. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખશ્રી જયેશભાઇ ગીરીશભાઇ દરજીને હાલમાં જ અરવિંદ મિલ ખાત્રજ મુકામે સીનીયર મેનેજર તરીકે પ્રમોસન મળેલ છે. કેળવણી મંડળના મુખ્ય કાર્યકારી પ્રમુખશ્રી ગોવિંદભાઇ ચંદુભાઇ દરજી દ્વારા પુષ્પગુચ્છ આપીને શાલ ઓઢાડીને શ્રી જયેશભાઇ ગીરીશભાઇ દરજીનું સન્માન કરવામાં આવ્યું.

૧૧. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ આમજાના અને હાલ ઓસ્ટ્રેલિયા મુકામે રહેતા શ્રી જયેશભાઇ દશરથભાઇ દરજી આપણા સમાજ પ્રત્યે માન ધરાવે છે અને વિદેશમાં હોવા છતાં સમાજના કોઇપણ કાર્યમાં પોતાનો ફાળો અવશ્ય નોંધાવે છે આવા સેવાભાવી અને દાનવીર વ્યક્તિનું સન્માન કેળવણી મંડળના કાર્યકારી પ્રમુખ શ્રી શૈલેષભાઇ નટવરલાલ દરજી દ્વારા પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને કરવામાં આવ્યું.

સાધારણ સભાના એજન્ડા પ્રમાણે ગત સાધારણ સભાની કાર્યવાહી અને ઠરાવો વંચાણે લઇ મંજુરી લેવામાં આવી. કેળવણી મંડળ ના વર્ષ ૨૦૧૯-૨૦૨૦,૨૦૨૦-૨૦૨૧ અને ૨૦૨૧-૨૦૨૨ ના હિસાબો અને બેલેન્સ સીટ ને સાધારણ સભા માં સર્વસંમતિથી મંજુરી આપવામાં આવી.

કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર દરજી આગામી વર્ષ ૨૨-૨૩ અને ૨૩-૨૪ માટે નવીન કમિટીની રચના કરવામાં આવેલ તેની જાહેરાત કરવામાં આવી.

ત્યારબાદ વિરામ લઇને બપોરનું લંચ કરવામાં આવ્યું અને એક કલાક પછી મીટીંગના બાકી એજન્ડા મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

સાધારણ સભાના એજન્ડા અને કેળવણી મંડળના નિયમ પ્રમાણે સમાજના હોંશિયાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા દાતાઓના સહયોગથી ઇનામનું વિતરણ કરવામાં આવ્યું. આ વર્ષે સળંગ ચાર વર્ષના ઇનામો આપવાના હોવાથી અને સમયના અભાવે ફક્ત ધોરણ ૧૦,૧૨,ડીગ્રી હોલ્ડર, ગ્રેજુએટ અને પોસ્ટ ગ્રેજુએટ કક્ષાના વિદ્યાર્થીઓમાંથી એક થી ત્રણ નંબરના વિદ્યાર્થીઓને જ સ્ટેજ પર બોલાવીને તેમનું સન્માન કરવામાં આવ્યું અને ધોરણ ૮,૯,૧૧ ના તમામ ઇનામો અને બીજી તમામ કક્ષાના આશ્વાસન ઇનામોનું બહાર ગોઠવવામાં આવેલ કાઉન્ટરો પરથી વિતરણ કરવામાં આવ્યું.

વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ સમાજના ૬૫ વર્ષથી ઉપરના સિનીયર સીટીઝન સભ્યને તેમજ ૮૦ વર્ષથી ઉપરના સુપર સિનીયર સીટીઝન સભ્યોને સીનીયર સીટીઝનના આજીવન શાલ દાતા શ્રી ભોગીભાઇ બાપુદાસ અને સુપર સીનીયર સીટીઝનની શાલના આ વર્ષના દાતા શ્રી ગોવિંદભાઇ ચંદુભાઇ દ્વારા શાલ ઓઢાડી ને સન્માન કરવામાં આવ્યું.

કેળવણી મંડળની હાલ ની કમિટી દ્વારા અન્ય સમાજના નિયમોને અનુસરીને વાર્ષિક દિવાળી સમયે કેલેન્ડર વિતરણમાં જે દાન-ભેટ લેતા હતા તે સંપૂર્ણપણે બંધ કરેલ છે. કેળવણી મંડળ પાસે આવકનું કોઈ નિયમિત સ્રોત નથી તો અન્ય સમાજો દ્વારા પોતાના મંડળને ચલાવવા સમાજના દરેક પરિવાર પાસેથી દર વર્ષે એક સમાન વાર્ષિક લવાજમ લેવું તે નિર્ણયને સ્વીકારીને આપણા કેળવણી મંડળના સમાજલક્ષી અને કેળવણીલક્ષી કાર્યો જેવા કે પાઠ્યપુસ્તક વિતરણ, વિધવા સહાય વગેરે માટે જે ભંડોળ જોવે તે માટે સમાજના દરેક પરિવાર પાસેથી વાર્ષિક રૂ.૫૦૦/- નું લવાજમ લેવું તેવું નક્કી કરવામાં આવેલ અને તે અર્થે સાધારણ સભાની મંજુરી લેવામાં આવી.

અંતમાં, પ્રમુખ સ્થાનેથી રજુ થતા પ્રમુખશ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી દ્વારા સમૂહલગ્ન સમિતીમાં એકત્ર થયેલ ભંડોળ કેળવણી મંડળમાં મર્જ કરવા માટે રજુઆત કરતા સમાજે સર્વાનુમતે મંજુર કરેલ છે.

**ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રસંગને અનુરૂપ વ્યક્તત્વ આપવામાં આવ્યું.**

(૧)શ્રી પ્રવિણભાઇ કાન્તિલાલ દરજી (૨) શ્રી સેંધાભાઈ શકરાભાઇ દરજી (૩) શ્રી ડાહ્યાભાઇ દરજી

(૪)શ્રી સુબોધભાઇ દરજી (૫)શ્રી જનકભાઇ દરજી (૬) શ્રી આશુતોષભાઇ કનુભાઇ પરમાર (૭)શ્રી હરેશભાઇ દરજી

કેળવણી મંડળના જુના અને નવા હાદેદારશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું. માનનીય પ્રમુખશ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી દ્વારા પ્રમુખ પદેથી, માનનીય શ્રી વિજયભાઇ ખોડીદાસ દ્વારા મહામંત્રી પદેથી અને શ્રી જીતેન્દ્રભાઇ મનુભાઇ દ્વારા કોષાધ્યક્ષ પદેથી રાજીનામુ આપીને સમાજમાં એક નવો ચીલો ચિતરવામાં આવ્યો છે. તેમના આ આયોજનમાં દર ચાર વર્ષે કેળવણી મંડળમાં આ ત્રણ મુખ્ય હોદ્દેદારોની બદલી કરીને સમાજના અન્ય નવયુવાનોને તે હોદ્દા પર સ્થાન આપીને તેમને સમાજના કાર્યો કરવા પ્રેરિત કરવાનો ભવ્ય ઉદ્દેશ્ય છે. અત્યાર સુધી કેળવણી મંડળની ટીમ દ્વારા શ્રી બિપીનચંદ્રની આગેવાનીમાં જે કાર્યો કરવામાં આવ્યા તે તમામ કાર્યોને બિરદાવવામાં આવ્યા અને શ્રી બિપીનચંદ્ર, શ્રી વિજયભાઇ અને શ્રી જીતેન્દ્રભાઇ ભવિષ્યમાં પણ સમાજ માટે હંમેશા કાર્યરત રહેશે તેવી આશા સમસ્ત સમાજ વતી દર્શાવવામાં આવી..

સ્વ.શ્રી ચીનુભાઇ ક્રેડીટ સોસાયટીના ડીરેક્ટર અને કેળવણી મંડળના ઉપ પ્રમુખ એવા મૂળ કોબાના શ્રી શંભુભાઇ બબલદાસ દ્વારા કાર્યક્રમના અંતમાં આભારવિધિ કરીને ઉપસ્થિત તમામ સભ્યોનો આભાર માનવામાં આવ્યો.

| તા. ૨૪-૧૨-૨૦૨૨ બાદ આપણાં સમાજના સ્વર્ગસ્થ ભાઇ/બહેનોને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અંતઃકરણપૂર્વકની શ્રધ્ધાંજલિ અર્પે છે. | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
| ૬૯૪ |  | શકરાભાઇ ગાંડાભાઇ દરજી | વલાદ | ૭૨ | વલાદ | ૫૦૬ | ૨૨.૧૨.૨૦૨૨ | ૨૬.૧૨.૨૦૨૨ |
| ૬૯૫ |  | જયાબેન ભરતભાઇ દરજી | કોટેશ્વર | ૪૪ | ચાંદખેડા | ૩૩૭ | ૨૪.૧૨.૨૦૨૨ | ૩૦.૧૨.૨૦૨૨ |
| ૬૯૬ |  | સેંધાભાઇ શકરાભાઇ દરજી | ઘાટલોડિયા | ૮૦ | રાઠોડા ભોયણ | ૧૬૭ | ૧૬.૦૧.૨૦૨૩ | ૨૦.૦૧.૨૦૨૩ |
| ૬૯૭ |  | ચંપાબેન શાંતિલાલ દરજી | ઝુલાસણ | ૭૬ | પાનસર | ૬૦૦ | ૨૭.૦૧.૨૦૨૩ | ૩૦.૦૧.૨૦૨૩ |
| ૬૯૮ |  | લલીતાબેન બચુભાઇ દરજી | ઘાટલોડિયા | ૮૨ | રક્નપુર | ૧૬૧ | ૧૧.૦૨.૨૦૨૩ | ૧૩.૦૨.૨૦૨૩ |
| ૬૯૯ |  | કાન્તીભાઇ ચીમનભાઇ દરજી | નરોડા | ૭૦ | હાલીશા | ૩૧ | ૧૮.૦૨.૨૦૨૩ | ૨૪.૦૨.૨૦૨૩ |
| ૭૦૦ |  | હર્ષદભાઇ વિનોદભાઇ દરજી | રાણીપ | ૪૪ | ધણપ | ૩૧૪ | ૧૮.૦૩.૨૦૨૩ | ૨૦.૦૩.૨૦૨૩ |
| ૭૦૧ |  | દિનેશભાઇ અંબાલાલ દરજી | ચાણક્યપુરી | ૭૧ | સાંતેજ | ૨૮૯ | ૨૨.૦૩.૨૦૨૩ | ૩૧.૦૩.૨૦૨૩ |
| ૭૦૨ |  | ચંપાબેન હસમુખભાઇ દરજી | પાલજ | ૬૮ | પાલજ | ૫૦૯ | ૦૭.૦૪.૨૦૨૩ | ૧૪.૦૪.૨૦૨૩ |
| ૭૦૩ |  | લલીતાબેન મનુભાઇ દરજી | વાવોલ | ૮૪ | વેજલપુર | ૭૫ | ૧૩.૦૪.૨૦૨૩ | ૧૭.૦૪.૨૦૨૩ |
| ૭૦૪ |  | મંગુબેન રમણલાલ દરજી | ગાંધીનગર | ૮૨ | છત્રાલ | ૪૨૩ | ૧૫.૦૪.૨૦૨૩ | ૨૧.૦૪.૨૦૨૩ |

| નંબર | ફોટો | નામ | ગામ | ઉંમર | મૂળ ગામ | કુટુંબ ક્રમાંક | અવસાન તારીખ | શ્રધ્ધાંજલિ તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭૦૫ |  | કનુભાઇ અંબાલાલ દરજી | ગાંધીનગર | ૭૬ | જમીયતપુરા | ૩૯૧ | ૧૨.૦૫.૨૦૨૩ | ૧૮.૦૫.૨૦૨૩ |
| ૭૦૬ |  | ચંદ્રિકાબેન બાબુભાઇ દરજી | ઉનાવા | ૫૩ | ઉનાવા | ૪૭૫ | ૧૮.૦૫.૨૦૨૩ | ૨૨.૦૫.૨૦૨૩ |
| ૭૦૭ |  | ધીરુભાઇ બબલદાસ દરજી | ઉનાવા | ૭૬ | ઉનાવા | ૪૭૯ | ૨૩.૦૬.૨૦૨૩ | ૩૦.૦૬.૨૦૨૩ |
| ૭૦૮ |  | મહેન્દ્રભાઇ સોમનાથ દરજી | ગાંધીનગર | ૬૩ | વાવોલ | ૪૦૫ | ૦૬.૦૭.૨૦૨૩ | ૧૩.૦૭.૨૦૨૩ |
| ૭૦૯ |  | ગીતાબેન રસિકભાઇ દરજી | ચાંદલોડીયા | ૬૬ | ભુવાલડી | ૧૪૯ | ૧૩.૦૮.૨૦૨૩ | ૨૦.૦૮.૨૦૨૩ |
| ૭૧૦ |  | નયનાબેન ગુણવંતભાઇ દરજી | સોનારડા | ૬૮ | ભરૂચ | ૪૩૭ | ૧૧.૦૯.૨૦૨૩ | ૧૭.૦૯.૨૦૨૩ |
| ૭૧૧ |  | બચુભાઇ વિસાભાઇ દરજી | ચાંદલોડીયા | ૭૭ | ચાંદલોડીયા | ૨૨૫ | ૧૫.૧૦.૨૦૨૩ | ૧૫.૧૦.૨૦૨૩ |

**સંસ્થા સમાચાર : સ્વ. શ્રી ચીનુભાઇ દરજી બેતાલીસ કો.ઓ. ક્રેડીટ સોસાયટી કલોલની ૨૧મી વાર્ષિક સામાન્ય સભા યોજાઇ**

ઉપરોક્ત ક્રેડીટ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૬-૦૭-૨૦૨૩ને રવિવાર ના રોજ સંસ્કાર ભવન હોલ, કલોલ કસ્બા કો. ઓપ. ક્રેડીટ સો.લી. કલોલ મુકામે મળી હતી. એજન્ડા પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વ્યાજની જાહેરાત થઇ હતી. સંસ્થાની કામગીરીની એક નજર...

**-: વ્યવસ્થાપક કમિટિ :-**

| | |
|---|---|
| ચેરમેન | : શ્રી મુકેશભાઇ સી. દરજી |
| મેનેજીંગ ડીરેક્ટર | : શ્રી ખોડભાઇ એન. દરજી |
| આંતરીક ઓડીટર | : શ્રી અલ્પેશભાઇ બી. વાઘેલા |
| મેનેજર | : શ્રી કૌશલ પી. દરજી |
| એકાઉન્ટન્ટ/કેશીયર | : વનિતા પી. દરજી |

શ્રી હર્ષદભાઇ એમ. દરજી
શ્રી પરેશભાઇ એસ. દરજી
શ્રી નટુભાઇ એ. દરજી
શ્રી દિપકભાઇ જી. દરજી
શ્રી પંકજભાઇ બી. દરજી

શ્રી અશોકભાઇ સી. દરજી
શ્રી શંભુભાઇ બી. દરજી
શ્રી રાજુભાઇ કે. દરજી
શ્રીમતી ભાવનાબેન ડી. દરજી
ગં.સ્વ. અલકાબેન એસ. દરજી
શ્રી શૈલૈષભાઇ એન. દરજી

| | |
|---|---|
| કુલ નફો | રૂા. ૪,૦૧,૦૪૮ |
| કુલ સભાસદ | ૬૧૬ |
| શેર ભંડોળ | રૂા. ૩૨,૯૭,૪૦૦ |
| રીઝર્વ ફંડ | રૂા. ૧,૦૦,૨૬૨ |
| ફરજીયાત બચત | રૂા. ૧,૦૬,૪૯,૭૮૩ |
| લોન ધિરાણ | રૂા. ૨,૫૨,૮૯,૪૬૨ |

**આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ**
**શ્રી બેતાલીસ ગોળ પટેલ સમાજની રાહ પર - પ્રગતિના પંથે**
**મૂળ ગામ પાનસરના અને હાલ ચેનપુર મુકામે રહેતા**
**કેળવણી મંડળના પ્રમુખ શ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલરના**
**લાડકા દિકરા ચિ. વૃતાંશે ઉચ્ચાભ્યાસર્થે કેનેડા પ્રયાણ કર્યુ**







माता शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।
न शोभते सभामध्ये हंसमध्ये बको यथा ॥

આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે જે માતા–પિતા પોતાના સંતાનોના ભવિષ્ય માટે તેના શિક્ષણનો પ્રબંધ નથી કરતા તે માતા–પિતા પોતાના સંતાનો માટે શત્રુ સમાન છે. કેમ કે એમના અભણ સંતાનની દુનિયામાં અને સમાજમાં એ પ્રમાણે કદર નહિ થાય જે પ્રમાણે હંસોના ટોળામાં બગલાની કદર થતી નથી. આજે આપણે વાત કરીએ છીએ આ શ્લોકને નિષ્ઠાપૂર્વક સાસ્વત કરનાર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ પાનસરના અને હાલ ચેનપુર અમદાવાદ મુકામે રહેતા અને સમાજસેવામાં હંમેશા અગ્રેસર એવા હાલની કેળવણી મંડળના પ્રમુખ ભાઇશ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલર અને શ્રીમતી ચંદ્રિકાબેન મેહુલભાઇ દરજીના લાડકા ચિ. વૃતાંશની.

આપણા સમાજની ગૌરવવંતી સંસ્થા શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના પ્રમુખ એવા શ્રી મેહુલભાઇ હસમુખભાઈ ટેલરના પરિવારના સભ્યને શુભેચ્છા આપીએ છીએ તો ભાઇશ્રી મેહુલભાઇની સમાજસેવા અને સમાજના લોકો પ્રત્યેનું તેમનું જે યોગદાન છે તે યાદ નહિ કરીએ તો અશોભનીય લાગશે.

સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ જાણે છે કે ગત વર્ષે તા. ૨૪.૧૨.૨૦૨૨ની સાધારણ સભામાં પૂર્વ પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી અને કેળવણી મંડળના તમામ સીનીયર સભ્યો દ્વારા સર્વાનુમતે ભાઇશ્રી મેહુલભાઇની પ્રમુખ તરીકે વરણી કરીને આ સંસ્થાની અતિ કપરી જવાબદારી તેમને સોંપવામાં આવી. સમાજના દરેક સદસ્યે આ જાણવું જોઇએ કે આ જવાબદારી ભાઇશ્રી મેહુલભાઈને એમ ને એમ અચાનક નથી સોંપવામાં આવી પરંતુ તેઓ દ્વારા સમાજના દરેક કાર્યમાં જેમ કે સમાજ દર્શનનું સંપાદન, મૃત્યુ સહાય યોજનાનું સંચાલન તથા અન્ય તમામ સમાજ સેવાલક્ષી યોજનાઓમાં કામ કરવાની તેમની તત્પરતા અને આવડતના હિસાબે આપવામાં આવેલ છે. અત્રે અમો ખુબ આનંદપૂર્વક જણાવીએ છીએ કે ભાઇશ્રી મેહુલભાઇએ આ જવાબદારી ખુબ જ સરસ રીતે સંભાળી લીધેલ છે અને સમાજના છેવાડાના માનવીની ચિંતા પણ તેઓ કરે છે. ચિ. વૃતાંશ વિષે વાત કરતા પહેલા અમો સમસ્ત સ્વ. હસમુખભાઇ બબલદાસ દરજી પરિવારનો ખાસ આભાર માનીએ છીએ.

શ્રી મેહુલભાઇ હસમુખભાઇ અને શ્રીમતી ચંદ્રિકાબેન મેહુલભાઇને ચિ. વૃતાંશ નામે એકનું એક સંતાન છે. આજે વાત છે શ્રી મેહુલભાઇ અને શ્રીમતી ચંદ્રિકાબેનના લાડકા દીકરા ચિ. વૃતાંશની, વૃતાંશનો જન્મ તા. ૧૦/૧૧/૨૦૦૩ના રોજ નારણપુરા અમદાવાદ મુકામે થયેલ અને હાલ તેઓ પોતાનું ખીલખીલાટ કરતું બાળપણ ચેનપુર (ન્યુ રાણીપ) અમદાવાદ મુકામે પોતાના પરિવાર સાથે વિતાવી રહેલ છે. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઇક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરી ને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતો ગયો. સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૯ માં આપી અને તેમાં ૭૧% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૨૧ માં ધોરણ બાર સાયન્સની પરીક્ષા પણ ૬૬.૫% ગુણ સાથે પાસ કરી. અને છેલ્લે જાન્યુઆરી ૨૦૨૨ માં ILETS ની પરીક્ષા ૬.૫ બેન્ડ સાથે પાસ કરી. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને ભાઇશ્રી મેહુલભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ચંદ્રિકાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પડી.

અત્રે કેળવણી મંડળના હોદ્દેદારો તરીકે અમે ગર્વ અનુભવીએ છીએ કે આપણા સમાજની નવી પેઢી શિક્ષણ પ્રત્યે ખુબ સજાગ છે છેલ્લા એક બે વર્ષમાં આપણા સમાજના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં સ્થાયી થયેલ છે જે સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ માટે ગૌરવની વાત છે. ભાઇ શ્રી વૃતાંશ ને ILETS માં મેળવેલ સારા બેન્ડના હિસાબે ઉચ્ચ અભ્યાસ અર્થે કેનેડા જવાનો એક સાહસિક નિર્ણય લીધો અને કેનેડાના ટોરોન્ટોમાં આવેલ પ્રસિદ્ધ જ્યોર્જ બ્રાઉન કોલેજમાં એડવાન્સ ડીપ્લોમાં ઇન કન્સ્ટ્રકશન એન્જી–નીયરીંગના ત્રણ વર્ષના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે કેનેડા સરકાર દ્વારા તેમને ત્રણ વર્ષના સ્ટુડન્ટ વિઝા ગ્રેજ્યુએશન માટે આપવામાં આવ્યા અને ત્યારબાદ બે વર્ષના વિઝા માસ્ટર ડીગ્રી માટે આપવામાં આવશે. આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ માતા–પિતા દ્વારા મળેલ સંસ્કારો, પોતાની મહેનત અને આવડતથી મળેલ છે.

કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો, હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી ચિ. વૃતાંશને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. આ ઉપરાંત તેના માતા–પિતા શ્રી મેહુલભાઈ–ચંદ્રિકાબેન, દાદા–દાદી સ્વ. હસમુખભાઈ અને ગં.સ્વ. ગીતાબેન તેમજ નાના–નાની શ્રી ગણપતભાઈ અને શ્રીમતી દેવિકાબેનને પણ ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે.

**સમાજના વધુ એક વિદ્યાર્થીએ ઉચ્ચાભ્યાસાર્થે વિદેશ પ્રયાણ કર્યુ - મૂળ ગામ વામજના અને હાલ પાદરા-વડોદરા મુકામે રહેતા શ્રી જયદીપભાઇ પ્રવીણભાઇ વાઘેલાના સુપુત્ર ચિ. હાર્દિક પ્રોજેક્ટ મેનેજમેન્ટના ઉચ્ચાભ્યાસાર્થે કેનેડા મુકામે સ્થાયી થયા**







क्षणश: कणशश्चैव विद्यामर्थं च साधयते ।
क्षणे नष्टे कुतो विद्या कणे नष्टे कुतो धनम् ॥

આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે વ્યક્તિએ એક પણ ક્ષણ ગુમાવ્યા વિના જ્ઞાન મેળવવું જોઇએ અને દરેક કણ બચાવીને સંપત્તિ એકઠી કરવી જોઈએ. ક્ષણો વેડફનાર માટે જ્ઞાન ક્યાં છે અને દરેક કણને નાનું ગણનાર માટે સંપત્તિ ક્યાં છે?. આજે આપણે વાત કરીએ છીએ આ શ્લોકને નિષ્ઠાપૂર્વક સાસ્વત કરનાર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વામજના અને હાલ પાદરા વડોદરા મુકામે રહેતા શ્રી જયદીપભાઇ પ્રવીણભાઇ વાઘેલા અને શ્રીમતી ભાવનાબેન જયદીપભાઇ વાઘેલાના લાડકા દીકરા ચિ. હાર્દિકની.

શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળમાં વર્ષોથી મંત્રી તરીકે પોતાની નિ:સ્વાર્થ સેવા આપનાર ભાઇશ્રી હર્ષદભાઇ પ્રવીણભાઇ વાઘેલાના નાના ભાઇ એવા શ્રી જયદીપભાઇ એક યુવાન અને ઉત્સાહી માણસ છે તેમના ધર્મપત્ની શ્રીમતી ભાવનાબેન પણ પોતાના પરિવાર અને સમાજ માટે સન્માનની ભાવના રાખનાર સન્નારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સમસ્ત શ્રી પ્રવીણભાઇ મણીલાલ પરિવાર શિક્ષા અને સંસ્કારોનું મહત્વ ખુબ સરસ રીતે સમજે છે અને પોતાના પરિવારના તમામ સદસ્યોને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે અભ્યાસ કરાવેલ છે. સર્વ પ્રથમ તો શ્રી પ્રવીણભાઇના મોટા દીકરા શ્રી હર્ષદભાઇ શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી સન્માનિત શિક્ષક છે. ભાઇશ્રી જયદીપભાઇ પોતે ગ્રેજ્યુએટ છે અને હાલ એક સારી કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર કામ કરી રહેલ છે અને તેમના ધર્મપત્ની શ્રીમતી ભાવનાબેન પણ પીટીસી કર્યા બાદ હાલ સ્કુલમાં બાળકો ના ભણતર માટે શિક્ષિકા તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. આ જાણકારીથી વિદિત થાય છે કે આ પરિવારે શિક્ષણના મહત્વને ખુબ જ નિષ્ઠાપૂર્વક ગ્રાહ્ય કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મૂળ ગામ વામજના સમસ્ત શ્રી પ્રવીણભાઇ મણીલાલ પરિવાર શૈક્ષણિક ક્ષેત્રની સાથે સાથે આધ્યાત્મિક ક્ષેત્રે પણ પોતાનું કર્તવ્ય નિભાવી રહેલ છે. સમસ્ત પરિવાર ભગવાન શ્રી સ્વામીનારાયણનો પરમ ભક્ત છે. સર્વાવતારી પૂર્ણપુરુષ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરી શ્રી મહંતસ્વામી મહારાજ તથા કુળદેવી શ્રી બ્રહ્માણી માતાજીની અસીમ કૃપાથી આજે આ પરિવારે દરેક ક્ષેત્રે પોતાની નામના કરેલ છે. પારિવારિક, શૈક્ષણિક, સામાજિક અને માનવસેવાના ઉચ્ચ સંસ્કારોથી આ પરિવારની દરેક વ્યક્તિ સુશોભિત છે. સમાજસેવાની નિ:સ્વાર્થ ભાવનાવાળા આ પરિવારના કોઇપણ વ્યક્તિને શુભેચ્છા આપવી એ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ માટે ગૌરવની વાત છે. અત્રે અમો સમસ્ત પ્રવીણભાઇ મણીભાઇ વાઘેલા પરિવારનો આભાર માનીએ છીએ.

ચિ. હાર્દિક વિષે જણાવતા પહેલા ભાઇશ્રી જયદીપભાઇ અને શ્રીમતી ભાવનાબેન દ્વારા પોતાના સંતાનોને જે આધ્યાત્મિક અને શૈક્ષણિક સંસ્કારોનો વારસો આપવામાં આવેલ છે તે અર્થે તેમનો આભાર માનીશું. શ્રી જયદીપભાઇ પ્રવિણભાઇ અને શ્રીમતી ભાવનાબેન જયદીપભાઇને ચિ. હાર્દિક અને કુ. માનસી એમ બે સંતાનો છે બંને સંતાનો પોતાના પરિવારના વારસા સમાન શિક્ષણ ક્ષેત્રે ખુબ હોનહાર છે. આજે વાત છે શ્રી જયદીપભાઇ અને શ્રીમતી ભાવનાબેનના લાડકા દીકરા ચિ. હાર્દિકની, હાર્દિકનો જન્મ તા. ૩૧/૦૧/૧૯૯૯ ના રોજ ગાંધીનગર મુકામે થયેલ અને હાલ તેઓ પોતાનું અભ્યાસમય બાળપણ પાદરા વડોદરા મુકામે પોતાના પરિવાર સાથે વિતાવી રહેલ છે. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઇક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતો ગયો. સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૪ માં આપી અને તેમાં ૭૩% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૧૬ માં ધોરણ બાર સાયન્સની પરીક્ષા પણ ૫૪% ગુણ સાથે પાસ કરી. અને છેલ્લે ડીસેમ્બર ૨૦૨૨ માં ILETS ની પરીક્ષા ૬.૦ બેન્ડ સાથે પાસ કરી. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને ભાઈ શ્રી જયદીપભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ભાવનાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પડી.

ભાઈશ્રી હાર્દિકને ILETS માં મેળવેલ સારા બેન્ડના હિસાબે ઉચ્ચ અભ્યાસ અર્થે કેનેડા જવા નો એક સાહસિક નિર્ણય લીધો અને કેનેડાના ઓન્ટારીઓમાં આવેલ પ્રસિદ્ધ અલગોમા યુનીવર્સીટીમાં પ્રોજેક્ટ મેનેજમેન્ટના બે વર્ષના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે કેનેડા સરકાર દ્વારા તેમને બે વર્ષના સ્ટુડન્ટ વિઝા ગ્રેજ્યુએશન માટે અને બીજા ત્રણ વર્ષ માટેના વિઝા વર્ક પરમીટ તરીકે એમ કુલ પાંચ વર્ષના વિઝા આપવામાં આવેલ છે. આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ માતાપિતા દ્વારા મળેલ સંસ્કારો, પોતાની મહેનત અને આવડતથી મળેલ છે.

કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો, હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી ચિ. હાર્દિકને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. આ ઉપરાંત તેના માતા–પિતા શ્રી જયદીપભાઈ–ભાવનાબેન, દાદા–દાદી શ્રી પ્રવીણભાઈ મણીભાઈ અને સ્વ. કાન્તાબેન પ્રવીણભાઈ તેમજ નાના–નાની શ્રી જીવણલાલ અને શ્રીમતી કોકિલાબેનને પણ ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે.

## સમાજના વધુ એક વિદ્યાર્થીએ ઉચ્ચાભ્યાસાર્થે વિદેશ પ્રયાણ કર્યુ
## મૂળ ગામ વાવોલના અને હાલ સે-૨૪, ગાંધીનગર મુકામે રહેતા શ્રી રજનીભાઇ ગોવિંદભાઇ દરજીના સુપુત્ર ચિ. આર્યન ઉચ્ચાભ્યાસાર્થે અમેરિકા મુકામે સ્થાયી થયા





एके नाषप सुवृक्षेर पुषष्ष्पतेन सुगषतधन ।
वाषसतं तिन सवगम् सुपुत्रे कु लं य़था ॥

આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે એક સુંદર પુષ્પ આખા ઝાડને સુગંધથી મઘમઘતું કરી દે છે. એવી જ રીતે એક સુપુત્રથી આખા કુટુંબનું નામ રોશન થઇ જાય છે. આજે આપણે વાત કરીએ છીએ આ સંસ્કૃત શ્લોકની પરિભાષાને હૃદયથી શાસ્વત કરનાર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વાવોલના અને હાલ સેક્ટર-૨૪, ગાંધીનગર મુકામે રહેતા શ્રી રજનીકાંત ગોવિંદભાઇ દરજી અને શ્રીમતી બીનાબેન રજનીકાંત દરજી ના લાડકા દીકરા ચિ. આર્યનની.

શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળમાં વર્ષોથી કારોબારી તરીકે પોતાની નિ:સ્વાર્થ સેવા આપનાર ભાઈશ્રી રજનીકાંત એક યુવાન અને ઉત્સાહી માણસ છે તેમના ધર્મપત્ની શ્રીમતી બીનાબેન પણ પોતાના પરિવાર અને સમાજ માટે સન્માનની ભાવના રાખનાર સન્નારી છે. સમાજ સેવા એટલે શું? સમાજ એટલે એક પરિવાર જ્યાં સંબંધોના મૂલ્ય જળવાય છે અને સબંધોની માવજત થાય છે આપણે જે સમાજમાં જન્મ લીધો છે એનું આપણા પર ઋણ છે એના વિકાસ માટે આપણે દરેકે યથા યોગ્ય યોગદાન આપવું જ જોઇએ અને સમાજવાદની વિચારધારાને સમર્થન આપવું જ જોઈએ સમાજના ચાર પાયાની જાળવણી સમાજને મજબૂત બનાવે છે સમાજના ચાર પાયામાં સંસ્કાર, સસ્કૃતિ, એકતા અને સતકર્મ છે. સમાજના દરેક લોકો આનું ધ્યાન રાખે તો સમાજનો વિકાસ ચોક્કસ થાય અત્રે ઉલ્લેખનીય છે કે સમસ્ત શ્રી ગોવિંદભાઇ બેચરદાસ પરિવાર સંસ્કાર, સસ્કૃતિ, એકતા અને સતકર્મનું મહત્વ ખુબ સરસ રીતે સમજે છે અને તેનું આચરણ કરે છે.

શ્રી રજનીકાંત ગોવિંદભાઇ વર્ષોથી સમાજસેવાના કાર્યમાં લિપ્ત છે સાથે સાથે તેમના ધર્મપત્ની બીનાબેન પણ તેમના આ કાર્યમાં પોતાનો સંપૂર્ણ સાથ અને સહકાર આપે છે. આવા પુણ્યના કામનો બદલો દરેક વ્યક્તિને અવશ્ય મળે છે. આ દંપતીએ પોતાના કઠીન સમયમાં પણ પોતાની નિ:સ્વાર્થ સેવા, પરોપકાર, ભક્તિ અને સત્કર્મ દ્વારા પોતાના પરિવારને આપણા સમાજમાં એક આદર્શ પરિવાર તરીકે સ્થાપિત કરેલ છે. તેઓએ પોતાની પારિવારિક જવાબદારી પણ ખુબ સરસ રીતે નિભાવી છે પોતે દરજીકામ કરતા હોવા છતાં પોતાના બન્ને સંતાનો શિક્ષણ ક્ષેત્રે નામના કરે અને પોતાનું ભવિષ્ય ઉજ્વળ કરે તેવા સંસ્કારોનું સિંચન કરેલ છે. પારિવારિક , શૈક્ષણિક, સામાજિક અને માનવસેવાના ઉચ્ચ સંસ્કારોથી આ પરિવારની દરેક વ્યક્તિ સુશોભિત છે. સમાજસેવાની નિ:સ્વાર્થ ભાવના વાળા આ પરિવારના કોઇપણ વ્યક્તિને શુભેચ્છા આપવી એ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ માટે ગૌરવની વાત છે. અત્રે અમો સમસ્ત ગોવિંદભાઇ બેચરદાસ દરજી પરિવારનો આભાર માનીએ છીએ.

શ્રી રજનીકાંત ગોવિંદભાઇ અને શ્રીમતી બીનાબેન રજનીકાંતને ચિ. આર્યન અને ચિ. મંથન એમ બે સંતાનો છે બંને સંતાનો પોતાના પરિવારના વારસા સમાન શિક્ષણક્ષેત્રે ખુબ હોનહાર છે. આજે વાત છે ચિ. આર્યનની, ચિ.આર્યનનો જન્મ તા. ૨૫/૧૨/૨૦૦૧ના રોજ અમદાવાદ મુકામે થયેલ અને હાલ તેઓ પોતાનું અભ્યાસમય બાળપણ સેક્ટર-૨૪ ગાંધીનગર મુકામે પોતાના પરિવાર સાથે વિતાવી રહેલ છે. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઇક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતો ગયો. સૌપ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૭ માં આપી અને તેમાં ૬૭% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૧૯ માં ધોરણ બાર સાયન્સ ની પરીક્ષા પણ ૭૮% ગુણ સાથે પાસ કરી. અને છેલ્લે ડીસેમ્બર ૨૦૨૨ માં ILETS ની પરીક્ષા ૬.૦ બેન્ડ સાથે પાસ કરી. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને ભાઇશ્રી રજનીકાંત અને તેમના ધર્મપત્ની શ્રીમતી બીનાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પાડી.

ચિ. આર્યન ને ILETS માં મેળવેલ સારા બેન્ડના હિસાબે ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા જવાનો એક સાહસિક નિર્ણય લીધો અને અમેરિકાના ફેરફિલ્ડસીટીમાં આવેલ પ્રસિદ્ધ સેક્રેડ હાર્ટ યુનીવર્સીટીમાં MS IN BUISNESS ANALYTICS ના બે વર્ષના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે અમેરિકન સરકાર દ્વારા તેમને બે વર્ષના સ્ટુડન્ટ વિઝા ગ્રેજ્યુએશન માટે અને બીજા ત્રણ વર્ષ માટેના વિઝા વર્ક પરમીટ તરીકે એમ કુલ પાંચ વર્ષના વિઝા આપવામાં આવેલ છે. આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ માતા-પિતા દ્વારા મળેલ સંસ્કારો, પોતાની મહેનત અને આવડતથી મળેલ છે.

કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો, હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી ચિ. આર્યનને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. આ ઉપરાંત તેના માતા-પિતા શ્રી રજનીકાંત - શ્રીમતી બીનાબેન, દાદા-દાદી સ્વ. શ્રી ગોવિંદભાઇ - ગં.સ્વ. શ્રી સવિતાબેન તેમજ નાના-નાની શ્રી મનુભાઇ - શ્રીમતી ભગવતીબેન અને સમસ્ત ગોવિંદભાઇ બેચરદાસ પરિવારને પણ ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે.

## કુમારી સલોની ગૌતમભાઇ દરજી ઉચ્ચાભ્યાસાર્થે અમેરિકાના વિઝા મેળવવા બદલ શુભેચ્છા / અભિનંદન



न हि ज्ञानेत सदुंशं पवित्रमहि विद्यते ।
तत्स्वयं योगसंसिध्धः कालेनात्मनि विंदति ॥

આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે જ્ઞાનથી અધિક પવિત્ર આ સંસારમાં બીજું કશુજ નથી. યોગમાં સિદ્ધ થયેલ વ્યક્તિ જ જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. ભારતીય નારી સાચા અર્થમાં નારાયણી અને પુરુષ સમોવડી બને એમાં એની એકલીનું જ નહિ પણ તેના પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું કલ્યાણ થાય છે. આજે આપણે વાત કરીએ છીએ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ચિલોડાના અને હાલ જહાંગીરપુરા અમદાવાદ નિવાસી અને સ્વભાવે સરળ અને ખુબ મહેનતુ એવા ભાઇશ્રી ગૌતમભાઇ કનુભાઇ દરજી અને શ્રીમતી રૂપલબેન ગૌતમભાઇ દરજીની લાડકી દીકરી કુ. સલોનીની.

કુ.સલોનીને આજે આપણે સૌ શુભેચ્છા આપવા ભેગા થયેલ છે તો સર્વ પ્રથમ એમના પરિવારના સંઘર્ષ વિષે જાણીશું. ભાઇશ્રી ગૌતમભાઇના પિતા સ્વ. કનુભાઇ બબલદાસ દરજી પોતાના પરિવારને છોડીને તા. ૨૫.૦૯.૨૦૧૮ ના રોજ સ્વર્ગલોક સિધાવ્યા. પરંતુ નિડર અને મહેનતુ એવા ભાઇશ્રી ગૌતમભાઇએ પોતાના પરિવારને સાચવી લીધો. ભાઇશ્રી ગૌતમભાઇ પણ પોતાના પિતાની જેમ ખુબજ મહેનતુ અને પરિપક્વ છે અને પોતાના પિતાની જેમ આખા પરિવારની જવાબદારી પોતાના સિરે લઇ લીધી. શ્રી ગૌતમભાઇ અને રૂપલબેનને સંતાનમાં એક વ્હાલી દીકરી કુ. સલોની છે. શ્રી ગૌતમભાઇ અત્યારે પોતાના પરિવારની નાણાકીય સદ્ધરતા માટે ખુબ જ મહેનત કરી રહ્યા છે અને પરમ કૃપાળુ ભગવાન તેમને તેમની આ મહેનતનું ફળ આપી રહેલ છે.

હવે આપણે વાત કરીશુ કુ. સલોનીની, કુ. સલોનીનો જન્મ તા. ૧૭/૧૦/૨૦૦૨ ના રોજ અમદાવાદ મુકામે થયેલ અને પોતાનું બાળપણ જહાંગીરપુરા મુકામે પોતાના પરિવાર સાથે વિતાવી રહેલ છે. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઇક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતી ગઇ. સૌપ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૮ માં આપી અને તેમાં ૮૫% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૨૦ માં ધોરણ બાર ની પરીક્ષા પણ ૭૫% ગુણ સાથે પાસ કરી. અને છેલ્લે ગત વર્ષ ૨૦૨૨ માં અતિ કઠીન ગણાતી ડુઓલિંગોની પરીક્ષા ખુબ સારા માર્ક્સ સાથે પાસ કરી. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજની આ દીકરીને ભાઇશ્રી ગૌતમભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી રૂપલબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પડી.

સ્પર્ધાત્મક પરીક્ષા માં મેળવેલ સારા માર્ક્સના હિસાબે કુ. સલોનીએ ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા જવાનો એક સાહસિક નિર્ણય લીધો અને અમેરિકાના ઓહિયોમાં આવેલ પ્રસિદ્ધ કલેવલેન્ડ યુનિવર્સીટીમાં માસ્ટર ઓફ બીઝનેસના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે અમેરિકા સરકાર દ્વારા તેમને સ્ટુડન્ટ વિઝા આપવા માં આવ્યા.

શ્રી ગૌતમભાઇ અને શ્રીમતી રૂપલબેન દ્વારા પોતાની દીકરીના આ નિર્ણય માન્ય રાખીને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પાડી છે તેમની એ સમજણને સલામ છે. તેઓશ્રીએ સમાજની અન્ય દીકરીઓના માતાપિતાને પ્રેરણારૂપ બને તેવી હિંમત દાખવી છે જે અભિનંદનને પાત્ર છે.

અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી કુ. સલોનીને અભિનંદન આપવામાં આવે છે અને તેમની અમેરિકાની યાત્રા નિર્વિઘ્ન રહે અને ભવિષ્યમાં તે જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ અત્રે વ્યક્ત કરવા માં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું ગૌરવ મૂળ ગામ કોબાના શ્રી રવિ અમૃતભાઇ દરજીને અમેરિકાની સીટીઝનશીપ મેળવવા બદલ હાર્દિક શુભેચ્છાઓ




चलन्ति गिरयः कामं युगान्तपवनाहताः ।
कृच्छेडपि न चलत्येव धीराणां निश्चलं मनः ॥

આ સંસ્કૃત શ્લોક નો અર્થ એ છે કે પ્રલયકાળના પવનોના અથડાવાથી પર્વતો ભલેને ડોલવા લાગે! પરંતુ ધીર જનોના અડગ મન કષ્ટ આવી પડવા છતાં પણ ડગતા નથી. આજે આપણે વાત કરીએ છીએ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વાવોલ / કોબાના અને હાલ વૈષ્ણોદેવી, અમદાવાદ મુકામે રહેતા અને સમાજ સેવામાં હમેશા અગ્રેસર એવા ભાઇશ્રી અમૃતભાઇ નટવરલાલ દરજી અને શ્રીમતી પરેશાબેન અમૃતભાઇ દરજીના લાડકા દીકરા ભાઇશ્રી રવિની.

સમગ્ર બેતાલીસ ગોળ દરજી સમાજમાં સ્વ. શ્રી નટવરલાલ બબલદાસ પરિવારનું એક અલગ, ઉચ્ચ અને સન્માનીય સ્થાન છે. સ્વ. નટવરલાલનો સમાજ સેવાનો વારસો હાલ પણ તેમના પુત્રો શ્રી અમૃતભાઇ, શ્રી શૈલેશભાઇ અને સ્વ. શ્રી મહેશભાઇએ જાળવી રાખ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું કોઇપણ સેવાલક્ષી કાર્ય હોય અને કેળવણી મંડળ તરફથી જયારે પણ દાનભેટની ટહેલ નાખવામાં આવે ત્યારે આ સમાજસેવી અને સેવાભાવી પરિવારનો ફાળો અવશ્ય હોય જ. ભાઇશ્રી રવિ વિષે વાત કરતા પહેલા અમો સમસ્ત નટવરલાલ બબલદાસ દરજી પરિવારનો ખાસ આભાર માનીએ છીએ.

શ્રી અમૃતભાઇ નટવરલાલ અને શ્રીમતી પરેશાબેન અમૃતભાઇને ચિ. રવિ અને ચિ. કૃણાલ એમ બે સંતાન છે. અત્રે

ઉલ્લેખનીય છે તેમનો દીકરો ચિ. કૃણાલ પણ ઉચ્ચ અભ્યાસને વરેલ છે અને Physiotherapist ની ડીગ્રી કરીને ડોક્ટર તરીકે પ્રેક્ટીસ કરી રહેલ છે. આજે વાત છે શ્રી અમૃતભાઇ અને શ્રીમતી પરેશાબેનના લાડકા મોટા દીકરા શ્રી રવિની, રવિનો જન્મ તા. ૩૦/૦૩/૧૯૯૪ના રોજ રાણીપ મુકામે થયેલ અને પોતાનું ખીલખીલાટ કરતું બાળપણ ઘાટલોડિયા મુકામે પોતાના પરિવાર સાથે વિતાવેલ છે. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઇક કરી ચૂકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતો ગયો.

સૌ પ્રથમ ધોરણ દસની પરીક્ષા વર્ષ ૨૦૧૦માં આપી અને તેમાં ૭૨% ગુણ મેળવ્યા ત્યારબાદ વર્ષ ૨૦૧૨ માં ધોરણ બાર સાયન્સની પરીક્ષા પણ ૫૨% ગુણ સાથે પાસ કરી. અને છેલ્લે ઇલેક્ટ્રોનીક્સ કોમ્યુનીકેશન અને ટોફેલની પરીક્ષા સારા માર્ક સાથે પાસ કરી. આટલી ઝળહળતિ કારકિર્દી ધરાવનાર સમાજના આ દીકરાને ભાઇશ્રી અમૃતભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી પરેશાબેને સંપૂર્ણ પ્રેરણા પૂરી પડી.

અત્રે કેળવણી મંડળના હોદ્દેદારો તરીકે અમે ગર્વ અનુભવીએ છીએ કે આપણા સમાજની નવી પેઢી શિક્ષણ પ્રત્યે ખુબ સજાગ છે છેલ્લા એક બે વર્ષમાં આપણા સમાજના ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં સ્થાયી થયેલ છે જે સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ માટે ગૌરવની વાત છે. ભાઇશ્રી રવિને ટોફેલમાં મેળવેલ સારા પરિણામના હિસાબે ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા જવાનો એક સાહસિક નિર્ણય લીધો અને અમેરિકાના શિકાગોમાં આવેલ પ્રસિદ્ધ કોલેજમાં કોમ્પ્યુટર સાયન્સના કોર્ષમાં એડમિશન લીધું અને તે અન્વયે અમેરિકા સરકાર દ્વારા તેમને સ્ટુડન્ટ વિઝા આપવામાં આવ્યા. આ વિઝા તેમને તેમના નસીબથી નથી મળ્યા પણ માતા પિતા દ્વારા મળેલ સંસ્કારો, પોતાની મહેનત અને આવડતથી મળેલ છે. તેમના કુળદેવીની કૃપાથી તેઓ આ સિદ્ધિને વર્યા છે. ભાઇશ્રી રવિની ભણવાની અને કામ કરવાની આવડત અને લગનને કારણે તા. ૦૮.૧૧.૨૦૨૨ ના રોજ અમેરિકન સરકાર દ્વારા સીટીઝન કાર્ડ આપવામાં આવેલ છે જે સમસ્ત સમાજ અને તેમના પરિવાર માટે ગર્વની વાત છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇશ્રી રવિ ત્યાં અભ્યાસની સાથે સાથે ગેસ સ્ટેશન નો બીઝનેસ કરી રહેલ છે.

કેળવણી મંડળના તમામ કારોબારી સભ્યો , હોદ્દેદારો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ દરજી સમાજ વતી શ્રી રવિને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેઓ પોતાની શૈક્ષણિક કારકિર્દીમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. શ્રી અમૃતભાઇ અને શ્રીમતી પરેશાબેન દ્વારા પોતાના દીકરાના આ નિર્ણયને સ્વીકારીને તેને પોતાના જીવનમાં આગળ વધવાની તક પૂરી પાડી છે તેમની એ સમજણને સલામ છે. તેઓ શ્રી એ સમાજના અન્ય સંતાનોના માતા પિતાને પ્રેરણારૂપ બને તેવી હિંમત દાખવી છે જે અભિનંદનને પાત્ર છે.

સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી ભાઇશ્રી અમૃતભાઇ નટવરલાલ, શ્રીમતી પરેશાબેન, શ્રીમતી ક્રીનલબેન રવિભાઇ, ભાઇશ્રી કૃણાલ, શ્રીમતી કોમલબેન કૃણાલભાઇ અને સમસ્ત નટવરલાલ પરિવારને અભિનંદન આપવામાં આવે છે અને ભાઇશ્રી રવિ પોતાના જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ આપવામાં આવે છે.

## ડૉ. સંકેત ઇન્દ્રવદનભાઇની અમદાવાદની પ્રતિષ્ઠિત હોસ્પિટલમાં સર્જન તરીકે નિમણુક




શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ઝુંડાલના અને હાલ મોટેરા નિવાસી અને સમાજસેવામાં હંમેશા અગ્રેસર એવા ભાઇ શ્રી ઇન્દ્રવદનભાઇ માણેકલાલ દરજી અને શ્રીમતી શોભનાબેન ઇન્દ્રવદનભાઇ દરજીના લાડકા સંતાનો ડૉ. નિયતિ અને ડૉ. સંકેત પોતાના પિતાશ્રી અને માણેકલાલ પરિવારના વારસાને ખુબ સરસ રીતે નિભાવી રહેલ છે. આપણા સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં સ્વ. શ્રી માણેકલાલ છબીલદાસ પરિવારના દરેક સભ્યનું એક અલગ, ઉચ્ચ અને સન્માનીય સ્થાન છે. શ્રી ઇન્દ્રવદનભાઇ માણેકલાલ અને શ્રીમતી શોભાનાબેન ઇન્દ્રવદનને ચિ. સંકેત અને કુ. નિયતિ એમ બે સંતાન છે. ડૉ. નિયતિ દ્વારા વર્ષ ૨૦૧૪ માં SVP હોસ્પિટલ અમદાવાદ મુકામેથી MBBS ની પરીક્ષા પાસ કરી અને વડોદરા મુકામે M.S.OBS – GYNEC (સ્ત્રી રોગના નિષ્ણાંત) તરીકે કાર્યરત છે. શ્રી ઇન્દ્રવદનભાઇ અને શ્રીમતી શોભનાબેનના નાના સુપુત્ર ભાઇ શ્રી સંકેત એક ઉચ્ચ ઝળહળતી શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે. તા. ૩૦.૧૦.૧૯૯૮ ના રોજ જન્મેલ સંકેત દ્વારા ફક્ત ૨૪ વર્ષની નાની વયે શૈક્ષણિક સફળતાના ઉચ્ચ સોપાનો સર કરેલ છે. વર્ષ ૨૦૨૧માં SVPહોસ્પિટલ, અમદાવાદ મુકામેથી MBBSની પરીક્ષા પાસ કરી અને ત્યારબાદ NEET PG NEET PG EXAM પાસ કરેલ અને PG પ્રવેશ માટે લાયક ઠરેલ. હાલમાં જ તેઓ શ્રી દવારા Dr. M K SHAH મેડીકલ કૉલેજ માં PG {kt M S GENERAL SURGERY માં એડમીશન મળેલ છે જે આપણા સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ માટે ગૌરવની વાત છે. સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી ડૉ. સંકેત ઇન્દ્રવદનભાઇ દરજીને અભિનંદન આપવામાં આવે છે અને ભવિષ્યમાં તેઓ જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ આપવામાં આવે છે. સાથે સાથે ભાઇ શ્રી ઇન્દ્રવદનભાઇ માણેકલાલ અને શ્રીમતી શોભનાબેન ઇન્દ્રવદનભાઇ અને સમસ્ત માણેકલાલ છબીલદાસ પરિવારને અભિનંદન આપવામાં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના ગાંધીનગરના શ્રી જીતેન્દ્રભાઇ મનુભાઇના સુપુત્ર ડોક્ટર શ્રી રોનકભાઈની મેડીકલ ઓફિસર તરીકે નિમણુક.



શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની હાલની કારોબારી મંડળના કારોબારી સભ્ય એવા શ્રી જીતેન્દ્રભાઇ મનુભાઇના ડોક્ટર શ્રી રોનક જીતુભાઇ દરજી દ્વારા વર્ષ ૨૦૨૨ માં હિંમતનગર મેડિકલ કોલેજ (GMERS), માંથી વર્ષ ૨૦૨૨ માં MBBS નો અભ્યાસ સારા માર્કસ સાથે પૂર્ણ કરેલ. પોતાના અભ્યાસકાળ દરમિયાન ડૉ. શ્રી રોનકભાઇ દ્વારા કોરોનાની મહામારીમાં ખેડબ્રહ્મા અને ઇડર આરોગ્ય કેન્દ્રમાં કોવીડના દર્દીઓની નિષ્ઠાપૂર્વક સેવા કરવામાં આવેલ. તેઓશ્રીની સેવાના બદલામાં હાલમાં જ ગુજરાત સરકારશ્રી દ્વારા તેઓશ્રીની કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, કલ્યાણા, સિદ્ધપુરમાં મેડિકલ ઓફિસર તરીકે નિમણૂક કરવામાં છે. ડૉક્ટર રોનકની આ સિદ્ધિઓને કેળવણી મંડળ બિરદાવે છે અને સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ વતી તેમના માતા-પિતા શ્રી જીતેન્દ્રભાઇ મનુભાઇ દરજી અને શ્રીમતી રશ્મીકાબેન જીતેન્દ્રભાઇ દરજી તેમજ સમસ્ત પરિવારને અભિનંદન આપવામાં આવે છે તેમજ ડૉક્ટર રોનક આજીવન સેવારત રહે અને આપણા સમાજના અન્ય સભ્યોને સહાયક બને તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરીએ છીએ.

## કેળવણી મંડળના આજીવન – દાનેશ્વર સભ્ય બની તેમજ પરિવાર દીઠ વાર્ષિક લવાજમ ભરીને આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ પ્રત્યે કૃતજ્ઞ બનીયે

કોઇપણ સંસ્થા હોય તેનું પીઠબળ તેની સભ્ય સંખ્યા હોય છે. શ્રી બેતાલીસ ગોળ કેળવણી મંડળ આપ સૌ સમાજના સભ્યોનું પ્રતિનિધિત્વ પૂરું પાડે છે. આપણા સમાજની હાલની પરિસ્થિતિ જોઇએ તો આપણી આ સંસ્થા ઇ.સ. ૧૯૮૪ માં ચાલુ કરવામાં આવી ત્યારે સમાજના આગેવાનો દ્વારા તે સમયના દરેક કુટુંબમાંથી એક મોભીને આજીવન સભ્ય બનાવવામાં આવેલ પરંતુ હાલની પરિસ્થિતિમાં લગભગ એજ સભ્યો આજીવન સભ્ય તરીકે નોંધાયેલા છે. તે સમયે નોંધાયેલ આજીવન સભ્યોની બીજી કે ત્રીજી પેઢી આજની તારીખે પોતાના કુટુંબના મોભી હશે પરંતુ મોટાભાગના સભ્યો હજુ સુધી પોતાનું નામ કેળવણી મંડળમાં આજીવન સભ્ય તરીકે નોંધાવેલ નથી જે ઇચ્છનીય નથી. કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિદ્યાલક્ષી યોજનાઓ જેવી કે દર વર્ષે પુસ્તક સહાય, વિદ્યાર્થી સહાય વિગેરેનો લાભ આપણા સમાજના દરેક વિદ્યાર્થીઓને મળે તે ઇચ્છનીય છે પરંતુ તે વિદ્યાર્થીના પિતાશ્રી કેળવણી મંડળના આજીવન સભ્ય હોય તે ફરજીયાત છે. જે વિદ્યાર્થીના દાદા આજીવન સભ્ય હોય અને પિતા ના હોય તો તે વિદ્યાર્થીને સમાજ તરફથી અપાતા વિદ્યાસહાય અથવા કોઇપણ સહાયના લાભ મેળવવા માટે યોગ્ય નથી. વર્ષ ૨૦૨૦ સુધી કેળવણી મંડળ દ્વારા સમાજના તમામ વિદ્યાર્થીઓનું હિત જોઇને આવી સહાય આપવામાં આવેલ છે પરંતુ હવેથી પોતાના સંતાનો માટે પુસ્તક સહાય મેળવવા માંગતા દરેક વાલીએ પોતાનું નામ આજીવન સભ્ય તરીકે ફરજીયાત નોંધાવવાનું રહેશે. એવું પણ નથી કે કુટુંબના વડા જ આજીવન સભ્ય બની શકે ૧૮ વર્ષથી ઉપરના દરેક ભાઇઓ તેમજ બહેનો આજીવન સભ્ય બની શકે છે. છેલ્લે સમાજના તમામ સભ્યો કે જે હજુ સુધી આજીવન સભ્ય નથી બન્યા તે તમામને નમ્ર વિનંતી કે આપણી આ સહિયારી સંસ્થાની વિનંતીને માન આપીને વહેલી તકે પોતાનું નામ આજીવન સભ્ય તરીકે નોંધાવી સમાજ પ્રત્યેની પોતાની ફરજ અદા કરે.

અત્રે ઉલ્લેખનીય છે કે કેળવણી મંડળ દ્વારા ચાલુ કરવામાં આવેલ મૃત્યુ સહાય યોજનામાં પણ પરિવારના પાંચ સભ્યોમાંથી એક સભ્ય આજીવન સભ્ય હોવો જરૂરી છે અન્યથા તેઓ આ યોજનાનો કોઇપણ લાભ મેળવી શકશે નહિ. આથી કેળવણી મંડળ તરફથી વિનંતી કરવામાં આવે છે કે જે સભ્ય હજુ સુધી આજીવન સભ્ય ના બન્યો હોય તે રૂા. ૫૦૧/- ભરીને પોતાના એરિયા ના કારોબારી સભ્ય પાસે નામ નોંધાવી લે.

આ ઉપરાંત કેળવણી મંડળ દ્વારા દિવાળી પર્વ નિમિત્તે સમાજના સભ્યો પાસેથી રૂા. ૨૫૦/- દાનભેટ ઉઘરાવવામાં આવતી હતી તે બંધ કરીને અન્ય સમાજની જેમ સમાજના પ્રત્યેક પરિવાર દીઠ વાર્ષિક રૂા. ૫૦૦/- લવાજમ લેવું તેવું તા. ૨૪.૧૨.૨૦૨૨ ના રોજ મળેલ સાધારણ સભામાં સમાજના હાજર તમામ સદસ્યોની સર્વસંમતિથી ઠરાવવામાં આવેલ છે. તો કેળવણી મંડળ વતી સમાજના દરેક પરિવારને અત્રે નમ્ર વિનંતી કરવામાં આવે છે કે દર વર્ષે તા. ૩૧.03 સુધીમાં પોતાનું વાર્ષિક લવાજમ પોતાના એરિયાના કારોબારી સભ્ય ને પહોચતું કરવું.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા ચાલુ કરવામાં આવેલ મૃત્યુ સહાય યોજનાને સમાજના દરેક પરિવારનો સહયોગ. સમાજની માંગણીને લઇ બીજા ૧૫ દિવસ સુધી સભ્ય નોંધવાનું ચાલુ કરવામાં આવ્યું.

આથી કેળવણી મંડળ વતી અમોને એક અત્યંત લાગણીમય અનુભૂતિ સહ જણાવતા આનંદ થાય છે કે સમાજના છેવાડાના વ્યક્તિને અને તેના પરિવારને પોતાના સ્વજનના અવસાન સમયે પડતી નાણાકીય તકલીફ દુર કરવાના ઉદ્દેશ્યથી ચાલુ કરવામાં આવેલ મૃત્યુ સહાય યોજનામાં સમાજના બહુધા પરિવારોએ પોતાનો સહયોગ આપેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે, જે બદલ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ આપણા સમાજના દરેક જ્ઞાતિજનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે, વધુમાં આ મૃત્યુ સહાય યોજના અંતર્ગત તા. ૦૧/૦૬/૨૦૨૨ થી આજદિન સુધીમાં કુલ ૧૭ મૃતક સભાસદનાં વારસદારોએ મૃત્યુ દીઠ રૂા. ૩૫,૦૦૦/- ની મૃત્યુ સહાય મેળવેલ છે, અને આ સમયમાં કેળવણી મંડળના ધ્યાનમાં આવ્યા મુજબ આ

યોજનામાં હજુ પણ આપણા સમાજના ઘણા પરિવારો આ યોજનાથી વંચિત રહી ગયેલ છે. અને કેળવણી મંડળને સમાજના  ઘણા પરિવારો તરફથી આ યોજનામાં સભ્ય થવા માટે રજુઆત પણ કરવામાં આવેલ. તો સમાજના પરિવારોના હિતને ધ્યાનમાં રાખીને કેળવણી મંડળ દ્વારા આ યોજનામાં બાકી રહી ગયેલ સભ્યોને દાખલ થવા આ યોજનાને તા. ૦૧/૦૪/૨૦૨૩ થી ૧૫/૦૪/૨૦૨૩ સુધી ૧૫ દિવસ સુધી નવા સભ્યપદ માટે શરૂ કરવામાં આવેલ.

આ યોજના અંતર્ગત જે સભ્યો પહેલા સભ્ય બની ગયેલ હતા અને તે સભ્યોએ અધવચ્ચેથી બંધ થઇ ગયેલ છે, તે સભ્યો માટે આ યોજનામાં પુનઃજોડાવા જે મૃત્યુ સહાયથી ફાળો જમા કરાવવાનો બાકી રહેલ છે, ત્યારથી અત્યાર સુધીના મૃત્યુ સહાયના ફાળાના રકમની ઉપરાંત રૂપિયા ૨૦૦/- લેટ ફી સાથે જમા કરાવીને ફરીથી સભ્યપદ મેળવવા માટેનો લાભ આપવામાં આવેલ.

## કેળવણી મંડળ દ્વારા આ વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનાર સમાજના તમામ વિદ્યાર્થીઓના ઘરે રૂબરૂ મુલાકાત લઇને શુભેચ્છાઓ આપવામાં આવી



કેળવણી મંડળ દ્વારા દર વર્ષે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીને ઘરે રૂબરૂ મળીને શુભેચ્છા પત્ર, બોલ પેન, મોર પીંછ, ચોકલેટ અને શુકનના રૂપિયા આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ વર્ષે માર્ચ-૨૦૨૩ માં બોર્ડની પરીક્ષા આપનાર તમામ વિદ્યાર્થીઓના વાલીઓને વિનંતી કરીને ધોરણ ૧૦ અને ૧૨ માં અભ્યાસ કરતા તેમનાં પુત્ર / પુત્રી ની વિગતવાર માહિતી મેળવીને તમામ વિદ્યાર્થીઓનું લીસ્ટ બનાવીને તમામના શુભેચ્છા પત્ર તૈયાર કરવામાં આવ્યા અને આપણાં સમાજના કેળવણી મંડળની કારોબારી સમિતિની ટીમ દ્વારા સમાજના તમામ વિસ્તારો જેમ કે શીલજ, આંબલી, બોપલ, વેજલપુર, ચાંદલોડિયા, નરોડા, ઓગણજ, ચેનપુર, ઘાટલોડિયા, સોલારોડ, ચાંદખેડા, ઉનાવા, માધુપુરા, કોબા, ગાંધીનગર, વાવોલ, અંબાવપુરા, કલોલ, અને અન્ય બીજા વિસ્તારમાં રહેતા આપણાં સમાજના ધો- ૧૦ અને ધો-૧૨ માં બોર્ડની પરીક્ષા આપનારા તમામ વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈને તેમને શુભેચ્છા પત્ર અને શુભેચ્છા કીટ આપીને પ્રોત્સાહિત કરવામા આવ્યાં .

કેળવણી મંડળના સભ્યો દ્વારા આ તમામ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવે અને તેમના પરિવાર અને સમાજનું ગૌરવ બને તેવી શુભેચ્છાઓ આપવામાં આવી.

## ચાંદખેડાના શ્રી હિતેશભાઇ મહેશભાઇ દરજીના ઘરે લક્ષ્મીરૂપી દિકરીનો જન્મ



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ચાંદખેડાના અને હાલ ચાંદખેડા મુકામે જ રહેતા શ્રી મહેશભાઇ ભલાભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી સરોજબેન મહેશભાઇ દરજીના સુપુત્ર ભાઇશ્રી હિતેશભાઇ મહેશભાઇ દરજી અને શ્રીમતી ભાવનાબેન હિતેશભાઇ દરજીના પરિવારમાં તા. ૧૧.૦૬.૨૦૨૩ના રોજ લક્ષ્મીરૂપી ચિ. સાન્વીના જન્મથી ખુશીનો માહોલ સર્જાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇશ્રી મહેશભાઇ ભલાભાઇ દરજી આપણા સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ છે તેઓ સ્વભાવે પરોપકારી અને સજ્જન વ્યક્તિ છે. તેમના સમસ્ત સદગુણોને તેમના પુત્ર ભાઇશ્રી હિતેશભાઇએ સંપૂર્ણપણે સાશ્વત કરેલ છે. સમાજના દરેક વ્યક્તિ પ્રત્યે માન અને સન્માનથી રહેવું અને કોઇની જરૂરિયાત સમયે હંમેશા હાજર રહેવું તે આ પરિવારનો નિયમ છે. આવા સમાજ પ્રેમી પરિવારના ઘરે આનંદનો અવસર આવેલ છે. તે નિમીત્તે કેળવણી મંડળ સમસ્ત સમાજ વતી દાદા શ્રી મહેશભાઇ, દાદી શ્રીમતી સરોજબેન, પિતા શ્રી હિતેશભાઇ, માતા શ્રીમતી ભાવનાબેન, નાના શ્રી ભુપેન્દ્રભાઇ અને નાની શ્રીમતી પારૂલબેનને ખુબ અભિનંદન આપે છે અને ચિ. સાન્વીને સુખી અને દિર્ઘાયુ જીવનના આશીર્વાદ આપવામાં આવે છે.

## સમાજ સેવાની સાથે સાથે ધર્મ સેવાના માર્ગે કેળવણી મંડળના પૂર્વ પ્રમુખશ્રીઓ

### કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ શ્રી બિપીનચંદ્ર દરજી દ્વારા પોતાના ધર્મ પ્રત્યેની નિષ્ઠાને અનુસરી પોતાના ધર્મપત્ની સાથે ૩૫ દિવસની યાત્રા કરી આવ્યા.





આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ મેર્ડાઆદરજના અને હાલ કલોલ નિવાસી શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી ઉષાબેન બિપીનચંદ્ર દરજીથી આપણો સમસ્ત દરજી સમાજ સુપેરે પરિચિત છે એટલે કે તેમનો પરિચય આપવાની અમારે કોઇ જરૂર નથી. હાલની કેળવણી મંડળના અતિઉત્સાહી મુખ્ય કાર્યકારી પ્રમુખ એવા શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી હાલ આપણા સમાજના વિવિધ સેવાલક્ષી કાર્યોમાં અને પોતાના ધંધાકીય કાર્યોમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં પોતાના પરિવાર પ્રત્યેની ફરજ પ્રત્યે હંમેશા જાગૃત રહે છે. તેઓશ્રી એક

તેજસ્વી, ઉદ્યમી, ખંતીલા, હિંમતવાન અને સમર્પિત સાહસકાર છે. તેઓશ્રીએ શૂન્યમાંથી સર્જન કરવાના ગુણને ખુબજ સાહજિકતાથી આત્મસાત કરેલ છે. ખુબજ મહેનત દ્વારા તેમણે પ્રાપ્ત કરેલ સિદ્ધિના સોપાનોએ તેમની આવડત, બુદ્ધિમત્તા અને વ્યવસાયિક સંબંધો જાળવવાની કાબીલયતની ફલશ્રુતિ છે.

માનનીય શ્રી બિપીનચંદ્રની તેમના ધંધાકીય સફળતાની સાથે સાથે તેમના સામાજિક જીવન પ્રત્યેની સમર્પિતતાનો ઉલ્લેખ નહિ કરીયે તો તે અશોભનીય ગણાશે. ભાઈશ્રી બિપીનચંદ્ર પોતાની જીવનની આટલી વ્યસ્તતા વચ્ચે પણ કેળવણી મંડળમાં મુખ્ય કાર્યકારી પ્રમુખના હોદ્દા પર રહીને પોતાની સેવાઓ આપી રહેલ છે. જયારે પણ આપણા સમાજની કોઇપણ સંસ્થા જેમ કે કેળવણી મંડળ કે સમુહલગ્ન સમિતિ દ્વારા દાનભેટ / સહકાર માટે ટહેલ નાખેલ છે ત્યારે શ્રી બિપીનચંદ્ર અને તેમના પરિવારે હરહંમેશ સહકાર આપીને ખુશી વ્યક્ત કરેલ છે. આવા સાહસિક અને દાનવીર સભ્ય આપણા સમાજમાં હોવા બદલ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ગર્વ અનુભવે છે.

હાલ શ્રી બિપીનચંદ્ર અને તેમના ધર્મપત્ની શ્રીમતી ઉષાબેન પોતાના જીવનમાં જેટલી થઇ શકે તેટલી ધાર્મિક યાત્રાઓ કરીને પોતાના જીવનમાં પુણ્યનું ભાથું બાંધવા માંગે છે. તે અંતર્ગત હાલમાં જ તેઓશ્રી તા. ૦૫.૦૬.૨૦૨૩ થી તા. ૦૯.૦૭.૨૦૨૩ એમ ૩૫ દિવસની સમગ્ર દક્ષિણ ભારત, નેપાળ અને દસ જ્યોતિર્લીંગની યાત્રા કરીને પરત આવેલ છે ત્યારે સમસ્ત દરજી સમાજ અને કેળવણી મંડળ પોતાના આ અદના સેવકની ભાવનાઓને બિરદાવીને તેમની આ યાત્રાની સફળતા બદલ હાર્દિક અભિનંદન આપે છે અને બન્ને પતિ-પત્ની ભવિષ્યમાં પણ આ પ્રમાણે પોતાની ધાર્મિક યાત્રાઓ કરતા રહે અને સાથે સાથે આપણા સમાજની સેવામાં પોતાનું યોગદાન આપતા રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

ફરીથી સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યો શ્રી બિપીનચંદ્ર અને તેમના ધર્મપત્ની શ્રીમતી ઉષાબેનને અભિનંદન પાઠવે છે સાથોસાથ શ્રી બિપીનચંદ્ર તથા તેમના ધર્મપત્ની શ્રીમતિ ઉષાબેન તથા સમગ્ર પરિવારનું જીવન નિરોગી, સુખમય, શાંતિમય, વધુ સેવામય તથા દીર્ઘાયુમય બની રહે તેમજ હજુ પણ આપ ઉત્તરો ઉત્તર પ્રગતિ કરે તે માટે સ્નેહભરી શુભેચ્છાઓ કેળવણી મંડળના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો અને શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના દરેક વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.

## કેળવણી મંડળના પૂર્વ પ્રમુખશ્રી ગોવિંદભાઇ ચંદુભાઇ દરજી પોતાની નિવૃત્તિના સમયના સદઉપયોગ અર્થે પોતાના ધર્મપત્ની સાથે ૩૫ દિવસની યાત્રા કરી આવ્યા

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ઝુંડાલના અને હાલ સુબોધસાગર સોસાયટી વિસત નિવાસી શ્રી ગોવિંદભાઇ ચંદુભાઇ દરજીનો પરિચય આપીએ તો તેઓશ્રીનો જન્મ તારીખ ૧૦.૦૨.૧૯૬૦ ના રોજ ઝુંડાલ મુકામે થયો. શ્રી ગોવિંદભાઇ સાદગી, સંયમ, સૌમ્યતા, સહજતા અને સરળતા ધરાવતા એક ધાર્મિક વ્યક્તિ છે. મૂળ પિયર આમજા ના શ્રીમતી કૈલાસબેન ગોવિંદભાઇ દરજી પણ પોતાના પતિની સાથે ધાર્મિકતાના રંગે રંગાયેલ છે.



અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર હસ્તક ગાંધીનગર સ્થિત સરદાર સરોવર નિગમમાં સતત ૪૦ વર્ષની લાંબી અને યશસ્વી કારકિર્દી બાદ મદદનીશ અધિક્ષક તરીકેના ઉચ્ચ હોદ્દા પરથી શ્રી ગોવિંદભાઇ તા. ૨૮.૦૨.૨૦૧૮ના રોજ સેવા નિવૃત થયેલ છે. નિવૃત્તિ બાદ સતત ચાર વર્ષ સુધી તેઓશ્રી આપણા સમાજની કેળવણી મંડળમાં પ્રમુખ તરીકેના માનનીય હોદ્દા પર રહીને તેમણે સમાજસેવાનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂર્ણ પાડેલ છે. અને હાલ પણ તેઓ કેળવણી મંડળમાં કોષાધ્યક્ષની એક જવાબદારી પૂર્વકની સેવાઓ આપી રહેલ છે.

હાલ શ્રી ગોવિંદભાઇ અને તેમના ધર્મપત્ની પોતાના નિવૃત જીવનમાં જેટલી થઇ શકે તેટલી ધાર્મિક યાત્રાઓ કરીને પોતાના જીવનમાં પુણ્યનું ભાથું બાંધવા માંગે છે તે અંતર્ગત હાલમાં જ તેઓશ્રી તા. ૦૫.૦૬.૨૦૨૩ થી તા. ૦૯.૦૭.૨૦૨૩ એમ ૩૫ દિવસની સમગ્ર દક્ષીણ ભારત, નેપાળ અને દસ જ્યોતિર્લીંગની યાત્રા કરીને પરત આવેલ છે ત્યારે સમસ્ત દરજી સમાજ અને કેળવણી મંડળ પોતાના આ અદના સેવકની ભાવનાઓને બિરદાવીને તેમની આ યાત્રાની સફળતા બદલ હાર્દિક અભિનંદન આપે છે અને બન્ને પતિ-પત્ની ભવિષ્યમાં પણ આ પ્રમાણે પોતાની ધાર્મિક યાત્રાઓ કરતા રહે અને સાથે સાથે આપણા સમાજની સેવામાં પોતાનું યોગદાન આપતા રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

ફરીથી આ પ્રસંગે આપના જીવનની આ અણમોલ ઘડીએ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ આપને અભિનંદન પાઠવે છે સાથોસાથ આપ તથા આપના ધર્મપત્ની કૈલાસબેનનું શેષ દામ્પત્યજીવન નિરોગી, સુખમય, શાંતિમય, વધુ સેવામય તથા દીર્ઘાયુમય બની રહે તે માટે સ્નેહભરી શુભેચ્છાઓ સમાજના દરેક વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.

## અતિપાવન તીર્થ હરિદ્વાર મુકામે છેલ્લા વીસ વર્ષથી ધાર્મિક કથાનો લાહવો લેતા આપણા સમાજના એક સન્નારી




આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ હાંસોલના સમાજના એક અદના સેવક કે જેણે આજીવન કેળવણી મંડળમાં રહીને સમાજ સેવામાં અગ્રેસર રહ્યા તેવા સ્વ. શ્રી માણેકલાલ કુબેરદાસના સુપુત્ર શ્રી હર્ષદભાઇ માણેકલાલ દરજી કે જેઓ હાલ સમાજની કલોલ સ્થિત સ્વ. ચીનુભાઇ ક્રેડીટ સોસાયટીમાં ડીરેક્ટર તરીકે વર્ષોથી પોતાની માનદ સેવાઓ આપી રહેલ છે તેમના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન હર્ષદભાઇ દરજી ધાર્મિક વૃતિ ધરાવનાર સન્નારી છે. શ્રી માણેકલાલ દવારા પોતાના સેવાકાર્યો દવારા પોતાના પરિવારને સમાજમાં જે ઉચ્ચ સ્થાને પહોંચાડેલ છે તે વારસો તેમના પરિવારના તમામ સદસ્ય નિભાવી રહેલ છે. શ્રી હર્ષદભાઇ અને શ્રીમતી મીનાબેન પોતાના સ્વર્ગસ્થ સ્નેહીજનોના મોક્ષાર્થે હંમેશા ધાર્મિક અને સમાજ સેવાના કાર્યોમાં અગ્રેસર રહે છે. શ્રીમતી મીનાબેન છેલ્લા વીસ વર્ષથી અવિરત આપણી હિંદુ સંસ્કૃતિના પવિત્ર ધામ એવા હરિદ્વારમાં આયોજીત ધાર્મિક કથાઓ અને પૂજામાં સામેલ થાય છે. આ વર્ષે પણ તેઓશ્રી તા. ૧૧.૦૮.૨૦૨૩ થી તા. ૨૫.૦૮.૨૦૨૩ એમ પંદર દિવસ હરિદ્વારની પાવન ભૂમિ પર રહીને ભક્તિ રસનો લ્હાવો લઇને પરત ફરેલ છે. કેળવણી મંડળ તેમના ભક્તિભાવને બિરદાવે છે અને તેમનો પરિવાર પ્રગતિના પંથે અગ્રેસર રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના પાયાના કાર્યકર એવા ચિલોડાવાળા સ્વ. લાલભાઇના પરિવારમાં માતાજીના હરખના તેડા



મૂળ ચિલોડાના અને હાલ જગતપુર અમદાવાદ મુકામે રહેતા ભાઇશ્રી શૈલેષભાઇ લાલભાઇ દરજી પરિવારની કુળદેવી શ્રી બ્રહ્માણી માં છે. શ્રી શૈલેષભાઇ અને સમસ્ત લાલભાઇ પરિવાર પોતાની કુળદેવીમાં ખુબજ વિશ્વાસ ધરાવે છે અને પ્રસંગોપાત પોતાના પરિવારમાં માતાજીની પૂજા અને હવનના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરે છે. આ વર્ષે વિક્રમ સંવત ૨૦૭૯ની તા. ૧૬.૦૪.૨૦૨૩ રવિવારના રોજ અતિ ભવ્ય હવન અને શ્રી મેલડી માતાની જાતરનું આયોજન કરવામાં આવ્યું. ભાવિક ભક્તો અને અન્ય આમંત્રિત મહેમાનોની વચ્ચે સમસ્ત પરિવારની હાજરીમાં આ અતિભવ્ય ધાર્મિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું. વિદ્વાન પંડિતો દ્વારા શ્લોકો, ઉચ્ચારણો અને ભાવિકોની લાગણી વચ્ચે શરુ થયેલ આ પ્રસંગ મંગલમય અને દેદીપ્યમાન લાગતો. એક પછી એક પઠન બાદ શ્રીફળ હોમવાની વિધિ, માતાજીની આરતી અને ત્યારબાદ પૂજામાં બેઠેલ તમામને વડીલોના આશીર્વાદ વગેરે અવિસ્મરણીય માંગલિક ઘટના હતી. ઉપસ્થિત તમામ ભાવિકો માટે પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. સાથ સહકાર અને ધાર્મિકતાનું સુંદર ઉદાહરણ એટલે લાલભાઇ દરજી પરિવારની આ ધાર્મિક ઉજવણી.

## દહેગામના સ્વ. કાળીદાસ રણછોડદાસ દરજી પરિવારની સમાજ પ્રત્યેની નિષ્ઠાના દર્શન




आत्मार्थ जीवलोकेस्मिन् को न जीवति मानवः ।
परं परोपकार्थ यो जीवति स जीवति ॥

સંસ્કૃત ભાષાના આ શ્લોકનો અર્થ છે કે પરમ કૃપાળુ પરમાત્માની બનાવેલી આ દુનિયામાં પોતાના માટે સૌ જીવે છે પરંતુ જે પરોપકાર માટે જીવે છે તેનું જ જીવન સફળ થાય છે અને પ્રભુકૃપાને પ્રાપ્ત કરે છે. ખુશનસીબ એ નથી કે જેનું નસીબ સારું છે, ખુશનસીબ એ છે કે જે પોતાના નસીબથી ખુશ છે. આપણા સમાજમાં ઘણા વિરલા પડ્યા છે કે જે સમાજના હિતમાં પોતાનું હિત જોવે છે આવો જ એક પ્રતિષ્ઠિત પરિવાર છે મૂળ ગામ મગોડી / દહેગામના સ્વ. કાળીદાસ રણછોડદાસ દરજી અને સ્વ. સુરજબેન કાળીદાસ દરજી પરિવાર. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા સમાજમાં વિદ્યાર્થીઓને આપવાની નિ:શુલ્ક નોટબુક માટે દાતાની ટહેલ નાખવામાં આવતા આ પરિવારના મોભી શ્રી અંબાલાલ કાલીદાસ દરજી, શ્રી રમણલાલ કાલીદાસ દરજી અને સ્વ. કનુભાઇ કાળીદાસ દરજી અને તેમના સમસ્ત પરિવાર તરફથી વર્ષ-૨૦૨૩ ની નોટબુકના છેલ્લા પુષ્ઠમાં જાહેરાત માટે રૂા. ૨૧,૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ સમસ્ત દરજી સમાજ વતી આ પરિવારનો આભાર માને છે અને તેઓ ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરે તેવી ભાવના અત્રે વ્યક્ત કરવામા આવે છે.




## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની યશ ગાથામાં એક વધુ મોરપીંછનો ઉમેરો
## કલોલ મુકામે કેળવણી મંડળની પ્રથમ પોતાની ઓફીસની ખરીદી અને ભવ્ય ઉદ્‌ઘાટન

આપણો શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ એક ગૌરવવંતો અને કર્મશીલ સમાજ છે. આપણા સમાજમાં શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ લાવવા અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુ અન્વયે આપણા સમાજના વડીલો દ્વારા ઇ.સ. ૧૯૮૫ માં શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવેલ. આ કેળવણી મંડળની સ્થાપના કર્યા બાદ તેના વહીવટકારો દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે સમાજના વિદ્યાર્થીઓ જાગૃત થાય અને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને પોતાનું, પોતાના પરિવારનું અને સમાજનું નામ રોશન કરે તે ઉદ્દેશ્યથી વિદ્યાર્થી પુસ્તક સહાય, નિઃશુલ્ક નોટબુક સહાય અને બોર્ડના વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાત લઇને શુભેચ્છા પત્ર આપવો જેવા સમાજલક્ષી કાર્યો કરવામાં આવી રહેલ છે.

હાલ કેળવણી મંડળ દ્વારા દિવાળીમાં કેલેન્ડર વિતરણ, દર વર્ષે સમાજનું મુખપત્ર એવા બેતાલીસ દીપકનું પ્રકાશન, મૃતકને શ્રધ્ધાંજલિ, નિવૃત કર્મચારીનું સન્માન, વિદેશ પ્રવાસે જતા સમાજના સભ્યોને શુભેચ્છા પત્ર અર્પણ કરવો, વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ, સિનીયર સીટીઝનનું શાલ ઓઢાડીને સન્માન, કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીમાં સમાજના જરૂરિયાતમંદ પરિવારોને અનાજની કીટનું વિતરણ, અતિ મુશ્કેલ એવા સમાજ દર્શન-૨૦૨૨ને તૈયાર કરવાનું કાર્ય તેમજ સમાજના છેવાડાના વ્યક્તિને સ્પર્શતી "મૃત્યુ સહાય યોજના" નું સફળ સંચાલન જેવા સમાજ ઉપયોગી કાર્યો કરવામાં આવી રહેલ છે.

કેળવણી મંડળ દ્વારા કરવામાં આવતા ઉપરોક્ત કાર્યો માટે લગભગ મહિનામાં એકવાર સર્વે હોદ્દેદારશ્રીઓ તેમજ કારોબારી સભ્યોની મીટીંગ અવશ્ય બોલાવવી પડે. આવી મીટીંગ વર્ષોથી કેળવણી મંડળના કોઇ સભ્યના ઘરે અથવા મંદિરમાં યોજવી પડતી હતી. આ તકલીફોને લઇને કેળવણી મંડળના તમામ સભ્યોની એક ઇચ્છા હતી કે, કેળવણી મંડળની પોતાની એક ઓફીસ હોય તો આ બધી મુશ્કેલીઓનો અંત આવે. કેળવણી મંડળના સભ્યોની રજૂઆત ધ્યાનમાં લઇને કેળવણી મંડળના હોદ્દેદારો દ્વારા ઓફીસની તપાસ કરવામાં આવી અને કલોલ વેપારીજીન મુકામે એક ઓફીસ જોઇને સોશીયલ મિડીયા દ્વારા સમાજના અન્ય સભ્યોનું માર્ગદર્શન મેળવવામાં આવ્યું. અને એકદમ ઓછી કીમત માં રૂા. ૪,૫૦,૦૦૦/- માં ૩૦૦ સ્ક્વેરફિટની ઓફીસ ફાઇનલ કરવામાં આવી.

કલોલ મુકામે ઓફીસ ફાઇનલ કર્યા બાદ કેળવણી મંડળ દ્વારા સમાજમાં દાનની ટહેલ નાખવામાં આવી. કેળવણી મંડળ વારંવાર જણાવતું આવ્યું છે તેમ આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ દાનવીરોથી ભરપુર સમાજ છે. આપણા સમાજના દરેક પરિવારને સમાજના બીજા પરિવારથી અને કેળવણી મંડળથી ખુબ માન છે. અત્રે કેળવણી મંડળ અત્યંત આનંદ સાથે જણાવે છે કે સમાજના દાનવીરો દ્વારા દાનની સરવાણી વહેવડાવીને જરૂરિયાત કરતા વધારે દાન નોંધાવ્યું એટલે કેળવણી મંડળને પોતાની જમા મૂડીમાંથી એક પણ રૂપિયો ખર્ચ કરવો પડેલ નથી.

તા. ૧૯.૦૨.૨૦૨૩ ના પવિત્ર દિવસે શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના તમામ સભ્યોના જીવનના સ્વપ્ન સમાન કેળવણી મંડળની પોતાની ઓફીસના ઉદ્‌ઘાટનનો ઐતિહાસિક પ્રસંગ સમાજના સભ્યો દ્વારા ઉજવવામાં આવ્યો. આ પ્રસંગ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના તમામ સભ્યોના પરિવારના શૈક્ષણિક ભવિષ્ય અને તેની પ્રેરણાનો પ્રસંગ હતો. ઓફીસના મુખ્ય દાતાઓશ્રી ચેતનભાઇ દિનેશભાઇ દરજી અને સ્વ. આનંદીબેન દશરથભાઇ દરજીના પરિવારજનોના શુભ હસ્તે ઓફીસનું ભવ્ય ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પ્રસંગમાં ઉપસ્થિત વિદ્વાન પંડિતો દ્વારા મંત્રોચ્ચાર દ્વારા આ પ્રસંગને દૈદીપ્યમાન બનાવવામાં આવ્યો. ઓફીસ ઉદ્‌ઘાટન વિધિ અને ત્યારબાદ સર્વપુરષોત્તમ ભગવાન શ્રી સત્યનારાયણની કથાનું પઠન કરવામાં આવ્યું. આ પ્રસંગમાં સમાજના બહુધા સભ્યોએ પોતાની હાજરી આપીને પ્રસંગને શોભાયમાન બનાવ્યો. સમાજના ઉપસ્થિત દરેક સભ્યના અંતરમાં પોતાના સમાજની ઓફીસને લઇને એક અદમ્ય ઉત્સાહ હતો અને સર્વે સભ્યોએ દિલથી આ પૂજામાં ભાગ લઇને આપણા સમાજના તમામ સભ્યોના સુખાકારી ભવિષ્ય માટે પ્રાર્થના કરેલ. અંતમાં કલોલ શહેરના અતિ ધાર્મિક એવા કપિલેશ્વર મંદિરના પરિસરમાં સ્વાદીષ્ટ ભોજન પ્રસાદ લઇને સમાજના સર્વે સભ્યો ભાવ-વિભોર થયા.

અત્રે કેળવણી મંડળ દ્વારા સમાજના સભ્યોના સ્વપ્ન સમી ઓફીસ ખરીદવા દાન ભેટ આપનાર તમામ દાતાશ્રીઓ, અને તેના ઉદ્‌ઘાટનના આયોજનમાં સાથ આપનાર તમામ સભ્યો તેમજ ખાસ કલોલ શહેરના તમામ પરિવારોનો આ પ્રસંગે ભોજનદાન આપનાર સર્વે જ્ઞાતિજનોનો ખૂબ આભાર માનવામાં છે.

## સમાજના શ્રેષ્ઠ દાનવીરની કેળવણી પ્રત્યે કૃતજ્ઞતા



श्रोत्रं श्रुतेनैव न कुंडलेन, दानेन पाणिर्न तुं कंकणेन ।
विभातति कायः कररुणापराणां, परोपकारैर्न तु चन्दनेन ॥

આ સંસ્કૃત ભાષાના શ્લોકનો અર્થ છે કે કાનમાં કુંડળ પહેરવાથી કાનની શોભા નથી વધતી પરંતુ જ્ઞાનની વાતો સંભાળવાથી વધે છે. હાથમાં કંગન પહેરવાથી તેની શોભા નથી વધતી પરંતુ યોગ્ય જગ્યાએ દાન આપવાથી વધે છે. શરીર પર ચંદન લગાવવાથી શોભા નથી વધતી પરંતુ પરહિતમાં કરેલ કાર્યોથી શોભા વધે છે. તો આવો આજે વાત કરીએ સમાજના એક એવા વ્યક્તિની કે જેણે ટીપે ટીપે જીવનના સાગરને ભર્યો છે. એમણે એમના જીવનસાગરને નિમિત્ત બનાવી સમાજસેવાનો ભેખ પહેર્યો છે. મૂળ ગામ રખિયાલ/દહેગામના અને હાલ નરોડા મુકામે રહેતા શ્રી અજયભાઇ કાન્તિલાલ દરજી અને શ્રીમતી દામિનીબેન અજયભાઇ દરજીની, છેલ્લા ત્રણ વર્ષથી વિદ્યાર્થીઓને અપાતી નિ:શુલ્ક નોટબુક વિતરણમાં શ્રી અજયભાઇ દ્વારા મુખ્ય પુષ્ઠના દાતા બને છે આ વર્ષે પણ ભાઈ શ્રી અજયભાઈ દ્વારા નોટબુકના પ્રથમ પુષ્ઠ માટે રૂા. ૨૫૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે. કેળવણી મંડળ શ્રી અજયભાઇ કાન્તિલાલ અને શ્રીમતી દામિનીબેન અજયભાઇનો આભાર માને છે અને ભવિષ્યમાં તેમનો પરિવાર ખુબ પ્રગતિ કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## સમાજની દિકરીનું કેન્દ્ર સરકારના પોસ્ટ વિભાગમાં પોસ્ટીંગ
## કેળવણી મંડળ સમગ્ર પરિવારને ધન્યવાદ પાઠવે છે.

Congratulations  Congratulations

મૂળ ગામ વામજના અને હાલ સેક્ટર – ૨૫, ગાંધીનગર મુકામે રહેતા સમાજના એક પ્રતિષ્ઠિત પરિવાર માનનીય શ્રી ભીખાભાઇ કાનજીભાઇ દરજીના ઘરે ખુબ આનંદનો અવસર આવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી ભીખાભાઇ કાનજીભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ભગવતીબેન ભીખાભાઇ દરજી એક ધાર્મિક વૃતિ ધરાવનાર દંપતી છે અને ધાર્મિક તેમજ સમાજ સેવાના દરેક કાર્યમાં અગ્રેસર રહે છે. તેમણે પોતાના આ સંસ્કારોનો વારસો પોતાના સુપુત્ર ભાઇ શ્રી દર્શનભાઇ ભીખાભાઇ દરજીને ખુબ સરસ રીતે શાશ્વત કરાવેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા પણ આ પરિવારના સેવાભાવી કાર્યોથી પ્રસન્ન થઇને પોતાની કૃપા હંમેશા વરસાવતા રહે છે. હાલમાં જ ભાઇ શ્રી દર્શનભાઇની અર્ધાંગીની એવા શ્રીમતી પૂજાબેન દર્શનકુમાર દરજીને ભારત સરકાર હસ્તક પોસ્ટ વિભાગ માં " આસીસ્ટન્ટ સબ પોસ્ટ માસ્તર" ની ઉંચી પોસ્ટ ઉપર પ્રથમ પોસ્ટીંગ ભુજ નખત્રાણા મુકામે મળેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર હસ્તક વિભાગમાં જોબ મળવી એ ખુબ મહેનતનું કામ છે અને આપણા સમાજના ખુબ જ ઓછા સભ્યોએ આ સિદ્ધિ મેળવેલ છે. સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ વતી ભાઇ શ્રી ભીખાભાઈ કાનજીભાઈ, શ્રીમતી ભગવતીબેન ભીખાભાઈ, શ્રી દર્શનભાઇ ભીખાભાઇ અને શ્રીમતી પુજાબેનને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેમનો પરિવાર ભવિષ્યમાં સફળતાના ઉચ્ચ શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## મૂળ ગામ આમજાના શ્રી વિનોદભાઇ ભલાભાઇ દરજીના પરિવારમાં કુળદીપક ચિ. સમર્થના જન્મથી હર્ષનો માહોલ






શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ આમજાના અને હાલ આમજા મુકામે રહેતા નિવાસી શ્રી વિનોદભાઇ ભલાભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી ધર્મિષ્ઠાબેન વિનોદભાઇ દરજીના સુપુત્ર ભાઇ શ્રી જીગરભાઇ વિનોદભાઇ દરજી અને શ્રીમતી સુચિતાબેન જીગરભાઈ દરજીના પરિવારમાં ચિ. સમર્થના જન્મથી ખુશીનો માહોલ સર્જાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇ શ્રી જીગરભાઇ એક મહેનતુ અને સમાજ માટે માન રાખનાર વ્યક્તિ છે. તા. ૧૨.૦૩.૨૦૨૩ ના રોજ વાવોલ ગામ મુકામે તેમના નિવાસસ્થાને તમામ પરિવારજનો અને સ્નેહીજનોની હાજરીમાં ધામધૂમથી સીમંતનો કાર્યક્રમ ઉજવવા માં આવેલ. અને ત્યારબાદ તા. ૧૩.૦૫.૨૦૨૩ ના રોજ ચિ. સમર્થનો જન્મ થતા પરિવારમાં ખુશીનો માહોલ છે. આ શુભ અવસર નિમીત્તે કેળવણી મંડળ તરફ થી ચી. સમર્થ ના પિતા શ્રી જીગર વિનોદભાઇ માતા સુચિતાબેન જીગરભાઇ, દાદા શ્રી વિનોદભાઇ ભલાભાઈ – દાદી શ્રીમતી ધર્મિષ્ઠાબેન વિનોદભાઇ તથા સમસ્ત પરિવારને અભિનંદન આપવામાં આવે છે અને ચિ. સમર્થના ઉજ્વળ ભવિષ્ય માટે અત્રે કામના કરવામાં આવે છે.

બને એટલું સરળ બનવું
**સ્માર્ટ નહી,**
આપણને મહાદેવે બનાવ્યા છે.
**માઇક્રોસોફ્ટે નહી.**

## કેળવણી મંડળના સભ્યો દ્વારા સમાજનું વસ્તીપત્રક એવું સમાજ દર્શન-૨૦૨૨ તૈયાર કરવા માટે નિષ્ઠાપૂર્વક મહેનત




શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્રની આગવાનીમાં વર્ષોથી ખોરંભે પડેલ સમાજ દર્શન –૨૦૨૨ બનાવી ને તા. ૨૪.૧૨.૨૦૨૨ ની કેળવણી મંડળની સાધારણ સભામાં તેનું અનાવરણ કરવામાં આવ્યું. સમાજ દર્શનની છેલ્લી આવૃતિ ઇ.સ. ૨૦૦૫ માં કેળવણી મંડળ દ્વારા બહાર પાડવામાં આવેલ અને નક્કી કર્યા અનુસાર આપણે દર દસ વર્ષે સમાજ દર્શનની નવી આવૃત્તિ બહાર પાડવી જેથી સમાજના દરેક પરિવારમાં થતા દરેક પરિવર્તનની જાણ સર્વે સમાજવાસીઓ જાણી શકે પરંતુ ત્યારબાદ અમુક સંજોગોના કારણે આપણે આ આવૃત્તિ લગભગ ૧૭ વર્ષના સમય બાદ બહાર પાડવામાં આવેલ છે.

વ્હાલા જ્ઞાતિજનો સમાજ દર્શનની આ ચતુર્થ આવૃત્તિ બહાર પાડવામાં કેળવણી મંડળને ખુબજ તકલીફોનો સામનો કરવો પડ્યો છે સર્વ પર્થમ ઇ.સ. ૨૦૧૯ માં સમાજના તમામ પરિવારોનો સર્વે રૂબરૂ મુલાકાત લઇને સર્વે કરવામાં આવેલ પરંતુ ત્યારબાદ આવેલ કોવિડ મહામારીના હિસાબે તમામ આયોજન પડી ભાંગ્યું. પરંતુ કેળવણી મંડળના સભ્યોએ જરાપણ હિંમત હાર્યા વગર ફરીથી સમાજના દરેક પરિવારો ની માહિતી એકઠી કરવાનું કાર્ય આરંભ કર્યું. સમાજ દર્શન – ૨૦૨૨ તૈયાર કરવા માટે કેળવણી મંડળના હાલના પ્રમુખ એવા ભાઇ શ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલરની આગેવાનીમાં એક ટીમની રચના કરવામાં આવી.

અહિયાં એ જણાવવામાં જરાપણ અતિશયોક્તિ નથી કે કેળવણી મંડળ દ્વારા નિયુક્ત કરવામાં આવેલ ટીમ દ્વારા ભાઈ શ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલરની આગેવાનીમાં દિવસ રાત જોયા વગર મહિનાઓથી મહેનત કરીને આ અતિ કઠીન કાર્યને પૂર્ણ કરેલ છે. અત્રે અમો સમાજ દર્શનમાં જાહેરાત દાન આપનાર તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. 'સમાજદર્શન' નો ચોથો અંક તૈયાર કરવાનું અહોભાગ્ય અમને મળ્યું જે અમારા જીવનનો યાદગાર પ્રસંગ બની રહેશે. આપ સૌના સહકાર–સહયોગથી આ ભગીરથ કાર્યને વેગ આપવા અને આ અંકને પ્રસ્તુત કરવા જેમણે અથાગ પ્રયત્નો કર્યા છે એમનો પણ હૃદયપૂર્વક આભાર કેળવણી મંડળ વતી વ્યક્ત કરવામાં આવે છે. આ પુસ્તિકાના નિરૂપણમાં કોઇપણ જ્ઞાતિજન અંગેની માહિતી આપવામાં ક્ષતી રહી ગઈ હોઈ તો તેની ઉપેક્ષા નથી જ, કેળવણી મંડળના સંનિષ્ઠ પ્રયાસ છતાં કોઇ ઊણપ રહી ગઇ હોય તો ક્ષમા યાચના.

## ભુવાલડીના શ્રી રસિકભાઇ મણીલાલ દરજીની સમાજ પ્રત્યેની નિષ્ઠા. મૃત્યુસહાયની તમામ રકમ કેળવણી મંડળને સમાજના સેવાકાર્યો માટે અર્પણ





कृतस्य करणं नास्तस्ति मृतस्य मरणंतथा ॥
गतस्य शोचनानास्तस्ति ह्येतदवेद विदांमतम् ॥

જે કામ થઇ ગયું તે થઇ ગયું. તે કામ નથી થયું એવું થઇ શકતું નથી. જેમ કે કોઈનું મરણ થઇ જાય તે થઇ જાય. તેને પાછું પલટાવી શકાય નહિ. એટલે જ જાણકારોનો મત છે કે વીતી ગયેલી વાતનો શોક કરવો ન જોઈએ પરંતુ આપણા પુણ્ય કર્મો દ્વારા સ્વર્ગસ્થના આત્માને શાંતિ મળે તેવું કાર્ય કરવું જોઈએ. સ્વર્ગસ્થની પાછળ અપાતું દાન હંમેશા શ્રેષ્ઠ હોય છે. વાત છે આપણા સમાજના મૂળ ગામ ભુવાલડીના શ્રી રસિકભાઇ મણીલાલ પરિવારની.

દુર્ભાગ્યપૂર્ણ શ્રી રસિકભાઇના ધર્મપત્ની ગીતાબેન તા. ૧૩.૦૮.૨૩ ના રોજ સ્વર્ગલોકે સિધાવ્યા. શ્રી રસિકભાઇ અને તેમના પરિવાર દ્વારા શાસ્ત્રોક રીતે તેમની સંપૂર્ણ ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવી. તા. ૨૩.૦૮.૨૩ ના રોજ સ્વ. ગીતાબેન નું બેસણું સમસ્ત સ્નેહીજનોની હાજરીમાં યોજવામાં આવ્યું આ તબક્કે કેળવણી મંડળ દ્વારા ચલાવવામાં આવતી મૃત્યુ સહાય યોજનાના રૂા. ૩૫,૦૦૦/– નો ચેક તેમના પરિવારજનોને અર્પણ કરવામાં આવ્યો પરંતુ સમાજમાં આપવામાં આવતું દાન ઉત્કૃષ્ટ દાન છે તેમ વિચારીને આ પરિવાર દ્વારા આ વર્ષે સમાજમાં વહેચવામાં આવતી કેલેન્ડરની પ્રસાદી માં રૂા. ૨૧,૦૦૦/– અને સમાજના મુખપત્રક એવા બેતાલીસ દીપકમાં રૂા. ૧૪,૦૦૦/– નું દાન આપવામાં આવ્યું. કેળવણી મંડળ આ પરિવારની નિષ્ઠાની કદર કરે છે અને સ્વ. ગીતાબેનના આત્માને ચીર શાંતિ મળે તેવી પ્રાર્થના કરે છે.

## સમાજના અજ્ઞાત દાતાશ્રીઓની સમાજ પ્રત્યેની કૃતજ્ઞતા

શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના અજ્ઞાત દાતાશ્રીઓ તરફથી રામભરોસે દાન આપનાર (જેમનું નામ અહીં જાહેર નહીં કરવાની શરતે) તરફથી ચાલુ વર્ષે વર્ષ ૨૦૨૩ માટે નિ:શુલ્ક વિદ્યાર્થી નોટબુક પેટે તથા ચારધામ યાત્રામાં લાભાર્થી માટે માતબર રકમનું દાન આપેલ છે તેવા સમાજના શ્રેષ્ઠ દાનેશ્વરી દાતાશ્રીઓનો અત્રે કેળવણી મંડળ તેમજ સમસ્ત બેતાલીસ દરજી સમાજ અંત:કરણપૂર્વક ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

પરમકૃપાળુ પરમાત્મા ઉક્ત દાતાશ્રીઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપે, અને તેમના સમસ્ત પરિવારને પ્રભુ દીર્ઘાયુ બક્ષે તેવી શુભકામનાઓ અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના પ્રતિષ્ઠિત પરિવાર શ્રી અમૃતભાઇ નટવરલાલ દરજીના ઘરે પુત્રના લગ્નના ઢોલ ઢબૂક્યા





મૂળ ગામ કોબા – વાવોલ ના સ્વ. શ્રી નટવરલાલ બબલદાસ પરિવારમાં ફરીથી ખુશીનો માહોલ છવાયો છે. અત્રે વાત છે શ્રી અમૃતભાઈના નાના સુપુત્ર ભાઇ શ્રી કૃણાલ ની. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇશ્રી ડૉ. કૃણાલ પણ ઉચ્ચ અભ્યાસને વરેલ છે અન Physiotherapist ની ડીગ્રી કરીને ડોક્ટર તરીકે પ્રેક્ટીસ કરી રહેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજનું કોઇપણ સેવાલક્ષી કાર્ય હોય અને કેળવણી મંડળ તરફથી જયારે પણ દાનભેટની ટહેલ નાખવામાં આવે ત્યારે આ સમાજસેવી અને સેવાભાવી પરિવારનો ફાળો અવશ્ય હોયજ. ભાઇશ્રી રવિ વિષે વાત કરતા પહેલા અમો સમસ્ત નટવરલાલ બબલદાસ દરજી પરિવારનો ખાસ આભાર માનીએ છીએ.

શ્રી અમૃતભાઇ નટવરલાલ અને શ્રીમતી પરેશાબેન અમૃતભાઇને ચિ. રવિ અને ચિ. કૃણાલ એમ બે સંતાન છે. અત્રે ઉલ્લેખનીય છે હાલમાં જ તા. ૧૫.૦૫.૨૦૨૩ ના રોજ તેમના નાના સુપુત્ર ભાઇશ્રી ડૉ. કૃણાલના લગ્ન અમદાવાદ મુકામે રહેતા શ્રી મનીષભાઇ પ્રજાપતિ અને શ્રીમતી શીતલબેન પ્રજાપતિની લાડકી દીકરી કોમલ સાથે કડવા પાટીદાર બાર સમાજની વાડી, ઉવારસદ મુકામે સ્નેહીજનોની હાજરીમાં ખુબ ધામધૂમથી ઉજવવામાં આવ્યા. ત્યારબાદ તા. ૧૬.૦૫.૨૦૨૩ ના રોજ “ચંચળબા ફાર્મ અને પાર્ટી પ્લોટ” રીંગ રોડ, ઓગણજ મુકામે લગ્નના રિસેપ્શનનું અતિભવ્ય આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી અમૃતભાઈ દવારા પોતાના અંગત સગા સંબંધીઓ, સ્નેહીઓ અને કેળવણી મંડળના હોદ્દેદારોને સપ્રેમ આમંત્રણ આપવામાં આવ્યું. ખુબજ સુંદર આયોજનના હિસાબે આ પ્રસંગમાં ચાર ચાંદ લાગેલ હતા. ઉપસ્થિત તમામ મહેમાનો દ્વારા ભાઇશ્રી અમૃતભાઈ, શ્રીમતી પરેશાબેન, શ્રી રવિભાઈ, શ્રીમતી ક્રિનલબેન રવિભાઇ, ડૉ. કૃણાલભાઇ અને શ્રીમતી કોમલબેનને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવ્યા અને તેમના સુખીદામ્પત્ય જીવન માટે આશીર્વાદ આપવામાં આવ્યા.

સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફથી ભાઇ શ્રી અમૃતભાઈ નટવરલાલ, શ્રીમતી પરેશાબેન શ્રી રવિભાઇ, શ્રીમતી ક્રિનલબેન રવિભાઇ, ડૉ. કૃણાલ શ્રીમતી કોમલબેન અને સમસ્ત નટવરલાલ પરિવારને અભિનંદન આપવામાં આવે છે અને આ સમસ્ત પરિવાર પોતાના જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ અત્રે આપવામાં આવે છે.

## સમાજની વિધવા સહાય મેળવતી બહેનોના લાભાર્થે માતબર રકમનું દાન આપનાર સમાજનો સેવાભાવી પરિવાર





अयं निज: परो वेत्ति गणना लघुचेतसाम् ।
उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥

સમાજની પ્રત્યેક વ્યક્તિઓ સમાજને અસર કરે છે. પરંતુ કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓની સમાજ ઉપર વિશેષ અસરો હોય છે. આવી વ્યક્તિઓની વિચારસરણીથી સમાજને દિશાસૂચન મળે છે. આવુજ એક વિરલ વ્યક્તિત્વ ધરાવતા સમાજના પ્રતિષ્ઠ ગામ એવા મૂળ ગામ છત્રાલના અને હાલ સાયન્સ સીટી મુકામે રહેતા શ્રી કૌશિકભાઇ કાન્તિભાઇ દરજી અને શ્રીમતી મનીષાબેન કૌશિકભાઇ દરજી પરિવારની.

આ પરિવાર બ્રહ્માકુમારી પંથનો ચુસ્ત અનુયાયી છે અને સમાજને પોતાનું પરિવાર સમજે છે. ભગવાને તેમને જે આપ્યું છે તેમાંથી અમુક ભાગ સમાજના જરૂરિયાતમંદ લોકો માટે ખર્ચ કરવો તેવો તેમનો નિયમ છે. શ્રી કૌશિકભાઇ દ્વારા આ વર્ષે વિધવાઓને આપવાની થતી વિધવા સહાયની સંપૂર્ણ રકમ રૂા. ૩૩,૦૦૦/– નું દાન કેળવણી મંડળને આપેલ છે. સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ, કેળવણી મંડળ અને લાભાર્થી વિધવા બહેનો વતી તેમને અંત:પૂર્વક આશીર્વાદ આપવામાં આવે છે અને તેમનો પરિવાર હંમેશા પ્રગતીના પંથે અગ્રેસર રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## કેળવણી મંડળ દ્વારા આયોજીત ચારધામ યાત્રાના યાત્રિકો માટે સમાજના એક દાતાશ્રી દ્વારા અન્નસેવાની સરવાણી



जिवत्येक: स लोकेषुबहुभिडनुजिव्यते ।
जीवन्तोडपिमृताश्चान्येपुरुषास्वोदरम्भरा: ॥

જે પુરુષ આ લોકમાં અનેક જરૂરિયાતમંદ વ્યક્તિઓની અન્નની ભૂખ સંતોષે છે, એનું જ જીવન સફળ છે. આપણા શાસ્ત્રમાં અન્નદાનનું વિશેષ મહત્વ છે. પણ દાનનો હેતુ હોવો જોઇએ, દાનના મુખ્ય બે હેતુ છે શ્રધ્ધા અને શક્તિ, દાનની માત્રા નહિ પણ શ્રધ્ધા અને શક્તિ જ તેના ફળની વૃધ્ધિ કે ક્ષય માટે કારણરૂપ હોય. શ્રધ્ધા વિના અપાતુ દાન નિષ્ફળ જાય છે. આપણી હિંદુ સંસ્કૃતિમાં દાનનો મહિમા ખુબ ગવાયો છે. એમાં ભુખ્યાને માટે દાન એ સારા પ્રકારનું દાન છે. દાન એવું હોવું જોઇએ કે જેથી લેનાર લાચાર ના બને અને આપનાર એને

પ્રભુએ આપેલું દાન છે એમ માને. વાત છે આપણા જ સમાજ ના એક શ્રેષ્ઠ દાનવીરની, સધી માતાના પરમ ભક્ત એવા એક દાનવીર દ્વારા કેળવણી મંડળ દ્વારા આયોજીત ચારધામ યાત્રામાં તમામ યાત્રિકોને ટ્રેનમાં હરિદ્વાર જતા અને પરત આવતા બન્ને ટાઇમ મહેસાણા રેલ્વે સ્ટેશન મુકામે શુદ્ધ ગુજરાતી ભોજનનું આયોજન અંદાજે રૂા. ૨૦,૦૦૦/- ના ખર્ચે રામ ભરોસે કરવામાં આવેલ છે. સમસ્ત યાત્રિકો વતી આ દાનવીરને આશીર્વાદ આપવામાં આવે છે અને જગદજનની સધીમાં તેમના પરિવારને અપાર સુખ અને સમૃદ્ધિ અર્પે તેવી પ્રાર્થના કરવામાં આવે છે.

## કેળવણી મંડળના પ્રમુખશ્રી દ્વારા ચારધામ યાત્રિકો માટે એક દિવસનું અન્નદાન



उत्साहोबलवानार्यनास्त्युत्साहात्परंबलम् ।
सोत्साहस्यचलोकेषुनकिंचिदपिदुर्लभम् ॥

ઉત્સાહમાં ખૂબ બળ હોય છે. ઉત્સાહથી વધુ મોટું બળ કોઇ નથી. એટલે ઉત્સાહી માણસો માટે કોઇ કામ અઘરું નથી. વ્યક્તિ ઉચ્ચ હોદ્દો મેળવે તો તેમનામાં ઉચ્ચતાનુ અભિમાન ન આવવુ જોઇએ. પણ તેમનામાં નમ્રતા, બીજાના દરકારની ભાવના આવવી જોઇએ.

આવાજ એક ઉત્સાહી વ્યક્તિ છે આપણા સમાજની કેળવણી મંડળના પ્રમુખ શ્રી મેહુલ હસમુખભાઈ ટેલર. ઉલ્લેખનીય છે કે હાલમાં જ તેઓશ્રીનો સુપુત્ર ચિ. વૃતાંશ ઉચ્ચાભ્યાસાર્થે કેનેડા ગયેલ છે.

શ્રી મેહુલભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ચંદ્રિકાબેન હંમેશા સમાજસેવા માટે તત્પર રહે છે. કેળવણી મંડળની મિટીંગમાં નક્કી થયું કે ચારધામ યાત્રામાં રીટર્નમાં બદ્રીનાથથી હરિદ્વારનું અંતર વધુ હોવાથી બપોરે ભોજન રસ્તામાં હોટલમાં કરવું. ત્યારે શ્રી મેહુલભાઇ દ્વારા તે ભોજનનો રૂા. ૬૦૦૦/- નો ખર્ચો પોતે આપશે તેવી જાહેરાત કરી. ચારધામ યાત્રાના તમામ યાત્રિકો તરફથી શ્રી મેહુલભાઈ, શ્રીમતી ચંદ્રિકાબેન, ગં.સ્વ. ગીતાબેન, ચિ. વૃતાંશ અને સમસ્ત પરિવારજનોનો આભાર માનવામાં આવે છે અને તેઓશ્રી જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## સમાજના મુખપત્ર એવા બેતાલીસ દીપકમાં મુખ્ય પ્રાયોજકની બનનાર સમાજનો સેવાભાવી પરિવાર



ज्येष्ठत्वं जन्मना नैव गुणैर्ज्येष्ठत्वमुच्यते ।
गुणात् गुरुत्वमायाति दुग्धं दधि धृतं क्रमात् ॥

મહાનપણું જન્મથી મળતું નથી. ધીમે ધીમે ગુણોના સંચય વડે અને આપ મહેનતથી મહાન થવાય છે. ઘી નો જ દાખલો લો. ઘી સીધું બનતું નથી. દૂધનું દહીં, છાશ, માખણ થયા પછી છેવટે ઘી બને છે. વાત છે આપણા સમાજના મૂળ ગામ કોબાના શ્રી અમૃતભાઇ નટવરલાલ દરજી અને શ્રીમતી પરેશાબેન અમૃતભાઇ દરજી પરિવારની. હાલમાં જ તેમના જ્યેષ્ઠ પુત્ર ભાઇ શ્રી રવિને અમેરિકાની નાગરિકતા મળી અને તેમના નાના પુત્ર ડૉ. કૃણાલના લગ્ન ધામધૂમથી કરવામાં આવ્યા. પોતાના પરિવારની આ ખુશીમાં સમાજ પ્રત્યે પોતાની ભાવના દર્શાવવા કેળવણી મંડળની ટહેલ પર સમાજના મુખપત્ર એવા બેતાલીસ દિપક માં રૂા. ૨૧,૦૦૦/- નું દાન આપીને મુખ્ય સ્પોન્સર બનેલ છે. કેળવણી મંડળ અને સમાજ તેમની આ ભાવનાની કદર કરે છે અને શ્રી અમૃતભાઇ નટવરલાલ, શ્રીમતી પરેશાબેન અમૃતભાઇ, શ્રી રવિભાઇ અમૃતભાઇ, શ્રીમતી ક્રીનલબેન રવિભાઇ, શ્રી કૃણાલભાઇ અમૃતભાઇ અને શ્રીમતી કોમલબેન ડૉ.કૃણાલભાઇ પોતાના જીવનમાં ખુબ પ્રગતિ કરે અને ભવિષ્યમાં સફળતાના ઉચ્ચ શિખરો સર કરે તેવી તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## સમાજ દર્શન – ૨૦૨૨ ના પ્રકાશનમાં સ્વ.શ્રી રમણલાલ મણીલાલ દરજી પરિવાર દ્વારા દાન ભેટની સરવાણી









શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ઉનાવાના આદરણીય શ્રી સ્વ. રમણલાલ મણીલાલ દરજી પરિવારના પરિચય વિષે કશું પણ જણાવવું તે ક્ષિતિજમાં ઉગતા સુરજને દીવો બતાવવા જેવું કાર્ય છે. આપણા સમાજનો છેવાડાનો વ્યક્તિ પણ આ પરિવારના દરેક સદસ્યો એમાં પણ ખાસ કરીને શ્રી અશોકભાઇ રમણલાલ અને તેમના પુત્ર ભાઇ શ્રી જીગ્નેશભાઇથી ખુબજ સારી રીતે પરિચિત છે. અમો આપ સૌને જણાવવા માંગીએ છીએ કે આ પરિવારનું આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં જે સ્થાન છે તે સ્થાન આ પરિવારે પોતાની તનતોડ મહેનત, કાબીલીયત અને ઇમાનદારી દ્વારા શૂન્યમાંથી સર્જન કરીને મેળવેલ છે. આપણા સમાજને દરેક વ્યક્તિ માટે શ્રી અશોકભાઇ અને શ્રી જીગ્નેશભાઇની પ્રગતી અને તેમની જીવનગાથા પ્રેરણાસ્રોત છે. સ્વામીનારાયણ ભગવાનના ચુસ્ત અનુયાયી, શૂન્યમાંથી સર્જન કરવાની કળા ધરાવનાર, એક નિ:સ્વાર્થ સમાજસેવક અને આપણા સમાજના કોઇપણ સેવાકાર્યમાં અગ્રેસર રહેતા શ્રી અશોકભાઇ રમણલાલ દરજી દ્વારા કેળવણી મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ સમાજ દર્શન – ૨૦૨૨ ના છેલ્લા પેજના અને પ્રથમ જાહેરાત પેજના દાતા તરીકે રૂા.૩૬,૦૦૦/- નું દાન નોંધાવેલ છે તો આવા દાનવીર અને સમાજસેવક શ્રી અશોકભાઇ રમણલાલ દરજી પરિવારનો કેળવણી મંડળ વતી ખુબ ખુબ આભાર માનીએ

છીએ અને તેમનો પરિવાર પોતાના ધંધાકીય સાહસોમાં હમેશા સફળ રહે અને ઉત્તરોઉત્તર પ્રગતિના પંથ પર અગ્રેસર રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## કેળવણી મંડળના પૂર્વ ઉપપ્રમુખ શ્રી નવીનભાઇ બચુભાઇ દરજી પોતાના ધર્મપત્ની સાથે ૨૦ દિવસની નેપાળ ખાતે ધાર્મિક યાત્રા કરી આવ્યા.



दानं होम दैवतं मड्गलानि प्रायश्चितान् विविधान् लोकवादान ।
एतानि य: कुरुत नैत्यकाननि तस्योत्थानं देवता राधयन्ति ॥

જે વ્યક્તિ દાન, યજ્ઞ, ભજન, ધાર્મિક કાર્યો, પ્રાયશ્ચિત, ધાર્મિક યાત્રાઓ અને અન્ય સંસારિક કાર્યો યથાશક્તિ અને નિયમપૂર્વક કરે છે, દેવી દેવતાઓ તેના જીવનની સફળતા અને મોક્ષનો માર્ગ સુનિશ્ચિત કરે છે. મનુષ્ય જીવનનો ઉદ્દેશ હંમેશા પોતાની માન મર્યાદાને આગળ વધારવામાં રહેલો છે. જો તમે સફળતાપૂર્વક આ વસ્તુને શક્ય બનાવી છે તો તમારી ઉપલબ્ધિ એ તમારા પ્રયત્નોનું પરિણામ છે. પ્રવાસ માનવીને એ સનાતન સત્યની પ્રતીતિ કરાવે છે કે આ જગતમાં બધા મનુષ્યો મુસાફરો જ છે.

આજે આપણે વાત કરીએ છીએ આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ચાંદલોડિયાના અને હાલ ચાંદલોડિયામાં જ રહેતા શ્રી નવિનભાઇ બચુભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી જયશ્રીબેન નવિનભાઇ દરજીની. આ દંપતીથી આપણો સમસ્ત દરજી સમાજ સુપેરે પરિચિત છે. શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ કેળવણી મંડળના પૂર્વ ઉપપ્રમુખ એવા શ્રી નવિનભાઇ બચુભાઇ દરજી હાલ આપણા સમાજના વિવિધ સેવાલક્ષી કાર્યોમાં અને પોતાના ધંધાકીય કાર્યોમાં અત્યંત વ્યસ્ત હોવા છતાં પોતાના પરિવાર પ્રત્યેની ફરજ પ્રત્યે હંમેશા જાગૃત રહે છે. તેઓશ્રી એક તેજસ્વી, ઉદ્યમી, ખંતીલા, હિંમતવાન અને સમર્પિત સાહસકાર છે. તેઓશ્રીએ શૂન્યમાંથી સર્જન કરવાના ગુણને ખુબજ સાહજિકતાથી આત્મસાત કરેલ છે. ખુબજ મહેનત દ્વારા તેમણે પ્રાપ્ત કરેલ સિદ્ધિના સોપાનોએ તેમની આવડત, બુદ્ધિમત્તા અને વ્યયસાયિક સંબંધો જાળવવાની કાબીલયત ની ફલશ્રુતિ છે.

માનનીય શ્રી નવિનભાઇની તેમના ધંધાકીય સફળતાની સાથે સાથે તેમના સામાજીક જીવન પ્રત્યેની સમર્પિતાનો ઉલ્લેખ નહિ કરીયે તો તે અશોભનીય ગણાશે. ભાઇ શ્રી નવિનભાઇ પોતાની જીવનની આટલી વ્યસ્તતા વચ્ચે પણ કેળવણી મંડળમાં ઉપપ્રમુખના હોદ્દા પર રહીને પોતાની સેવાઓ આપેલ છે. જયારે પણ આપણા સમાજની કોઇપણ સંસ્થા જેમ કે કેળવણી મંડળ કે સમૂહલગ્ન સમિતિ દ્વારા દાનભેટ / સહકાર માટે ટહેલ નાખેલ છે ત્યારે શ્રી નવિનભાઇ અને તેમના પરિવારે હરહંમેશ સહકાર આપીને ખુશી વ્યક્ત કરેલ છે. કેળવણી મંડળ દ્વારા સમસ્ત સમાજમાં દરેક વર્ષે દિવાળીમાં જે કેલેન્ડરનો પ્રસાદ આપવામાં આવે છે તે સેવાકાર્યમાં સતત સાત વર્ષ પોતાનું યોગદાન શ્રી નવિનભાઇએ આપેલ છે. આ ઉપરાંત કેળવણી મંડળની દાનભેટ માટે કોઇપણ ટહેલ હોય જેમકે કોરોનામાં કીટ વિતરણ, ઓફીસ ખરીદી, ચારધામ યાત્રા, સાધારણ સભા વિગેરે વિગેરે કોઇ પણ ટહેલમાં શ્રી નવિનભાઇ અને જયશ્રીબેન દ્વારા સૌપ્રથમ પોતાનો ફાળો નોંધાવવામાં આવે છે. કેળવણી મંડળ દ્વારા સમાજમાં અત્યાર સુધી જે પણ યાત્રાઓનું આયોજન કરવામાં આવેલ છે તે તમામ યાત્રાઓમાં શ્રી નવિનભાઈ પરિવાર તરફથી દરેક યાત્રિકોને પ્રસ્થાન સમયે ચા-નાસ્તો આપવો તેવો નિયમ તેમણે બનાવેલ છે. આવા સાહસિક અને દાનવીર સભ્ય આપણા સમાજમાં હોવા બદલ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ગર્વ અનુભવે છે.

હાલ શ્રી નવિનભાઈ અને તેમના ધર્મપત્ની શ્રીમતી જયશ્રીબેન પોતાના જીવનમાં જેટલી થઇ શકે તેટલી ધાર્મિક યાત્રાઓ કરીને પોતાના જીવનમાં પુણ્યનું ભાથું બાંધવા માંગે છે તે અંતર્ગત હાલમાં જ તેઓ શ્રી તા. ૧૮.૦૫.૨૦૨૩ થી તા. ૦૪.૦૬.૨૦૨૩ એમ ૧૭ દિવસની સમગ્ર ઉત્તર ભારત, નેપાળ અને ત્રણ જ્યોતિર્લીંગની યાત્રા કરીને પરત આવેલ છે ત્યારે સમસ્ત દરજી સમાજ અને કેળવણી મંડળ સમાજના આ અદના સેવકની ભાવનાઓને બિરદાવીને તેમની આ યાત્રાની સફળતા બદલ હાર્દિક અભિનંદન આપે છે અને બન્ને પતિપત્ની ભવિષ્યમાં પણ આ પ્રમાણે પોતાની ધાર્મિક યાત્રાઓ કરતા રહે અને સાથે સાથે આપણા સમાજની સેવામાં પોતાનું યોગદાન આપતા રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

ફરીથી સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યો શ્રી નવિનભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી જયશ્રીબેનને અભિનંદન પાઠવે છે સાથોસાથ શ્રી નવિનભાઇ તથા તેમના ધર્મપત્ની શ્રીમતિ જયશ્રીબેન તથા સમગ્ર પરિવારનું જીવન નિરોગી, સુખમય, શાંતિમય, વધુ સેવામય તથા દીર્ઘાયુમય બની રહે તેમજ હજુ પણ આપ ઉત્તરો-ઉત્તર પ્રગતિ કરો તેવી તે માટે સ્નેહભરી શુભેચ્છાઓ કેળવણી મંડળના તમામ હોદ્દેદારો, કારોબારી સભ્યો અને શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના દરેક વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.

## મેર્ડા આદરજ ગામના આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના દરજી ભાઇઓ / બહેનો દ્વારા સતત બારમાં વર્ષે પગપાળા યાત્રા કરીને સુવાળા બ્રહ્માણી માતાજીને ધજા ચઢાવવામાં આવી.



મેર્ડા આદરજ ગામમાં વસતા આપણા સમાજના કુટુંબો દ્વારા દર વર્ષે ચૈત્રી સુદ પુનમના દિવસે ધાર્મિક પર્વ ઉજવવામાં આવે છે. છેલ્લા બાર વર્ષથી તેઓ દ્વારા તેમના કુળદેવી એવા શ્રી બ્રહ્માણી માં ના ચુવાળ પંથકમાં આવેલ સુવાળા ગામે આવેલ મંદિર સુધી પગપાળા સંઘનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે પણ મેર્ડા આદરજના બ્રહ્માણી માં ના પરમ ભક્તો દ્વારા ધામધૂમથી ચૈત્રસુદ પુનમ તા. ૦૬.૦૪.૨૦૨૩ના

રોજ પગપાળા સંઘનું આયોજન કરવામાં આવેલ. અને ધામધૂમ સાથે બ્રહ્માણી માતાના પરમ ભક્તો એવા મેડાં આદરજ પરિવારો દ્વારા પગપાળા સુવાળા પહોચીને તેમની વર્ષો જુની પરંપરા મુજબ માતાજીને ધજા ચઢાવેલ હતી.

## સ્નેહના સોનેરી તાંતણે બંધાણા



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વામજ / વણછરાના માનનીય શ્રી પ્રવિણલાલ મણીલાલ વાઘેલાના પુત્ર અને હાલ પાદરા મુકામે રહેતા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના એક સક્રિય સભ્ય એવા ભાઇશ્રી વાઘેલા જયદીપભાઇ પ્રવિણચંદ્ર અને શ્રીમતી ભાવનાબેન જયદીપભાઇ વાઘેલાના સુપુત્ર ચિ. હાર્દિકના લગ્ન ગામ દુધવાડાના શ્રી ઘનશ્યામભાઇ ડાહ્યાભાઇ દરજી અને શ્રીમતી ઉર્મિલાબેન ઘનશ્યામભાઈ દરજીની સુપુત્રી મેઘાબેન સાથે તા. ૧૧/૦૬/૨૦૨૩ ના રોજ થયેલ છે. આ પ્રસંગે સૌ સગા સંબંધીઓ, સ્નેહીજનો અને વડીલોએ હાજર રહીને વરવધુને સુખી ભવિષ્ય જીવનના આશીર્વાદ આપ્યા હતા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ વતી ભાઇશ્રી જયદીપભાઇ વાઘેલા અને તેમના ધર્મપત્ની શ્રીમતી ભાવનાબેનને ખુબ ખુબ અભિનંદન આપે છે અને શ્રી હાર્દિક અને શ્રીમતી મેઘાબેનનું સંસારિક જીવન સુખપૂર્ણ વીતે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## કલોલના શ્રી વિજયભાઇ કનુભાઇ દરજીના ઘરે લક્ષ્મીરૂપી દિકરીના જન્મથી ખુશીનો માહોલ




શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ રાઠોડા ભોયણના અને હાલ કલોલ મુકામે રહેતા શ્રી કનુભાઇ શકરાભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી મંજુલાબેન કનુભાઇ દરજીના સુપુત્ર ભાઇશ્રી વિજયભાઇ કનુભાઇ દરજી અને શ્રીમતી પ્રિયંકાબેન વિજયભાઇ દરજીના પરિવારમાં તા. ૦૪.૦૮.૨૦૨૩ના રોજ લક્ષ્મીરૂપી ચિ. સિયા ના જન્મથી ખુશીનો માહોલ સર્જાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇશ્રી કનુભાઇ શકરાભાઇ દરજી પરોપકારી અને સજ્જન વ્યક્તિ છે. ભાઇશ્રી વિજયભાઇ પણ એક મહેનતુ અને ખંતીલા વ્યક્તિ છે અને આપણા સમાજ પ્રત્યે ખુબ માન ધરાવે છે. આવા સમાજસેવી પરિવારના ઘરે આનંદનો અવસર આવેલ છે. તે નિમીત્તે કેળવણી મંડળ સમસ્ત સમાજ વતી શ્રી કનુભાઇ, શ્રીમતી મંજુલાબેન, શ્રી વિજયભાઇ અને શ્રીમતી પ્રિયંકાબેનને ખુબ અભિનંદન આપે છે અને દીકરીને સુખી અને દિર્ઘાયુ ભવિષ્યના આશીર્વાદ આપવામાં આવે છે.

## કલોલના શ્રી પાર્થ દિલીપભાઇ દરજીના ઘરે કુળદીપકના જન્મથી ખુશીનો માહોલ



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ છત્રાલના અને હાલ કલોલ મુકામે રહેતા શ્રી દિલીપભાઇ મંગળદાસ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી ભાવનાબેન દિલીપભાઇ દરજીના સુપુત્ર ભાઇશ્રી પાર્થભાઇ દિલીપભાઇ દરજી અને શ્રીમતી રજનીબેન પાર્થભાઇ દરજીના પરિવાર માં તા. ૧૦.૦૮.૨૦૨૨ના રોજ કુળદીપક ચિ. દિવ્યના જન્મથી ખુશીનો માહોલ સર્જાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇશ્રી દિલીપભાઇ મંગળદાસ દરજી આપણા સમાજની કેળવણી મંડળમાં સંગઠન મંત્રી તરીકે પોતાની ફરજ બજાવી રહેલ છે. તેમના પુત્ર ભાઇશ્રી પાર્થ પણ પોતાના પિતાની રાહ પર સમાજસેવાના કાર્યમાં પ્રવૃત છે અને તેઓ એક મહેનતુ અને ખંતીલા વ્યક્તિ છે અને આપણા સમાજ પ્રત્યે ખુબ માન ધરાવે છે. આવા સમાજસેવી પરિવારના ઘરે આનંદનો અવસર આવેલ છે. તે નિમીત્તે કેળવણી મંડળ સમસ્ત સમાજ વતી દાદા શ્રી દિલીપભાઇ, દાદી શ્રીમતી ભાવનાબેન, પિતા પાર્થભાઇ, માતા રજનીબેન, નાના અમૃતભાઇ અંબાલાલ અને નાની શ્રીમતી કોકીલાબેન અમૃતભાઇને ખુબ અભિનંદન આપે છે અને ચિ. દિવ્યને સુખી અને દિર્ઘાયુ ભવિષ્યના આશીર્વાદ આપવામાં આવે છે.

## ગાંધીનગરના શ્રી કનુભાઇ ગિરધારીલાલના ઘરે પુત્રના વિવાહનો માંડવો



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ઉનાવાના અને હાલ સેક્ટર – ૨૪, ગાંધીનગર મુકામે રહેતા સમાજના એક પ્રતિષ્ઠિત સભ્ય એવા ભાઇશ્રી કનુભાઇ ગિરધારીલાલ અને તેમના ધર્મપત્ની શ્રીમતી અનિતાબેન કનુભાઇના ઘરે પોતાના પુત્રના લગ્નનો શુભ અવસર ઉજવવામાં આવ્યો. તા. ૧૨.૦૨.૨૦૨૩ ના રોજ તેમના સુપુત્ર ભાઇશ્રી પાર્થ કનુભાઇ દરજીના લગ્ન મુળ ગામ કડીના શ્રી વસંતભાઈ દુધાલાલ અને શ્રીમતી રંજનબેન વસંતભાઇ દરજીની સુપુત્રી એક્તા સાથે યોજવામાં આવ્યા. પોતાના પરિવારના શુભ પ્રસંગે શ્રી કનુભાઇ દ્વારા પોતાના સૌ સગા સંબંધીઓ, સ્નેહીજનો અને વડીલોને આમંત્રણ આપવામાં આવ્યું અને સમસ્ત પ્રસંગને ખુબ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. આ પ્રસંગમાં હાજર તમામ સ્નેહીજનોએ વરવધુને સુખી ભવિષ્યજીવનના આશીર્વાદ આપ્યા હતા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ વતી ભાઇશ્રી પાર્થ અને શ્રીમતી એક્તાબેન પોતાના ભવિષ્યના સાંસારિક જીવન ખુબ આનંદ અને સુખથી રહે તેવા આશીર્વાદ આપવામાં આવે છે.

## શ્રી રાજેશભાઇ રમણલાલ વાઘેલા – એડવોકેટ સમાજ પ્રત્યે હંમેશા પોતાની નિષ્ઠાના દર્શન કરાવનાર એક દાનવીર વ્યક્તિ



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના એક અતિ પ્રતિષ્ઠિત વ્યક્તિ, સમાજશ્રેષ્ઠી અને વ્યવસાયે એડવોકેટ એવા મૂળ ગામ વામજના અને હાલ પાદરા મુકામે રહેતા શ્રી રાજેશભાઇ રમણલાલ વાઘેલા અને તેમના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન રાજેશકુમાર આપણા સમાજ પ્રત્યે ખુબ માન ધરાવે છે. તા. ૦૬.૦૮.૨૦૨૩ ના રોજ પાદરા મુકામે ભાઇશ્રી જયદીપભાઇ દ્વારા પોતાના સુપુત્ર ચિ. હાર્દિકની વિદેશ યાત્રા નિમીતે મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ અને તેમાં કેળવણી મંડળને સપ્રેમ આમંત્રણ આપવામાં આવેલ. કેળવણી મંડળના હોદ્દેદારો દ્વારા પોતાના સમાજના સભ્યની લાગણીને માન આપીને પાદરા, વડોદરા મુકામે ચિ. હાર્દિકને શુભેચ્છા આપવા રૂબરૂ ઉપસ્થિત રહેલ. કેળવણી મંડળની આ પ્રતીબધ્ધતાથી અભિભૂત થઇને શ્રી રાજેશભાઈ દ્વારા ઉપસ્થિત તમામ હોદ્દેદારોને બિરદાવવામાં આવેલ અને મંડળ દ્વારા ચલાવવામાં આવતા સેવા કાર્યો માટે રૂા. ૧,૫૦૧/– દાનભેટ આપવામાં આવેલ. કેળવણી મંડળ સમાજના સભ્યોના આવા પ્રેમથી ગદગદિત છે અને હજુપણ વધુ સક્ષમતાથી સમાજસેવાના કાર્યો કરવાના નિર્ધાર સાથે શ્રી રાજેશભાઇ રમણલાલ વાઘેલા તેમજ શ્રીમતી મીનાબેન રાજેશભાઇ અને તેમના સમસ્ત પરિવારનો ખૂબ ખૂબ આભાર માને છે.

## ઉનાવા મુકામે શ્રી જક્ષણી માતાજીની નીશ્રામાં તા. ૦૫.૦૨.૨૦૨૩ ના રોજ ભવ્ય હવનનું આયોજન કરવામાં આવ્યું



મૂળ ઉનાવા ગામના અને ઉનાવા અને અન્ય વસતા આપણા સમાજના અને અન્ય નવ ગામના પરિવારોની કુળદેવી શ્રી જક્ષણી માં છે. ઉનાવા ગામમાં આવેલ શ્રી જક્ષણી માતાજીના મંદિરમાં આ તમામ પરિવારો ખુબ આસ્થા ધરાવે છે. સંગઠન અને સહકારની ભાવના થકી આજના નવયુવાનોના પ્રયત્નો થકી હાલની તારીખે ઉનાવા જક્ષણી મંદિરનો જીર્ણોદ્ધાર કરીને નવિન મંદિર બનાવવામાં આવેલ છે. નવિન મંદિર બન્યા બાદ આ વર્ષે આપણા સમાજના મૂળ ગામ ઝુંડાલના અને સાણંદ મુકામે રહેતા સ્વ. મંજુલાબેન લાલભાઇ દરજી અને સ્વ. લાલભાઇ ચંદુભાઇ દરજીના સૌજન્ય દાન થકી આ નવિન મંદિર પરિસરમાં વિક્રમ સવંત ૨૦૭૯ મહાસુદ પૂનમ તા. ૦૫.૦૨.૨૦૨૩ રવિવારના રોજ અતિ ભવ્ય હવનનું આયોજન કરવામાં આવ્યું. ભાવિક ભક્તો અને અન્ય આમંત્રિત મહેમાનોની વચ્ચે લગભગ ૬૦૦ માણસની હાજરીમાં આ અતિભવ્ય ધાર્મિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું.

વિદ્વાન પંડિતો દ્વારા શ્લોકો, ઉચ્ચારણો અને ભાવિકોની લાગણી વચ્ચે શરુ થયેલ આ પ્રસંગ મંગલમય અને દેદીપ્યમાન લાગતો હતો. એક પછી એક પઠન બાદ શ્રીફળ હોમવાની વિધિ, માતાજીની આરતી અને ત્યારબાદ પૂજામાં બેઠેલ તમામને વડીલોના આશીર્વાદ વગેરે અવિસ્મરણીય માંગલિક ઘટના હતી. અત્રે કેળવણી મંડળ આપના સમાજના તમામ ભક્તો અને સ્વ. મંજુલાબેન અને સ્વ. લાલભાઇના પરિવારજનોને આટલા સરસ આયોજન બદલ અભિનંદન આપે છે.

## મૂળ ગામ કોબાના શ્રી અરવિંદભાઇ ગાંડાભાઇ દરજીના પરિવારમાં કુળદીપક ચિ. તીર્થની બાબરીનો પ્રસંગ ધામધૂમથી ઉજવાયો





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ કોબા–વાવોલના અને હાલ નવા કોબા મુકામે રહેતા શ્રી અરવિંદભાઇ ગાંડાભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી કુસુમબેન અરવિંદભાઇ દરજીના સુપુત્ર ભાઇશ્રી કિરણભાઇ અરવિંદભાઇ દરજી અને શ્રીમતી કિન્નરીબેન કિરણભાઇ દરજીના પરિવારમાં તા. ૧૧.૦૬.૨૦૨૨ ના રોજ ચિ. તીર્થ ના જન્મથી ખુશીનો માહોલ સર્જાયેલ. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇશ્રી અરવિંદભાઇનો પરિવાર આપણા સમાજમાં એક વિશિષ્ઠ સ્થાન ધરાવે છે. કોબા ગામમાં રહીને તેઓશ્રીએ આપણા પારંપરિક દરજીકામના વ્યવસાયમાં પોતાનું નામ બનાવેલ છે. તેઓ આપણા સમાજ અને સમાજના લોકો પ્રત્યે માન ધરાવે છે. અને તેમના કુળદેવી એવા શ્રી મહાકાળી માતાના પરમ ભક્ત છે. પોતાના કૌટુમ્બીક રીવાજને અનુસરીને પોતાના કુળદીપકના જન્મના સવા વર્ષે તેમના દ્વારા તા. ૧૧.૦૯.૨૦૨૩ ના રોજ બાબરીના પ્રસંગનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. પોતાના સમસ્ત સગા સંબંધીઓ અને સ્નેહીજનોની હાજરીમાં કોબા ગામના રામજી મંદિર મુકામે આ પ્રસંગને ખુબ ધામધૂમથી ઉજવવામાં આવેલ. ઉપસ્થિત દરેક સ્નેહીજનો દ્વારા દાદા શ્રી અરવિંદભાઇ ગાંડાભાઇ દરજી, દાદી શ્રીમતી કુસુમબેન અરવિંદભાઈ દરજી, પિતા શ્રી કિરણભાઇ અરવિંદભાઇ દરજી અને માતા શ્રીમતી કિન્નરીબેન કિરણભાઇ દરજીને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવેલ અને ચિ. તીર્થને સુખી અને દિર્ઘાયુ ભવિષ્યના આશીર્વાદ આપવામાં આવેલ.

## સ્નેહના સોનેરી તાંતણે બંધાણા





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ છત્રાલના અને હાલ કલોલ મુકામે રહેતા કેળવણી મંડળના સંગઠન મંત્રી એવા શ્રી દિલીપભાઇ મંગળદાસ દરજી અને શ્રીમતી ભાવનાબેન દિલીપભાઇ દરજીના સુપુત્ર ચિ. મિહિરના લગ્ન મૂળ ગામ સાંતેજ અને હાલ ઘાટલોડિયા મુકામે રહેતા શ્રી જીતેન્દ્રભાઇ દિનેશભાઇ દરજી અને શ્રીમતી અલ્પાબેન જીતેન્દ્રભાઇ દરજીની સુપુત્રી ફોરમબેન સાથે તા. ૨૩/૦૧/૨૦૨૩ ના રોજ અમદાવાદ મુકામે યોજવામાં આવેલ. આ પ્રસંગે સૌ સગા સંબંધીઓ, સ્નેહીજનો અને વડીલોએ હાજર રહીને વરવધુને સુખી ભવિષ્યજીવનના આશીર્વાદ આપ્યા હતા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ વતી ભાઇશ્રી દિલીપભાઇ મંગળદાસ દરજી અને શ્રીમતી ભાવનાબેન દિલીપભાઇ દરજીને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને શ્રી મિહિર અને શ્રીમતી ફોરમબેનનું સાંસારિક જીવન સુખપૂર્ણ વીતે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## કેળવણી મંડળના અતિ ઉત્સાહી સંગઠન મંત્રીશ્રી સુમનભાઇ બાબુલાલ દરજીના ઘરે દિકરીના જન્મથી ખુશીનો માહોલ





આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના કેળવણી મંડળના અમારા અતિઉત્સાહી કાર્યકર એવા શ્રી સુમનભાઇ બાબુભાઇ દરજી અને શ્રીમતી કિર્તીબેન સુમનભાઇ દરજીના સુપુત્ર ભાઇશ્રી હાર્દિક અને તેમના ધર્મપત્ની શ્રીમતી કાજલબેનના ઘરે લક્ષ્મીરૂપી ચિ. જીશા ના જન્મથી સમસ્ત પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ પરિવાર દાયકાઓથી સમાજસેવામાં કાર્યરત છે. કેળવણી મંડળના દરેક કાર્યમાં સંગઠન મંત્રી એવા શ્રી સુમનભાઇ હંમેશા ઉત્સાહથી પોતાનો ફાળો આપે છે. આવા સેવાભાવી વ્યક્તિના ઘરે આ સુખની ઘડી આવવાથી કેળવણી મંડળના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યશ્રીઓ તેમને અભિનંદન આપે છે. સમાજના અદના સેવક એવા સુમનભાઇ બાબુભાઇ પરિવારને આ આનંદની ઘડીએ કેળવણી મંડળ સમસ્ત સમાજ વતી દાદા શ્રી સુમનભાઇ, દાદી શ્રીમતી કિર્તીબેન, પિતા શ્રી હાર્દિકભાઇ, માતા શ્રીમતી કાજલબેન, નાના શ્રી મુકેશભાઇ પોપટલાલ અને નાની શ્રીમતી મંદાબેન મુકેશભાઇને ખુબ ખુબ અભિનંદન આપે છે અને ચિ. જીશા ને સુખી અને દિર્ઘાયુ ભવિષ્યના આશીર્વાદ આપવામાં આવે છે.

## દંતાલી ગામ મુકામે ગોગા મહારાજના મંદિરે રમેણ (જાતર)ની જમાવટ





આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ મેર્ડા આદરજના અને હાલ કલોલ નિવાસી શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી અને અને શ્રી મુકેશભાઇ ચીનુભાઇ દરજી દ્વારા તેમના પૈતૃક ગામ એવા દંતાલી મુકામે તેમના ઘરમાં બિરાજેલ શ્રી ગોગા મહારાજના મંદિરે તા. ૦૮.૦૪.૨૦૨૩ ના રોજ રાત્રે ગોગ મહારાજની જાતરનું આયોજન કરવામાં આવેલ. સમસ્ત સ્નેહીજનો અને સંબંધીઓની હાજરીમાં આ પ્રસંગનું આયોજન કરવામાં આવેલ. સાંજના સમયે સ્વાદીષ્ટ ભોજન પ્રસાદ આરોગ્યા બાદ રાત્રે ૯.૦૦ કલાકે જાતર રાખવામાં આવેલ. જાતરની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ હતી અને બહારગામથી પધારેલ ભુવાજીઓ દ્વારા ગોગ મહારાજ સમક્ષ ધૂણીને આહલાદક વાતાવરણનું સર્જન કરવામાં આવેલ. ઉલ્લેખનીય છે ગુજરાતના જાણીતા કલાકાર અને ભુવાજી એવા શ્રી ગમન ભુવાજીએ પણ આ પ્રસંગમાં હાજરી આપેલ. પ્રસંગમાં પધારેલ ભુવાજીઓ તેમજ મહેમાનોનું સ્વાગત ફૂલહાર તથા ભેટપૂજા આપીને કરવામાં આવેલ. આ રમેણમાં ડાકલા, પાવરીયા, ઢોલ, ઓક્ટોપેડ અને કેસીઓ જેવા સંગીતના સાધનોના સથવારે રમઝટ બોલાવવામાં આવેલ અને ઉપસ્થિત તમામને મંત્રમુગ્ધ કરી દીધેલ. આ મંદિરે આવતા તમામ ભક્તોની મનોકામના ગોગા મહારાજ પૂર્ણ કરે છે આથી અહી વિશાલ સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે પધારેલ હતા. ઉપસ્થિત તમામ ભુવાજી દ્વારા આશીર્વચન આપવામાં આવેલ હતા. આ પ્રસંગે સ્વ. જીવણલાલ છગનલાલ દરજી પરિવારમાં મોટા સુપુત્ર સ્વ. શ્રી ચીનુભાઇના પૌત્ર ભાઇ શ્રી કુલદીપ મુકેશભાઈ દરજીને ગોગા મહારાજના ભુવાની ઉપાધિ આપવામાં આવેલ. અંતમાં, શ્રી બિપીનચંદ્ર, શ્રીમતી ઉષાબેન, ગં.સ્વ. રમીલાબેન ચીનુભાઇ, મુકેશભાઇ અને શ્રીમતી જ્યોત્સનાબેન મુકેશભાઇ દ્વારા હાજર તમામ ભક્તોનો આભાર માનવામાં આવેલ.

### બેતાલીસ દિપક અંક-૧૫ માં જાહેરાત આપનાર દાતાશ્રીઓની યાદી

| | | |
|---|---|---|
| ૨૧,૦૦૦/- | અમૃતભાઈ નટવરલાલ દરજી | - કોબા |
| ૧૪,૦૦૦/- | સ્વ.ગીતાબેન રસિકભાઈ દરજી | - ઘાટલોડીયા |
| ૧,૧૦૦/- | વિજયભાઈ અશોકભાઈ દરજી | - કોબા |
| ૫૦૦/- | બિપીનચંદ્ર જીવણલાલ દરજી | - કલોલ |
| ૫૦૦/- | ધવલ બિપીનચંદ્ર દરજી | - કલોલ |

## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વડસ્માના અને હાલ ગાંધીનગર મુકામે રહેતા સમાજના એક પ્રતિષ્ઠિત પરિવારનો પરિચય

આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મુખપત્રક એવા બેતાલીસ દીપક દ્વારા અપનાવવામાં આવેલ રાહ પ્રમાણે આપણે સમયાંતરે સમાજના કોઇ એવા પરિવારનો સંપૂર્ણ પરિચય આપીએ છીએ કે જે પરિવારે પોતાની મહેનત, ધગશ, હોશિયારી, પ્રામાણિકતા અને આવડતના જોરે સમાજમાં એક પ્રતિષ્ઠિત કુટુંબ તરીકેની નામના મેળવી હોય. આજે આપણે વાત કરીએ છીએ મૂળ ગામ વડસ્માના અને હાલ ગાંધીનગર મુકામે રહેતા સ્વ. કેશવલાલ મોહનલાલ દરજી અને સ્વ. મણિબેન કેશવલાલ દરજી પરિવારના એક અદના સભ્યના પરિવારની.







સ્વર્ગસ્થ શ્રી કેશવલાલના જીવન અને તેમના જીવન સંઘર્ષ વિષે લખવું હોય તો શબ્દો અને વાક્યોની જોડણી કરવી ખુબ મુશ્કેલ બને જેથી સંક્ષિપ્તમાં તેમની જીવનગાથા જાણીએ. સ્વ.શ્રી કેશવલાલ મોહનલાલને સંતાનોમાં ત્રણ દીકરા શ્રી કાન્તીભાઇ, શ્રી અમૃતભાઇ અને શ્રી બળવંતભાઇ તેમજ એક દીકરી વિમળાબેન(સ્વ.) એમાં આજે આપણે વાત કરીએ છીએ તેઓશ્રીના સૌથી નાના સુપુત્ર શ્રી બળવંતભાઇ કેશવલાલ દરજી પરિવારની.

સંઘર્ષ જ ઉત્કર્ષની કેડી છે, સતત, સખત મહેનત, મંથન અને હકારાત્મક અભિગમ જ વાટ વચ્ચેના વિઘ્નોને વીંધીને સફળતાના દ્વાર ખોલી આપે છે. આ મંત્રને જીવીને બળવંતભાઇ જીવતરમાં બેસુમાર ચાલ્યા છે. મહેસાણા જિલ્લાનું સાવ અંતરિયાળ ગામ વડસ્મા તેમનું વતન. સગવડતા નામે સુનકાર, હાડમારીભર્યું જીવન, તે કાળે ગામના ક્રમે કાળી લીટી (પાકી સડક) જ નહોતી પણ બળવંતભાઇની સાધના નર્યા અંતરાયોથી ભરી ભરી હતી. મળસ્કે ચાર વાગે ઊઠવાનું, ડાંગરવા નેળિયા વાળો વેરાન ભાસતો રસ્તો, રેતીના દળને ખુંદતા છ કિલોમીટરનો પાકો પલ્લો કાપી સ્ટેશનથી ગાડી પકડી મહેસાણા કોલેજમાં જતા. સાહેબના એક એક શબ્દ પર ઝઝુમતા, તરસ્યા માણસની માફક ગટક ગટક જ્ઞાનને ઉતારતા. તેના પરિણામ સ્વરૂપ તેઓ ગુજરાતી વિષય સાથે બી.એ. માં કોલેજ ફર્સ્ટ આવ્યા. કોલેજકાળ દરમિયાન તેમણે ગુજરાતી, હિન્દી, બંગાળી, (રવીન્દ્રનાથ શરદબાબુ) અને અંગ્રેજીની અનુવાદિત કૃતિઓનું અધ્યયન કરતા રહ્યા. આમ તેમની શિક્ષણ સફર તેમને અનુસ્નાતક સુધી લઇ ગઇ.

એમની આંખોમાં તો નોકરીના શમણાં ટોળે વળતાં હતાં ત્યારે તેમના ગુરુ એવા બી.એડ.કોલેજના અધ્યાપકશ્રી તેમનો હાથ સાહી પોતાના વતન કાણોદર હાઇસ્કુલમાં લઇ ગયા ત્યાનાં પ્રાથમિક વિભાગમાં એકાદ વર્ષની નોકરી કર્યા બાદ ઈ.સ. ૧૯૮૭ માં પાલનપુર સ્થિત સંસ્કાર વિદ્યાલય માધ્યમિક વિભાગમાં પસંદ પામ્યા. પછી તો બાળકોના સર્વાંગી વિકાસ માટે પોતાની જાત સંસ્થાને અર્પણ કરી દીધી. ભૂલકાઓની ભીતર ભગવાન ભાળ્યો, વિદ્યાર્થી તેમનો આરાધ્ય દેવ બની ગયો. શાળા મંદિર અને જાત પૂજારી થઇ ગઇ. પોતાના જ્ઞાનનો સતત અપડેટ કરીને પૂરા પંથકમાં પ્રખ્યાત થયા. શિક્ષણ સહ અનેક નાનાવિધ પ્રવુત્તિઓમાં પણ તેઓ અવ્વલ નંબરે આવ્યા. આમ પુરા બનાસકાંઠામાં શ્રેષ્ઠ શિક્ષક તરીકેની સુવાસ પ્રસરી.

વતન ભલે ગમે તેવું હોય પણ તેની યાદ વ્યક્તિને વિહવળ કરી દેતી હોય છે. માટીની મહેક-વતનનો પૂકાર તેમને વડસ્મા ભણીના સાલડી ગામે ખેંચી લાવ્યો. સાલડી હાઇસ્કુલમાં જેમ જંગલની ગિરિકંદરામાં જોગંદર આહલેક જગાવે તેમ વિદ્યાર્થીઓ માટે અઢાર વર્ષની આરાધના આદરી. આ સમય તેમને માટે ગુપ્તકાળની માફક સ્વર્ણિમ બની ગયો. જરૂરિયાતમંદ બાળકોની વહારે ધાયા, ગજવાના કાવડિયા કાઢી તેમની કેળવણી માટે પ્રયાસ આદર્યો, તેમના આંસુ લૂછ્યા, અરમાનો જગાડ્યા, વગડા વિન્ધ્યા, ખેતરો ખુધા અને ગામડાઓની ગલીએ ગલીએ ઘૂમી વળી-વિદ્યાર્થીની સામાજીક, આર્થિક અને શૈક્ષણિક પરિસ્થિતિથી સતત અવગત થતા રહ્યા. આ પરિશ્રમનું પારસ તેમણે કંચન બનાવી ગયું. જેથી તેઓ ઘણા એવોર્ડ પુરસ્કારોથી પોખાયા. તેઓશ્રી ગુજરાત રાજ્ય બેસ્ટ ટીચર એવોર્ડ – ૨૦૧૦, શિક્ષક ભૂષણ એવોર્ડ, ગોવા રાજ્ય – ૨૦૧૧, અવંતિકા ડો. રાધાકૃષ્ણનન સન્માન – ૨૦૧૨-૧૩ (દિલ્હી), શ્રેષ્ઠ શિક્ષક સન્માન – મહા ગુજરાત સાહિત્ય પરિષદ જેવા સન્માનીય એવોર્ડોથી શોભાયમાન થયા.

**માનનીય શ્રી બળવંતભાઇ કેશવલાલ દરજીએ શિક્ષણકાળ દરમિયાન કરેલા કાર્યોની આછેરી ઝરમર :-**

મહેસાણા જીલ્લામાં RP/KRP વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૭, કો ઓર્ડીનેટર ઇન્ચાર્જ આચાર્ય શ્રી, પી.ટી.સી. અને બી.એડ્. એન્યુઅલ બેચના ઓબ્ઝર્વર , સદભાવ વિકાસ સંકુલના કન્વીનર, ઉદ્‌ઘોષક, પ્રખર વક્તા, યુવા મહોત્સવમાં બનાસકાંઠા અને મહેસાણા જીલ્લા તરફથી છેક રાજ્યકક્ષા સુધી પહોચ્યા, પેપર સેટર તરીકે પણ પોતાની સેવાઓ આપી.

શ્રી બળવંતભાઇ તા. ૩૧.૧૦.૨૦૨૦ ના રોજ સેવા નિવૃત થયા પરંતુ નિવૃત્તિ પછી પણ પગ વાળીને બેસે એ બીજા, બળવંતભાઇ નહિ. આજે પણ નિવૃત્તિના સમયમાં સતત કાર્યશીલ અને પ્રવૃત્ત છે. હાલ તેઓશ્રી સેક્ટર-૩ સી, ગાંધીનગર

વસાહત મંડળમાં મંત્રી તરીકે માનદ સેવાઓ આપી રહેલ છે. સપ્તદેવ ચેરીટીબલ ટ્રસ્ટ સે. – ૩ માં ખજાનચી, સાંઇબાબા સેવા ટ્રસ્ટ સે–૩ ડી માં સહમંત્રી, સિદ્ધનાથ મહાદેવ મંદિર વડસ્મામાં ટ્રસ્ટી તરીકે પોતાની માનદ સેવાઓ આપી રહેલ છે. આમ કર્મશીલ, કર્મઠ, કર્મયોગી એવા બળવંતભાઇની વાત લખવા બેસીએ તો પાનાં ઓછા પડે. તાજેતરમાં જ તેમનું પ્રથમ પુસ્તક “સંઘર્ષ કાબિલ” પ્રગટ થયું. લેખન વાંચન અને એન્ટીક વસ્તુઓનું કલેક્શન તેમનો ભાવતો ફાવતો શાનદાર શોખ છે.



શ્રી બળવંતભાઇ અને શ્રીમતી ઇન્દીરાબેનને અભિષેક અને મૃદુની એમ બે સંતાન છે. ડો અભિષેક બાપ કરતા પણ સવાયા છે. ધોરણ ૭ માં નાપાસ થનાર તેમનો દીકરો અભિષેક શિક્ષણ જગતના એવરેસ્ટને સર કરશે એવી કલ્પના કોણ કરી શકે? જખ્માયેલો માણસ જોરાવર બની ગયો. તેની સફળતાનો આખો આગવો આર્ટિકલ બની જાય પણ તેમની પ્રગતિનું રસપાન થોડા ઓછા શબ્દોમાં જ કરી લઇએ.

બી.એ. ગોલ્ડ મેડાલીસ્ટ – ગુજરાત યુનિવર્સીટી, બી.એડ., એમ.એ., એમ. ફિલ, અને અંતિમ ચરણરૂપે પી.એચ.ડી. (ડોક્ટર ઓફ ફિલોસોફી) ની ઉપાધીને વર્યા, TET – ૨ પ્રાથમિક વિભાગ, (૩ વખત ઉત્તીર્ણ), TAT માધ્યમિક વિભાગ, TAT ઉત્તર માધ્યમિક વિભાગ, NET પાસ, અત્યંત કઠીન ગણાતી GPSC પણ પાસ કરી, પ્રાયમરી ટીચરથી પ્રોફેસર સુધીની સફર માત્ર સાડા ચાર વર્ષમાં પૂર્ણ કરી, પ્રાથમિક શિક્ષક તરીકે પીમ્પરી કચ્છ જીલ્લામાં સેવાઓ આપી, માધ્યમિક ટીચર તરીકે દિયોદર બનાસકાંઠામાં સેવાઓ આપી, ઉચ્ચ માધ્યમિક ટીચરનો સાદ સાબરકાંઠાથી થયો પણ જતો કર્યો, કઠલાલ કોલેજમાં પ્રોફેસર અને હાલ ગુજરાતની નામાંકિત ગુજરાત કોલેજમાં પ્રોફેસર તરીકે સર્વિસ કરી રહેલ છે. તેમની કલમે ત્રણ પુસ્તકો પ્રગટ થયેલ છે.






શ્રી બળવંતભાઇની સફળતા માટે તેમના માતા પિતા સ્વ. શ્રી કેશવલાલ મોહનલાલ દરજી અને સ્વ. મણીબેન કેશવલાલ દરજી, ભાઇઓ શ્રી કાન્તિલાલ કેશવલાલ દરજી, શ્રી અમૃતભાઇ કેશવલાલ દરજી અને ગુરુજનોનો પ્રશંશનીય ફાળો છે. સાથે સાથે તેમના અર્ધાંગિની શ્રીમતી ઇન્દીરાબેનનો સહયોગ ના સાંપડ્યો હોત તો તેઓ આ મંઝીલે પહોચી શક્ય ના હોત.

તેમની દીકરી મૃદુની પણ પોસ્ટ ગ્રેજુએટ છે તેમના લગ્ન આપણા સમાજના અતિ પ્રતિષ્ઠિત પરિવાર એવા મુળ ગામ સરઢવના અને હાલ શાહીબાગ–અમદાવાદ નિવાસી શ્રી યોગેશભાઇ ચંદુભાઇ દરજી અને શ્રીમતી પ્રિતીબેન યોગેશકુમારના દીકરા શ્રી ચિંતનકુમાર સાથે થયેલ છે શ્રી ચિંતનકુમાર પોતે IT ENGINEER છે. તેઓશ્રીને ગઝલ નામે દીકરી છે. ડૉ. અભિષેકની ભાર્યા શ્રીમતી નિલમબેન અભિષેકભાઇ હાઉસ વાઇફનો કિરદાર નિભાવે છે અને તેમની નમણી દીકરી નવલિકા બીજા ધોરણમાં અભ્યાસ કરે છે.



શિક્ષક એ વ્યક્તિ છે કે જે એક બગીચાને જુદા જુદા રંગરૂપના ફૂલોથી સજાવે છે. જે વિદ્યાર્થીઓને કાંટાળા માર્ગે પણ હસીને ચાલવા માટે પ્રોત્સાહિત કરે છે. તેમને જીવવાનું કારણ સમજાવે છે. શિક્ષક માટે બધા વિદ્યાર્થીઓ સમાન હોય છે અને તે બધાનું કલ્યાણ ઇચ્છે છે. શિક્ષકની એ ધરા હોય છે. જે વિદ્યાર્થીઓને સાચું–ખોટું અને સારૂ–ખરાબની ઓળખ કરાવવા માટે બાળકની અંદર રહેલ શક્તિઓને વિકસિત કરવા માટેની આંતરિક શક્તિને વિકસિત કરે છે. તે પ્રેરણાના ફુવારાથી બાળકરૂપી મનને સીંચીને તેના પાયાને મજબુત કરે છે અને તેના સર્વાંગી વિકાસ માટે તેનું માર્ગદર્શન કરે છે. પુસ્તકીય જ્ઞાનની સાથે નૈતિક મુલ્યો અને સંસ્કારરૂપી શિક્ષાના માધ્યમથી એક ગુરુ જ શિષ્યના સારા ચરિત્રનું ઘડતર કરી શકે છે તેથી જ કહેવાય છે કે “ ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા, ગુરૂ સાક્ષાત પરબ્રહ્મા, તસ્મૈ શ્રી ગુરૂદેવ નમ:” શિક્ષાથી જ માનવ જીવનનું કલ્યાણ થઇ શકે છે. શિક્ષા વગરના માનવીની સફળતાની કલ્પના કરવી અશક્ય છે.



શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ સમાજના દરેક પરિવારને સુશિક્ષિત કરવાના ઉદ્દેશ્ય સાથે રચવામાં આવેલ છે અને તે રચનાની સફળતાનું ત્રાદ્રશ્ય ઉદાહરણ એટલે શ્રી બળવંતભાઇ કેશવલાલ દરજી પરિવાર. કેળવણી મંડળ સમસ્ત સમાજ વતી શ્રી બળવંતભાઇ, શ્રીમતી ઇન્દીરાબેન, ડૉ. શ્રી અભિષેકભાઇ, શ્રીમતી નિલમબેન તથા સમસ્ત કેશવલાલ મોહનલાલ દરજી પરિવારને તેમની સિદ્ધિઓ બદલ બિરદાવે છે અને તેઓશ્રી ભવિષ્યમાં હજુપણ શિક્ષણ ક્ષેત્રે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરીને શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળનું ગૌરવ વધારે તેવી અભ્યર્થના રાખીએ છીએ.

## ઝુલાસણના શ્રી રાજેન્દ્રભાઇ શાંતિલાલ દરજી દ્વારા પોતાના સ્વર્ગસ્થ માતાને શ્રધ્ધાંજલિ સ્વરૂપે ગાયનું દાન કરવામાં આવ્યું.




આપણા શ્રી બતાલીસ ગોળ દરજી સમાજના છેવાડાના ગામ એવા ઝુલાસણમાં વસતા ભાઇશ્રી રાજેન્દ્રભાઇ શાંતિલાલ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતિ ગોદાવરીબેન રાજેન્દ્રભાઇ દરજી સમસ્ત ગામ અને સમાજમાં પોતાની ધાર્મિક પ્રવૃતિને લઇને ખુબ જાણીતા છે. તેઓ પોતાના સ્વર્ગસ્થ માતા–પિતાને શ્રધ્ધાંજલિ આપવા આપણા સમાજમાં અને અન્ય મંદિરોમાં દાન કરીને પુણ્યનું ભાથું બાંધી રહેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી રાજેન્દ્રભાઇ શાંતિલાલ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ગોદાવરીબેન રાજેન્દ્રભાઇ દ્વારા પોતાના પરમપૂજ્ય માતૃશ્રી ચંપાબેનના સૌજન્યમાં ગંગાપૂજન અને જીવતચર્યાનું આયોજન તા. ૧૫.૦૩.૨૦૧૭ ભાદરવા સુદ – ૮ વિક્રમ સંવંત ૨૦૭૩ રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં શ્રી રાજેન્દ્રભાઇ અને ગોદાવરીબેન દ્વારા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના તમામ પરિવારોને આમંત્રણ આપવામાં આવેલ. ભાઇ શ્રી રાજેન્દ્રભાઇ અને ગોદાવરીબેન દ્વારા અંગત રીતે સમસ્ત સમાજના તમામ પરિવારોની આગતા સ્વાગતા કરીને પોતાના માતૃશ્રી ચંપાબેન પ્રત્યે તેમનો પ્રેમભાવ દર્શાવવામાં આવેલ. ત્યારબાદ તેઓશ્રીએ પોતાના ઘરની બાજુ માં આવેલ ઓઘડનાથ મંદિરનો પણ જીર્ણોદ્ધાર કરીને તા. ૩૦.૧૧.૨૦૨૦ ના રોજ તેની પ્રાણ:પ્રતિષ્ઠાનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કર્યું. ત્યારબાદ તા. ૧૩.૦૨.૨૦૨૧ ના રોજ પોતાના નવીન મકાનમાં રામાપીરના પાઠનું ખુબ સુંદર ધાર્મિક આયોજન કર્યું. હાલમાં તા. ૨૭.૦૧.૨૦૨૩ ના રોજ તેમના માતૃશ્રી ચંપાબેન શાંતિલાલનો સ્વર્ગવાસ થયો. તો પોતાના માતૃશ્રીને શ્રધ્ધાંજલિ આપવા માટે શ્રી રાજેન્દ્રભાઇ શાંતિલાલ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી ગોદાવરીબેન રાજેન્દ્રભાઇ દરજી તરફથી તેમના સમસ્ત સગા સંબંધીઓ અને મિત્રોને લઇને તા. ૨૮.૦૩.૨૦૨૩ ના રોજ ભગતના ગામ સાયલા અને ચોટીલા મુકામે એક ધાર્મિક યાત્રાનું ખુબ ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે તેઓશ્રીએ પોતાના સ્વર્ગસ્થ સ્વજનો સ્વ. શ્રી શાંતિલાલ કેશવલાલ દરજી અને ગં.સ્વ. ચંપાબેન શાંતિલાલને સ્મરણાર્થે ગાયનું દાન કરવામાં આવેલ અને પૂજા પથનું આયોજન કરવામાં આવેલ. આપણે સૌ જાણીએ છીએ કે શ્રી રાજુભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ગીતાબેન ધાર્મિક આયોજનોની સાથે સાથે સમાજ સેવાના કાર્યોમાં પણ સદા અગ્રેસર રહે છે. કેળવણી મંડળ કે સમાજ દ્વારા કોઇપણ કાર્ય માટે તેમની પાસે દાનની ટહેલ નાખવામાં આવે તો તેઓ હંમેશા રાજીખુશીથી દિલ ખોલીને પોતાનો ફાળો નોંધાવે છે. આવા સેવાભાવી પરિવારની કેળવણી મંડળ કદર કરે છે અને તેઓશ્રી ભવિષ્યમાં પ્રગતિ ના સોપાનો સર કરતા રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## મૂળ ગામ ગામ રાઠોડા ભોયણ અને હાલ કલોલ સ્વ. શ્રી શકરાલાલ મોહનલાલ દરજી પરિવાર દ્વારા કલોલ મુકામે નવિન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી




આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ રાઠોડા ભોયણના અને હાલ કલોલ નિવાસી સ્વ.શ્રી શકરાલાલ મોહનલાલ દરજીના પરિવારના સભ્યો સ્વ.શ્રી સેંધાભાઇ શકરાભાઇ દરજી, શ્રી રતિભાઇ શકરાભાઇ દરજી તથા શ્રી કનુભાઇ શકરાભાઇ દરજી અને શ્રીમતી મંજુલાબેન કનુભાઇ દરજીના તમામ પરિવારના સભ્યો દ્વારા કલોલ મુકામે તેઓના પૈતૃક ઘરમાં તેમના પોતાના કુળદેવી શ્રી ચામુંડા માતા અને શ્રી સધી માતાનું ભવ્ય મંદિર તારીખ ૨૬/૦૬/૨૦૨૩ ને સોમવારના રોજ જીર્ણોધ્ધાર કરાવી આ પાવન દિવસે પોતાના સમસ્ત સ્નેહીજનોની હાજરીમાં બ્રાહ્મણો દ્વારા ભવ્ય ધાર્મિક પૂજા–પાઠનું આયોજન કરી આ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરવામાં આવી. આ શુભ પ્રસંગે શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા સમાજના સ્વ. શ્રી શકરાભાઇ મોહનભાઇ દરજીના સમસ્ત પરિવારને અભિનંદન આપવામાં આવે છે અને તેમનો પરિવાર ઉત્તરોત્તર પ્રગતિના પંથે અગ્રેસર રહે તેવી શુભકામનાઓ અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## સોચને સે કહા મિલતે હે તમન્નાઓ કે શહર, ચલના ભી જરૂરી હે મંજીલ પાને કે લિયે કોબા નિવાસી શ્રી વિજયભાઇ અશોકભાઇ દરજીની સફળતાની ગાથા



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વાવોલના અને હાલ કોબા ગામ મુકામે રહેતા શ્રી અશોકભાઇ બબલદાસ દરજી પરિવારના ધંધાકીય પ્રગતિ વિષે આજે જાણીશું. શ્રી અશોકભાઇ બબલદાસ નાનપણથી આપણા દરજી સમાજના પારંપારિક દરજીકામના વ્યવસાયમાં દાયકાઓથી સંકળાયેલ છે. શ્રી અશોકભાઇ અને તેમના ધર્મપત્ની શ્રીમતી વીણાબેનને સંતાનોમાં એક દિકરો ભાઇશ્રી વિજયભાઇ અને એક દીકરી શ્રીમતી અમીબેન છે. શ્રી અશોકભાઇ પોતે દરજી કામ કરે છે પણ તેમણે પોતાના બંને સંતાનોને ઉડવા માટે ખુલ્લું આકાશ પૂરું પાડ્યું. તેમને ભણાવ્યા – ગણાવ્યાને પોતપોતાની રીતે પોતાનો વ્યવસાય પસંદ કરવાની તક પૂરી પાડી. આ તકનો લાભ તેમના દીકરા ભાઇ શ્રી વિજયભાઇએ સંપૂર્ણ રીતે ઉઠાવ્યો અને દરજીનો દીકરો દરજી જ બને તે માનસિકતાને તોડીને પોતાની રીતે કંઇ આગવું કરવાનું વિચાર્યું. ભાઇ શ્રી વિજયભાઇના વિચારો કઇ આવા હતા કે “હવા ભલે ગમે તે

દિશાની હોય, આપણે હોડીને તે જ દિશામાં લઇ જવી જોઇએ, જે દિશામાં આપણે જવા માગતા હોઇએ. તમારા સપના નક્કી કરો, એ સપનાને કોઇ ચોક્કસ તારીખ આપી ગોલ નક્કી કરો, પોતાના ગોલ પ્રમાણે પ્લાનિંગ કરો અને તેને અનુસરો, તમારા સપના, ગોલ અને પ્લાનિંગ પર વિશ્વાસ રાખો અને તેના પર તનતોડ મહેનત કરો". એક કવિ દ્વારા સાહસિકકારો માટે ખુબ સુંદર શાયરી લખેલ છે. "મંજિલ તો મિલ હી જાયેગી ભટકતે હી શી, ગુમરાહ તો વો હે જો ઘરસે નીકલે હી નહિ, તું રખ યકીન બસ અપને ઇરાદો પર, તેરી હાર તેરે હોંસલો સે બડી તો નહિ." શ્રી વિજયભાઇને શેરબજારમાં ખુબ રૂચી હતી. તેમણે પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને સતત ૧૪ વર્ષ સ્ટોક માર્કેટમાં નોકરી કરીને શેરબજારને સંપૂર્ણ રીતે સાસ્વત કર્યું. ત્યારબાદ તેમણે ફાયનાન્સ એડવાઇઝરીનો કોર્ષ કરીને તા. ૦૫.૦૫.૨૦૨૦ ના રોજ "કોબવાલા વેલ્થ" નામે બીઝનેસનું સ્ટાર્ટઅપ કર્યું. પોતાની હોંશિયારી અને કામ પ્રત્યેની લગનથી તેઓશ્રી આ બીઝનેસમાં ખુબ સફળ રહ્યા. આજની તારીખમાં શ્રી વિજયભાઇ લગભગ ૩૦૦ ફેમીલીનું ફાયનાન્સીયલ પ્લાનિંગ કરે છે ફક્ત ત્રણ વર્ષના સમયમાં જ દર વર્ષે ૧૫૦% ગ્રોથનો લક્ષ્યાંક પ્રાપ્ત કરીને આ કંપની હાલ રૂપિયા ચાર કરોડથી પણ વધુનું નેટવર્થ ધરાવે છે. શ્રી વિજયભાઇએ આગામી પાંચ વર્ષમાં ૧૫૦૦ થી વધુ પરિવારને આવરીને રૂા. ૧૦૦ કરોડથી પણ વધારે નેટવર્થ સ્થાપિત કરવાનો ગોલ નક્કી કરેલ છે. તેમણે ફક્ત આટલા સુધી સીમિત ના રહીને આ બીઝનેસની સાથે હોલીડે પ્લાનરનું પણ જ્ઞાન લીધું અને તા. ૨૮.૦૮.૨૦૨૦ ના રોજ "કોબાવાલા હોલીડેસ" નામે પોતાનું બીજું સ્ટાર્ટઅપ ચાલુ કર્યું. આ અંતર્ગત તેઓ હોટલ / રિસોર્ટ બુકિંગ, ટીકીટીંગ, ટ્રાવેલ ઇન્સ્યોરન્સ અને ટુર પ્લાનિંગનું કામકાજ કરે છે. તેમણે આ અંતર્ગત "૨૫, સાર્થક શ્રી ગણેશ, કે. રહેજા રોડ, કોબા, ગાંધીનગર" મુકામે પોતાની નવિન ઓફીસ રાખી. આ વ્યવસાયમાં ફક્ત એક વર્ષમાં તેમણે રૂા. પાંચ કરોડથી વધુનું ટર્નઓવર કરેલ છે અને અત્યાર સુધીમાં ૪૦૦૦ થી વધુ કસ્ટમર અને ૯૦૦ થી વધારે ગ્રુપ ટુરનું પ્લાનિંગ કરેલ છે. આ વ્યવસાયમાં પણ તેમણે આગામી વર્ષોમાં રૂા. ૫૦ કરોડ ઉપરનું ટર્નઓવર અને ૧૫-૨૦ રોજગાર ઉભા કરવાનો ગોલ નક્કી કરેલ છે. શ્રી વિજયભાઇ દ્વારા પોતાના પિતા શ્રી અશોકભાઇના આપણા સમાજ અને સમાજના દરેક વ્યક્તિને સન્માન આપવાના ગુણને ખુબ સાહજીકતાથી સાશ્વત કરેલ છે અને પોતાના બન્ને વ્યવસાયમાં તે આપણા સમાજના દરેક વ્યક્તિનું કાર્ય "ના નફા-ના નુકશાન" ના ધોરણે કરી આપે છે. શ્રી વિજયભાઇના શબ્દોમાં "આંધીયો કો જીદ હે જહાં બિજલિયા ગીરાને કઇ, હમેભી જીદ હે વહાં આશિયાના બસાને કી" અને પોતાની આ જીદમાં તેઓ સંપૂર્ણ સફળ રહેલ છે પોતાના બન્ને વ્યવસાયની તમામ મુશ્કેલીઓનો હિંમતપૂર્વક સામનો કરીને તેઓ આ મુકામે પહોચ્યા છે. તેમના વિષે સંપૂર્ણ માહિતી જોઇતી હોય તો તેમની વેબસાઇટ www.kobawalaholidays.com અને http://p.njw.b2/91391ની વિઝીટ લઇ શકો છો. આ ઉપરાંત સમાજનો દરેક નાગરિક તેમને તેમના મોબાઇલ નંબર ૯૦૧૬૪૭૯૯૬૪ પર ફોન કરીને તેમના વ્યવસાયનો લાભ લઇ શકે છે. સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ વતી ભાઇ શ્રી અશોકભાઇ બબલદાસ, શ્રીમતી વીણાબેન અશોકભાઇ, શ્રી વિજયભાઇ અશોકભાઇ, શ્રીમતી રચનાબેન વિજયભાઇ અને ચિ. તક્ષ વિજયભાઇને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે અને તેમનો પરિવાર ભવિષ્યમાં સફળતાના ઉચ્ચ શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ
## આજીવન સભ્ય - ૨૦૨૨-૨૩

| નં. | પહોંચ | દાતાશ્રીનું નામ | એરિયા | રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦૫૬ | અમીતભાઇ અશોકભાઇ | ન્યુ સીજીરોડ | ૫૦૦ |
| ૨ | ૧૦૫૭ | જગદીશભાઇ અશોકભાઇ | ન્યુ સીજીરોડ | ૫૦૦ |
| ૩ | ૧૦૫૮ | હરેશભાઇ વિજયભાઇ | રામનગર | ૫૦૦ |
| ૪ | ૩૦૬૫ | સચિનભાઇ ભોગીલાલ | મોટેરા | ૫૦૦ |
| ૫ | ૩૦૬૯ | સંજયભાઇ રાજેન્દ્રભાઇ | સાબરમતી | ૫૦૦ |
| ૬ | ૩૨૫૫ | ધર્મેન્દ્રભાઇ નવિનચંદ્ર | ચાંદખેડા | ૫૦૧ |
| ૭ | ૩૨૬૬ | પ્રતિકભાઇ હસમુખભાઇ | હાંસોલ | ૫૦૧ |
| ૮ | ૩૫૨૬ | જયેશભાઇ પરસોત્તમદાસ | કલોલ | ૫૦૦ |
| ૯ | ૩૫૨૭ | મયંકભાઇ બીપીનભાઇ | કલોલ | ૫૦૦ |
| ૧૦ | ૩૫૨૯ | જિતેન્દ્રભાઇ ભરતભાઇ | મેર્ડા આદરજ | ૫૦૦ |
| ૧૧ | ૩૫૩૦ | ધર્મેશભાઇ જીવાભાઇ | કલોલ | ૫૦૦ |
| ૧૨ | ૩૭૫૮ | જશવંતભાઇ શાંતિલાલ | ગાંધીનગર | ૫૦૦ |
| ૧૩ | ૩૭૫૯ | રોનકભાઇ વિકેશભાઇ | દહેગામ | ૫૦૦ |
| ૧૪ | ૩૮૧૨ | પ્રવિણભાઇ કનુભાઇ | ખોડિયાર | ૫૦૦ |
| ૧૫ | ૩૮૧૭ | હિતેશભાઇ કાંતિલાલ | નરોડા | ૫૦૦ |
| ૧૬ | ૩૮૧૮ | ઘનશ્યામભાઇ ગોવિંદભાઇ | દહેગામ | ૫૦૦ |
| ૧૭ | ૩૮૧૯ | હેમંતભાઇ રતિલાલ | નવા નરોડા | ૫૦૦ |
| ૧૮ | ૩૮૨૦ | રશ્મિકાન્ત અશોકભાઇ | નરોડા | ૫૦૦ |
| ૧૯ | ૩૮૬૯ | હિતેશભાઇ અશોકભાઇ | મેર્ડા આદરજ | ૫૦૧ |
| ૨૦ | ૩૮૭૦ | ચેતનભાઇ અશોકભાઇ | મેર્ડા આદરજ | ૫૦૧ |
| ૨૧ | ૩૯૨૦ | રાજેન્દ્રકુમાર ચંપકલાલ | ચેનપુર | ૫૦૧ |
| ૨૨ | ૪૨૫૧ | વિપુલકુમાર નારણભાઇ | વૈષ્ણોદેવી સર્કલ | ૫૦૧ |
| ૨૩ | ૪૨૫૨ | રોનક નારણભાઇ | જગતપુર | ૫૦૧ |
| ૨૪ | ૪૨૫૩ | દિલીપભાઇ બળદેવભાઇ | જગતપુર | ૫૦૧ |
| ૨૫ | ૦૨૧૨ | જીતેન્દ્રભાઇ શકરાભાઇ | વલાદ | ૫૦૦ |

## સમાજ દર્શન-૨૦૨૨ માં
## મુખ્ય પાનાઓની જાહેરાત પેટે દાનની સરવાણી કરનાર આપણા સમાજના પરિવારોનો કેળવણી મંડળ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરે છે

| | | | |
|---|---|---|---|
| ૧) | શ્રી વિજયભાઇ ગોવિંદભાઇ | કલોલ | ૫૧,૦૦૦/- |
| ૨) | સ્વ.શ્રી દિનેશભાઇ અંબાલાલ | ન્યુ રાણીપ | ૨૧,૦૦૦/- |
| ૩) | સ્વ.શ્રી જયંતીભાઇ સોમાભાઇ પરિવાર | ઉનાવા | ૨૧,૦૦૦/- |
| ૪) | સ્વ.શ્રી રમણલાલ ભગત પરિવાર | ઉનાવા | ૨૧,૦૦૦/- |

## જગતજનની શ્રી વૈષ્ણોદેવીની યાત્રાએ ચાંદલોડિયા ગામના આપણા સમાજના પરિવારો





આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના દરેક સભ્યો ધાર્મિકતાથી રંગાયેલ છે. આપણા સનાતન હિંદુ ધર્મના દરેક દેવી દેવતાઓ પર ખુબ આસ્થા ધરાવે છે. આ આસ્થા અંતર્ગત આપણા સમાજના ચાંદલોડિયા, રાણીપ અને અન્ય વિસ્તારના પરિવારો દ્વારા હાલમાં જ માતા વૈષ્ણોદેવીની જાત્રા કરીને આવ્યા. તા. ૦૫.૦૮.૨૦૨૩ થી તા. ૧૨.૦૮.૨૦૨૩ એમ કુલ સાત દિવસ દરમિયાન શ્રી સુમનભાઇ બાબુલાલ, શ્રી શૈલેષભાઇ રમણલાલ, શ્રી બીપીનભાઇ કાન્તિલાલ, શ્રી હસમુખભાઇ માણેકલાલ, શ્રી અશોકભાઇ કાન્તિલાલ, શ્રી અમૃતભાઇ મોહનલાલ, ગં.સ્વ. ગીતાબેન હસમુખભાઇ તથા અન્ય શ્રધ્ધાળુઓ દ્વારા વૈષ્ણોદેવી મંદિર, શિવખોડી, પટનીટોપ અને અમૃતસર વાઘા બોર્ડરની મુલાકાત લેવામાં આવી. કેળવણી મંડળ વતી આ તમામ શ્રધ્ધાળુઓની ભાવનાને બિરદાવવામાં આવે છે અને ભવિષ્યમાં હજુ પણ તેઓ આ પ્રકારની ધાર્મિક યાત્રાઓ કરતા રહે અને પુણ્યનું ભાથુ બાંધતા રહે તેવી પ્રભુને પ્રાર્થના કરવામાં આવે છે.

## હરિદ્વાર મુકામે ધાર્મિક કથાનું રસપાન કરતી સમાજની બહેનો



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની ઘણી બધી બહેનો ધાર્મિકતાના રંગે રંગાયેલ છે. દરેક પરિવારના મૂળમાં ધાર્મિકતા કુટી કુટીને ભરેલ છે. આપના સમાજની ઘણી બધી બહેનો આપણી હિંદુ સંસ્કૃતિના અતિ પવિત્ર ધામ એવા હરિદ્વારની વારંવાર મુલાકાત લે છે અને ત્યાં થતી ધાર્મિક કથાઓમાં ભાગ લે છે તે અંતર્ગત આપના સમાજમાંથી ચાંદલોડિયાના શ્રીમતી જયશ્રીબેન નવીનભાઇ, કીર્તિબેન સુમનભાઇ, દ્વારા તા. ૦૫.૦૮.૨૦૨૩ થી તા. ૧૨.૦૮.૨૦૨૩ એમ કુલ સાત દિવસ આ શ્રધ્ધાળુ દ્વારા હરિદ્વારની મુલાકાત લઇને ધાર્મિક કથામાં ભાગ લેવામાં આવ્યો આ દરમિયાન તમામ બહેનો દ્વારા પ્રભુના ભજન અને પૂજા કરવામાં આવી તેમજ પવિત્ર ગંગા નદીમાં સ્નાન કરીને તમામ ધન્ય થયા. કેળવણી મંડળ વતી આ તમામ બહેનોની ધાર્મિક ભાવનાને બિરદાવવામાં આવે છે અને ભવિષ્યમાં હજુ પણ તેઓ આ પ્રકારની ધાર્મિક યાત્રાઓ કરતા રહે અને ધર્મની સેવા કરતા રહે તેવી પ્રભુને પ્રાર્થના કરવામાં આવે છે.

## અતિ કઠીન એવી ચારધામની યાત્રાએ સમાજના પરિવારો ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ ધામની મુલાકાતે



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં ઘણા બધા પરિવારો પોત-પોતાની શક્તિ પ્રમાણે ધાર્મિક અને સેવાકાર્યો કરતા રહે છે. પોતાના વ્યવસાયની સાથે સાથે પોતાના પરિવાર અને પરિવારના સભ્યોની લાગણીઓ પણ સમજે છે. જીવનમાં કામધંધાની સાથે થોડું ધાર્મિક અને સમાજસેવાનું કાર્ય પણ કરતા રહેવું જાઇએ અને સાથે સાથે પરિવારની ઇચ્છાઓને પણ માન આપવું જોઇએ. આપના સમાજના ચાર દંપતી હાલમાં જ અતિ પવિત્ર એવી ચારધામની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ કરીને આવ્યા. શ્રી દીપકભાઇ ગાંડાભાઇ, શ્રીમતી હેમલતાબેન દીપકભાઇ, શ્રી હસમુખભાઇ માણેકલાલ, શ્રીમતી નીલાબેન હસમુખભાઇ, શ્રી પ્રવીણભાઇ બુધાભાઇ, શ્રીમતી માલતીબેન પ્રવીણભાઇ અને શ્રી ભરતભાઇ કાન્તિલાલ, શ્રીમતી માયાબેન ભરતભાઇ એમ આ ચાર પરિવાર દ્વારા ચારધામની યાત્રા તા. ૦૮.૦૫.૨૦૨૩ થી તા.૨૦.૦૫.૨૦૨૩ સુધી તેર દિવસમાં પૂર્ણ કરવામાં આવી. આ યાત્રા દરમિયાન તેમણે ઘણી મુશ્કેલીઓ ઉઠાવી પણ પ્રભુમાં રાખેલ શ્રધ્ધાને હિસાબે તેઓ નિર્વિઘ્ને આ યાત્રા કરીને પરત આવ્યા. કેળવણી મંડળ વતી આ તમામ પરિવારોની ધાર્મિક ભાવનાને બિરદાવવામાં આવે છે અને ભવિષ્યમાં હજુ પણ તેઓ આ પ્રકારની ધાર્મિક યાત્રાઓ કરતા રહે તેવી પ્રભુને પ્રાર્થના કરવામાં આવે છે.

## મૂળ ગામ અડીસણાના પરાના મોનીલભાઇ કાળીદાસ દરજી દ્વારા રાયસણ મુકામે પોતાના સ્વપ્નનું ઘર રાખીને ગૃહ પ્રવેશ કરવામાં આવ્યો



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ અડીસણાના પરાના ભાઇશ્રી સ્વ. કાળીદાસ અંબાલાલ દરજીના દીકરા ભાઇશ્રી મોનીલભાઇ એક મહેનતુ અને સ્વાવલંબી વ્યક્તિ છે. પોતાની નાની ઉમરમાં તેઓએ પોતાના પરિવાર માટે ઘણા બધા લક્ષ્યાંકો નક્કી કરેલ છે અને તે લક્ષ્યાંકોને પાર પાડવા દિવસ રાત ખુબ મહેનત કરે છે. હાલમાં જ તેઓશ્રી દ્વારા રાયસણ મુકામે નવીન મકાન ખરીદવામાં આવ્યું. તા. ૦૩.૦૭.૨૦૨૩ના રોજ પોતાના સમસ્ત સ્વજનો અને સ્નેહીજનોની હાજરીમાં ભવ્ય રીતે વાસ્તુપૂજન કરીને પોતાના નવા ઘરમાં ગૃહ પ્રવેશ કરવામાં આવ્યો. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તરફથી શ્રી મોનીલભાઇ અને તેમના પરિવારજનોને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે.

## કલોલના શ્રી ધવલ બીપીનચંદ્ર દરજી દ્વારા ઝુંડાલ મુકામે પોતાના વ્યવસાયના વિસ્તરણ માટે નવીન ઓફીસ લેવામાં આવી





આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ મેર્ડા આદરજના અને હાલ કલોલ મુકામે રહેતા કેળવણી મંડળના પૂર્વ પ્રમુખ એવા શ્રી બિપીનચંદ્ર દરજીના સુપુત્ર ભાઇશ્રી ધવલભાઇ કલોલ મુકામે પોતાના બીઝનેસ " રાજશ્રી ટુર કન્સલ્ટન્ટ પ્રા. લીમીટેડ" ની ઓફીસ ધરાવે છે. તેઓશ્રી પોતાના આ વ્યવસાયમાં ખુબ સફળ સાબિત થયા છે. સમય અને સંજોગોની માંગણીને લઇને પોતાના બીઝનેસના વિસ્તરણ માટે તેઓશ્રીએ ઝુંડાલ મુકામે પોતાની નવીન હેડ ઓફીસ લીધેલ છે. અને સર્વ સ્નેહીજનોની હાજરીમાં પોતાની ઓફીસનું વાસ્તુ પૂજન કરીને પ્રવેશ કરવામાં આવ્યો. કેળવણી મંડળ ભાઇશ્રી ધવલભાઇ તેમજ સમસ્ત પરિવારજનોને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવે છે અને તેઓ પોતાના વ્યવસાયમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## ગાંધીનગરના શ્રી અમિતભાઇ ગુણવંતભાઇ દરજી દ્વારા ગાંધીનગર મુકામે પોતાના ટ્રાવેલ્સના વ્યવસાય માટે નવીન ઓફીસ લેવામાં આવી




આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ઉનાવાના અને હાલ સેક્ટર-૨૪, ગાંધીનગર મુકામે રહેતા શ્રી ગુણવંતભાઇ ગિરધારીલાલના સુપુત્ર ભાઇશ્રી અમિતભાઇ એક હોંશિયાર અને મહેનતુ માણસ છે વર્ષોથી તેઓશ્રી ટ્રાવેલ્સના બીઝનેસ માં વ્યસ્ત છે. અને માં સધીકૃપા ટ્રાવેલ્સ નામે પોતાનો વ્યવસાય ચલાવી રહેલ છે. તેઓશ્રી પોતાની લકઝરી બસ પણ ધરાવે છે. પોતાની મહેનત અને કામ પ્રત્યેની ધગસના કારણે તેઓશ્રીએ ગાંધીનગર મુકામે ટ્રાવેલ્સના બીઝનેસમાં પોતાનું નામ બનાવેલ છે અને તેમનો આ બીઝનેસ ખુબ સરસ ચાલી રહેલ છે. અત્યાર સુધી તેઓ પોતાના સેક્ટર-૨૪, ગાંધીનગરના નિવાસ સ્થાનથી આ બીઝનેસનું સંચાલન કરતા હતા પણ ધીરે ધીરે તેમના આ બીઝનેસનો વ્યાપ વધતા તેમને પોતાની એક ઓફીસ હોવી જોઇએ તેવું લગતા હાલમાં જ તેમણે "દુકાન નમ્બર-૩, પાંડવા કોમ્પ્લેક્ષ, સેક્ટર-૨૨, ગાંધીનગર" મુકામે પોતાની નવીન ઓફીસનું ઉદઘાટન કરેલ છે. તેઓ શ્રી ટ્રાવેલ્સના બીઝનેસની સાથે સાથે મંડપ ડેકોરેશન અને શુભ પ્રસંગો એ કેટરિંગનો બીઝનેસ પણ કરે છે. તેમના આ વ્યવસાયમાં તેમના પિતાશ્રી ગુણવંતભાઇ પણ પૂરો સાથ સહકાર આપી રહેલ છે. કેળવણી મંડળ ભાઇશ્રી અમિતભાઇ ગુણવંતભાઇ તેમજ તેમના સમસ્ત પરિવારજનોને ખુબ ખુબ અભિનંદન આપે છે અને તેઓ પોતાના વ્યવસાયમાં સફળતાના શિખરો સર કરે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના મહામંત્રી અને એક નિઃસ્વાર્થ સમાજ સેવક એવા ત્રાગડના શ્રી જયેશભાઇ ગીરીશભાઇ દરજીના ઘરે પુત્રને બેંકમાં નોકરી મળવાથી ખુશીનો માહોલ



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં કેળવણીને પ્રોત્સાહન આપવા અને અન્ય વિદ્યાલક્ષી અને સમાજલક્ષી કાર્યો કરવાના શુભ ઉદ્દેશ્યથી કેળવણી મંડળની સ્થાપના કરવામાં આવેલ. આટલા વર્ષો પછી આપણે સૌ અનુભવીએ છીએ કે સમાજની કેળવણી મંડળના કાર્યોથી અભિભૂત સમસ્ત સમાજમાં કેળવણીલક્ષી જાગૃતતા આવેલ છે.

આજના સમયમાં સમાજના ઘણા બધા દીકરા દીકરીઓ અભ્યાસ અર્થે વિદેશમાં સ્થાયી થયેલ છે તેમજ સમાજના ઘણા બધા યુવાનો પોતાના અભ્યાસ, હોંશીયારી અને આવડતના જોરે સારી સારી કંપનીઓમાં જોબ કરી રહેલ છે. મૂળ ગામ ઉનાવાના અને ત્રાગડ અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવીને રહેતા તેમજ હાલની કેળવણી મંડળના મહામંત્રી શ્રી જયેશભાઇ ગીરીશભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી રેખાબેન જયેશકુમાર દરજીને ચિ.યશ અને કુ.હિરલ એમ બે સંતાનો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇશ્રી જયેશભાઈ પણ પોતાના ઉચ્ચાભ્યાસ, હોંશિયારી, કામ પ્રત્યેની લગન અને ઇમાનદારીના કારણે અરવિંદ મીલ જેવી નામાંકિત કંપનીમાં વર્ષોથી ઉચ્ચ પોસ્ટ પર પોતાની સેવાઓ આપી રહેલ છે. શ્રી જયેશભાઇ અને રેખાબેન દ્વારા પોતાના બંને સંતાનોને ઉચ્ચ શિક્ષણનું મહત્વ સમજાવીને તેમણે શૈક્ષણિક ક્ષેત્રે હોંશિયાર બનાવ્યા. ચિ. યશ દ્વારા ગ્રેજ્યુએશન પૂર્ણ કરીને નવરંગપુરા સ્થિત એક કંપનીમાં બે વર્ષનો અનુભવ લેવામાં આવ્યો અને ત્યારબાદ હાલમાં જ આપણા દેશની પ્રખ્યાત ICICI BANK માં ઇન્ટરવ્યુ આપીને સેલ્સ એક્ઝીક્યુટીવ તરીકે નિમણુક પામેલ છે. તે અંતર્ગત હાલ તેઓ ICICI BANK શાહીબાગ અમદાવાદ બ્રાંચ મુકામે પોતાની ફરજ બજાવી રહેલ છે. આપણા સમાજનો કોઇ સભ્ય આવી પ્રતિષ્ઠિત બેંકમાં હોય તે આપણા સમસ્ત સમાજ માટે ગર્વની વાત છે. કેળવણી મંડળ વતી ભાઇ ચિ. યશની આ પ્રગતિને બિરદાવવામાં આવે છે અને તેઓશ્રી ભવિષ્યમાં પણ હજુ પોતાની કારકિર્દીમાં સતત પ્રગતિ કરતા રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે. ચિ. યશને સમાજના અન્ય યુવાનોના પ્રેરણાસ્રોત બનવા બદલ કેળવણી મંડળ ફરીથી તેને હાર્દિક અભિનંદન પાઠવે છે.

## મૂળ ગામ પાનસરના શ્રી હર્ષદભાઇ આત્મારામ દરજી દ્વારા સરગાસણ મુકામે નવિન મકાન રાખીને ગૃહ પ્રવેશ કરવામાં આવ્યો



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ પાનસરના શ્રી હર્ષદભાઇ આત્મારામ દરજીના દીકરા ભાઇશ્રી કૌશિકભાઈ એક મહેનતુ અને સ્વાવલંબી વ્યક્તિ છે. કાઇએ કહ્યું છે કે " આખા જીવનનો સાર હોય છે એ એક ઘર, સુખ દુખનું સાથી હોય છે એ એક ઘર, જ્યારે કાઇ નથી હોતું જોડે ત્યારે આપણને રાખવા વાળું હોય છે એ ઘર." ભાઇશ્રી કૌશિકભાઇ હર્ષદભાઇ દ્વારા પોતાના પરિવાર માટે એક આધુનિક ઘરનું સ્વપ્ન જોવામાં આવેલ અને પોતાની જાત મહેનતથી તેમણે આ સ્વપ્ન પૂરું કરેલ છે. કહ્યું છે ને કે એક મકાન ખરીદવું ખુબ સહેલું છે પણ એને એક ઘર બનાવવું ખુબજ અઘરું છે. આ બંનેમાં ભાઇશ્રી કૌશિકભાઇ સફળ થયેલ છે. હાલમાં જ તેઓ શ્રી દ્વારા સરગાસણ મુકામે નવીન મકાન ખરીદવામાં આવ્યું. તા. ૧૬.૦૮.૨૦૨૩ ના રોજ પોતાના સમસ્ત સ્વજનો અને સ્નેહીજનોની હાજરીમાં ભવ્ય રીતે હવન પૂજન કરીને પોતાના નવા ઘરમાં ગૃહ પ્રવેશ કરવામાં આવ્યો. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તરફથી શ્રી હર્ષદભાઇ આત્મારામ, શ્રીમતી મીનાબેન હર્ષદભાઇ, શ્રી કૌશિકભાઇ હર્ષદભાઇ, શ્રીમતી અલ્પાબેન કૌશિકભાઇ અને ચિ. રીતિકા કૌશિકભાઇ અને ચિ. સનીતા કૌશિકભાઇ તેમજ તેમના સમસ્ત પરિવારજનોને ખુબ ખુબ અભિનંદન આપવામાં આવે છે.

## કરોલી-ભોયણ ગામ મુકામે વિહતમાતાના મંદિરે રમેણ (જાતર) ની જમાવટ



આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ જેઠલજ–ઓગણજ ના અને હાલ ચાંદલોડિયા અમદાવાદ નિવાસી શ્રી અશોકભાઇ મોહનલાલ દરજી દ્વારા તેમના પૈતૃક ગામ એવા કરોલી મુકામે તેમના ઘરમાં બિરાજેલ શ્રી વિહત માં ના મંદિરે  તા. ૧૫.૦૪.૨૦૨૩ ના રોજ રાત્રે વિહત માતાની જાતરનું આયોજન કરવામાં આવેલ. સમસ્ત સ્નેહીજનો અને સંબંધીઓની હાજરીમા આ પ્રસંગનું આયોજન કરવામાં આવેલ. સાંજના સમયે સ્વાદીષ્ટ ભોજન પ્રસાદ આરોગ્યા બાદ રાત્રે ૯.૦ કલાકે જાતર રાખવામાં આવેલ. જાતરની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ હતા અને બહારગામથી પધારેલ ભુવાજીઓ તથા મુખ્ય ભુવાજી શ્રી અશોકભાઇ મોહનલાલ અને પઢાર શ્રી રાજેશભાઇ કાન્તિલાલ દરજી દ્વારા જગત જનની વિહ્ત માં સમક્ષ ધૂણીને આહલાદક વાતાવરણ નું સર્જન કરવામાં આવેલ. પ્રસંગમાં પધારેલ ભુવાઓ તેમજ મહેમાનોનું સ્વાગત ફૂલહાર તથા ભેટપૂજા આપીને કરવામાં આવેલ. આ રમેણમાં ડાકલા, પાવરીયા, ઢોલ, ઓક્ટોપેડ અને કેસીઓ જેવા સંગીતના સાધનોના સથવારે રમઝટ બોલાવવામાં આવેલ અને ઉપસ્થિત તમામને મંત્રમુગ્ધ કરી દીધેલ. અંતમાં, સમસ્ત શ્રી અશોકભાઇ મોહનલાલ દરજી પરિવાર દ્વારા હાજર તમામ ભક્તોનો આભાર માનવામાં આવેલ.

## આપણા સનાતન ધર્મની દરેક ધાર્મિક યાત્રાઓ પૂર્ણ કરીને પુણ્યનું ભાથું બાંધતા ગાંધીનગરના શ્રી કાન્તિલાલ મફતલાલ દરજી



આપણા સનાતન ધર્મની દરેક ધાર્મિક યાત્રાઓ પૂર્ણ કરીને પુણ્યનું ભાથું બાંધતા ગાંધીનગરના શ્રી કાન્તિલાલ મફતલાલ દરજી એક સજ્જન વ્યક્તિ છે. આપણા સમાજ માટે તેઓશ્રીને ખુબ માન છે અને તેઓશ્રીએ પોતાના પરિવારના દરેક સદસ્યમાં સામાજીક સમરસતાના ગુણોનું સિંચન કરેલ છે. તેમના સુપુત્ર શ્રી રાજેશભાઇ કાન્તિલાલ દરજી હાલની કેળવણી મંડળમાં વર્ષોથી ઉપપ્રમુખ તરીકે પોતાની નિ:સ્વાર્થ માનદ સેવાઓ આપી રહેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે વડીલ શ્રી કાન્તિલાલ ધાર્મિક માનસિકતા ધરાવનાર સજ્જન છે. અને ધાર્મિકતા એમના રગ રગમાં ભરેલ છે. સનાતન હિંદુ ધર્મની આસ્થા મુજબ તેઓશ્રીએ દરેક તીર્થસ્થાન અને મંદિરોની મુલાકાત લઇને પુણ્યનું ભાથું બાંધેલ છે. હાલ તેઓશ્રીની ઉંમર ૭૨ વર્ષ છે પણ આ ઉંમરે તેઓશ્રીએ તમામ યાત્રાઓ પૂર્ણ કરી લીધેલ છે. હમણાં જ તેઓશ્રી અપ્રિલ મહિનામાં પોતાના સ્નેહીજનોની સાથે હરિદ્વારની યાત્રા કરીને આવ્યા. શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ દ્વારા સમસ્ત સમાજ વતી તેઓશ્રીને અભિનંદન આપવામાં આવે છે અને તેમનું શેષ જીવન નિરોગી, આરોગ્યમય અને દીર્ઘાયુ બની રહે તેવી અભ્યર્થના અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## ચતુર કરો વિચાર

એક વ્યક્તિ પાસે ૧૭ ઉંટ હતા અને તેમને ત્રણ દીકરા હતા. આ ઊંટ ત્રણે દીકરાઓને એવી રીતે આપવા માંગતા હતા કે મોટા દીકરાને ૯ મો ભાગ (૧/૯) ભાગ મળે વચોટ દીકરાને ત્રીજો (૧/૩) ભાગ મળે અને નાના દીકરાને અડધો (૧/૨) ભાગ મળે તો આ ભાગ પ્રમાણે દરેકને કેટલા ઉંટ મળે તે જવાબ આપો.

## “જીવનમાં શિક્ષણનું મહત્વ” - શ્રી ખોડભાઇ એન. દરજી - નિવૃત્ત શિક્ષક



વિશ્વમાં ભારતના વૈજ્ઞાનિકોની ચંદ્રયાનની ભવ્ય સફળતા બાદ ભવિષ્યમાં ચંદ્ર ઉપર અવકાશનગર બાંધી ત્યાં વસવાટ કરવાનું વિચારે છે. એટલે કે ઝડપથી વિકસતા કમ્પ્યુટર યુગમાં કેળવણી વગરનો સમાજ પામર લાગશે. કોઇપણ સમાજ કેળવણી વગર બેઠો ન થાય. આપણી જ્ઞાતિના વડીલો, સમાજની ચિંતા કરનાર બૌધ્ધિકો, સમાજ સેવકોને વિચાર આવ્યો કે આપણી જ્ઞાતિને તેની જુની ઘરેડમાંથી બહાર કાઢવો હશે, તેને IAS, IPS, IIM, IT જેવા ક્ષેત્રો તરફ દોરવો હશે તો દરેક વિશ્વમાં ભારતના વૈજ્ઞાનિકોની ચંદ્રયાનની ભવ્ય સફળતા બાદ ભવિષ્યમાં ચંદ્ર ઉપર અવકાશનગર બાંધી ત્યાં વસવાટ કરવાનું વિચારે છે. એટલે કે ઝડપથી વિકસતા કમ્પ્યુટર યુગમાં કેળવણી વગરનો સમાજ પામર લાગશે. કોઇપણ સમાજ કેળવણી વગર બેઠો ન થાય. આપણી જ્ઞાતિના વડીલો, સમાજની ચિંતા કરનાર બૌધ્ધિકો, સમાજસેવકોને વિચાર આવ્યો કે આપણી જ્ઞાતિને તેની જુની ઘરેડમાંથી બહાર કાઢવો હશે, તેને IAS, IPS, IIM, IT જેવા ક્ષેત્રો તરફ દોરવો હશે તો દરેક સમાજોને શિક્ષણ માટે સજાગ કરવા પડશે, સભાન કરવા પડશે, કારણ કે શિક્ષણ એ દીવો છે, જીંદગી જીવવાની એક સંજીવની છે. સમાજમાં ગૌરવ મેળવવાનો એક ઉપચાર છે. આવા એક સુંદર બીજનું નિર્માણ થયુ અને એક પવન ફૂકાયો કે આપણે કેળવણીનો આહલોક જગાવીએ અને સમગ્ર માનવજાત પર છવાઇ જઇએ. શિક્ષણથી વ્યક્તિ વિકાસ થશે, ઉચ્ચ વિચારો આવશે, ચારિત્ર્ય ઘડતર થશે, આત્મગૌરવ વધશે, બાપીકામાંથી બાપા થઇ જાશુ. સમાજ ઉન્નતિના શિખરો સર કરશે. આવા ઉન્નક વિચારોના પરિણામે આપણી દરજી જ્ઞાતિના ૧૧૧ સમાજોમાં કેળવણીનું પ્રમાણ વધ્યું. જેનાથી છેલ્લા ૩૫–૪૦ વર્ષોમાં દરેક સમાજમાંથી કેટલાય ડૉક્ટર, ઇજનેર, પ્રોફેસર, વકીલ, સરકારી નોકરીઓમાં ઊંચા સ્થાને આરૂઢ થયા, સફળ ઉધોગપતિઓ, લેખકો, કવિઓ, કલાકારો અને આપણા વ્યવસાયમાં પારંગત બની યુવાનોએ કમ્પ્યુટર જ્ઞાનથી દરજીના વ્યવસાયને ગૌરવવંતો બનાવ્યો.

શિક્ષણનો વ્યાપ ન હતો ત્યારે દરેક સમાજમાંથી માંડ ૫ થી ૧૦ લોકો વિદેશની ધરતી ઉપર હતા. જ્યારે આજે વિશ્વના મોટા મોટા દેશોમાં આપણી જ્ઞાતિના દીકરા–દીકરીઓ અભ્યાસ અર્થે – ધંધાર્થે વિદેશમાં સેટલ થઇ રહ્યાં છે. અને થઇ ગયા છે. જેના ફળ સ્વરૂપે આપણી દરજી જ્ઞાતિની ગણના એક શિક્ષિત સમાજોમાં થવા લાગી છે. જે આપણા માટે ગૌરવની વાત છે. કેટલાક મા–બાપ શિક્ષણનું મહત્વ સમજી પેટે પાટા બાંધી પોતાના દીકરા–દીકરીઓને શિક્ષણ આપી પોતાના ધંધામાં કે વિદેશમાં મોકલ્યા તેવા મા–બાપ અત્યારે વિદેશના પ્રવાસો કરી રહ્યા છે. તે આપણા સૌ માટે એક આનંદની વાત છે. આનો સંપૂર્ણ યશ શિક્ષણ એટલે કે કેળવણીને જાય છે.

KNOWLEDGE IS POWER “જ્ઞાન એ શક્તિ છે.” – ધન્યવાદ

## નવી નોકરી / બઢતી / નિવૃત્તી સન્માનીત સભ્યો

- આપણા સમાજના ગામ : કોલવડા હાલ સેકટર–૧૫ ગાંધીનગર ખાતે રહેતા નવનીતકુમાર મહેન્દ્રભાઇ દરજી જેમણે Tv9 ગુજરાતી ન્યુઝ ચેનલમાં તા. ૬–૧૦–૨૦૨૨ માં કેમેરામેન તરીકે જોડાયેલ છે. તે આપણા સમાજ માટે ગૌરવની વાત છે.
- કઠવાડા સ્થિત શ્રી દત્તુકુમાર બાબુભાઇ દરજી ના તેજસ્વી પુત્ર ચિ. યશ મ્જીઝ પછી નોકરી અંગેની પરિક્ષામાં અને ઇન્ટરવ્યુમાં સફળતા મેળવીને ખેડા જીલ્લાના ઠાસરા તાલુકામાં ગુજરાત સરકારમાં આંકડા મદદનીશ તરીકેની નોકરી તા. ૨૯–૧૦–૨૦૨૨ ના રોજ જોડાઇને જીવનનું પ્રથમ યશસ્વી સોપાન સર કરેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે.
- ગાંધીનગર રાંધેજા સ્થિત આપણા સમાજના મહામંત્રી શ્રી વિજયકુમાર ખોડીદાસની સુપુત્રી ચિ. પિંકલબેન વિજયકુમાર દરજીએ કે જેમણે અભ્યાસમાં MBA Finance કરીને ગાંધીનગર સ્થિત ટોરેન્ટ પાવર લિમીટેડમાં કાયમી જોબ મેળવેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે.
- વિસત સાબરમતી ખાતે રહેતા આપણા સમાજના પૂર્વ પ્રમુખશ્રી ગોવિંદભાઇ ચંદુલાલના સુપુત્ર ચિ. વિશાલ KRIBHCO સુરત ખાતે આસીસ્ટન્ટ મેનેજર તરીકેની વર્ષ ૨૦૨૨ માં બઢતી મેળવેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે.
- આપણા સમાજના કેળવણી મંડળના પ્રમુખ શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજીના સુપુત્ર ચિ. મેહુલ બિપીનચંદ્ર દરજી રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જામનગર ખાતે જનરલ મેનેજર તરીકે બઢતી મેળવેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે.
- આપણા સમાજના શ્રી બળવંતભાઇ કેશવલાલ દરજીના સુપુત્ર ચિ.અભિષેક બળવંતભાઇ દરજી તા. ૨૩–૮–૨૦૨૦ના રોજ ગુજરાતી વિષયમાં ઉત્તર ગુજરાત યુનિવર્સીટીમાંથી PHD ની ડિગ્રી મેળવેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે.
- આપણા સમાજના શ્રી જયદીપ જયંતિલાલ દરજી જેઓએ મિકેનીકલ એન્જીનીયરીંગનો અભ્યાસ પૂર્ણ કરીને ONGC માં પ્રોડકશન વિભાગમાં જુનિયર આસીસ્ટન્ટ તરીકે હાલમાં નોકરી મેળવેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે.
- આપણા સમાજના કેળવણી મંડળના મહામંત્રી શ્રી જયેશભાઇ ગિરીશભાઇ દરજી અરવિંદ મીલ લી. ખાત્રજ ખાતે સીનીયર મેનેજર તરીકે પ્રમોસન મેળવેલ છે. જે આપણા સમાજ માટે ગૌરવની બાબત છે.

## અભિનંદન - મૂળ ગામ ઝુંડાલના પ્રતિષ્ઠિત સ્વ. શ્રી માણેકલાલ છબીલદાસ પરિવારના એક સભ્ય એવા શ્રી ઇન્દ્રવદનભાઇ માણેકલાલ પોતાની સરકારી નોકરીમાંથી સેવા નિવૃત થયા



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ ઝુંડાલના અને હાલ સંકલ્પ બંગ્લોઝ મોટેરા નિવાસી શ્રી ઈન્દ્રવદનભાઇ માણેકલાલ દરજીનો પરિચય આપીએ તો તેઓશ્રીનો જન્મ તારીખ ૨૩.૦૭.૧૯૬૫ ના રોજ ઝુંડાલ મુકામે થયો. નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી હતા. પોતાનું પ્રાથમિક શિક્ષણ તેઓશ્રી એ ઝુંડાલ મુકામે પૂર્ણ કર્યું અને ત્યારબાદ પોતાનો ડીપ્લોમાં ઇન સિવિલનો અભ્યાસ સારા ગુણ સાથે પૂર્ણ કરીને સર્વ પ્રથમ આઇટીઆઇ પ્રાંતિજમાં પોતાની જોબ ચાલુ કરી અને તા. ૧૫.૧૨.૧૯૯૨ થી ગુજરાત સરકાર હસ્તકના માર્ગ અને મકાન વિભાગમાં અધિક મદદનીશ ઇજનેર તરીકે નોકરી સ્વીકારીને પોતાની કારકિર્દીની શરૂઆત કરી. સખત મહેનત અને કામ પ્રત્યેની નિષ્ઠાને કારણે સમયાંતરે વિવિધ જવાબદારીઓ સંનીષ્ઠાપૂર્વક નિભાવ્યા બાદ તથા વખતો વખત પ્રમોશન મેળવીને સતત ૩૨ વર્ષ સુધી માર્ગ અને મકાન વિભાગ (ગુજરાત સરકાર) માં પોતાની સેવાઓ આપી. તેમની કામ પ્રત્યેની લગની અને નિષ્ઠાને કારણે સરકારશ્રી દ્વારા તેમને નાયબ કાર્યપાલક ઇજનેર, માર્ગ અને મકાન વિભાગ (ગુજરાત સરકાર)ની પોસ્ટ પર બઢતી આપવામાં આવી. સતત ૩૨ વર્ષ ઉપરની આ ડીપાર્ટમેન્ટની કારકિર્દી દરમિયાન તેઓશ્રીએ એક ઇમાનદાર, પ્રમાણિક અને કર્તવ્યનીષ્ઠ વ્યક્તિ તરીકેની છાપ ઉપસાવી છે જે ખરેખર પ્રશંસાપાત્ર છે.

માર્ગ અને મકાન વિભાગ (ગુજરાત સરકાર) માં સતત ૩૨ વર્ષની લાંબી અને યશસ્વી કારકિર્દી બાદ નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે માર્ગ અને મકાન (ગુજરાત સરકાર) માંથી તેઓશ્રી તા. ૩૧.૦૭.૨૦૨૩ ના રોજ સેવા નિવૃત થયેલ છે. તો શ્રી ઇન્દ્રવદનભાઇના જીવનની આ અણમોલ ઘડીએ સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે. શ્રી ઇન્દ્રવદનભાઇની નિવૃત્તિના આ પ્રસંગે શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના સભ્યો તરીકે તેમની સામાજીક કારકીર્દીનો ઉલ્લેખ ના કરીએ તો તે અશોભનીય ગણાશે. શ્રી ઇન્દ્રવદનભાઇ પોતાની એક સરકારી કર્મચારી તરીકેની વ્યસ્તતા છતાં પણ પોતાના સમાજ અને સમાજના લોકો પ્રત્યેની ભાવનાને કારણે સમાજના દરેક પ્રસંગોમાં તેઓશ્રી ખુબ જ ખંતપૂર્વક ભાગ લેતા અને સમાજના દરેક પ્રસંગોમાં તેમના પરિવાર તરફથી દાન ભેટ અવશ્ય હોય જે ઉલ્લેખનીય છે.હાલ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં અનેકવિધ સમાજલક્ષી પ્રવૃતીઓ દ્વારા તેઓશ્રી અને તેમનો પરિવાર આપણા સમાજમાં એક વિશિષ્ઠ સ્થાન ધરાવે છે.

શ્રી ઇન્દ્રવદનભાઇએ પોતાની વિભાગીય જવાબદારી, સામાજીક જવાબદારી ઉપરાંત પોતાની પારિવારિક જવાબદારી પણ ખુબજ સુંદર રીતે નિભાવી છે. શ્રી ઇન્દ્રવદનભાઇના ધર્મપત્ની શ્રીમતિ શોભનાબેન એક આદર્શ સન્નારી છે. બંને પતિપત્ની આપણા સમાજમાં એક આગવી ઓળખ ધરાવે છે. તેમને સંતાનોમાં એક દીકરો ડૉ. સંકેત અને એક દીકરી ડૉ. નિયતિ એમ કુલ બે સંતાનો છે. પોતાના બંને સંતાનોને યોગ્ય શિક્ષણ આપીને તેમને પોતાના પગભેર કરેલ છે. તેમના દીકરા ચિ.ડૉ. સંકેતે ધોરણ ૧૦અને ૧૨ માં જ્વલંત સફળતા મેળવી અમદાવાદની NHL Medical College માં MBBS માં એડમીશન મેળવેલ અને MBBS માં પણ ઉચ્ચ સફળતા મેળવેલ. ત્યારબાદ NEET ( PG ) Exam. માં પણ ઝળહળતી સફળતા મળતા  તેને ઉચ્ચ અભ્યાસ માટે અમદાવાદની M.K.Shah Medical College and Research Center માં M S (General Surgery) માં એડમીશન મળેલ છે. જે દરજી સમાજ માટે ગૌરવ અને આનંદની વાત છે. શ્રી ઇન્દ્રવદનભાઇની દીકરી ડૉ. નિયતિ MBBS કર્યા બાદ હાલ વડોદરા માં  Obstetrics and Gynaecology ( સ્ત્રી રોગોના નિષ્ણાત ) તરીકે ઉચ્ચ અભ્યાસ કરે છે અને તેમના જમાઇ શ્રી ડૉ. જીજ્ઞેશકુમાર MBBS, MS (General Surgery) કર્યા બાદ અત્યારે  સુપ્રસિદ્ધ Shree U. N. Mehta - Cardiology and Research Center, Ahmedabad માં MCh CTVS (હૃદય , ફેફસાં અને રક્તવાહિનીઓના સુપર સ્પેશ્યાલિસ્ટ સર્જન )તરીકે અભ્યાસ કરી રહ્યા છે.

શ્રી ઈન્દ્રવદનભાઇ એક વિરલ વ્યક્તિત્વ ધરાવે છે. ધાર્મિકતા તેમની રગેરગમાં છે. સાદગી, સંયમ, સૌમ્યતા, સહજતા અને સરળતા તેઓશ્રીના ઘરેણા છે. નોકરી દરમિયાન થયેલ બદલીઓ તેમજ નોકરીની ઉચ્ચ જવાબદારીની વ્યસ્તતા હોવા છતાં શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજની સંસ્થા પ્રત્યે અને પોતાના પરિવાર પ્રત્યે બજાવેલ ઉત્તમ કોટીની ફરજો અને સેવાનો ઉલ્લેખ અવશ્ય કરવો ઘટે છે. શ્રી ઇન્દ્રવદનભાઇ પોતાની સરકારી સર્વિસમાંથી નિવૃત થતા હવે પોતાના પ્રતીષ્ઠીત પરિવાર અને સમાજ પ્રત્યે વધુ સમય ફાળવી શકે તેવી તેમના પરિવાર અને સમાજના દરેક વ્યક્તિને અપેક્ષા છે. ફરીથી નિવૃત્તિ પ્રસંગે તેમના જીવનની આ અણમોલ ઘડીએ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તેમને અભિનંદન પાઠવે છે સાથોસાથ શ્રી ઇન્દ્રવદનભાઇ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી શોભનાબેનનું શેષ દામ્પત્યજીવન નિરોગી, સુખમય, શાંતિમય, વધુ સેવામય તથા દીર્ઘાયુમય બની રહે તે માટે સ્નેહભરી શુભેચ્છાઓ સમાજના દરેક વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.


સગાઓના લીસ્ટમાં હોવું
એ વિધાતાના હાથમાં છે.
પણ વ્હાલાઓના લીસ્ટમાં રહેવું
એ આપણા હાથમાં છે.

## મૂળ વામજના અને હાલ કલોલ નિવાસી
## શ્રી જતીનભાઇ હસમુખભાઇ દરજીના ઘરે
## દિકરાના જન્મથી ખુશીનો માહોલ




શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વામજના અને હાલ કલોલ મુકામે રહેતા શ્રી હસમુખભાઇ બળદેવભાઇ દરજી અને તેમના ધર્મપત્ની શ્રીમતી વર્ષાબેન હસમુખભાઇ દરજીના સુપુત્ર ભાઇ શ્રી જતીનભાઇ હસમુખભાઇ દરજી અને શ્રીમતી જહાન્વીબેન જતીનભાઇ દરજીના પરિવારમાં તા. ૧૩.૦૧.૨૦૨૨ના રોજ કુળદીપક ચિ. પાર્થ ના જન્મથી ખુશીનો માહોલ સર્જાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાઇ શ્રી હસમુખભાઇ બળદેવભાઇ દરજી વામજ બ્રહ્માણી માં યુવક મંડળમાં પોતાની સક્રિય ફરજ નિભાવી રહેલ છે. તેમના પુત્ર ભાઇ શ્રી જતીન પણ પોતાના પિતાની રાહ પર સમાજસેવાના કાર્યમાં પ્રવૃત છે અને તેઓ એક મહેનતુ અને ખંતીલા વ્યક્તિ છે અને આપણા સમાજ પ્રત્યે ખુબ માન ધરાવે છે. આવા સમાજસેવી પરિવારના ઘરે આનંદનો અવસર આવેલ છે. તે નિમીત્તે કેળવણી મંડળ સમસ્ત સમાજ વતી દાદા શ્રી હસમુખભાઇ, દાદી શ્રીમતી વર્ષાબેન, પિતા શ્રી જતીનભાઇ, માતા શ્રીમતી જહાન્વીબેન, નાના શ્રી ભાવેશભાઇ અને નાની શ્રીમતી અલકાબેનને ખુબ અભિનંદન આપે છે અને ચિ. પાર્થ ને સુખી અને દીર્ઘાયુ ભવિષ્યના આશીર્વાદ આપવામાં આવે છે.

## અભિનંદન
## આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સમાજનું નામ રોશન કરતી
## સમાજની નાનકડી દીકરી



"ન હિજ્ઞાનેત સદ્દ્રુંશં પવિત્રમિહ વિધતે"
તત્સ્વયં યોગસંસિદ્ધ:કાલેનાત્મનિ વિંદતિ"

આ સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે જ્યાં જ્ઞાનથી અધિક પવિત્ર આ સંસારમાં બીજું કશુજ નથી. યોગમાં સિદ્ધ થયેલ વ્યક્તિ જ જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે. ભારતીય નારી સાચા અર્થમાં નારાયણી અને પુરુષ સમોવડી બને એમાં એની એકલીનું જ નહિ પણ તેના પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું કલ્યાણ થાય છે. આજે આપણે વાત કરીએ છીએ શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના બે પ્રતિષ્ઠિત પરિવારના સાંસ્કૃતિક વારસાની, મૂળ ગામ હાલીશાના અને હાલ પાલડી અમદાવાદ નિવાસી અને સ્વભાવે સરળ અને ખુબ મહેનતુ એવા માનનીય વડીલ શ્રી નારણભાઇ બાબુલાલ દરજી અને શ્રીમતી ઇન્દિરાબેન નારણભાઇ દરજીના દીકરા ભાઇ શ્રી દેવાંગભાઇ નારણભાઇ દરજી અને મૂળ ગામ ઝુંડાલના શ્રી હસમુખભાઇ માણેકલાલ દરજી અને શ્રીમતી બેન હસમુખભાઈ દરજીની દીકરી શ્રીમતી મનીષાબેન દેવાંગભાઈ દરજી ની લાડકી દીકરી કુ. ધ્રિતી ની.

સર્વ પ્રથમ આપને આ પરિવાર ના સંઘર્ષ વિષે જાણીશું. વડીલ શ્રી નારણભાઇ પોતે ઉચ્ચશિક્ષણના પ્રખર હિમાયતી છે. શિક્ષણ આજીવિકાના સાધન તરીકે હોય તો કલા છે, અને જીવનવિકાસ માટે હોય તો વિદ્યા છે. આજીવન એક શિક્ષક તરીકે કેટલાય વિદ્યાર્થીઓના ભાવીનું ઘડતર કર્યું અને સાથે સાથે પોતાની પારિવારિક જવાબદારી તરીકે પોતાના બન્ને પુત્રો ભાઇ દેવાંગભાઇ અને શ્રી જતીનભાઇને ઉચ્ચ શિક્ષણનું સિંચન કર્યું. ભાઇશ્રી દેવાંગભાઇ બી.ઇ.મિકેનીકલ કરીને સુરત મુકામે AMNS POWER COMPANY માં DY GENERAL MANAGER ની ઉચ્ચ પોસ્ટ પર પોતાની સેવાઓ આપી રહેલ છે તેમજ તેમનો બીજો પુત્ર ભાઇશ્રી જતીન પણ M.PHARM નો ઉચ્ચ અભ્યાસ કરીને હાલ મુંબઇ સ્થિત એક પ્રતિષ્ઠિત કંપની માં જોબ કરી રહેલ છે.

હવે આપણે વાત કરીશુ ભાઇશ્રી દેવાંગભાઇ અને શ્રીમતી મનીષાબેનની નાની લાડકી દીકરી કુ. ધ્રિતીની. કુ.ધ્રિતીનો જન્મ તા.૧૩/૦૭/૨૦૧૧ ના રોજ થયેલ અને હાલ પોતાનું ખીલખીલાટ કરતું બાળપણ સુરત મુકામે પોતાના પરિવાર સાથે વિતાવી રહેલ છે. નાનપણથીજ અભ્યાસમાં તેજસ્વી અને ભવિષ્યમાં કંઇક કરી ચુકવાની ભાવના સાથે ખુબ મહેનત કરીને શૈક્ષણિક ક્ષેત્રે એક પછી એક પ્રગતિના સોપાનો સર કરતી ગઈ. હાલ તે AMNS INTERNETIONAL SCHOOL સુરત મુકામે ધોરણ ૭ માં અભ્યાસ કરે છે. બાર વર્ષની નાની ઉમરમાં જ જીવનના અતિગુઢ રહસ્યોને શાસ્વત કરેલ છે કે જ્યારે તમારા જીવનમાં તક સાંપડે ત્યારે તેને ઝડપી લેવા તૈયાર રહો એ જ સફળતાની ચાવી છે. નિરાશાવાદી માણસ દરેક તકમાં મુશ્કેલીઓ શોધે છે, જ્યારે આશાવાદી માણસ દરેક મુશ્કેલીમાં તકો શોધે છે. જ્યારે તક આવે ત્યારે તૈયાર રહો કેમ કે, જ્યાં તક અને તૈયારી ભેગા મળે છે તેને જ 'ભાગ્ય' કહે છે. આવા ભાગ્યના સથવારે નાનકડી કુ. ધ્રિતીને ભારત સરકારના પ્રતિનિધિત્વમાં થાયલેન્ડ મુકામે યોજાયેલ "ગ્લોબલ ફેસ્ટીવલ ઓફ ઇન્ડિયન આર્ટસ એન્ડ કલ્ચર" માં ભાગ લઇને દ્રિતીય ક્રમાંક પ્રાપ્ત કરીને શિલ્ડ અને સર્ટીફીકેટ મેળવેલ છે.

ફક્ત બાર વર્ષની આપના સમાજની આ લાડકી દિકરીને વિદેશમાં પોતાના દેશ, સમાજ અને પરિવારનું નામ રોશન કરવા બદલ કેળવણી મંડળ અભિનંદન આપે છે. ભાઇશ્રી દેવાંગભાઇ અને શ્રીમતી મનીષાબેનની મોટી દીકરી કુ. આસ્થા પણ પોતાના પારિવારિક શૈક્ષણિક સંસ્કારોને ચરિતાર્થ કરી રહેલ છે ગત વર્ષે ૨૦૨૨ માં લેવાયેલ SSC (CBSC) ની બોર્ડની પરીક્ષા માં ૯૪.૪૦% મેળવી ને ઉજ્વળ સફળતા પ્રાપ્ત કરેલ છે. અંતમાં, સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તરફ થી કુ.ધ્રિતીને અભિનંદન આપવામાં આવે છે સાથે સાથે તેના માતા પિતા દેવાંગભાઇ – શ્રીમતી મનીષાબેન, દાદા

–દાદી શ્રી નારણભાઈ બાબુલાલ – શ્રીમતી ઇન્દીરાબેન નારણભાઈ અને નાના–નાની શ્રી હસમુખભાઈ માણેકલાલ– શ્રીમતી ઇન્દીરાબેન હસમુખભાઈ અને સમસ્ત પરિવારને અભિનંદન આપવામાં આવે છે અને કુ. દ્વિતી, કુ. આસ્થા અને આ પરિવારના તમામ સંતાનો ભવિષ્યમાં પોતાના જીવનમાં ખુબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ અત્રે આપવામાં આવે છે.

## ખુબ ખુબ શુભેચ્છાઓ
## આંગણવાડીની નોકરીમાંથી
## રીટાયર્ડ થતા જમીયતપુરાના એક સન્નારી





શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ જમિયતપુરાના અને હાલ કલોલ નિવાસી શ્રીમતી નીતાબેન કિરીટભાઇ દરજી તા. ૧૨–૦૧–૨૦૦૦ થી તા. ૩૧–૦૭–૨૦૨૩ સુધી સતત ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતી બાલકલ્યાણ યોજના અંતર્ગત જમીયતપુરા ગામની આંગણવાડીમાં પોતાની સેવાઓ આપી રહેલ હતા.

સરકાર શ્રી હસ્તકની આંગણવાડીમાં સતત ૨૩ વર્ષની લાંબી અને યશસ્વી કારકીર્દી બાદ આંગણવાડી શિક્ષક તરીકેના હોદ્દા પરથી તેઓ શ્રી તા. ૩૧.૦૭.૨૦૨૩ ના રોજ સેવા નિવૃત થયેલ છે તો શ્રીમતી નીતાબેન કિરીટભાઇના જીવનની આ અણમોલ ઘડીએ સમસ્ત બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે. તા. ૧૨.૦૧.૨૦૦૦ થી ગુજરાત સરકાર હસ્તકના બાળકલ્યાણ વિભાગમાં જોબ સ્વીકારીને પોતાની કારકિર્દીની શરૂઆત કરી. સખત મહેનત અને કામ પ્રત્યેની નિષ્ઠાને કારણે સમયાંતરે વિવિધ જવાબદારીઓ સનીષ્ઠૈપૂર્વક નિભાવ્યા બાદ તથા વખતો વખત પ્રમોશન મેળવીને સતત ૨૩ વર્ષ સુધી પોતાની સેવાઓ આપી. તેમની કામ પ્રત્યેની લગની અને નિષ્ઠાને કારણે સરકાર શ્રી દ્વારા તેમને શિક્ષકની પોસ્ટ પર બઢતી આપવામાં આવી. સતત ૨૩ વર્ષ ઉપરની આંગણવાડીની કારકિર્દી દરમિયાન તેઓશ્રીએ એક ઇમાનદાર, પ્રમાણિક અને કર્તવ્યનીષ્ઠ સન્નારી તરીકેની છાપ ઉપસાવી છે જે ખરેખર પ્રશંસાને પાત્ર છે.

પોતાના ગામના બાળકોના વિકાસ માટે આજીવન પોતાનું યોગદાન આપનાર આ સન્નારીને કેળવણી મંડળ ખુબ ખુબ અભિનંદન આપે છે તેમના જીવનની આ અણમોલ ઘડીએ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ અને કેળવણી મંડળ તેમને અભિનંદન પાઠવે છે સાથોસાથ શ્રીમતી નીતાબેન તથા તેમના પતિ શ્રી કિરીટભાઇ વિઠ્ઠલભાઇ દરજીનું શેષ દામ્પત્યજીવન નીરોગી, સુખમય, શાંતિમય, તથા દીર્ઘાયુમય બની રહે તે માટે સ્નેહભરી શુભેચ્છાઓ સમાજના દરેક વ્યક્તિ વતી અમો પ્રદર્શિત કરીએ છીએ.

## સરકારી નોકરીમાંથી સેવા નિવૃત્તિ
## મેળવવા બદલ શુભેચ્છા/ અભિનંદન



શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના મૂળ ગામ વાવોલના સ્વ. સોમાભાઇ મગનભાઇ દરજી અને તેમના ધર્મપત્ની સ્વ શાંતાબેન સોમાભાઇ દરજીના પરિવારના દીકરા અને હાલની શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળના કારોબારી સભ્ય શ્રી રાજેન્દ્રભાઇ સોમાભાઇ દરજી જેમને આપણા સમાજની દરેક વ્યક્તિ એક નિ:સ્વાર્થ સેવાભાવી અને મહેનતુ વ્યક્તિ તરીકે ઓળખે છે અને આપણા સમગ્ર શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં તેમના પરિવારનું એક ઉચ્ચ અને સન્માનનીય સ્થાન છે. આપણે સૌ શ્રી રાજેન્દ્રભાઇ સોમાભાઇ દરજીના જીવન વિશે જાણીશુ શ્રી રાજેન્દ્રભાઇનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૬૫ ના રોજ વાવોલ મુકામે થયેલો હતો. તેમના પરિવારમાં તેઓ અને તેમના ધર્મપત્ની શ્રીમતી વર્ષાબેન રાજેન્દ્રભાઇને સંતાનોમાં એક પુત્ર ચિરંજીવી સ્વપ્નીલ અને તેમના પ્રથમ સ્વર્ગવાસી પત્ની સ્વ ગીતાબેન રાજેન્દ્રભાઇના સંતાનોમાં પાંચ પુત્રી શ્રીમતી કાજલબેન શ્રીમતી પીનલબેન શ્રીમતી દિપિકાબેન શ્રીમતી આશાબેન શ્રીમતી પૂજાબેન એમ કુલ છ સંતાનો છે. શ્રી રાજેન્દ્રભાઇએ પોતાના પુરા જીવનકાળ દરમિયાન જીવનની દરેક મુશ્કેલીઓનો સામનો કરી પોતાના પરિવારનો ઉચ્ચ સંસ્કારો સાથે સિંચન કરી પોતાના પરિવારનું જતન કર્યું છે, જે ખૂબ જ અભિનંદનને પાત્ર છે. આ સાથે શ્રી રાજેન્દ્રભાઇ વિશે વધુ જાણીએ તો તેઓને નાનપણથી જ પોતાના જીવનમાં પોતાના અને પોતાના પરિવાર માટે કંઇક કરી છૂટવાની પ્રબળ ભાવના હતી. જેથી તેઓને નાનપણમાં પોતાના બહોળા પરિવારમાં માતા–પિતા થતી તેમને મળેલ સંસ્કારોથી પ્રભાવિત થઇ કઠણ પરિશ્રમ કરી વર્ષ ૧૯૮૯ માં તે સમયની ઓલ્ડ મેટ્રિક પરીક્ષા પાસ કરી અને તારીખ ૨૩/૦૭/૧૯૮૯ ના રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ બ્લોક નંબર–૭ નવા સચિવાલય ગાંધીનગર, ખાતે સરકારી નોકરીમાં પટાવાળા તરીકે નિમણૂક પામ્યા જે તે સમયમાં સરકારી નોકરી મળવી તે એક ગર્વની બાબત ગણાતી અને આ નોકરી મળતાની સાથે તેઓએ આ હોદ્દા પર પોતાની પૂરી નિષ્ઠા, ખંત, ઇમાનદારી અને કામ પ્રત્યે પોતાની કર્તવ્ય પરાયણતા સાથે કાર્ય કરી અને તેમના આ કાર્યથી સરકાર પ્રભાવિત થતા તેમને તારીખ ૨૬/૦૫/૨૦૧૪ ના રોજ કારકુન તરીકે તેમની બઢતી કરવામાં આવી અને આ હોદ્દો મળતા તેમણે એ જ પ્રમાણેની તેમની કાર્ય નિષ્ઠા સાથે તેઓ કારકુન તરીકેના હોદ્દા પરથી તારીખ ૩૦/૦૬/૨૦૨૩ ના રોજ સરકાર તરફથી સન્માનિત થઇ સેવામાંથી નિવૃત થયેલ છે. જે બદલ શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ અને તમામ કારોબારી સભ્યો તેમજ સમસ્ત શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ શ્રી રાજેન્દ્રભાઇ સોમાભાઇને શુભેચ્છા તેમજ અભિનંદન પાઠવે છે અને સાથે સાથે તેઓ જીવનપર્યંત દિર્ઘાયુ પ્રાપ્ત કરે તેવી અમો ભગવાનને પ્રાર્થના કરીએ છીએ.

# શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ વર્ષ ૨૦૨૩-૨૪ ની કમિટી

| નં. | હોદ્દો | નામ | એરીયા |
|---|---|---|---|
| ૧ | પ્રમુખશ્રી | શ્રી મેહુલભાઇ હસમુખભાઇ ટેલર | ન્યુ રાણીપ |
| ૨ | મહામંત્રીશ્રી | શ્રી જયેશભાઇ ગિરીશભાઇ દરજી | ત્રાગડ |
| ૩ | કોષાધ્યક્ષશ્રી | શ્રી ગોવિંદભાઇ ચંદુભાઇ દરજી | વિસત |
| ૪ | મુખ્ય કાર્યકારી પ્રમુખશ્રી | શ્રી બિપીનચંદ્ર જીવણલાલ દરજી | કલોલ |
| ૫ | કાર્યકારી પ્રમુખશ્રી | શ્રી અલ્પેશભાઇ ભલાભાઇ દરજી | કલોલ |
| ૬ | કાર્યકારી પ્રમુખશ્રી | શ્રી દિપકભાઇ કનુભાઇ દરજી | ચાંદલોડીયા |
| ૭ | કાર્યકારી પ્રમુખશ્રી | શ્રી જીતેન્દ્રભાઇ માણેકલાલ દરજી | હાંસોલ |
| ૮ | સહ મહામંત્રીશ્રી | શ્રી મુકેશભાઇ ચીનુભાઇ દરજી | કલોલ |
| ૯ | સહ કોષાધ્યક્ષશ્રી | શ્રી જીતેન્દ્રભાઇ મનુભાઇ દરજી | ગાંધીનગર |
| ૧૦ | ઉપપ્રમુખશ્રી | શ્રી શંભુભાઇ બબલદાસ દરજી | ગાંધીનગર |
| ૧૧ | ઉપપ્રમુખશ્રી | શ્રી પ્રવિણભાઇ પોપટલાલ દરજી | નરોડા |
| ૧૨ | ઉપપ્રમુખશ્રી | શ્રી રાજેન્દ્રભાઇ કાન્તિલાલ દરજી | કુડાસણ |
| ૧૩ | મંત્રીશ્રી | શ્રી હર્ષદભાઇ પ્રવિણભાઇ દરજી | દહેગામ |
| ૧૪ | સંગઠન મંત્રીશ્રી | શ્રી દિલીપભાઇ મંગળદાસ દરજી | કલોલ |
| ૧૫ | સંગઠન મંત્રીશ્રી | શ્રી અશોકભાઇ છનાભાઇ દરજી | કલોલ |
| ૧૬ | પ્રચાર મંત્રીશ્રી | શ્રી સુમનભાઇ બાબુલાલ દરજી | ચાંદલોડીયા |
| ૧૭ | કારોબારી સભ્યશ્રી | શ્રી સતિષભાઇ લાલભાઇ દરજી | નાના ચિલોડા |
| ૧૮ | કારોબારી સભ્યશ્રી | શ્રી દિપકભાઇ ગાંડાલાલ દરજી | ચાંદલોડીયા |
| ૧૯ | કારોબારી સભ્યશ્રી | શ્રી પિયુષભાઇ અમૃતલાલ દરજી | કલોલ |
| ૨૦ | કારોબારી સભ્યશ્રી | શ્રી ધવલ બિપીનચંદ્ર દરજી | કલોલ |
| ૨૧ | કારોબારી સભ્યશ્રી | શ્રી વિપુલભાઇ નારણદાસ દરજી | વૈષ્ણોદેવી |
| ૨૨ | કારોબારી સભ્યશ્રી | શ્રી વિષ્ણુભાઇ જયંતિલાલ દરજી | ચાંદલોડીયા |
| ૨૩ | કારોબારી સભ્યશ્રી | શ્રી મનોજભાઇ સેંધાભાઇ દરજી | વેજલપુર |
| ૨૪ | કારોબારી સભ્યશ્રી | શ્રી ભાવેશભાઇ ભીખાભાઇ દરજી | સોલા |
| ૨૫ | કારોબારી સભ્યશ્રી | શ્રી સુજીતભાઇ વિનુભાઇ દરજી | પોર |
| ૨૬ | કારોબારી સભ્યશ્રી | શ્રી જીજ્ઞેશભાઇ મનુભાઇ દરજી | ન્યુ રાણીપ |
| ૨૭ | કારોબારી સભ્યશ્રી | શ્રી રાજેન્દ્રભાઇ સોમનાથ દરજી | ગાંધીનગર |
| ૨૮ | કારોબારી સભ્યશ્રી | શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ દરજી | ગાંધીનગર |
| ૨૯ | કારોબારી સભ્યશ્રી | શ્રી કનુભાઇ અંબાલાલ દરજી | ચાંદખેડા |
| ૩૦ | કારોબારી સભ્યશ્રી | શ્રી રજનીકાંત ગોવિંદભાઇ દરજી | ગાંધીનગર |
| ૩૧ | કારોબારી સભ્યશ્રી | શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદભાઇ દરજી | ગાંધીનગર |
| ૩૨ | કારોબારી સભ્યશ્રી | શ્રી રૂષીભાઇ અશોકભાઇ દરજી | કલોલ |
| ૩૩ | કારોબારી સભ્યશ્રી | શ્રી ધર્મેશભાઇ અરવિંદભાઇ દરજી | હાંસોલ |
| ૩૪ | કારોબારી સભ્યશ્રી | શ્રી શૈલેષભાઇ ભીખાભાઇ દરજી | નવા વાડજ |
| ૩૫ | કારોબારી સભ્યશ્રી | શ્રી સનીભાઇ રમેશભાઇ દરજી | ઓગણજ |


## બેતાલીસ સમાજનું ગૌરવ...
## શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજના સેવાભાવી વ્યક્તિઓની અખિલ ભારતીય દરજી મહાસભામાં હોદ્દેદાર તરીકે નિમણુક

દરજી સમાજનું રાષ્ટ્રીય સંગઠન અખિલ ભારતીય દરજી મહાસભા દ્વારા ગુજરાતભરના દરજી સમાજને સંગઠીત કરવાની જવાબદારી સોંપવા માટે ગુજરાતના નવસારીના દરજી સમાજના પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રી હેમંતભાઇ ટેલરની રાષ્ટ્રીય અધ્યક્ષ રામબાબુ નામદેવ દ્વારા પસંદગી કરવામાં આવી અને તેઓને રાષ્ટ્રીય મહાસચીવ તરીકેની અમૂલ્ય પદવી પર નિયુક્ત કરવામાં આવ્યા. આમ દરજી સમાજના રાષ્ટ્રીય કક્ષાના સંગઠનની ગુજરાત પ્રદેશમાં શુભ શરૂઆત થઇ શકી. મહાસચીવ હેમંતભાઇ ટેલર અને ગુજરાત પ્રદેશના સંરક્ષકના પદ્મશ્રી ડૉ. કનુભાઇ ટેલરના માર્ગદર્શન હેઠળ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઘનશ્યામભાઇ દરજી દ્વારા ખુબજ બાહોસ, ઉત્સાહી અને સમાજ સેવામાં અગ્રેસર એવા ચાર મહામંત્રીશ્રીઓની મધ્ય ઝોનમાંથી પરેશભાઇ ચૌહાણ (ગોધરા), દક્ષિણ ઝોનમાંથી શ્રી સંજયભાઇ હિંગુ (સુરત), ઉત્તર ઝોનમાંથી કલ્પેશભાઇ નાંઢા અને સૌરાષ્ટ્ર ઝોનમાંથી શ્રી ભરતભાઇ દુદકીયાની નિયુક્તી કરવામાં આવી. ત્યારબાદ પ્રદેશ અધ્યક્ષ અને ચાર મહામંત્રીઓ તેમજ ઉપ–પ્રમુખશ્રી ઉમેશભાઇ ધામેચા (જે.પી.) રાજકોટ, શ્રી ગૌરાંગભાઇ દરજી–કાલોલના અમૂલ્ય સાથ સહકાર અને સલાહ સુચનથી પ્રદેશની ૨૫ પદાધિકારીઓની યાદી ખુબજ ઝડપથી તૈયાર કરી જાહેર કરવામાં આવી. તેમજ ગુજરાત પ્રદેશના મહિલા પરિષદના સંરક્ષક તરીકે શ્રીમતી નયનાબેન જે. સોલંકી (અમદાવાદ) અને અધ્યક્ષ તરીકે કચ્છ જિલ્લાના શ્રીમતી ભાવનાબેન દરજી સહિત ૨૫ પદાધિકારીઓની યાદી તૈયાર કરી જાહેર કરવામાં આવી. તેમજ ગુજરાત પ્રદેશના યુવા પરિષદના સંરક્ષક તરીકે મહામહીમ રાષ્ટ્રપતિશ્રી દ્વારા પદ્મશ્રી જેવા અમૂલ્ય સન્માનથી સન્માનિત અને સાહિત્ય ક્ષેત્રે ખુબજ આગવી પ્રતિભા ધરાવનાર પદ્મશ્રી ડૉ. પ્રવિણભાઇ દરજી (લુણાવાડા) અને અધ્યક્ષ તરીકે ગોંડલના ધારાસભ્યના પી.એ. નિલેશભાઇ જેઠવા સહીત ૨૫ પદાધિકારીઓની યાદી તૈયાર કરી જાહેર કરવામાં આવી. તેમજ સમાજના અગ્રણી અને સમાજ સેવાના પ્રખર અનુભવી અને સમાજના ઘડવૈયા સમાન પ્રતિષ્ઠિત ૧૭ મહાનુભવોને સલાહકાર સમિતિમાં માન સન્માન આપવામાં આવ્યું.

આમ ગુજરાત રાજ્યમાં દરજી સમાજના સંગઠનને મજબુત બનાવવા સમાજના જ્ઞાતિરત્નો, પદ્મશ્રી જેવા મહામૂલ્યો સન્માનથી સન્માનિત, સમાજના ઘડવૈયા અનુભવી પ્રતિષ્ઠિત સલાહકાર, સમાજ સેવાના અનુભવી એવા સમાજના અગ્રણીઓ, મહિલાઓ અને યુવાનો ખુબજ ઉત્સાહભેર આ રાષ્ટ્રીય સંગઠનના સેવાકાર્યોમાં જોડાયા. ગુજરાતભરના દરેક જિલ્લા અને મહાનગરોના ઉત્સાહી સમાજ સેવકો સમાજની સેવા માટે પ્રોત્સાહીત થાય એવા હેતુથી દરેક જિલ્લા અને મહાનગરની પણ કારોબારીની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું અને દરેક જિલ્લા અને મહાનગરોના પ્રભારી અને પ્રમુખની નિયુક્તી કરવામાં આવી અને આવનારા સમયમાં દરેક તાલુકાના સમાજ સેવકોને પ્રોત્સાહીત કરી સમાજ સેવામાં જોડી કારોબારી બનાવવાની વિચારણા કરવામાં આવી. આ પ્રકારે ગુજરાતભરના નાનામાં નાના ગામડાઓ સુધી જ્ઞાતિજનો સંગઠીત બને અને સમાજની સમસ્યાઓ હલ કરવા માટે પ્રદેશના આ સંગઠનમાં આશરે ૬૦૦૦ જેટલા સમાજસેવકો જોડાઇને સમાજને સંગઠીત બનાવવા સાથ સહકાર આપે તેવી સંભાવના છે. આવી મજબુત સંગઠન શક્તિથી આવનારા સમયમાં ગુજરાતભરના દરજી સમાજના જ્ઞાતિજનોના હિત માટે અનેકવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. જેમાં શિક્ષણ પ્રત્યે ખૂબજ પ્રાથમિકતા આપવામાં આવશે. તેમજ ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો દરેક સમાજને જે સંદેશ છે કે, ગોળ, પંચ વાડા દુર કરી કુરીવાજોમાંથી મુક્ત થઇ સંગઠીત બનો તે પ્રમાણે અનુસરણ કરી સમાજને સંગઠિત બનાવવાનો મક્કમ નિર્ધાર કરી દરજી સમાજના સંગઠનને પ્રાથમિક્તા આપવામાં આવશે. અને સમાજના દિકરા–દિકરીના વેવિશાળ માટે પડતી મુશ્કેલીઓનું યોગ્ય નિવારણ થાય તે દિશામાં યોગ્ય માર્ગ બનાવવાનો દ્રઢ સંકલ્પ છે, સમાજને સંગઠિત કરી યોગ્ય દિશા તરફ લઇ જઇ સમાજને દરેક ક્ષેત્રે પ્રગતિ શક્ય બને તેવા હેતુથી ગુજરાતભરના પાંચેય ઝોનમાં પારદર્શક કાર્ય કરવાના પ્રયત્નો કરવાનો દ્રઢ સંકલ્પ કરવામાં આવ્યો છે.

આ સાથે અમોને જણાવતા આનંદ થાય છે કે અખિલ ભારતીય દરજી મહાસભા (રજી) ગુજરાત પ્રદેશ ના ઉત્તર ઝોન પ્રદેશ મહામંત્રી શ્રી કલ્પેશભાઇ નાંઢા દ્વારા અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાના પ્રતિનિધિઓની નિમણુક કરવામાં આવી. આપણા સમાજના ઘણા મહાનુભાવોને કે જેઓ સમાજના સેવાકાર્યમાં લિપ્ત છે તેમને હોદ્દા આપીને સમસ્ત દરજી સમાજ ની પ્રગતિ માટે તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજમાં નીચે મુજબના વ્યક્તિઓની આ મહાસભામાં નિમણુક થયેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | બિપીનચંદ્ર જીવણલાલ દરજી | – | કલોલ | – પ્રમુખ શ્રી | – ગાંધીનગર જીલ્લો |
| ૨. | બળવંતભાઇ કેશવલાલ દરજી | – | ગાંધીનગર | – મંત્રી શ્રી | – ગાંધીનગર જીલ્લો |
| ૩. | શંભુભાઇ બબાભાઇ દરજી | – | ગાંધીનગર | – કારોબારી સભ્ય શ્રી | – ગાંધીનગર જીલ્લો |
| ૪. | દિલીપભાઇ નટવરલાલ દરજી | – | અમદાવાદ | – મહામંત્રી શ્રી | – અમદાવાદ જીલ્લો |
| ૫. | કનુભાઇ અંબાલાલ દરજી | – | ચાંદખેડા | – ઉપપ્રમુખ શ્રી | – અમદાવાદ જીલ્લો |
| ૬. | જયેશભાઇ ગીરીશભાઇ દરજી | – | ત્રાગડ | – ઉપપ્રમુખ શ્રી | – અમદાવાદ જીલ્લો |
| ૭. | લાલાભાઇ જયંતીભાઇ દરજી | – | ચાંદખેડા | – મંત્રી શ્રી | – અમદાવાદ જીલ્લો |









અખિલ ભારતીય દરજી મહાસભાના હોદ્દેદારો તરીકે નિમણૂક કરવામાં આવતા અખીલ ભારતીય દરજી મહાસભાના તમામ હોદ્દેદારોએ તેમજ કાર્યકરોએ તમામ સભ્યો ની નિમણૂક ને વધાવી શુભેચ્છાઓ પાઠવી હતી. તો અખિલ ભારતીય દરજી મહાસભાના અલગ અલગ હોદ્દાની જવાબદારી સોપવા બદલ તમામ સભ્યોશ્રીઓ એ સમાજનો આભાર વ્યક્ત કરી સમાજના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક બાબતોમાં ખૂબ નિષ્ઠાથી કાર્ય કરવાની ખાતરી આપી હતી.ઉપરોક્ત જણાવેલ તમામ નવનિયુક્ત હોદ્દેદારો ને શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તરફ થી અભિનંદન આપવામાં આવે છે અને સમસ્ત દરજી સમાજ ની સાથે સાથે તેઓ શ્રી આપણા શ્રી બેતાલીસ ગોળ દરજી સમાજ ને પણ આ સંસ્થા થકી એક ઓળખાણ મળે અને સંસ્થા ના સભ્યો નું હિત સચવાય તે પ્રમાણે કાર્ય કરે તેવી અભિલાષા અત્રે વ્યક્ત કરવામાં આવે છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ
## પબ્લિક રજીસ્ટર ટ્રસ્ટ નંબર - અ/૭૮ તા.૧૬.૦૮.૧૯૮૪
## તા. ૦૧.૦૪.૨૦૨૨ થી તા. ૩૧.૦૩.૨૦૨૩ ના રોજ પુરા થતા વર્ષનું નફા નુકશાન ખાતું

| આવક | રકમ રૂા. | જાવક | રકમ રૂા. |
|---|---|---|---|
| આજીવન નોટબુક દાન ભેટ | ૫૮૦૦૦ | સાધારણ સભા ખર્ચ | ૧૯૧૧૬૨ |
| આજીવન સભ્ય ફી | ૧૨૦૦૭ | AMC હોલ ભાડું | ૨૧૩૩૨ |
| અધિવેશન દાન ભેટ | ૭૨૬૬૩ | ઓડીટ ફી | ૫૦૦૦ |
| અતિથી વિશેષ દાન ભેટ | ૧૪૬૦૦૦ | બેંક ચાર્જીસ | ૧૧૬ |
| બેંક ચાલુ ખાતાનું વ્યાજ | ૮૮૭૪ | કુરિયર ખર્ચ | ૧૬૯૫ |
| દાન ભેટ | ૨૦૮૪૨૧ | ઘસારા ખર્ચ | ૨૬૦૨ |
| બેંકની એફ.ડી. નું વ્યાજ | ૧૦૪૪૨૮ | કેલેન્ડર ખરીદી | ૩૮૬૫૬ |
| મૃત્યુ સહાય યોજના | ૫૫૪૧૦૧ | મૃત્યુ સહાય ચુકવણી | ૪૯૦૦૦૦ |
| નોટબુક દાન ભેટ | ૯૮૪૧૨ | નોટબુક ખરીદી | ૧૦૮૧૧૧ |
| ઓફીસ દાન ભેટ | ૪૪૮૮૯ | ઓફીસ ખર્ચ | ૭૪૧૬૪ |
| સમાજ દર્શન દાન ભેટ | ૭૭૪૦૦૧ | સમાજ દર્શન અને અન્ય પ્રિન્ટીંગ ખર્ચ | ૮૮૪૦૫૭ |
| ઇનામ વિતરણ દાન ભેટ | ૪૫૫૨૫ | સમાજ દર્શન બેગ ખરીદી | ૧૭૨૯૯ |
| શાલ દાન ભેટ | ૧૨૫૭૯ | ઇનામ ખરીદી | ૬૦૭૦૦ |
| શ્રધ્ધાંજલિ દાન ભેટ | ૬૦૦૦ | શાલ ખરીદી | ૧૨૫૭૯ |
| બેતાલીસ દીપક દાન ભેટ | ૨૭૫૦૦ | શ્રધ્ધાંજલિ ખર્ચ | ૫૫૬૫ |
| વાર્ષિક લવાજમ | ૧૩૬૦૦૦ | વિધવા સહાય ચુકવણી | ૩૩૦૦૦ |
| વિધવા સહાય દાન ભેટ | ૩૩૦૦૦ | કુલ ખર્ચ | ૧૯૪૬૦૩૮ |
| | | જાવક કરતા આવક વધારો | ૩૯૬૩૬૨ |
| કુલ રકમ | ૨૩૪૨૪૦૦ | કુલ રકમ | ૨૩૪૨૪૦૦ |

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ
## પબ્લિક રજીસ્ટર ટ્રસ્ટ નમ્બર - અ/૭૮ તા.૧૬.૦૮.૧૯૮૪
## તારીખ ૩૧-૦૩-૨૦૨૩ ના રોજનું પાકુ સરવૈયુ

| વિગત | રકમ રૂા. | રકમ રૂા. | વિગત | રકમ રૂા. | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| જનરલ ફંડ ખાતે (દાન,સભ્ય ફી) | | ૧૭૪૭૪૪ | સ્થાવર મિલકત | | ૫૩૬૭૧૦ |
| ગયા વર્ષ સુધીના | ૧૬૨૭૩૭ | | એર કન્ડીશન | ૩૭૫૦૦ | |
| ચાલુ વર્ષે વધારો | ૧૨૦૦૭ | | કોમ્પ્યુટરર | ૨૬૯૫૩ | |
| દાનેશ્વર સભ્ય ફી | | ૫૮૪૦૮૦ | લાઉડ સ્પીકર | ૬૨૫૭ | |
| ગયા વર્ષ સુધીના | ૫૮૪૦૮૦ | | ઓફીસ | ૪૫૦૦૦૦ | |
| ચાલુ વર્ષે વધારો | | | ટેબલ ખુરશી | ૧૬૦૦૦ | |
| વિધવા સહાય ફંડ | | ૮૦૪૭૭ | ફિક્સ ડીપોઝીટ | | ૧૮૮૨૦૯૮ |
| ગયા વર્ષ સુધીના | ૮૦૪૭૭ | | ADC બેંક ગાંધીનગર | ૮૮૨૧૮૬ | |
| ચાલુ વર્ષે વધારો | | | ADC બેંક અમદાવાદ | ૧૮૦૦૦૦ | |
| મૃત્યુ સહાય ફંડ | | ૧૨૭૮૦૧ | કાલુપુર બેંક – અમદાવાદ | ૮૧૯૯૧૨ | |
| ગયા વર્ષ સુધીના | ૬૩૭૦૦ | | બેંક બચતખાતામાં જમા | | ૩૬૪૮૭૦ |
| ચાલુ વર્ષે વધારો | ૬૪૧૦૧ | | ADC બેંક ગાંધીનગર | ૨૩૬૧૧૬ | |
| મેરીટ પ્રાઇઝ ફંડ | | ૩૩૦૨૪ | ADC બેંક અમદાવાદ | ૧૨૮૭૫૪ | |
| યુવાપાંખ સભ્ય ફી | | ૬૬૩ | હાથ પર સિલક | | ૧૫૬૭૮૦ |
| વિદ્યાર્થી સહાય ફંડ | | ૬૯૬૨ | | | |
| નફા નુકશાન ખાતે | | ૧૯૩૨૭૦૭ | | | |
| ગયા વર્ષ સુધીના | ૧૫૩૮૬૪૬ | | | | |
| ચાલુ વર્ષે વધારો | ૩૯૪૦૬૧ | | | | |
| | કુલ રકમ | ૨૯૪૦૪૫૮ | | કુલ રકમ | ૨૯૪૦૪૫૮ |

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ તરફથી નુતન વર્ષ સવંત ૨૦૮૦ માટે નવું નવલું નજરાણું આકર્ષક કેલેન્ડર



કેળવણી મંડળ સન ૧૯૮૪ થી પ્રતિ વર્ષ સંસ્થાની સુભેચ્છા પ્રદર્શિત કરતુ આકર્ષક અને અનેરું કેલેન્ડર બનાવીને દટ્ટા સાથે સમાજના દરેક કુટુંબને પ્રદાન કરે છે. આપણું કેલેન્ડર આકર્ષક અને વિશીષ્ટ હોય છે. આ કેલેન્ડર આપણા સમાજ અને સંગઠનનું પ્રતિક અને સમાજ તરફથી એક પ્રસાદી હોઇ બહુજ મુલ્યવાન છે. આજીવન સમાજના દરેક કુટુંબને નિ:શુલ્ક કેલેન્ડર આપવામાં આવશે. આ કેળવણી મંડળ દ્વારા તા. ૨૪.૧૨.૨૦૨૨ ની સાધારણ સભામાં ઠરાવ કરીને સમાજના દરેક પરિવારને વાર્ષિક લવાજમ પેટે રૂા. ૫૦૦/- ની રકમ આપવાનું ઠરાવવામાં આવેલ હતું. અમોને જણાવતા આનંદ થાય છે કે સમાજના બહુધા સભ્યોએ અમારી વિનંતીનો સ્વીકાર કર્યો અને રૂા. ૫૦૦/- નું લવાજમ ભરેલ છે. આ બદલ કેળવણી મંડળ તે તમામ પરિવારોનો આભાર માને છે. હજી સુધી ગત વર્ષનું લવાજમ જેને નથી આપ્યું તેમને વિનંતી કરીએ છીએ કે સમાજની આ સેવાલક્ષી સંસ્થાને કામ કરવાની પ્રેરણા મળી રહે તે અર્થે આપનો સહયોગ અનિવાર્ય છે.

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની તા.૨૪.૧૨.૨૦૨૨ ના રોજ યોજાયેલ સાધારણ સભાની એક ઝલક


























## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની સર્વ પ્રથમ ઓફીસના ઉદ્‌ઘાટનની સોનેરી યાદો



ઓફીસના મુખ્ય દાતાશ્રીઓ દ્વારા ઉદ્‌ઘાટન



પ્રમુખશ્રી દંપતી દ્વારા પૂજાવિધી



મહામંત્રીશ્રી દ્વારા ઉત્સાહના દર્શન



ઉત્સાહથી થનગનતા મંડળના કાર્યકરો



પૂજાવિધીનો લાભ લેતા સમાજની સન્નારીઓ



નવનવેલી દુલ્હનની જેમ શણગાવેલી ઓફીસ





ઉદ્‌ઘાટન દરમિયાન પૂજામાં વ્યસ્ત સભ્યો

**શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળ ઓફિસના દાનેશ્વર સભ્યશ્રીઓ**

| | | |
|---|---|---|
| શ્રી ચેતન દિનેશભાઈ દરજી | ન્યુ રાણીપ | ૧,૦૦,૦૦૧ |
| સ્વ.આનંદીબેન દશરથભાઈ દરજી | સોલા | ૨૧,૦૦૦ |
| શ્રી અમૃતભાઈ, શ્રી શૈલેષભાઈ, સ્વ. મહેશભાઈ દરજી | ઘાટલોડીયા | ૧૧,૧૧૧ |
| શ્રી કમલેશભાઈ, શ્રી શૈલેષભાઈ, શ્રી ભરતભાઈ, શ્રી યોગેશભાઈ દરજી | બોપલ | ૧૧,૧૧૧ |
| સ્વ. શકરચંદ નાથાલાલ દરજી | માધુપુરા | ૧૧,૧૧૧ |
| શ્રી પરેશભાઈ સોમાભાઈ દરજી | મેમનગર | ૧૧,૧૧૧ |
| શ્રી દિપકભાઈ કનુભાઈ દરજી | ચાંદલોડીયા | ૧૧,૧૧૧ |
| શ્રી જયેશભાઈ ગીરીશભાઈ દરજી | ત્રાગડ | ૧૧,૦૦૧ |
| અક્ષર નિવાસી હીરાબેન સેંધાલાલ દરજી | ઘાટલોડીયા | ૧૧,૦૦૦ |
| શ્રીમતી ઉષાબેન બિપીનચંદ્ર દરજી | કલોલ | ૧૧,૦૦૦ |
| શ્રીમતી હેમાબેન અલ્પેશભાઈ વાઘેલા | કલોલ | ૧૧,૦૦૦ |
| સ્વ.લાલભાઈ ચંદુલાલ તથા સ્વ.મંજુલાબેન લાલભાઈ દરજી | સાણંદ / ઝુંડાલ | ૧૧,૦૦૦ |
| શ્રી પીયુષભાઈ અમૃતલાલ દરજી | કલોલ/છત્રાલ | ૧૧,૦૦૦ |

રૂા. ૧૧,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાશ્રીઓની યાદી

## શ્રી બેતાલીસ ગોળ દરજી કેળવણી મંડળની તા.૨૪.૧૨.૨૦૨૨ ના રોજ યોજાયેલ સાધારણ સભાની એક ઝલક



મંચ શોભાવી રહેલ માનનીય મહેમાનશ્રીઓ


સમાજ દર્શન-૨૦૨૨ના અનાવરણની સોનેરી પળ


દીપ પ્રાગટ્ય ની અણમોલ ઘડી



ઉત્સાહથી થનગનતા ડ્રેસકોડમાં મંડળના કાર્યકરો


સભાખંડમાં પ્રવેશતા સભ્યોને પ્રમુખશ્રી બિપીનચંદ્ર દ્વારા અનોખો આવકાર


સમાજરત્ન શ્રી આસુતોષભાઇ કનુભાઇ


સુપર સીનીયર સીટીઝન શાલ દાતા – શ્રી ગોવિંદભાઇ ચંદુલાલ


સીનીયર સીટીઝન શાલના દાતા – શ્રી વીરાંગ ભોગીભાઇ


વર્ષ ૨૦૧૯ નું ઇનામ વિતરણ કરતા ગં.સ્વ. કાંતાબેન ગિરીશભાઇ


વર્ષ ૨૦૨૦ નું ઇનામ વિતરણ કરતા શ્રીમતી હેમાબેન અલ્પેશભાઇ


વર્ષ ૨૦૨૧ નું ઇનામ વિતરણ કરતા શ્રીમતી કૈલાશબેન ગોવિંદભાઇ


નવનિયુક્ત પ્રમુખશ્રી મેહુલભાઇની લાક્ષણિક અદા

શ્રી બાલાજી પ્રિન્ટર્સ, કલોલ મો. ૯૮૯૮૭૮૩૩૪૦